મી૦ માણેકજી પટેલ અને
પારસી થીઑસૉફીસ્ટો

તથા

લગનની રાસ.

છાપનાર—અરદેશર બરજોરજી બીલીમોરીઆ.

સુરત,
ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ.

વૈરાગ.

[સ્થાપ્યું સને ૧૯૦૯]

જરથોસ્તીઓ માટે ધર્મ તથા સંસારને લગતું એકજ

માસીક ચોપાન્યું.

અધીપતિ:—અરદેશર નશરવાનજી બીલીમોરીઆ.

આ ચોપાન્યું વેદાન્ત, સુફીઝમ, થીઓસોફી, આત્મજ્ઞાન, આજની વિદ્યા અને પશ્ચિમની ફીલસુફીની મદદથી જરથોસ્તી ધર્મ ઉપર રોશની ફેલાવે છે; તે ઉપરાંત સઘળી વૃદ્ધિઆત્મક (Progressive) હીલચાલો, જેવી કે સાઇકોલૉજી, મેગ્નેટીઝમ, જીવદયા, વેજીટેરિયનીઝમ વગેરેની હિમાયત કરે છે. કોઈ પણ પક્ષના સંકોચાયલા આચાર વિચારોથી હદ બાંધવાને બદલે, જરથોસ્તી ધર્મની મૂળ નેમ ધ્યાનમાં રાખી તેનો વિસ્તાર વિશાળ અને બહોળો રાખવામાં આવ્યો છે.

સેંકડો સંતોષના ઉદગારો નિરંતર આવતા રહે છે.

લવાજમ—વર્ષના રૂ. ૩॥, હિંદી પોસ્ટેજ સાથે; દર્યા માર્ગે રૂ [illegible]

આંગ ઉપર લેવામાં આવે છે.

વૈરાગ ઑફીસ;

કસ્તુર કોટેજ, લુનસીકુઈ,

નવસારી.

મી૦ માણકજી પટેલ અને પારસી થીઑસૉફીસ્ટો,

તથા

લગનની રાસ.

લખનાર—અરદેશર નશરવાનજી બીલીમોરીઆ.

સુરત,

ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ.

૧૯૨૪

"The primary office of a critic is not, as many seem to think, to detect imperfections. That is a very shallow mind which seeks to distinguish itself by facility in finding errors. The first duty of the critic is to create happiness, where it may be done faithfully, and to shrink from giving pain, where it can honestly be avoided. Steadfastly to adhere to this, the highest principle of criticism, requires, however, too noble a nature to be met with frequently "A true critic," says Addison, "ought to dwell upon excellences rather than defects; to discover the concealed beauties of a writer, and communicate to the world such things as are worth its observation." The rule applies universally. Rightly to comprehend and estimate things, whether in art, literature or nature, we must train ourselves to admiration of excellence The contrary course serves only to blind and darken. He who does not strive to rise *above* nature, will sink below it "—*Grindon*

આ પુસ્તક સુરત હાઇસ્કુલ સામે આવેલા નવુ ની મુંબઇ એકવાળા હાસીજ મંઝીલમાં સુરત ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસમાં ઉત્તમરામ ઉમેદરામ રેશમવાળાએ છાપ્યું છે અને અરદેશર નસરવાનજી બીલીમોરીઆએ "ચેરામ" ઓરીમ, દસ્તુર હોટેલ, લુનસીકુઈ, નવસારી ખાતેથી પ્રસીધ્ધ કર્યું.

ખોલાસો.

આ લખાણ કેવા સંજોગો વચ્ચે શરૂ થયું તે પ્રસ્તાવના ઉપરથી જણાશે. ચેરાગમાં એ ચાલુ હતું તે વખતે કાનપોર-વાળા મોબેદ સાહેબ મીનોચહેર શાપુરજી રાવને તે પસંદ પડવાથી તેને ચોપાન્યાંના આકારમાં છુટું છપાવીને તેની એક હજાર નકલો મુફત વહેંચવા માટે તેવણે ખર્ચ પેટે રૂ. ૧૦૦) મોકલી આપ્યા. આ બીના કરાંચીના એક પારસી ગ્રહસ્થની જાણમાં આવતાં તેવણે રૂ. ૫૦) મોકલ્યા; અને થીઆસૉફીકલ સોસાયટીની મુંબઈની "બ્લાવાટસ્કી લાજ" ની મેનેજીંગ કમીટીએ રૂ. ૨૫) મોકલ્યા. આ ઉપરાંત ખર્ચમાં પડતી ઘટ કોઈ તરફથી મળી રહેશે એવી આશાથી આ વિષય છુટો પ્રગટ કરવાનું નક્કી થયું.

આ કામમાં આવી રીતે મદદ કરવા માટે ઉપલા સઘળા ગ્રહસ્થોનો હું દીલોજાનથી ઉપકાર માનું છું. પણ મારે બીજા એક ભલા ને એકમાર્ગી ભાઇને ભુલવા જોઈતા નથી. મુંબઈની 'બ્લાવાટસ્કી લાજ' ના એક સભાસદ અને ચેરાગના કામમાં મને વહેવારૂ મદદ કરનાર એક મીત્રની સુચનાઓ અને મને જોઇતા કેટલાક જુના હવાલાઓ (reference) જે હું અત્રે મેળવી શકયો નહીં, તે ખોળીને મેળવી આપવાની એ ભાઇની કાળજી માટે હું બહુ એહસાનમંદ છું.

પારસી થીઆસૉફીસ્ટો સાંમે વારંવાર થતા દ્વષભાવી હુમલાઓમાં નવું કશું નથી; તેમાંથી જાહેર આલમને જાણવાનું કશું મળતું નથી—સિવાય કે જરથોશ્તી ધર્મ સૌથી શ્રષ્ટ છે; બીજા ધર્મો અભ્યાસને લાયક નથી; પારસી થીઑસાફીસ્ટો "વહેમનાં બારદાનો" છે, બલકે "દીવાના" છે! પણ આ

શ્રેષ્ટ ધર્મની બાંગ મારનારાઓ પોતે પોતાનો ધર્મ કેટલો સમજે છે, તે તેમનાં લખાણો પરથી જણાઇ આવે છે.

આ લખાણમાં મારે ફરજયાત કોઈક ઠેકાણે સખ્ત ટીકા કરવા પડયા હોય, પણ તેથી જો મી૦ પટેલની લાગણી દુખાય તો હું દલગીર છું. પણ જેઓ પારકાઓને બરોબર પીછાન્યા વગર "દીવાના"માં ખપાવવાની હઠ કરે, તેઓ તેવા "દીવાનાઓ" તરફથી બીજી શી વકી રાખી શકે ?

આ લખાણમાં નવું કશું નથી, પણ મી૦ પટેલનાં ભાષાણો અને લખાણો સાથે સરખાવતાં એમાંથી વાંચક વર્ગને જો કાંઈ ફાયદો મળે, તો તે રજુ થયલી મૂળ હકીકતોને આભારી ગણાશે.

દરવુર કોટેજ, લુન્સીકુઇ,
નવસારી.
તા૦ ૬-૧-૨૪

અરદેશર નશરવાનજી બીલીમોરીઆ.

"To play with important truths, to disturb the repose of established tenets, to subtilize objections, and elude proof, is too often the sport of youthful vanity, of which maturer experience commonly repents." -*Dr. Samuel Johnson.*

"A sneer is the universal weapon with which the champions of orthodox religion and science meet the challenges of Theosophy. It is the weapon of moral and intellectual poltroonery and its most effective employment usually implies a correspondingly effective weakening within the citadels of its employers."—A writer in the *Times of India.*

મી૦ માણેકજી પટેલ અને પારસી થીઑસૉફીસ્ટો.

પ્રસ્તાવના.

'મી૦ માણેકજી કાત્રકજી પટેલે તા૦ ૨૧મી જાનેવારી ૧૯૨૨ને દીને મુંબઇમાં "માઝદયસ્ની મંડળ" તરફથી સર કાવસજી જેહાંગીર હૉલમાં દસ્તુર દીનશાહજી જીવનજી ગરડાનાં પ્રમુખપણાં હેઠળ "પારસી કોમમાં પેસલ થયલા વહેમો અને બુલંદ માઝદયસ્ની ધર્મ" ઉપર એક ભાષાણ આપ્યું હતું. ભાષાણ માટેની અગાઉથી પ્રગટ થયલી ખબરો મુજબ તેમાં "ધુણવાનાં ધતીંગ"નો વિષય સમાયલો હતો. બીલીમોરામાં ચાલતી આ બદી સામે **ચેરાગ**માં વારંવાર ટીકા થાય છે, અને આ વિષય **ચેરાગ**ને ઉપયોગી થઇ પડે એવા ખ્યાલથી ભાષાણનો તમામ રીપોર્ટ મેળવવાની મજકુર મંડળના ઓનરરી સેક્રેટરી મારફતે અમે માંગણી કીધી હતી. પણ તે "જામે જમશેદ"મા પ્રગટ થશે એમ ખબર મળવાથી અમે તે આખુ ભાષાણ પ્રગટ થવા પછી ધ્યાનથી વાંચ્યું છે. અમે એવી વકી રાખતા હતા કે અરધી સદી થયાં પારસી સુધારકો ચોકસ રીતીઓને માત્ર "વહેમ"નો છાપ મારી તે દુર કરવા માટેના પોકારો કરતા રહ્યા છે, તેવી કોઇ વ્યર્થ કોશેશને બદલે હાલના વધતાં જતાં જ્ઞાનને આધારે આ "વહેમો"ની કાંઇ સગીન સમજ આપી તેથી થતા ગેરફાયદા દર્શાવવામાં આવશે. ગઇ તા૦ ૧૮ મી જુન ૧૯૨૨ને દીને બીલીમોરાની અન્જુમનની સભા પછી આ વિષય ઉપર એક ખાસ નિબંધ લખી તે ચોપાન્યાંના આકારમાં છપાવી મુફત વહેંચવાનો ઇરાદો અમે બીલીમોરાના ચોકસ અહરથો આગળ જાહેર કીધો હતો, અને તેના ખર્ચ માટે જો કાંઇ ગોઠવણ થાય તો આ કામ હાથ ધરવા ખુશી દેખાડી હતી. તે માટે ધર્મ પુસ્તકો, સાયન્સ અને થીઑસૉફીની જોઇતી દલીલો અને ખોલાસા માટેની નોંધો અમારી પાસે તૈયાર છે. દરમ્યાન, 'મી૦

પટેલના ભાષાણુથી અમારી મહેનતનો બચાવ થશે, એવા વિચારથી, અને તેમાંથી કાંઇ સંગીન અને ઉપયોગી દલીલો મળશે એમ ધારી તે ચોપાનીઆમાં પ્રગટ કરવાની અમે ઉમેદ રાખી. પણ અમારી અજાયબી વચ્ચે આ ભાષાણુમાં "વહેમો"ની જે ટીપ આપી છે, તે "વહેમો" :માટે કશી સમજ કે તે ઉપર અમલ કરવાથી માણસનાં તન, મન અને રવાનને થતાં ગભીર નુકસાનનો કશો ખ્યાલ આપવાને બદલે, માત્ર આજ સુધી પારસી લેખકો તરફથી થતું આવ્યુ છે તેમ, "વહેમ"ના નામનો પોકાર કરી, છેવટે આ સઘળા "વહેમો" નાં કારણ તરીકે "પારસી થીઑસૉફીસ્ટો" અને "એલ્મેલ્હ્નુમ" મંડળને બદનામ કરવામાં આવ્યાં છે. "જામે જમશેદ"ના તા૦ ૨૩-૨૪-૨૬ અને ૨૭ મી જાનેવારીના અંકો ધ્યાનથી વાંચતાં કોઇ પણ વાંચનાર જોઇ શકશે કે તેમાંનો લગભગ અરધો ભાગ "પારસી થીઑસૉફીસ્ટો" સામે બખાળા કાઢવામાં રોકાયો છે. આ ભષાણુમાં આવેલી કેટલીક સચાઇથી વેગળી બાબદોનો વિવેક ભર્યો રદીઓ અમારા લખનાર "તુષ્ના મઝ્તિશ વહિસ્તા"એ "જામે જમશેદ" ઉપર મોકલ્યો હતો, પણ થીઑસૉફી માટે પારસી વર્તમાનપત્રોના દરવાજા કવચીતજ ઉઘડે છે, અને આ જવાબમાં કશું રસદાર (Sensational) તત્વ નહીં હોવાથી તે પ્રગટ કરવાની ના પાડવામાં આવી. અમારા એ લખનારે મજકુર ચર્ચાપત્ર અમારી ઉપર મોકલ્યું, પણ તે મી૦ પટેલનાં ભાષાણુને સંપૂર્ણ રીતે ઇન્સાફ આપે એવું નહીં હોવાથી, અને આ વિષયને વિગતે તપાસવાની અમારી ખાહેશ હોવાથી, અમે તેમની રજા સાથે તેમનાં ભખાણુમાંની ચોકસ નોંધોનો ઉપયોગ કરી આ વિષયની તપાસ હાથ ધરવાનું વાજબી ધારીએ છીએ.

એક સવાલ.

અમે મી૦ પટેલને સૌથી પહેલો અને અગત્યનો સવાલ એ પુછીશું કે, હિંદુસ્તાનમાં થીઑસૉફીકલ સોસાયટીનો પાયો ૧૮૭૯માં નખાયો, તે અગાઉ હિંદુસ્તાનમાં, અને ખાસ કરી પારસી કોમમાં કશા વહેમો હતા નહીં, એમ તેઓ દલીલોથી સાબેત કરી શકશે? જો મી૦ પટેલે આપેલી ટીપ મુજબના "વહેમો" પારસીઓમાં તે અગાઉ હસ્તી ધરાવતા હોય,—અને તે નહીં હતા એમ મી૦ પટેલ સાબેત કરી શકશે નહીં,—તો આ "વહેમો" માટે થીઑસૉફીકલ સોસાયટીને યા પારસી થીઑસૉફીસ્ટોને બદનામ કરવું એ સરથામ દ્વેષભાવી, બેઇન્સાફી ભર્યું

નહીં ગણાય? એક ભાષણકર્તા અને લેખકે—ખાસ કરી વિદ્યાને લગતા વિષય ઉપર-પોતે શું બોલવા યા લખવા ચાહે છે, તે માટે અગાઉથી શાંત રીતે વિચાર કરી પોતાના વિષયમાં કાંઇ પરસ્પર વિરોધતા દેખાડનારી (inconsistent) કે સચાઇથી વેગળી હકીકતો નહીં આવવા પામે, તેની બહુ સંભાળ રાખવી જોઇએ. આ એક અગત્યના વિષય ઉપર સંગીન દલીલો અને પુરાવાઓ વગર માત્ર પોતાની કાંઇ માની લીધેલી તાસુબીઓ (prejudices)ને રસ્તો આપવા અગાઉ મી૦ પટેલે પોતાની જવાબદારીનો કાંઇ ખ્યાલ કીધો હતો? થીઑસૉફીકલ સોસાયટીની સ્થાપના અગાઉ પારસી સુધારકો આ "વહેમો"ની સામે લડત ચલાવતા હતા, ત્યારે "પારસી થીઑસૉફીસ્ટો"ને આ વહેમોનાં મૂળ કારણ તરીકે બદનામ કરતાં મી૦ પટેલ પોતે એક સરયામ ગલત વાત જાહેર કરતા હતા, એમ શું તેઓ સમજી શક્યા નહીં?

"ઈલ્મેક્ષ્નુમ" મંડળની હસ્તી તો બહુ થોડાં વર્ષોની છે. આ મંડળ સાથે કે તેના કોઇબી લાગતાવળગતાઓ સાથે થીઑસૉફીને કશો સંબંધ નથી. અમે પોતે માત્ર એટલું સમજીએ છીએ કે તેના સ્થાપક મી૦ બેહરામશાહ શરાફ માટે ગમે તે બોલાતું હોય,-તેઓ એક દુન્યાદારીમાં લીન થયલા ઇનસાન હોય કે એક ફરેસ્તાઇ પુરૂષ હોય, તે સાથે આપણને કશી નિસબત નથી; એ મંડળનાં સાહિત્યમાંથી જો કાંઇબી નવું જાણવાનું અને શીખવાનું મળતું હોય તો જ્ઞાનનો તલસગાર કોઇબી માણસ તે ખુલ્લાં દીલે ગ્રહણ કરવાને આંચકો ખાય નહી. પણ આ મંડળને માથે મુકવામાં આવેલાં આળનો બચાવ કરવાને તેના લાગતા વળગતાઓ પુરતા સામર્થવાન છે, અને તેથી એ મંડળનો બચાવ કરવાનુ અમારૂં કામ નથી.

મી૦ પટેલ જાણતા હોવા જોઇએ કે આ "ઓરંગા મારવાનો" જમાનો નથી. એક જાહેર સવાલ ઉપર કાંઈ પણ બોલવા કે લખવા અગાઉ તે સવાલનો સંપૂર્ણ રીતે અભ્યાસ કરવાની જરૂર છે. તેવો અભ્યાસ આ બાબદ ઉપર ભાષણ આપવા અગાઉ તેઓએ કીધો હતો? પારસી થીઑસૉફીસ્ટોને "વહેમો" માટે બદનામ કરવા અગાઉ થીઑસૉફીકલ સાહિત્ય પર કાંઇ ઉડતી નજર વટીક તેવણે નાંખી હતી? "સ્પીરીચુઆલીઝમ," ધુણવાનું ધતીંગ, વગેરે બાબતો પર થીઑસૉફીકલ સાહિત્યમાં

કેવા વિચારો દર્શાવ્યા છે, તે જોવા જાણવાની કશી દરકાર તેવણે કીધી હતી? આ બાબત ઉપર થીઑસૉફીકલ સાહિત્યમાંથી મી૦ પટેલને ઘણું જાણવાનું મળે, અને પોતાનાં સાંભળનારાંઓને કાંઇ સંગીન જ્ઞાન આપવાનું બને તેમ હતું. પણ થીઑસૉફી સામેની તેમની તાસુબીને લીધે આ બહોળું સાહિત્ય તેઓ જોઇ શકયા નહી, અને પરિણામમાં આ "વહેમો"નાં સંબંધમાં તેવણે જાહેરમાં "નવું જ્ઞાન" શું રજુ કીધું છે? જે "વહેમો" ની ટીપ તેવણે આપી છે, તે "વહેમો"ના બીતરમાં સમાયલી "સચાઇ" તપાસી, તે "વહેમો"થી માણસનાં તન મન, અને રવાનને થતાં ગંભીર નુકસાનનો કશોબી ખ્યાલ તેઓ આપી શકયા છે? બીજાં સંખ્યાબંધ પુસ્તકો બાજુએ રાખી અમે મી૦ પટેલને માત્ર મેડમ બ્લાવાટસ્કીનું "એ મોર્ડન પેનેરીયન" (A Modern Panarion) અને મી૦ લીડ બેટરનાં "ધી ઇનર લાઇફ" (The Inner Life) નામનાં બે પુસ્તકો વાંચવાની ભલામણ કરીશું. અને જો મી૦ પટેલ ખરેખરી ઉદાર મન-શક્તિના અભ્યાસી હશે, જો "સચાઇ" જાણવાને તેઓ ઉમેદવાર હશે, તો આ પુસ્તકો વાંચવા પછી તેઓ પોતાની ભુલ જોઇ શકશે.

અમે ઉપર "વહેમોના બી-તરમાં સમાયલી સચાઇ" શબ્દો વાપરયા છે, તે કદાચ મી૦ પટેલને નવાઇ જેવા લાગશે. તેના સંબંધમાં અમે મી૦ પટેલને અને તેમના જેવીજ વળણ ધરાવનારાઓને પુછીશું કે વર્ષો થયાં આવા "વહેમો"ની સામે ચાલુ લડત છતાં તે નાબુદ થતા નથી; અને ઘણીકવાર અસલી વિચારનાં ધર્મી ગણાતાં માણસો વટીક આવા "વહેમો"ને વશ હોય છે, અને તેથી થતા "ફાયદા" ઉપર મજબુત એકીન ધરાવ છે, તેનો કાઇ ખુલાસો તેઓ આપી શકશે? ખરો રસ્તો તો એ હતો કે આ "વહેમો"નાં બી-તરમાં ખરેખર શું છે, તેના કહેવાતા "ફાયદા" શાથી થવા પામે છે, તેમાં ખરેખર નુકસાન કયાં સમાયલું છે, તેનો પાકો અભ્યાસ કરી પછીજ પરિણામ જાહેર આલમ આગળ રજુ કરવું. તેવા અભ્યાસ માટે એક સત્યશોધક જ્યાંથી સચાઇ મળે ત્યાંથી તે લેવાને ચુકતો નથી. મી૦ પટેલને અમે ડૉ૦ જીવનજી જ. મોદીનો તા૦ ૩ જી જાનેવારીનાં "જામે જમશેદ"માં આવેલો "નવસારીનાં ઇટાલવા ગામ ખાતે આવેલી માતા"ને લગતો વિષય વાંચવાની અને પોતાનાં ભાષાણ સાથે આ વિષયનીં સરખામણી કરવાની ભલામણ કરીશું.

મજકુર વિષયમાંના કેટલાક વાક્યો અર્થસૂચક છે, અને ખરેખરી જરૂર તો આવા બનાવોથી થતાં નુકસાનની સમજ આપવાની છે.

ધુતારાઓ.

મી૦ પટેલ પોતાનાં ભાષણની શરૂઆતમાં મીર નામના "સાઇકીસ્ટ" "આયાંદેવી," ફકીરો, ગોસાઇઓ, વગેરેના દાવા માટે વિવેચન કરતાં જણાવે છે કેઃ—

" કેટલાંક ઉતાવળીઆ માણસો એ બાબદોનો કાંઈ પણ અભ્યાસ કર્યા વગર ઘણાજ હઠીલાઇથી (dogmatically) કહે કે એ દાવાઓ સરીયામ ઢોંગ છે. આમ બોલનારાઓને ખબર નથી કે એ ઢોંગ નથી, પણ ઈલમ (science) નાં તકરારી સવાલો છે કે જેનું સુધરેલી દુન્યાએ પણ હજી સુધી નીરાકરણ કીધું નથી. ઇંગ્રેજીમાં બોલીયે તો મજકુર દાવાઓ unsolved scientific problems (વિદ્યાને લગતા નિરાકરણ થયા વગરના સવાલો) છે. પણ સેંકડો માણસો જેઓને 'સાયનસ"ની બારાખડીબી ખબર નથી તેઓ અનેક વેળા ઢોંગી ધુતારાપણાથી લોકોને લુટે છે. વાસ્તે આપણે કાંઈ પણ મત ઉચારીએ તે અગાઉ ખરે ઇલમ ધરાવનારા અને ધુતારાઓ વચ્ચેનો ફરક સમજવો જોઈએ."

આપણા કેટલાક પારસી લેખકો અને ભાષણકર્તાઓની એક ખામી એ છે કે જે વિષય ઉપર તેઓ લખવા કે બોલવા ચાહે છે, તે વિષયનો સંગીન અને સંપૂર્ણ અભ્યાસ કર્યા વગર તે વિષે મત આપવાની તેઓ ઉતાવળ કરે છે, અને તેથી ઘણીવાર તે બરોબર સમજી નહીં શકવાથી તેઓ પોતે ગુંચવાડામાં પડે છે, અને અકેકથી ઉલટા (inconsistent) વિચારો બહાર પાડી પોતાનાં વાંચનારાંઓને ગુંચવાડામાં નાંખે છે. જો તેઓમાં સારાં ભાગ્યે લખાણની ઝમક અને બોલવાની છટા હોય છે, તો તેઓ સાધારણ માણસોનાં મન ઉપર થોડો વખત અસર કરી શકે છે; પણ વિચારવંત માણસો તેવાં લખાણો કે ભાષણોમાંથી જાઝો ખોરાક મેળવી શકતાં નથી.

મી૦ પટેલ "ખરો ઇલમ ધરાવનારા અને ધુતારાઓ વચેનો ફરક સમજવા"ની ભલામણ કરે છે, તે વાજબી છે; પણ તે ફરક કેવી રીતે સમજવો તે તેઓ જણાવી શકતા નથી, અને આ મૂળ અગત્યના સવાલ ઉપર તેઓ પોતાના સાંભળનારાઓને અંધારાંમાંજ રાખે છે. જો "ખરો ઇલમ ધરાવનારા" કોઈ હોય છે, એમ મી૦ પટેલ માનતા હોય, તો પછી તે

ઇલમ unsolved scientific problem (યાને નિરાકરણ થયા વગરનો વિદ્યાને લગતો સવાલ) કેમ ગણાય? ઇલમ (યાને science) તો અવ· લોકન અને અનુભવથી સિદ્ધ થયલી વિદ્યા ગણાય છે, અને જો ખરા ઇલમ જેવી કોઇ ચીજ મી૦ પટેલને મીર, બાયાં, ગોસાઇ અને ફકીરોના દાવામાં જણાતી હોય તો તે માટે ઘટતી સમજ આપી ખરાં ખોટાંનો ફરક કેમ સમજવો, તે દર્શાવવાની શું જરૂર ન હતી? ખરો માર્ગ તો મીરની રૂહાંની શક્તિ (Psychism), બાયાં દેવીનું માણસોના દીલમાં આવવું (Possession), ગોસાઇઓ, ફકીરો વગેરેની સાધના (Necromancy), સિદ્ધિ (Supernatural Powers), વગેરેની સમજ આપી, તેમાંનાં નુકસાનકારક તત્વનો ખોલાસો કરી ખરૂં ખોટું પારખવાનો માર્ગ દેખાડવાનો હતો. મી૦ પટેલનાં ભાષાણ ઉપરથી જણાય છે કે તેઓએ મેસમેરીઝમ, હીપ્નોટીઝમ, સ્પીરીચુએલીઝમ વગેરે વિષયો માટે કાંઇક સાહિત્ય વાંચેલું છે, પણ તેઓ પોતે કશા નકકી અનુમાન ઉપર હજી આવી શકયા નથી. વળી સ્પીરીચુએલીઝમનો કાંઇક અંગત અનુભવ લેવા જતાં પોતે ઠગાયા છે,—અને જો તેઓએ થીઑસૉફીનો પુરતો અભ્યાસ કીધો હતે, તો આ અનુભવ લેવા તેઓ જતેજ નહીં, કારણ થીઑસૉફી "સ્પીરીચુએલીઝમ" જેવી વિદ્યાને ખરી માનવા છતાં તેને લગતા અખ્તરાઓ હૈયાત તેમજ ગુજર પામેલાં માણસોને નુકસાન· કારક છે, એમ જણાવી તેવા "અનુભવ"થી દુર રહેવાની સખ્ત તાકીદ કરે છે. આ માટે થીઑસૉફીકલ સાહિત્ય એટલું બહોળું છે કે તે બધાંના હવાલા અત્રે આપી શકાય તેમ નથી. પણ અમે આગળ જણુવી ગયા તેમ, મી૦ પટેલ જો મેડમ બ્લાવાટસ્કીનું "એ મોડર્ન પેનેરીયન" (A Modern Panarion) નામનું એકજ પુસ્તક વાંચવાની તસ્દી લેય, તો આ આખો વિષય ઘણી સારી રીતે તેઓ સમજી શકે તેમ છે.

આગળ ચાલતાં મી૦ પટેલનાં મોંમાંથી જે કેટલાક કીમતી વાકયો બહાર પડે છે, તે થીઑસૉફી સામેના તેમના હુમલાને જમીનદોસ્ત કરે છે. તેઓ વાજબી રીતે જણાવે છે કેઃ—

"એક માણસે કાંઇ ઘણાજ અસાધારણ પ્રયોગો કીધા એટલે તેને એક· દમ ધુતારો ઠોકી બેસાડવો જોઇએ નહી. આપણે વીસમી સદીમાં છીએ તેથી એમ ન ધારવું કે માણસાઇ ભેજું જે કાંઈ કરી શકે તેની વધતામાં વધતી હદે આપણે પહોંચ્યા છીએ. આપણે એમ ન સમજવું કે જે કાંઇ જાણી શકાય

(The knowable) અને ન જાણી શકાય (The Unknowable) તેની સીમા વચ્ચે આપણે ઉભા છીએ. માણસાઇ બેજું એક અજાયબ ચીજ છે, સાધારણ રીતે આપણી આંખ, કાન, અને બીજી ત્રણ ઇંદ્રીઓની મદદ વગર પણ ભેજા ઉપર અસર થઇ શકે છે. દાખલા તરીકે ઉંઘમાં ચાલનારો માણસ (Somnambulist) આંખે પાટા બાંધે તોપણ બધે ફરી શકે છે."

મી૦ પટેલના પોતાના કહેવા મુજબ જયારે જ્ઞાનની વધતામાં વધતી હદે આપણે પહોંચ્યા નથી, અને આપણે જોઇએ છીએ કે દુન્યામાં આપણા કરતાં જ્ઞાનમાં અતી ઘણી હદ સુધી આગળ વધેલા પુરૂષો છે, કે જેઓ આપણા કરતાં કાંઇક વધુ જાણે છે, કાંઇક વધુ શકિત ધરાવે છે, ત્યારે થીઑસૉફીકલ સોસાયટીમાં મી૦ પટેલના કરતાં કાંઇક વધુ શ્રમ લઇ અભ્યાસ કરનારા કોઇક આગેવાન નરો તેમના કરતાં વધુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ, તેમના કરતાં કાંઇક વધુ શકિત ધરાવતા હોવા જોઇએ, એટલું તો મી૦ પટેલને કબુલ કરવું પડશે. અને જયારે ઉંઘમાં ચાલવાની ટેવ (Somnambulism) જે એક પ્રકારનો રોગ હોવા છતાં તે માણસની એક અજબ જેવી હાલત કે શકિતનો ખ્યાલ આપે છે, તે જયારે બંધ આંખો છતાં માણસને તે સ્પષ્ટ રીતે જોતો હોય એવી સ્થીતીમાં મુકે છે, ત્યારે સઘળા ધર્મોમાં જણાવેલી પેલી "બાતેન નઝર" (Clairvoyance)ની શકિત સામે મી૦ પટેલથી સવાલ ઉઠાવી શકાશે નહીં. આ શકિત કેટલાંક માણસોમાં કુદરતી રીતે બચપણથી ખીલેલી હોય છે, જેના મોજુદ દાખલા મુંબઇના નાટક તખ્તા ઉપર રજુ થયલા મી૦ પટેલે અનેકવાર જોયા હોય. યા તેને લગતી હકીકત સાંભળી હોય, એ બનવાજોગ છે. કેટલાકો પવિત્ર જીંદગીથી લાયક ઉસ્તાદોના હાથ હેઠળ તાલીમ લઇ આ શકિત ખીલવી શકે છે. કોઇપણ રીતે મી૦ પટેલના પોતાનાજ શબ્દોમાં "એક માણસે કાંઇ ઘણાજ અસાધારણ પ્રયોગો કીધા એટલે તેને એકદમ ધુતારો ઠોકી બેસાડવો જોઇએ નહીં." ત્યારે જો થીઑસૉફીકલ સોસાયટીમાં કોઇક પુરૂષો "બાતેન નઝર" ખીલવવા પામ્યા હોય, તેમની તે શકિત માટે યુરોપ, અમેરીકા, ઓસ્ટ્રેલીઆ અને હિંદમાં જગેજગ ખાત્રી થઇ ચુકી હોય, અને તેવા પુરૂષો પોતાની આ શકિતથી, જે કાંઇ મી૦ પટેલ નહિ જોઇ શકે, તે જોઇને જીજ્ઞાસુઓને માટે જાહેર કરે, તો તેમના સખુન સામે શક ઉઠાવવાનો મી૦ પટેલને શો હક છે? જે જ્ઞાન, જે શકિત, પોતામાં નથી, તે જ્ઞાન કે શકિત બીજામાં પણ ન હોય,

એમ માનવું, એ ગોકળગાયના કોટલાંમાં વસીને તેનેજ દુન્યા માનવા બરોબર છે.

મેસ્મેરીઝમ, હીપ્નોટીઝમ, પારકાંના વિચાર વાંચવાની શકિત (Thought-reading) વગેરે ખરાં તરીકે મી૦ પટેલ માને છે; તેઓ જણાવે છે કે "આમાં નવાઇ જેવું કાંઇ નથી." અમે કહીશું કે "બાતેન નઝર" ખીલવવામાં નવાઇ જેવું કાંઇ નથી,* અને મી૦ પટેલનાજ શબ્દો તેમને પાછા અર્પણ કરીશું કેઃ—

"એ બાબદ ઉપર સંખ્યાબધ ચોપડીઓ લખાઇ છે જેનો અભ્યાસ કરો અને તે સાથે પ્રેકટીસ કરો તો તમો પણ એ શકતી (power) મેળવી શકો, એમાં અકુદરતી અથવા અદભુત (supernatural) કાંઈ નથી. એ માત્ર ઈલમ એટલે 'સાયન્સ'ના પ્રયોગો છે. એ ઈલમ ઘણો બીકટ છે, એથી એનો અભ્યાસ ઘણા થોડા માણસો કરે છે."

મી૦ પટેલ આટલું તો સમજતા હોવા જોઇએ કે આવી સઘળી રૂહાની શકિતઓ ખીલવવાનું કામ જોખમ વગરનું નથી, અને તેનો મૂળ કાનુન સૌથી પહેલાં "સ્વાર્થ રહિત" થવાનો, અને બીનસ્વાર્થે એ શકિતઓનો ઉપયોગ કરવાનો છે.

અહીં "બાતેન નઝર"નો ઇશારો વચમાં લાવવાની મૂળ મતલબ મી૦ પટેલના કેટલાક ટીકાઓનો જવાબ આપવાની છે, કે જે ટીકા બીન વાકેફીને લીધે, ગેરઇન્સાફથી કરવામાં આવ્યા છે. મી૦ પટેલ પોતે કબુલ કરે છે કે "**આપણું અજ્ઞાનપણું એ કાંઈ પુરાવો નથી.**" ત્યારે થીઑસૉફીકલ સોસાયટીનાં સાહિત્યમાં બહાર પડેલી કેટલીક હકીકતો અહીં તહીંથી લઇ, તેને મરડી મચડીને, તે માટે વગર તાસુબીએ કશી તેહકીક કીધા વગર, તે માટે કશું જ્ઞાન મેળવ્યા વગર, ટીકા કરતી વખતે મી૦ પટેલને ઉપલો વાકય યાદ નહીં આવ્યો? મી૦ પટેલની "બાતેન નઝર" ખીલેલી નથી, મી૦ લીડબેટરમાં તે શકિત ખરેખર ખીલેલી છે કે નહીં, તે માટે તેવણે જાતે કશી તપાસ કે તેહકીક કરી ખાત્રી કીધી નથી, ત્યારે જે હકીકતથી પોતે અજ્ઞાન, તે હકીકત માનવી કે નહીં માનવી એ મી૦ પટેલની પ્રકૃતિ (temperament) ઉપર આધાર રાખે છે. તે નહીં માનવાનો તેમને હક છે,—પણ પોતાનાં અજ્ઞાનપણામાં

---

* જુઓ *Clairvoyance*, by C. W. Leadbeater.
Second Sight, by Sepharial.

તે સામે ટીકા કરવાનો તેમને હક છે, એવું તેમનો ઉપર ટાંકેલો વાક્ય શીખવે છે ?

ઉપર ટાંકેલા વાક્યની જોડેજોડ મી૦ પટેલ જણાવે છે કે:—

"બીજા હાથ ઉપર કેટલાએક ભોળા (credulous) જરથોસ્તીઓ, ખાસ કરીને થીઓસોફીસ્ટો, મન અને આત્માને લગતા પ્રયોગો પુરવાર થયલા જોવાને હમેશાં ઘણા ખાહેશમંદ હોય છે. તેઓએ યાદ રાખવું જોઇએ કે તેઓની ઇચ્છા તે કાંઈ પુરાવો નથી."

બેશક નહીંજ. અમે પુછીશું કે કયો થીઑસૉફીસ્ટ તેમ કહે છે ? પણ ઇચ્છા વગર કોઈ કામ બનતું નથી; ઇચ્છા વગર જ્ઞાન મળતું નથી; અને તેટલા માટે કોઈ આતુર અભ્યાસીઓ કોઇ બાબદના પુરાવાઓ મેળવવાની કે તે રજુ કરવાની ખાહેશ ધરાવે, તો તેમાં ગુનાહ શો છે ? તેવા આતુર અભ્યાસીઓ તરફથી રજુ થતા "પુરાવા" જો ખોટા હોય તો તે વિદ્યાની મદદથી, વાજબી દલીલથી તોડવાની જરૂર છે.

ગુમરાહીનો રસ્તો.

મી૦ પટેલનું ભાષણ સાંભળનારાઓ કદાચ તેમની છટાથી દોરવાઇ જાય, પણ તે પ્રગટ થવા પછી ધીરજથી વાંચીને તેની તપાસ કરતાં તેમાં સંગીન દલીલોની અફસોસકારક ખુટ જણાઈ આવે છે. મી૦ પટેલ પોતાના અભ્યાસથી પોતે ચોકસ અનુમાનોપર આવી શકયા નથી,—પોતે ઘણીક બાબદો પર હજી અચોકસ છે, અને તેટલા માટે પોતાના સાંભળનારાંઓને એક કે બીજે માર્ગે દોરવવાને બદલે પોતાના જેવીજ અચોકસ સ્થીતિમાં તેઓ છોડે છે. તેમના નીચલા વીચારો તેમની વર્ષોની એક શિક્ષક તરીકેની કારકીર્દી અને એક ધર્મ સંબંધી વકતા તરીકેની ફરજની વિરૂધ જાય છે:—

"યુરોપમાં પણ આગળ માણસોના બે વીભાગ હતા. જેઓ આત્મીક બળની વાતો માનતા હતા તેઓ (Believers) અને નહીં માનનારાઓ (sceptics), પણ હવે એક ત્રીજો વર્ગ ઉભો થયો છે. જેઓ એક અથવા બીજી બાજુએ ઢળતા નથી. પારસી કોમના સઘળા બાનુઓ અને ગ્રહસ્થોની એવીજ વલણ હોવી જોઈએ. ખાત્રી ભરેલા પુરાવા મળે તોજ એક ચીજ માનવી, નહીં તો નહીં. વગર પુરાવાએ માનવું તે જેટલું ખોટું છે, તેટલુંજ આપણા અજ્ઞાનપણાને લીધે નહીં માનવું તે પણ ખોટું છે."

મી૦ પટેલ એક શિક્ષક તરીકે આટલું તો સમજતા હોવા જોઇએ કે આત્મીક બાબદોને બાજુએ રાખતાં, બાકી વિદ્યાઓમાં એવાં ઘણાં સિદ્ધાંતો છે કે જે વગર પુરાવાએ પહેલાં ખરાં તરીકે માનીને પછી તેનો પુરાવો શોધવો પડે છે. એક ધર્મ સંબંધી વકતા તરીકે તેવણ આ સવાલનો ખોલાસો કરશે કે સઘળા ધર્મોમાં જણાવેલી ઇઝદો વગેરે મીનોઇ શકિતઓની હસ્તી, બહેસ્ત અને દોઝખ જેવી હાલતો વગેરેના પ્રગટ (tangible) પુરાવાઓ વગર ધર્મનાં ફરમાનો અને સિદ્ધાંતો માની શકાય કે ? ધર્મમાં પહેલાં એકીન, પછી અનુભવ—અને તે અનુભવ મેળવવા માટે ઘણા સખ્ત કાયદાઓ પ્રમાણે જીંદગી ગુજારવાની હોય છે. તેજ પ્રમાણે બાકી સાયન્સનાં ઘણાંક સિદ્ધાંતો પહેલાં અનુમાન (theory) તરીકે માનીને પછી અવલોકન કે અનુભવથી તેની સાબેતી (proofs) મેળવવી પડે છે. આવી બાબદોમાં આપણા કરતાં જેઓ જ્ઞાનમાં આગળ વધેલા હોય, તેમનાં શિક્ષણો માનીને આપણને અનુભવ મેળવવાની કોશેશ કરવી પડે છે. અલબત અમે એમ નથી કહેવા માંગતા કે આ સઘળું વિચાર શકિતના ઉપયોગ વગર કરવું. પણ મી૦ પટેલે જાણવું જોઇએ કે "જેઓ એક યા બીજી બાજુએ ઢળતા નથી," તેઓ સ્થિર રહે છે; તેઓ જ્ઞાન મેળવી શકતા નથી. જ્ઞાનનો માર્ગ બહુ બીકટ છે, તેમાં ઠોકરો ખાવી પડે છે, ભૂલો થાય છે, કડવો અનુભવ મળે છે, અનેક ઉલટાસુલટી ફેરફારોમાંથી પસાર થવું પડે છે; પણ જે છેવટ સુધી આતુર ખાહેશથી, શુદ્ધ બુદ્ધિથી આગળ વધે છે, તેને કુદરત નિષ્ફળ કરતી નથી. જો જીંદગી શુદ્ધ હોય, જો જ્ઞાન માંટેની ખાહેશ બળવાન હોય તો અંતરજ્ઞાન યાને બશારત (intuition)ના રૂપમાં બીકટ સવાલોનો ફડચો કુદરત પોતે કરી આપે છે. "આપણા અજ્ઞાનપણાને લીધે નહીં માનવું" એ જો "ખોટું" હોય, તો જે બાબદના પ્રગટ પુરાવાઓ (tangible proofs) નહીં મળે, તે બાબદો અનુમાન તરીકે ખરી માની, વગર તાસુબીએ તેનો અભ્યાસ કરવામાં નુકસાન શું છે ? તે જ્ઞાનનો ખરો માર્ગ છે,—તેથી ઉલટું "જેઓ એક અથવા બીજી બાજુએ ઢળતા નથી," તેઓ જ્ઞાન માટેની ખાહેશની કોતાહી બતાવે છે. તેઓનો માર્ગ ગુમરાહી ભરેલો છે.

"નીમ મુલ્લાં, ખતરેએ ઇમાન."

મી૦ પટેલ આગળ ચાલતાં જણાવે છે કેઃ—

"તારનાં દોરડાં વગર સંદેશા મોકલવા (wireless telegraphy) શું કંઈ છે? આજે જે આપણને અજાયબ જેવું લાગે છે તે પાંચ પચીસ વરસ પછી કદાચ ખરૂં પડે. તારનાં દોરડાં વગરના સંદેશાઓની કની આપણા ગુજરેલાઓના આત્મા આપણી ઉપર સંદેશા મોકલે વાસ્તે વ્યાજબી માર્ગ એ છે કે અસાધારણ પ્રયોગોને હમેશાં ઘણીજ સખત કસોટી (tests) માંથી પસાર કરવા. સર ફ્રેડરીક માયરસ, મી૦ પોડમોર, સર ઓલીવર લોજ, પ્રોફેસર બેરેટ, સર વીલીયમ ક્રુકસ, અને એવા બીજા મહાન સાયન્ટીસ્ટો માને છે કે ગુજરેલાઓના આત્મા જીવતાં સાથે સંદેશા ચલાવી શકે છે. જો કે તે કેમ થાય છે તે તેઓ કહી શકતા નથી. તેજ વેળા આપણે યાદ રાખવું જોઈએ કે વીદવાન સાયન્ટીસ્ટોની બહુમતી એ માન્યતાની સખત વીરૂધ છે. જ્યારે મહાન વીદવાન સાયન્ટીસ્ટોમાં આવી મતફેરી ત્યારે આપણે હઠીલાઇથી મત આપવાવાળા કોણ?"

આટલા માટે આપણે હાથ જોડીને બેસી રહેવું જોઈએ. આપણી વિચાર શકિતનો ઉપયોગ કરવો ન જોઇએ; હાલના વિદ્વાનો કરતાં સર્વ રીતે ચઢયાતા, સંપૂર્ણતાએ પુગેલા પીર પેગાંબરોનાં શિક્ષણો પણ બાજુએ રહેવા દેવાં જોઇએ. અહીં ખુલ્લું જણાય છે કે મી૦ પટેલે આ વિષયનો અભ્યાસ કર્યો નથી. આ બાબદ માનવી કે નહીં માનવી તે માટે તેઓ હજી ચોકસ નથી. ત્યારે જાહેર વકતા તરીકે તેઓ પોતાનાં સાંભળનારાઓને આ વિષય ઉપર જ્ઞાન કેમ આપી શકે? એક શરૂઆતના શિક્ષક જે પોતે એક બીના સમજતો ન હોય, તે પોતાના ચેલાઓને તે બાબદ વિષે સમજ કેમ આપી શકે? "નીમ મુલ્લાં ખતરે-એ-ઇમાન"—તેવી સ્થિતિ મી૦ પટેલની છે.

તારનાં દોરડાં વગર સંદેશા મોકલવાની વિદ્યા (wireless telegraphy)એ ઘણાક ધર્મ સંબંધી બીકટ સવાલોના નિરાકરણનો રસ્તો ખુલ્લો કીધો છે; અને જયારે "આજે જે આપણને અજાયબ જેવું લાગે છે તે પાંચ પચીસ વરસ પછી કદાચ ખરૂં પડે" એમ મી૦ પટેલ માને છે, ત્યારે દેખીતાં અજબ જેવાં કે બેહુદાં સિદ્ધાંતોનાં બીતરમાં કાંઇ સચાઈ હશે, એમ માનીને જો તે સચાઇ શોધવાની કોશેશ કરીએ તો તેમાં ખોટું શું છે?

મી૦ પટેલ ભૂલી જાય છે કે "અસાધારણ પ્રયોગોને હમેશાં ઘણીજ સખત કસોટી(tests)માંથી પસાર કરવા"ની તક સઘળાંને મળતી નથી. "વાયરલેસ ટેલીગ્રાફી" કે સાયન્સને લગતાં સંખ્યાબંધ સિદ્ધાંતો જાતી અવલોકન કે અનુભવથી પુરવાર કરી લેવાની તક સઘળાંને

મળતી નથી,—છતાં વિદ્વાનો તરફથી તે સિદ્ધ થયેલું સમજી આપણે તે ખરાં તરીકે સ્વિકારીએ છીએ, ત્યારે આત્મીક બાબદો જેની પુરવારી મેળવવી આપણી હાલની સ્થીતિમાં લગભગ અશક્ય જેવું છે, તે વિચાર, અવલોકન અને અભ્યાસથી ખરી તરીકે સ્વિકારવી, એ માણસજાતના વધારા (progress) માટે શું ખાસ જરૂરનું નથી ?

ઉલગબરડી.

આગળ ચાલતાં મી૦ પટેલ ઇઝદ અમશાસ્પંદો અને બંદગી વિષે સહેજ ઇશારો કરી જણાવે છે કે:—

"આ સઘળી બીનાઓ ઉપરથી આપણે જોઈ લઈશું કે એક ચીજ અજાયબી ભરેલી છે તેથીજ તે નહીંજ બને એમ કહેવું ઉતાવળીઉં છે."

અમે ઇચ્છીએ છીએ કે મી૦ પટેલે પોતાના આ વાકયને પોતાના આખા ભાષાણુ દરમ્યાન યાદ રાખી તેપર અમલ કીધો હતે ! એવણે સંખ્યાબંધ બાબદોને નહીં બનવાજોગ ધારી લીધી છે, વા તેમને ખોટી કે ઠગાઈ ભરી માની લીધી છે, પણ તે બાબદો વિષે વિવેચન કરતાં તેમ કરવા માટે સંગીન કારણો તેઓ આપી શકતા નથી, અને તેથીજ એમનું "કહેવું ઉતાવળીયું છે," એવા અનુમાન ઉપર આવવાની આપણને ફરજ પડે છે.

મી૦ પટેલ પોતે હાથ ધરેલા વિષયનો સંપૂર્ણ રીતે અભ્યાસ કીધા વગર બહાર પડયા હતા, અને તેથી તેમનું "કહેવું ઉતાવળીયું છે," એવાં અમારાં અનુમાનના ટેકામાં એમના નીચલા વિચારો અમે રજુ કરીએ છીએ.

"આપણે ઈરાનની તવારીખમાં વાંચ્યું છે કે માણસો હવામાં ઉડતા હતા. ત્રીસ ચાળીસ વરસ ઉપર આપણે તેને દંતકથા (Mythology) સમજતા હતા, આજે વીમાની આપણે માથે ઉડે છે. આપણે અસલની ચોપડીઓમાં જીન અને પરીઓની વારતા વાંચતાં હતા જેમાં જણાવ્યું હતું કે તેઓ એક બટન દાબતા કે તરત મહેલમાં રોશની થતી હતી. આજે સાધારણ ભજીયાંવાળાઓ અને પાનવાળાઓની દુકાન ઉપર ઈલેક્ટ્રીક લાઈટ છે."

અહીં મી૦ પટેલ જીન અને પરીઓની હસ્તીને "ભજીયાંવાળાઓ અને પાનવાળાઓની દુકાન ઉપર ઇલેક્ટ્રીક લાઇટ છે," તેની સાથે ભેળી નાંખે છે. આ ઉપરથી ખુલ્લું દેખાય છે કે મી૦ પટેલ જીન અને પરીઓની હસ્તીને સ્વિકારતા ન હોય. ત્યારે અવસ્તામાં પરીઓ વિષે

જગેજાગ આવતા ઇશારાઓનું કેમ ? ત્યાં તો "ઇલેક્ટ્રીક લાઈટ" સાથે તેમનો સંબંધ જોડવાને બદલે એ હસ્તીઓને વખોડી કાઢી છે. વળી કોઇ પણ દેશ, કાળ કે પ્રજાની તવારીખ એવી નથી કે જેમાં આ હસ્તીને સ્વિકારવામાં આવી ન હોય. મી૰ પટેલ આટલું તો સમજતા હોવા જોઇએ કે જગતની સઘળી મહાન સચાઇઓ (great truths) કશા પણ અપવાદ વગર રોજે અવ્વલથી સઘળા દેશો, સઘળા જમાનાઓ અને સઘળી પ્રજાઓમાં ફેલાયલી હોય છે. દુન્યાની કોઇ પણ પ્રજા એવી નથી કે જે આ હસ્તીઓને સ્વિકારતી ન હોય. આ જમાનો અજાયબીઓનો તેમજ દુન્યાના સઘળા મજહબોમાં જણાવેલા "મહાન ફેરફાર"નો છે, અને તેથી મીનોઈ શકિતઓ માણસોના વધુ ને વધુ સમાગમમાં આવે એવી તયારીઓ ચોમેર થતી આપણ જોઇએ છીએ.

સર આર્થર કોનન ડૉઇલનું નામ ઇંગ્રેજી સાહિત્યના શોખીનોને અજાણ્યું નથી. આ લખનારને જીન પરિયાંઓની હસ્તી માનવાની કેમ ફરજ પડી તેનો એહવાલ "ધી સ્ટ્રેન્ડ મેગેઝીન" ના ડીસેંબર ૧૯૨૦ના અંકમા પ્રગટ થયલો છે, * અને તે વાંચવાની અમે મી૰ પટેલને ભલામણ કરીશું. આ લખનાર નબળી મનશકિતનો માણસ નથી, અને તે હવે આ દુન્યાની બહારની હસ્તીઓ વિષેની શોધખોળ પાછળ મંડયો છે. આ વિદ્વાનનું કહેવું ખરૂં માનીએ તો આપણને જીન પરિયાંઓની હસ્તી સ્વિકારવાની જરૂર પડે છે; જો તે હસ્તી ખોટીજ હોય તો આ વિદ્વાન ઠગાતો હોવો જોઇએ યા તેની મનશકિતમાં કાંઇ ખામી આવવી જોઇએ. કયા અનુમાન ઉપર આવવું તે મી૰ પટેલનું કામ છે. પણ એક તરફ દુન્યાના તમામ મજહબો, કવિઓ, ફીલસુફો, અને આજની સાયન્સના કેટલાક આગળ વધેલા ઉસ્તાદોનું મત અને બીજી તરફ થોડાક જડવાદી સાયન્ટીસ્ટો અને મી૰ પટેલનું મત,—આ બેમાંથી "વિચાર કરવાને પરવરદેગારે જે અકલનું ગોહર બક્ષ્યું છે," તેનો ઉપયોગ કરી નક્કી નિર્ણય ઉપર સહેલથી આવી શકાય તેમ છે.

ગુજર પામેલાંઓ સાથનો સંબંધ.

ગુજર પામેલાંઓના હેયાત માણસો સાથના સંબંધને મી૰ પટેલે વહેમના વર્ગમાં મુકયો છે. કોઇબી અપક્ષપાત વાંચનાર જોઇ શકશે કે

* જુઓ ચેરાગ, ફેબ્રુઆરી ૧૯૨૧. પાનું ૯૧.

બતી અમલની આ બાબદ વેહમનાં વર્ગમાં કેમ આવી શકે? સઘળા ધર્મો શરીર, રૂહ અને આત્માની હસ્તી તો માને છેજ. જરથોસ્તી ધર્મ તો આગળ વધીને માણસના સાત શરીરોની હસ્તી* સ્વીકારે છે. આ તો અકલમાં ઉતરે એવું છે કે મરણ પછી માણસનું ખાકી શરીર, લીંગ શરીર (કેહર્પ) અને ઉશ્તાન અથવા પ્રાણનો નાશ થનો હોવાથી તેનું ભાન ચોથાં શરીર "તેવીષી" અથવા વાસના-શરીરમાં કામ કરવાનું શરૂ કરે છે, અને જીવતાં માણસોમાં પણ એવુંજ શરીર હસ્તી ધરાવતું હોવાથી તેની મારફતે ગુજરેલાંઓ જીવતાંઓ સાથે સ્વપનામાં અથવા બીજી રીતે દેખાવ દઇને સંબંધ પાડી શકે છે અને પોતાની ઇચ્છાઓ જાહેર કરી શકે છે. પણ કેટલે દરજ્જે પેલો જીવતો માણસ તેઓની સુચનાઓ સ્વીકારે છે તે તેનાં પ્રગટીકરણનાં તબકકા ઉપર આધાર રાખે છે. આ બાબદનો વધારે ખુલાસો મી૦ લીડબેટરનાં "મોતની પેલી મેર" (The Other Side of Death) નામનાં પુસ્તકમાંથી મળશે.

ઠાવકા મી૦ પટેલ—ઠગાઇના ભોગ!

મી૦ પટેલના નીચલા શબ્દો ઉપરથી જણાય છે કે પોતે હાથ ધરેલા વિષય માટે પોતે ચોકસ નહી હોવાથી સઘળાંને તેવીજ અચોકસ સ્થીતિ ((Suspense) માં રહેવાની તેઓ ભલામણ કરે છે.

"એજ પ્રમાણે જો થોડા વરસમાં આપણા ગુજરેલાઓના આતમા કોઇ જાતીની વાયરલેસ ટેલીગ્રાફીથી આપણી સાથે સંદેશા ચલાવે તો અજાયબ થવાનું નથી."

"જરથોશતી ધરમ પ્રમાણે એક માણસ મરી જાય છે તો તેનો જીવતાઓ સાથનો સંબંધ બંધ પડતો નથી. તે ગેબી અને અનદીઠ રીતે ચાલુજ રહે છે, (જુવો ફ્રવર્દીન યશતનો ૧૩ મો કરદો) મુકતાદના દશ દીવસો ઉપર આપણે ગુજરેલાંઓને યાદ કરીએ છીએ અને તેઓ આપણને આશીશ દે છે. આ માનવું કે નહીં માનવું તે આપણા યકીન (faith)ની વાત છે અને તે યકીન આપણાં સ્વભાવ એટલે (temperament) ઉપર આધાર રાખે છે. એટલું આપણે હરદમ યાદ રાખવું કે યુરોપના વીદ્વાનોની બહુમતી Spiritualism અને Psychism એટલે આતમ વીદ્યાને હસી કાઢે છે, તેના પ્રયોગોની બેઠક જેને અંગ્રેજીમાં seance કહે છે તે કાંઇજ નહી પણ એક જાતની છેતર પીંડી (deception) છે. મારા મરહુમ બમાવાનો રૂહ (spirit) દેખાડવા મને એક ધુતારાએ ઘણા વર્ષની વાત ઉપર ત્રણ રાત ઉજાગરો કરાવ્યો હતો અને ફોકટનો મને બેવકુફ બનાવ્યો હતો. આટલું તો ચોકસ છે કે આતમ વીદીઓ

---

* જુઓ યજશને, હા૦ ૫૫ મો.

(Psychists) પોતાની શકતીના ખાત્રી પુરક પુરાવા આપ્યા નથી. બીજા હાથ ઉપર તેઓના વીરોધીઓએ પણ તેઓના પ્રયોગોના ખુલાસા આપ્યા નથી. આવી હાલતમાં મેં ઉપર કહ્યું તે પ્રમાણે કોઇ પણ માણસે હઠીલાઇથી મત આપવુ એ જોખમ ભરયુ છે."

અહીં મી૰ પટેલ જણાવે છે કે "ગુજરેલાંઓના આત્મા (?રૂહ) આપણી સાથે સંદેશા ચલાવે તો અજાયબ થવાનું નથી." વળી જરથોસ્તી મજહબની રૂએ ગુજરેલાંઓનો "જીવતાંઓ સાથનો સબંધ બંધ પડતો નથી." છતાં "આ માનવું કે નહીં માનવું તે આપણા યકીનની વાત છે"! અને પોતે એકવાર કોઇ ઠગારાને હાથે ઠગાયલા હોવાથી તેઓ "સ્પીરીચુએલીઝમ" ના પ્રયોગોની બેઠક (seance)ને "એક જાતની છેતરપીંડી (deception)" ગણી આ બાબદને ઉડાવી દે છે. તેઓ જણાવે છે કે "આત્મવાદીઓએ પોતાની શકિતના ખાત્રીપૂર્વક પુરાવા આપ્યા નથી." તેમજ "તેઓના વિરોધીઓએ પણ તેઓના પ્રયોગોના ખુલાસા આપ્યા નથી." આટલા માટે "કોઇ પણ માણસે હઠીલાઇથી મત આપવું એ જોખમ ભર્યું છે." અને તે છતાં મી૰ પટેલ "સ્પીરીચુ-એલીઝમ" ના પ્રયોગોને "છેતરપીંડી" ગણવાની હઠીલાઇ કરે છે. અમે ઉપર ટાંકેલો ફકરો ધ્યાનથી વાંચતાં કોઇપણ વાંચનાર જોઇ શકશે કે મી૰ પટેલે આ બાબતનો પુરતો અભ્યાસ કીધેલો નહીં હોવાથી તેઓ પોતે બહુ ગુંચવાડામાં છે, અને તેથી એક કે બીજી તરફ મત આપવા જેવી સ્થીતિમાં તેઓ નથી, અને તેટલા માટે પોતાના સાંભળનારાઓને તેઓ ગુંચવાડામાંજ રહેવા દે છે. પોતાની સલાહની વિરૂધ તેઓ પોતે વર્તે છે તે તેઓ જોઇ શકતા નથી.

એક બીકટ બાબદ વિષે વસવસો (suspense) રાખીને બેસી રહેવુ એ સચાઇના શોધકો અને જ્ઞાનના ઉમેદવારોનું લક્ષણ નથી. તે માણસના વધારા(progress)ને અટકાવે છે. મીનોઇ બાબદોના પ્રત્યક્ષ પુરાવા (evident proofs) હોઇ શકે નહીં, માટે આવી બાબદોમાં એકીન રાખી અભ્યાસ અને અવલોકનથીજ આગળ વધી શકાય છે. ઠગાઇ કયાં નથી હોતી? પણ પારસી ટોળામાં કોઇક ખુરો હોય તો તેથી જરથોસ્તી મજહબને બદનામ કરવો એ જેટલું બેહુદું છે, તેટલુંજ એક વિદ્યાની બાબતમાં કોઇ ઠગારો નીકળે તેથી તે વિદ્યાને બદનામ કરવી એ બેહુદં છે.

જ્યોતિષ વિદ્યા.

આ ટીકા મી૦ પટેલના જ્યોતિષ વિદ્યાને લગતા વિચારોને પણ લાગુ પડે છે. આ વિદ્યાના સંબંધમાં દુન્યામાં હમણાં એટલું બહોળું સાહિત્ય બહાર પડેલું છે, અને તેના પ્રત્યક્ષ પુરાવા મેળવવા એટલા સહેલ છે કે તેની સચાઈ હવે ના પાડવી એ માત્ર અજ્ઞાનપણું અને "હઠીલાઇથી મત આપવા" જેવુંજ છે. આ વિદ્યા ખગોળ વિદ્યા (Astronomy), ગણીત શાસ્ત્ર (Mathematics) અને તર્ક શાસ્ત્ર (Logic) ઉપર રચાયલી છે. ચેશગના આગલા અંકો (૧૯૧૬-૧૭) માં આ વિષય ઉપર લંબાણ વિવેચન કરવામાં આવ્યું છે, અને તે "જ્યોતિષ વિદ્યા—તેની તુલોતવીલ તપાસ" એવાં નામ હેઠળ એક જુદાં ચોપાન્યાં તરીકે મુફત વહેંચવામાં આવ્યું હતું. *

આ વિદ્યાની સચાઇ માટે ખાત્રી કરવાનું કામ મુશ્કેલ નથી. કોઈ પણ કેળવાયલો માણસ આ વિદ્યાની દેશી યા ઇંગ્રેજી રૂઢીથી જાતે તપાસ લઇ શકે, અને પોતાની જીંદગી પર થતી ગ્રહોની અસર માટે ખાત્રી કરી શકે તેમ છે. અમે કબુલ કરીએ છીએ કે આ વિદ્યામાં થોડું જાણનારાઓ ઠગાઇ કરે છે, પણ તેથી તે વિદ્યા ખોટી ઠરતી નથી.

જ્ઞાન અને સ્વાર્થને વેર હોય છે. ખરા જ્ઞાની પુરૂષો વિદ્યા સાથે સ્વાર્થને જોડેલો રાખતા નથી, અને તેથી જ્યાં વિદ્યા અને સ્વાર્થ જોડાયલાં રહે, ત્યાં ઠગાઇનો અંશ ભેળાવો જોઇએ, એ દેખીતું છે. જો આટલો સિદ્ધાંત પારસી કોમ સમજતી થાય તો તે સહેલથી ઠગાય નહી.

મેલી વિદ્યાઓ.

ધુણવાનાં ધતીંગમાં અને ગોસાંઇઓ, ફકીરો વગેરેની સેવામાં પારસીઓ જે ભાગ લે છે, તે ખચીત સખત રીતે વખોડવા જોગ છે. આ ધીકારવા જોગ રસમો અને માન્યતાઓ સામેની મી૦ પટેલની કોશેશ તરફ અમારી સંપૂર્ણ દીલસોજી અને ટેકો છે. પણ આવાં કામો માટે "જંરથોસ્તી ધર્મમાં સખત મનાઇ છે, અને તેને એક ઘણું મોટું પાપ ગણવામાં આવે છે," એટલું કહેવાથી આ કામો ઉપર આસ્થા ધરાવનાર પારસીઓ હટી જાય તેમ નથી. માણસોના "દીલમાં આવવુ" (possession), સાધના (necromancy), તંત્ર વિદ્યા (black magic),

* આ ચોપાન્યાંની એક નકલ મી૦ પટેલ પર મોકલવાની અમે છુટ લીધી છે.

વગેરે માટે બીનમાહિતગાર કેળવાયલા પુરૂષો ભલે તુચ્છકાર દેખાડે,—તેથી આવી ચીજોની હસ્તી નિર્મૂળ થતી નથી. આવાં કામોમાં પહેલાં થોડો કે ઘણો ફાયદો થાય છેજ, અને તેથી તે કામોમાં પડનારાઓની આસ્થા વધે છે; અને એકવાર એવાં કામોમાં સપડાયલાંઓને પાછળથી છુટાં થવું મુશ્કેલ થઈ પડે છે આ કામો આયંદે માણસોનાં તન, મનની ખરાબી કરે છે, અને તે સઘળાંનો પાકો અભ્યાસ અને જાતી તપાસ કરીને પછી આ વિષય જો સમજાવવામાં આવે, તો બેશક થોડી ઘણી અસર થવાનો સંભવ રહે. પણ પારસી લખનારાઓ અને ભાષાણકર્તાઓ અરધી સદી થઈ આવાં કામોને "વહેમ" ગણી તે સામે લડત ચલાવતા રેહ્યા છે, છતાં તે કોમમાંથી નાબુદ થતાં નથી.

જો મી૦ પટેલ જાતે આવાં કોઇ મથકોની મુલાકાત લેય; તો તેમની ખાત્રી થાય કે "ધુણવાનું કામ" હમેશાં ઢોંગ ભર્યું હોતું નથી. નવસારી પાસેના છાપરવા ગામમાં આવેલી "માતા"ની મુલાકાતનો એહવાલ લખતાં ડો૦ જી. જે. મોદી પણ કબુલ કરે છે કેઃ—

"આ બાબતમાં મેં જે આગળથી વાંચ્યું છે" જાણ્યું છે અને આજે જોયું છે, તે ઉપરથી હું કહું છું કે આવા કોઈ કેસોમાં કોઇ ખાસ ઠગાઈ (imposture) જેવું હોતું નથી, પણ કાચાં મનનો કોઈ ખાસ વીચારમાં મનની એક પ્રકારની ઉશ્કેરાયલી હાલતમાં આવી સ્થીતીમાં આવે છે. મી૦ ગાંધીનાં કોઇ શીક્ષણે આવી સ્ત્રીઓનાં મન ઉપર અસર કરી, તેઓને પોતામાં કોઈ તેવું ખાસ શીક્ષણ આપવાનું ભાન આપી, આવા પ્રકારની ધુંણવાની ધુંઇમાં મેલેલાં હોયએ કુદરતી છે. એ એક પ્રકારની મનની સ્થીતી છે."

અમે જાતે બીલીમોરામાં ગોલ્લા ફીણાનાં મકાનની મુલાકાત લીધી છે, અને મેલી વિદ્યાની અસરમાં સપડાયલાં એક કમનસીબ પારસી કુટુંબને આરામ મેળવવા માટે ત્યાંના "બાપુ સાહેબ"ની કબરની માનતા લેવા આવેલું જોયું છે. આ કમનસીબ કુટુંબની હાલત કોઇની પણ દયા ઉશ્કેરે તેવી છે, પણ અફસોસની વાત એ છે કે આવાં કુટુંબોને રાહત આપવા માટે જરથોસ્તી મોબેદોમાં જોઇતું પવિત્ર ખોરેહનું બળ રહ્યું નથી, માંથના એજમતી ઉપાયોની ચાવી તેઓ ખોઈ બેઠા છે, અને જરથોસ્તી સાધનોની ગેરહાજરીમાં આફતમાં આવી પડેલાં આવાં કુટુંબો આવાં મથકોનો આશરો શોધવાની ભૂલ કરે છે.

પવિત્ર જીંદગી.

મી૦ પટેલ જો કશી તાસુબી વગર પારસીઓમાં જગેજગ ચાલી રહેલા મેલી વિદ્યાના અમલ વિષે જાતે તપાસ કરે તો તેમને ઘણું જાણવાનું મળશે. આવા અમલને હસી કાઢવાથી તે કદીબી બંધ પડશે નહીં. તેને દુર કરવાનો માત્ર એકજ ઉપાય છે, અને તે શુદ્ધ પવિત્ર જીંદગી! જ્યાં સુધી કોમમાં તન, મન અને ખોરેહની પવિત્રાઇ જાળવવાતી પુરતી સમજનો ફેલાવો અને અમલ થાય નહીં, ત્યાં સુધી આવા "વહેમો" નાબુદ થશે નહીં. ખીર્સ્તાસારી જરથોસ્તી ધર્મ સાથે એકમત થઈ જીંદગીની પવિત્રાઇ ઉપર ખાસ ભાર મુકે છે. પણ તેનો અભ્યાસ કરી તેની ખુબીઓ તપાસવાને બદલે માત્ર તાસુબીથી તેને વખોડવામાં આવે છે.

ઇસ્લામી પીરોની કબરની માનતા અને ગોઆના સેંટ ફ્રાન્સીસનાં શબનાં દર્શન, એ એકજ વર્ગમાં મુકી શકાશે. અહીં ખોરેહનું બળ કામ કરતું ધારી શકાય. જ્યાં સુધી આવાં કામોમાં થોડો કે ઘણો ફાયદો ન હોય ત્યાં સુધી હજારો માણસો તે તરફ દોરવાય નહીં. શારીરીક દુઃખ દર્દોના ઉપાયો તરીકે તબીબી ઉપાયો ઉપરાંત "સાઇકો-થીરાપી" (Psycho-therapy) "ઓટો-સજેશન" (Auto-suggestion) અને "સ્પીરીચુઅલ હીલીંગ" (Spiritual healing) જેવી વિદ્યાઓ ધીમે ધીમે ખીલતી જાય છે. અર્દીબહેસ્ત યશ્તમાં "અશોઇથી સારું કરનાર" અને "માથ્રવાણીથી સારું કરનારઓ"ને વૈદ્યોનાં વર્ગમાં મુકેલા છે. વળી "જાદુઇવાળી બદ ઓરતો" અને "ખરાબ ખોરેહવાળી બદ ઓરતો"ને નાબુદ થવાની દુઆ ચાહવામાં આવી છે. આ સઘળી બાબદોનો ધીરજ ભર્યો અભ્યાસ કરી તેના ફાયદા, ગેરફાયદા સમજાવવાની જરૂર છે.

નાના પ્રકારના વહેમો.

આગળ ચાલતાં મી૦ પટેલ "નાના પ્રકારના વહેમો"ની એક ટીપ આપી ટકોર રૂપે તે "વહેમો"ને તોડતા જાય છે, અને "વહેમો"ને તોડવાની પોતાની ઉલટમાં, હાથ ધરેલા વિષયોનાં જરૂરી જ્ઞાન વગર પોતાને કઢંગી સ્થીતિમાં મુકે છે. આ ટીપમાંના "વહેમો"ની વર્ષો સુધી મી૦ પટેલ ટકોર કરશે તો તે તૂટવાના નથી; તેમ છુટાછવાયા ઠગાઇના દાખલાઓથી ખરી હકીકત ખોટી ઠરતી નથી. મી૦ પટેલની

ટીપમાંની કેટલાક "વહેમો" નો અંગત અનુભવ તેમની સંભાળનારાઓ-માંના ઘણાકને થયો હોય તો તેમાં નવાઈ નથી, અને તેવા સંભાળ-નારાઓ ઉપર મી૦ પટેલની ટકોરથી કશી અસર થાય એ અસંભવિત છે.

લગ્નની રાશ.

આ "વહેમ" જેને મી૦ પટેલ "ફાંફાં"ના વર્ગમાં મુકે છે, તે સ્વાંબની "મળતાપણાંના કાયદા" (the law of affinities) ઉપર રચાયલો છે. મી૦ પટેલ જ્યોતિષ વિદ્યાના મુળાક્ષરો જાણતા નથી, ત્યારે આ વિષયના અભ્યાસ વગર તેને "વહેમ"ના વર્ગમાં મુકવામાં તેઓ એક ઇન્સાફી અને સચ્ચાઇના શોધક તરીકેનું લક્ષણ દેખાડે છે કે? આ વિષય બહુ બીકટ છે, અને પારસી લખનારાઓ તેનો કશો અભ્યાસ કર્યા વગર તે વિષે વારંવાર વર્તમાનપત્રોમાં ટકોર કરવા બહાર પડે છે, અને તેમ કરી પોતાનાં અજ્ઞાતપણાંને લીધે પોતે હસીમાં મુકાય છે. બેશક આ બાબદમાં ધારેલાં જોડાંના ટપકાંઓમાં બંનેનાં તન અને મનનું મળતાપણું અને બંનેના આયુષ્યનો સંવાલ, બીજી કેટલીક બાબદો સાથે બહુ બારીકીથી તપાસવાનો રહે છે; તેમ કરવાની ઘણાક જોશીઓ દરકાર કરતા નથી, અને પારસીઓ પોતે આ બહુ ઉપયોગી વિદ્યાનો જાતે અભ્યાસ કરવામાં પછાત પડયા છે, એટલે તેઓનો મોટો ભાગ ઠગાય તેમાં નવાઇ નહીં. પણ આપણી કસુરને લીધે વિદ્યાનાં એક સિદ્ધાંતને હસી નાખવું એ આપણને પોતાને હસીમાં મુકવા બરોબર છે. આ વિષય એટલો બહોળો છે કે તે માટે અમે એક લેખ લખવા ધાર્યો છે, અને તે ઉપરથી જોઇ શકાશે કે આ કહેવાનો "વહેમ" સંસારનો માર્ગ શાંતિથી પુરો કરવા માટે જરૂરનો છે. †

સ્વપ્ના.

આ અનુભવને "વહેમ" ના વર્ગમાં મુકવા અગાઉ મી૦ પટેલે વિચાર કીધો હોત! તવારીખ સ્વપ્ના મારફતે થયલી આગાહીઓના હજારો દાખલાઓથી ભરપુર છે. * સંખ્યાબંધ પુસ્તકો આ વિષય ઉપર મોજુદ છે, જેમાં સ્વપ્ના મારફતે મળેલા અનુભવોના દાખલાઓની ખુટ નથી.× પણ અમે મી૦ પટેલને પુછીશું કે પેગંબર સાહેબ અશો

† જુઓ આ બાબદને છેડે "લગ્નની રાશ" નો વિષય.

* જુઓ ચેરાગ, ૧૯૨૦-૨૧ "પ્રખ્યાત આગાહીઓ."

× જુઓ Dreams by C. W. Leadbeater.

જરથોસ્તનાં માતાને આવેલો સ્વપ્નો, અને શાહનામાઓમાં જંગેજમ આપેલાં "ખાબ" નાં દાસ્તાનોબી "વહેમ" જ કે? કાંબી શું "અસુરની દાજે મહોબ્બત વાળી હોય ?" આ ટીકા કરતાં મી૦ પટેલે "સ્વપ્ના"ની હસી કરાવવાને બદલે પોતાની હસી નથી કરાવી ?

ભુત ડાકણો.

આ દરૂજી હસ્તીઓને જરથોસ્તી ધર્મ સ્વિકારી છે, તે વંદીદાદ અને જુદી જુદી યશ્તો ઉપરથી જણાશે. તેમની સાથનો કશો પણ સંબંધ રવાનની વૃધ્ધિને અટકાવનાર છે, આટલા માટે તેમને માત્ર "વહેમ" ગણીને નહીં, પણ ઇન્સાન જાતને નુકસાનકારક ગણીને તેમનાથી દુર રહેવાની જરૂર છે. આ અને એવીજ બીજી હસ્તીઓના જુદા જુદા વર્ગોની અંકબપસંદ સમજ થીઑસૉફીકલ સાહિત્યમાં આપવામાં આવી છે, અને તેમની સાથના સબંધથી ઇનસાન જાતને થતા નુકસાનનો તેમાં ખ્યાલ રજુ કરવામાં આવ્યો છે.† જો મી૦ પટેલે પોતે હાથ ધરેલા વિષયનો પુરતો અભ્યાસ કીધો હતે, અને થીઑસૉફીકલ સાહિત્ય બરોબર તપાસવાની તસ્દી લીધી હતે, તો તેઓ પારસી થીઑસૉફીસ્ટોની વિરૂધ્ધ બોલવા પહેલાં વિચાર કરતે.

જાદુ.

આમાં તંત્ર વિદ્યા (Black magic) ને લગતા સઘળા પ્રયોગો સમાઇ જાય છે, અને તેનો એક દાખલો બીલીમોરા ખાતે હાલ અમે ઉપર જણાવ્યું તેમ મોજુદ છે. આ વિદ્યાને અવસ્તામાં સ્વિકારી છે, અને ગાથા, વંદીદાદ, યશ્તો વગેરેમાં, તેમજ શાહનામાઓમાં તે માટેના ઈશારાઓ મોજુદ છે.

મેલી હસ્તીઓ માણસોનાં શરીરનો કબજો લેય, અથવા મેલાં જાદુથી માણસો હેરાન થાય, તેમને રાહત આપવાને પરહેઝગાર જરથોસ્તી મોબેદો જો માંથ્રવાણીની મદદથી આજે શક્તિવાન હોય, તો પારસી કોમનો "વહેમી" વર્ગ પરકોમનાં મથકોનો આશરો લેવા જાય નહીં. મી૦ પટેલ "મેલાં જાદુ"ને ભલે હસી કાઢે, પણ પારસી કોમમાં હજી એવો વર્ગ મોજુદ છે, કે જેનાં કર્મો "રવાનનો નાશ કરનારાંજ" ગણાય. આ જાતનાં કર્મોનો અટકાવ માત્ર જ્ઞાનથીજ થઇ શકે, અને તે જ્ઞાનના ફેલાવાનું કામ થીઑસૉફીકલ સોસાયટીએ માથે લીધું છે,

---

†જુઓ *The Hidden Side of Things*, by C. W. Leadbeater.

તેનો કશો ખ્યાલ ધરાવ્યા વગર પારસી થીઑસોફીસ્ટોને બદનામ કરવામાં આવે છે.

કુણામાંનો સૈયદ.

જગત અનેક જાતની હસ્તીઓથી ભરપુર છે, જેમાંની કેટલીક હસ્તીઓ "કુદરતના ભૂતો" (Nature spirits) ને નામે ઓળખાય છે. કેટલીક હસ્તીઓ ચારે અનાસરો યાને તત્વોને લગતી હોય છે, જે તે તત્વોને લગતા જીનો કે પરીઓને નામે ઓળખાય છે, અને જે ઈંગ્રેજીમાં સીલ્ફ (Sylph) નોમ (Gnome), અન્ડાઇન (Undine) અને સેલેમાન્ડર (Salamander) નાં નામથી ઓળખાય છે. આ હસ્તીઓનાં આખાં જગતની હકીકતનુ જ્ઞાન મેળવ્યા પછી મી૦ પટેલ કાંઈ ટીકા કરતે તો તે પ્રસંગોપાત અને વધુ વજનદાર થઇ પડતે. અમે મી૦ પટેલને પુછીશું કે જરથોસ્તી બંદગીના કલામોમાં નમસ્કાર પાણીનો, નમસ્કાર ઉર્વરનો, નમસ્કાર પર્વતનો છે, તેની મતલબ તેઓ સમજાવશે? પાણીનો તો એક તત્વ તરીકે નમસ્કાર કર્યો; પણ ઉર્વર અને પર્વતને નમસ્કાર કરતાં "મુતપરસ્ત" નહીં કહેવાઇએ? મી૦ પટેલે હાથ ધરેલો અકેક "વહેમ" એવો છે કે જેની ઉપર થીઑસોફી અને જરથોસ્તી મજહબના મુકાબલાથી બહુ લંબાણુ સમજ આપી શકાય. આ લખવામાં અમારી મતલબ કોઇપણ જાતના "વહેમ"ને ઉત્તેજન આપવાની નથી; અમે માત્ર એટલુંજ કહેવા માંગીએ છીએ કે આ "વહેમો" વિષે કશા ઉતાવળા ટીકા કરવા અગાઉ તેમનુ મુળ, તેમની નેમ, તેમાં સમાયલા દેખીતા ફાયદા અને ખરેખરા ગેરફાયદા સમજવાની જરૂર છે.

દોરા, ચીઠી, તાવીજં, માદળીઆં, વગેરે.

"કેટલાંક બૈરાંઓ આ ચીજો ગજવામાં લઇને ફરે છે," એમ જણાવી મી૦ પટેલ સવાલ કરે છે કે "શું તેઓ ઘેલાં થયાં હશે?" અમે આ ચીજોની હિમાયત કરતા નથી. પવિત્રાઇ—તન અને મનની પાકીઝગી—કોઇ પણ મુશ્કેલીમાં બચાવ કર્તા છે; પણ સઘળાં માણસો જોઇતી પાકીઝગી તેમજ બળવાન ઇચ્છા શકિત ધરાવતાં નથી, અને બીજી વિદ્યાઓની માફક આ કામ પણ ઠગાઇથી નિરાળું નથી, પણ તેથી આ ચીજોમાં સમાયલી અસરની સચાઇ નાબુદ થતી નથી.

મી૦ પટેલને ખબર ન હોય કે નવસારીના વડા દસ્તુરજી સાહેબને ત્યાં આંખમાં પડતાં ફુલાંનો દોરો અને તાવનો દોરો બનાવવામાં આવે

છે, અને તે વર્ષો થયાં પારસીઓમાંજ નહી, પણ સઘળી કોમોમાં વપરાય છે, અને તે ચોક્સ તરતીબથી બાંધી રાખવાથી આંખનું ફુલું બીજા કશા ઉપાય વગર નાબુદ થાય છે, તેમજ તાવ ઉતરી જાય છે. આ હકીકત હજી મોજુદ છે, અને મી૰ પટેલની આ "વહેમો"ની ટીપના સંબંધમાં અમે એટલુંજ કહીશું કે—

"Prove all things."

"સઘળી ચીજોના પુરાવા મેળવી લો."

કીંમતી નગોના તાવીજ તરીકે થતા ઉપયોગના સંબંધમાં સારી સમજમાં ઉતરે એવી નીચલી થોડી લીટીઓ મી૰ પટેલના ધ્યાનમાં ઉતરશે, એવી અમે આશા રાખીએ છીએ:

"These crystals and ornamental stones gain, however, when in contact with human beings singular talismanic properties. This is due to the fact that they become impregnated with the etheric, emotional and mental characteristics of their owners. One who wears the jewel of another is often brought in close psychic contact with that other in this fashion.

"The only way, however, that any stone acquires any considerable talismanic value against thoughts of fear and impurity, is when it is magnetised by a person of spiritual power who knows how to do it. When this is done, a precious stone or ornament may retain for many years or even centuries a splendid vibration that is beneficent, protective and uplifting."—*The Messenger*, Jan, 1917.

"આ નગો અને કીમતી પથરા, જ્યારે માણસ જાતના સમાગમમાં આવે છે, ત્યારે તેઓ અજબ જેવા તાવીજ રૂપી ગુણો મેળવે છે. એમ થવાનું કારણ એ છે કે, તેઓ પોતાના માલેકની લાગણી, જુસ્સાઓ અને મનને લગતા ખાસ ગુણોથી ફળવંત થાય છે. એક માણસ બીજાનું ઝવેરાત પહેરવાથી વારંવાર તેની સાથે માનસિક સંબંધમાં આવે છે. *

---

* આ બાબતની ખાત્રી માટે જુઓ "*Pychometry and Thought Transference*," by N. C.

"ધાસ્તી અને અપવિત્રાઈના વિચારોની સામે કોઇપણ કીંમતી નંગ કાંઇ સંગીન તાવીજ રૂપી અસર ધરાવવા પામે તે માટે એકજ રસ્તો છે, અને તે એ કે કોઈ મીનોઈ શકિત ધરાવનાર શખ્સ, જે આ કામ સમજતો હોય તેની ઈચ્છા શકિતથી તે નંગ અસરકારક થવું જોઈએ. તેમ થવાથી એક કીંમતી નંગ ઘણાં વર્ષો બલ્કે સદીઓ સુધી એક ઉત્તમ પ્રકારનું "વાઇબ્રેશન" જાળવી રાખે છે, જે ફાયદો આપનારૂં, બચાવ કરનારૂં, અને ઉંચી સ્થીતીએ ચઢાવનારૂં થઇ પડે છે."

આ વિષયના સંબંધમાં થીઑસૉફીકલ સોસાયટીની બહાર ઓછું સાહિત્ય ફેલાયલું નથી. પણ અમે મી૰ પટેલને "ચીઠી"ઓ અને તાવીજોના સંબંધમાં માત્ર એકજ મોટું પુસ્તક વાંચવાની ભલામણ કરીશુ. +

ઇંગ્રેજીમાં "એબ્રાકેડેબ્રા" (Abracadabra) ને નામે ઓળખાતું તાવીજ, યાહુદીઓનાં "કબાલા" (Kabala) અને ઇંગ્રેજી યોગશાસ્ત્ર (Mysticism) આ વિષયના પુરાવા સમાન છે. ઘોડાની નાળ (Horse shoe) અને કુકરના આકારનાં ચાર્મસ (charms) આજે પણ ઇંગ્રેજ પ્રજામાં સારૂ નસીબ લાવનારાં સાધનો (good-luck charms) તરીકે વપરાય છે. પ્રખ્યાત કવિ લોંગફેલો જણાવે છે કે—

"Happy art thou, as if every day thou hadst picked up a horseshoe."

"જાણે કે રોજ તને એક ઘોડાની નાળ મળતી હોય તેમ તું સુખી છે."

આ સઘળી ચીજોમાં મી૰ પટેલને વહેમ જણાય છે, અને તેનો ઉપયોગ કરનારાઓ "ઘેલાં થયાં હશે," એમ તેઓ ધારે છે; જ્યારે ડૉ૰ જીવનજી જ. મોદી એથી ઉલટુંજ મત જાહેર કરે છે. તા૰ ૨૭ મી ઓગસ્ટ ૧૯૧૯ ને દીને મુંબઇની "એન્થ્રૉપૉલોજીકલ સોસાયટી"ની સભામાં "પારસી નિરંગો" વિષે આ વિદ્વાન ગ્રહસ્થે આપેલું ભાષણ તાવિજો માટેના મી૰ પટેલના વિચારોનો રદીઓ આપે છે.* ડૉ૰ મોદી જણાવે છે કે—

× જુઓ *The Book of Talismans* by William Thomas and Kate Pavitt.

* જુઓ ચેંરાગ, જાનેવારી ૧૯૨૨ પાનું ૨૬.

"આપણે તાવીજો પહેરતા નથી યા નથી કોઇને તેમ પહેરવાને સલાહ કરતા. પણ જેઓ કોઈ ઉંચા ધાર્મિક ખ્યાલથી પહેરતા હોય ... ... તેઓ તરફ દીલસોજીથી જોવાનું છે."

"ચીઠી"ઓ ઉપર આવતાં મંત્રો, આકૃતિઓ, આંકો (numbers) વગેરેનાં બાબમાં જામાસ્પીમાં લખાયલાં તાવીજો ઉપર મનન કરવાની અને આ વિષય ઉપર ઇંગ્રેજી ભાષામાં હસ્તી ધરાવતાં બહોળાં સાહિત્યનો અભ્યાસ કરવાની અમે મી૰ પટેલને સલાહ કરીશું. +

"ભારી" દીવસો.

વહેમોની ટીપમાં સાતમું નંબર મી૰ પટેલ જ્યોતિષ વિદ્યાનાં એક સિદ્ધાંતને આપે છે. તેઓ જણાવે છે કે:—

"અમાસ, પુનેમ વગેરે ભારી દીવસો ગણાય છે, જ્યારે કાંઇ મોટું કામ થાય નહી. બધા દિવસો ખોદાના બનાવેલા, છતાં કેવી વાહીયાત વાત."

અહીં કુદરતના એક કાયદાને એક "પાનાનો મહેલ" સમજી મી૰ પટેલ એક ટકોરે તોડવાની કોશેશ કરે છે! તેઓ જ્યોતિષ વિદ્યાના મૂળાક્ષરો જાણતા નથી, અને તે છતાં વિદ્યાને લગતાં એક સિદ્ધાંત ઉપર મત આપવાને પોતાને શક્તિવાન ગણે છે. અમે મી૰ પટેલને કવિ ડ્રાઇડન* જે પોતે એક વિદ્વાન જોશી હતો તેની નીચલી લીટીઓ અર્પણ કરીએ છીએ:—

"The lucky have whole days, which still they choose;
The unlucky have but hours, and those they lose."

Dryden.

"નસીબદાર માણસોને માટે આખા દિવસો હોય છે, જે હમેશ તેઓ પસંદ કરે છે; કમનસીબ માણસો માટે માત્ર કલાકો હોય છે, અને તેબી તેઓ ખોઈ દે છે."

+ જુઓ The Kabala of Numbers, vol i-ii.
The Little Book of Magic.
A Manual of Occultism.
History of Magic.
Isis Unveiled, vol i. p. 461 *et Seq.*

* કવિ ડ્રાઇડનની ખરી પડેલી આગાહીઓ માટે જુઓ વૈરાગ, જાનેવારી ૧૯૧૯, પાનું ૩૯, અને *The Cabinet of Curiosities.*

મી૦ પટેલ ખગોળ વિદ્યા (Astronomy) ની બાબતનું જ્ઞાનથી તો અજાણ્યાકે હોયજ નહીં. તેઓ ચંદ્રના જુદા જુદા તબક્કા (Phases) ની આ પૃથ્વી ઉપર થતી અસર તો જાણતા હોવાજ જોઇએ. વળી એક સંસારી માણસ તરીકે મી૦ પટેલ આટલું પણ સમજતા હોવા જોઇએ કે દીવાનાં માણસોની અને ખહી, હાંફણુ વગેરેથી રીબાતા દર્દીઓની સ્થિતિમાં ચંદ્રના જુદા જુદા તબક્કાઓથી ફેરફાર થાય છે. આ માણસોને મનથી અમાસ પુનમ વગેરે દિવસો "ભારી" ગણાય ખરા કે? જો આટલીજ ખરી, અનુભવસિધ્ધ હકીકત મી૦ પટેલ સ્વિકારે તો પછી તેઓની આ "ઠકોરે" તેઓ પોતે તુટે છે. જો ચંદ્ર ખહી હાંફણુ વગેરેથી પીડાતા દર્દીઓનાં શરીરપર અસર કરે, અને દીવાના માણસોનાં મગજ પર અસર કરે, તો પછી બીજા કોઇપણ માણસનાં શરીર કે મનને વળતાં કામકાજોપર કાં નહી અસર કરતો હોય?

આ બીના અનુભવથી સહેલથી શીખવા જેવી છે. અમે પેશતરથી આગળ જણાવી ગયા છીએ, અને એકવાર ફરી હમણાં જણાવીએ છીએ કે, ચંદ્ર અમુક દિવસે જે રાશીમાં હોય, તે રાશીનો માણસનાં શરીરના જે ભાગ સાથે સંબંધ હોય તે ભાગ ઉપર કોઇપણ જાતનાં હથીઆરથી ઇજા થતાં તે જખમ વહેલો રૂઝાતો નથી, પણ જહર પાક ઉપર ચઢે છે. આ કુદરતનો એક અચુક કાયદો છે, અને તે માટે અમે અનુભવથી કહેવાને શક્તિવાન છીએ.

આ "ભારી દિવસો" માટે મી૦ ટોમસ એસ. આયર નીચે મુજબ ટીકા કરે છે:—

"The present day generation may laugh, and even jeer, at the ancients and the philosophy of the "planets' days." yet they may find transmitted truths, which posterity may choose or refuse."

"હાલની ઓલાદ પુરાતન જમાનાના લોકો અને "ગ્રહોના દિવસો"ની ફીલસુફી વિષે ભલે હસે અને ટકોર કરે પણ એ સઘળી જમાનાઓથી ઉતરતી આવેલી સચાઈઓ છે, જે ભવિષ્યની ઓલાદ ગમે તો પસંદ કરે યા રદ કરે."

મી૦ પટેલને અમે આ બાબદમાં ઉપલા લખનારનું 'આપણા દિવસો અને કલાકો' (Our Days and Hours) નામનું પુસ્તક

વાંચવાની ભલામણ કરીશું, અને તેમાં આપેલા અસંખ્યાબંધ દાખલાઓથી તેઓ જોઇ શકશે કે માણસની જીંદગીમાં અગત્યના કાર્યોમાં દિવસોજ નહીં, પણ કલાકો વગેરે બહુ જાણવાજોગ અસર ધરાવે છે.

હાજરત.

મીo પટેલ તે પછી હાજરત બેસાડવામા વહેમ માટે વિવેચન કરે છે. આ વિષયના સંબંધમાં પશ્ચિમ તરફના દેશોમાં મધ્યં જમાના (Mediæval ages)નું ઘણું સાહિત્ય હસ્તી ધરાવે છે. મીo પટેલે આપેલા "વહેમો"ની ટીપમાં ભાગ્યે કોઇ એવો હોય કે જે દુન્યાની લગભગ તમામ પ્રજાઓમાંથી એક કે બીજા રૂપે હસ્તી ધરાવતો ન હોય. તેનો એક પુરાવો આ કહેવાતો "વહેમ" છે. મીo પટેલે જણાવેલા સઘળા વહેમોના સંબંધમાં તેમને અમે "એન્સાઇક્લોપીડીઆ ઑફ ઓકલ્ટીઝમ"* નામનું પુસ્તક વાંચવાની ભલામણ કરીશું. આ પુસ્તકનો લખનાર કોઈ થીઓસોફીસ્ટ "અખાડા માસ્ટર" નથી. તેણે ઘણીક બાબદો જાતી અનુભવથી લખી છે, અને "હાજરત બેસાડવા"ને મળતી યુરોપ અને અમેરિકામાં ચાલતી "ક્રીસ્ટલ ગેઝીંગ" (Crystal gazing) અને "હાઇડ્રોમેન્સી" (Hydromancy) નામની રીતો વિષે તેણે મનપસંદ ખોલાસો આપ્યો છે. આ પુસ્તકમાંના જરૂર જોગા ભાગનો ઉતારો અમે બીજા ભાગ ઉપર પરિશિષ્ટમાંજ આપ્યો છે. અરબી અને ઇજીપ્શીઅન સાહીત્યના ઉસ્તાદ મીo લેન (Lane) નું નામ કદાચ મીo પટેલને અજાણ્યું ન હોય. આ વિદ્વાને નજરે જોયલા બનાવનું વર્ણન "હાઇડ્રોમેન્સી" (Hydromancy)ના વિષયમાં મળશે.

આ ઉપરાંત "સેફારીયલ" (Sepharial)નું "સેકન્ડ સાઇટ" (Second Sight) નામનું પુસ્તક ખાસ આ વિષય ઉપર લખાયલું છે, અને તે વાંચવાથી મીo પટેલને ઘણી સંગીન દલીલો મળશે, જે ઉપરથી તેમની ખાત્રી થશે કે આપણી ટુંકી બુધ્ધિમાં નહીં ઉતરે એવી ઘણીક બાબદો "વહેમ" નથી, પણ તે બનવાજોગ છે.

ચોરીમાં પતો મેળવી આપવામાં જ્યોતિષ વિદ્યાનો "પ્રશ્ન"ને નામે ઓળખાતો ભાગ કરેલો અચુક રીતે ઉપયોગી થઇ પડે છે, તેના અનુભવ સિદ્ધ પુરાવાઓ અમારી પાસે મોજુદ છે,—પણ તે વિષય ઉપર મીo પટેલ

* *An Encyclopædia of Occultism* by Lewis Spence.

જુએ છે, એટલે "કુદરત બેસાડવા"—માટેના આટલા પુરાવા રજુ કરી અમે સંતોષ પકડીશું.

માનતા.

"વહેમો"ની ટીપમાં નવમું અને દશમું નંબર માનતાને આપવામાં આવ્યું છે. આ રીત બેશક સખત રીતે વખોડવા જેવી છે. પણ યશ્તોમાં માનતા અને ભોગની વાતો આવે છે; અને આપણા અવસ્તા અભ્યાસીઓ જ્યારે તે સઘળું તેના શબ્દાર્થમાંજ લેવાની હઠ કરે, તો અજ્ઞાન માણસો તેજ આધારે માનતા અને જાનવરોના ભોગ આપવામાં ખોટું નહીં સમજે તેમાં નવાઇ શી? અવસ્તાના આત્રા ઇશારાઓની થીઑસૉફીને આધારે અપાતી ઉચ્ચ પ્રકારની સમજણ જો સ્વિકારવામાં આવતી હોય, અને જરથોસ્તી મજહબ તમામ જગતને જાનદાર સમજી કોઇપણ જીવને ઇજા પહોંચાડવાની મનાઇ કરે છે, એટલુંજ જો કબુલ રાખવામાં આવે, તો આ પ્રકારના જંગલી ઇન્સાનોને છાજતા "વહેમો" વહેલા નાબુદ થાય. પણ જો જાનવરોનાં હાડકાં ચુસવામાં પાપ ન હોય, તો જાનવરોના ભોગ આપી ઉજાણી કરવામાં પાપ શાનું? મી૰ પટેલ ભૂલી જાય છે કે આવી રસમો પર અમલ કરનારાઓની પોતાની બુદ્ધિ પ્રમાણેની દલીલો હોય છે, અને તેઓ તેને હઠથી (dogmatically) વળગી રહે છે. જ્યાં સુધી ઉંચ પ્રકારનાં જ્ઞાનનો ફેલાવો નહીં થાય ત્યાં સુધી આવી રસમો નાબુદ થવાની આશા રાખવી ફોકટ છે.

"નજર લાગવા"નો વહેમ.

જેમ બીજી બાબદોમાં તેમજ આ "વહેમ"ના સબંધમાં પણ પારસીઓ ઠગાઇના ભોગ થઇ પડે તેથી અસલ સચાઇ નાબુદ થતી નથી. એક સ્વાર્થી, કીનાખોર કે કપટી માણસ, પોતની ખાહેશથી એક ચીજ કે માણસ તરફ એકાગ્ર ચીત્તે જોઇ પોતાના વિચારનાં બળ અને આંખોમાંથી નીકળતા મેગ્નેટીક પ્રવાહની મદદથી સામાં માણસને ઇજા પુગાડી શકે તેમાં સાદી સમજથી, સાયન્સની હકીકતથી ઉલટું કાંઇ નથી. જો વિચારનું બળ કબુલ રાખીએ તો આ સચાઇ અરધી સાબેત થઇ જાય છે. અને પછી નજરનું બળ સાબેત કરવાને અવલોકનનીજ જરૂર રહે છે. વિકાળ જાનવરોને માણસો કઇ શકિતથી વશ કરે છે? સાપો પોતાના શીકારને નજરથી સ્તબ્ધ (fascinate) કરી નાખતા નથી?

ડૉ॰ ડ'આલ્જર (Dr. d' Alger) ઝાક પેલીસીઅર (Jacques Pelissier) નામના એક ખેડુત માટે જણાવે છે કે તે પોતાની નજર અને ઇચ્છા શક્તિથી સંખ્યાબધ પક્ષિઓને એકી વેળાએ અશક્ત બનાવી દેતો યા મારી નાખી શકતો હતો, અને આ કામ તે પક્ષિઓથી પંદર વીશ કદમ દુર રહીને તેમને સહેજ પણ હાથ લગાડ્યા વગર કરતો હતો! *

પણ એ "નજર લાગવાનો વહેમ" અવસ્તા લખનારનાં મગજમાં પણ હતો, એમ મી॰ પટેલ જાણતા ન હોય. યજશ્નેના હમા હાના ૨૮મા ફકરામાં હોમને અરજ કરવામાં આવે છે કે:

યી-તો ત્અએષવતાંમ્ ત્અએષેપીશ વી અનો ખર અરમનતાંમ.

"દુષ્ટ (માણસો)ની ખરાબીઓથી હમુને તું દુર લઈ જા. ઝેરી (માણસો)ની (ખરાબીઓથી) (મારા) વિચારને તું દુર લઈ જા."

વળી એજ હાના ૨૯માં ફકરામાં બુરાઓની આંખની શક્તિ નાબુદ થવા માટે અરજ ગુજારવામાં આવે છે:—

મા જધ્રેથ્રએઇબ્ય ફ્રગુયાઓ, મા ગવએઇબ્ય અઇવિગુ-ગુયાઓ મા જાંમ્ વએનોઇત અષિબ્ય, મા ગામ વએનોઇત અષિબ્ય, યો અએનંઘહુપતિ નો મનો, યો અએનંઘહુપતિ નો કેહ્રપેમ.

"જે (શખ્સ) હમારાં મનને નુકસાન કરે છે, જે (શખ્સ) હમારાં શરીરને નુકસાન કરે છે, (તેના) બે પગને (અએ હોમ!) તું શક્તિ આપતો ના, (તેના) બે હાથને કૌવત બખશતો ના, (તે માણસ) (પોતાની) બે આંખથી જમીનને નહી જોઇ શકે; (તે માણસ) (પોતાની) બે આંખથી સૃષ્ટિ (ગોસ્પંદો)ને નહી જોઇ શકે."

અહીં બેહેરત યશ્તમાં "ખરાબ નજરવાળા" (દુજદોઇથ) ઓને જેર કરવાની બીના આવે છે.

આ સઘળાં પરથી કીનાખોર કે સ્વાર્થી નજર કેટલી બળવાન અસર ધરાવે છે, તે સમજી શકાશે.

---

*Villecroze: "Le Docteur H. D' Alger" Pierrat; vol. iv pp. 254–257.

આવી પાએવાની હકીકતો સમજાવી તેના અટકાવ કે અભાવ માટે બીનમાહીતગાર માણસોની ફગાઈના ભોગ થવાને બદલે પારસી કોમને પવિત્ર જીંદગીનો રસ્તો દેખાડવામાં આવે, તો "વહેમો" પોતાની મેળે નાબુદ થાય.

કાળી ચૌદશનો વહેમ.

જંતુ વિદ્યા (Bacteriology)ના પુંજારીઓનાં મત પ્રમાણે જો ચોકસ વખતે મરકી, કોલેરા, ઈન્ફલુએન્ઝા વગેરે જંતુઓનું જોર વધી જતું હોય, તો ચોકસ વખતે હવામાંની દરૂજી શક્તિઓ (Elementals)નું જોર વધતું હોય તેમાં નવાઈ શી? × આ હકીકતનો સ્વિકાર કરી તેને તોડવા માટે પાકીઝગીના સબકો શીખવો, અને "વહેમો" સહેલથી નાબુદ થશે.

અહીં મી૦ પટેલના "વહેમો"ની ટીપ પુરી થાય છે. અને પછી એ વહેમોનાં કારણો વિષે તેઓ વિવેચન કરે છે, જે "આપ ખાય ને પડોશી દંડાય" એ કહેવતનાં ધોરણ ઉપર થયલું છે.

વહેમનાં કારણો.

પારસીઓમાં ચાલતા વહેમો જે મી૦ પટેલનાં ભાષાણનો વિષય હતો, તે ઉપર કશું અજવાળું પાડવાને બદલે, તે વહેમોના ગેરફાયદા સંગીન દલીલોથી સમજાવી સાંભળનારાંઓને તે બાબે જ્ઞાન આપવાને બદલે, માત્ર તે વહેમોની ઠેકડી કરી મી૦ પટેલ ભળતી બાબદો ઉપર ઉતરી પડયા છે. કશી જાતનાં જ્ઞાન વગર આવા વહેમોની ઠેકડી પારસી સુધારકો આરથી ઘડી કરતાં વધુ વખત થયો કરતા આવ્યા છે, છતાં આ વહેમો સદંતર નાબુદ થયા નથી, અને અમે માનીએ છીએ કે મી૦ પટેલ અને તેમના હમશરીકો કદી જીંદગીભર આજ ધોરણે કામ લેશે તોપણ તેઓ કશું કરી શકશે નહીં.

મી૦ પટેલે આપેલી વહેમોની ટીપનાં કારણો હવે આપણું ધ્યાન ખેંચે છે. તેઓ જણાવે છે કે—

"હવે આપણે ઉપર જણાવેલા સઘળા હાનીકારક તેમજ બીનહાનીકારક વહેમોનું કારણ શું છે તે સહેજ તપાસીએ. જે સ્ત્રી પુરૂષો ઘણાજ વહેમી હોય છે તેઓ સાધારણ રીતે હદથી જયાદા ધારમીક આસ્થાવાળા હોય છે, પણ તે

× આ બાબે જુઓ ચેરાગ, ડીસેમ્બર ૧૯૧૮, પાનાં ૬૪૮થી ૬૫૯.

સાથે ઘણા અજાણ હોય છે. ધરમ ઉપર યકીન અને આસ્થા ધરાવવી એ સારી ચીજ છે, પણ જ્યારે તેને હદથી જયાદા આગળ લઇ જવામાં આવે છે અને તેની સાથે અજ્ઞાનતા જોડાયલી હોય છે, તયારે કોઈક વેળા માણસો ધરમ ઘેલા થાય છે. અને અનેક પ્રકારની હાનીકારક માનયતાઓ અને વહેમોને વશ થાય છે. તેઓનો સદગુણ દુરગુણમાં ફેરવાઈ જાય છે, અને ચુશ્ત જરથોશ્તી હોવા છતાં તેઓ બુતપરશ્તી તરફ ઢળી જાય છે. આફત વેળા મુશકેલીમાંથી બચવા અથવા ધારેલી મુરાદો પાર પાડવા તેઓ એકાદ જોશી કે સાધુ સનયાસી શોધી કાઢીને અને તેને પોતાનો ગુરૂ બનાવી તેની સેવા કરે છે."

૩૩ જે ધર્મના સ્થાપકે પોતાની દીન તરફ જાનફેશાની અને જાતી ભોગ આપવા જેવું મકકમપણું દેખાડેલું, તે ધર્મ તરફ "હદથી જયાદા ધાર્મિક આસ્થા" હોઈ શકેજ નહી. ધર્મ તરફની આસ્થાની હદ ક્યાં હોઇ શકે? પણ મૂળ સબબ માત્ર અજ્ઞાનપણાનો છે. આ અજ્ઞાનપણું તે "કેળવણી"ની ગેરહાજરી સમજવી નહી; કારણ એવાં સખ્યાબંધ પુરૂશો અને સ્ત્રીઓ છે કે જેઓ સ્કૂલ અને કોલેજની "કેળવણી" મેળવવા છતાં આવા વહેમોને વશ હોય છે. જ્ઞાનની ગેરહાજરીમાં સુધારક પક્ષે ધર્મ તરફની આસ્થાને સદંતર લુપ્ત કરી નાંખી; અથોરનાન વર્ગ ધર્મને લગતી ઉંચી અને ફાયદેમંદ તરિકતોની ચાવી ખોઇ બેઠો; જીંદગીની પવિત્રાઇ જતી રહી; અને પારસીઓમાં "ધર્મ" માત્ર મોંઢાપરજ રહ્યો. આસ્થા લુપ્ત થવા સાથે અંતઃકરણનો ભક્તિભાવ, ધર્મ તરફની જાનફેશાનીનો ખ્યાલ નાબુદ થયાં; અને દુઃખની વખતે ધર્મ કે તેને લગતી તરિકતો કશો દિલાસો આપી નહીં શકવાથી નવા માર્ગો શોધવા પડયા. માંથ્રવાણીની એજમતી અસર ઉપરની આસ્થા કાયમ રહી હતે, મોબેદો પવિત્ર જીંદગીથી બેહદીનોનાં દુઃખોનો ઇલાજ કરી શકતા હતે, તો પારસીઓને સાધુ ફકીરો અને પીર સૈયદોનો આશરો શોધવા જવું પડતે નહીં. કોમને જે "કેળવણી" મળી તે ધર્મ તરફની આસ્થાને તોડનારી મળી; આજે ધર્મ સંબંધી જે કેળવણી મળે છે, તે માત્ર મનશક્તિને ઉશ્કેરનારી (Appealing the intellect) છે. અંતઃકરણને ખીલવનારી કે ભક્તિભાવ પેદા કરનારી નથી. પારસી ઉપદેશકોનો મોટો ભાગ જે બોધ આપે છે; તે પણ એજ પ્રકારનો છે. તે માત્ર લાગણી ઉશ્કેરનારો (sentimental) હોય છે; અને તેથી તેની અસર લાંબો વખત નીભતી નથી. પારસીઓને "સગવડ ધર્મ" જોઇએ છે,—મુશકેલીઓ

વેઠીને જીંદગીમાં અમલમાં મુકવા માટેનો ધર્મ જોઇતો નથી, અને મી૦ પટેલનું ભાષણ આજ પ્રકારના "સગવડ ધર્મ"નો બોધ આપે છે.

દુન્યાના સઘળા ધર્મોમાં જરથોસ્તી ધર્મ સૌથી બુલંદ છે, એવી બાંગો મારવાથી તે ધર્મની બુલંદીને જેમ મળતી નથી. તે ધર્મની તરિકતો ગમે તે ભોગે પાળી તેની બુલંદી વહેવારૂ રીતે સાબેત કરવાથી તે માનને લાયક ગણાય છે. જો સંપુર્ણ આસ્થા—અંતઃકરણનો ભકિત ભાવ-હોય તોજ વહેવારૂ, પવિત્ર, ધર્મી જીંદગી ગુજારી શકાય; અને જે "સપુર્ણ" હોય તેની હદ કયાં હોય?

પણ અહીં આપણે સવાલ પુછીશું કે મી૦ પટેલે જણાવેલા "હાનીકારક" વહેમો વિષેનું અજ્ઞાનપણું તોડવા માટે તેવણે પોતાનાં ભાષાણમાં કેટલું જ્ઞાન આપ્યું? એક પણ "વહેમ"ના સંબંધમાં તેઓ પોતે ઊંડું જ્ઞાન ધરાવતા જણાતા નથી, અને તેથી માત્ર ટકોર કરવા સિવાય વધુ તેમણે કશું કર્યું નથી. અમે તેમને પ્રોફેસર હક્ષલીનો નીચલો એક વાકય અર્પણ કરીએ છીએ:—

"it is essential......that the critic should know what he is talking about."

"એક ટીકાકાર પોતે જે બાબદ વીષે ટીકા કરતો હોય, તે તેણે બરોબર જાણવી જોઈએ એ જરૂરનું છે."

દુઃખ અને આફત એ આપણાં પોતાનાં કર્મનું ફળ છે, એવો જરથોસ્તી "કરણીનો કાયદો" જો પારસી કોમ બરોબર સમજતી થાય, અને આ દુન્યવિ જીંદગીનો સઉથી મોટો વારસો દુઃખ છે, અને તે શાંતિથી સહન કરવુંજ જોઇએ; તેને નરમ કરવા માટે માત્ર ધર્મ અને ખોદા તરફની સંપુર્ણ આસ્થા અને પવિત્ર જીંદગી સિવાય બીજાં કશાં સાધનો નથી, એટલું જ્ઞાન જો કોમને મળે, તો કોમમાંથી "વહેમો" નાબુદ થવાને વાર લાગે નહીં. પણ જે કોમના ઉપદેશકો મોજશોખ વગેરની જીંદગીને "અજરથોસ્તી" ધારે, તે કોમ દુઃખની વખતે વહેમોના વમળમાં ગરક જવા વગર રહી શકેજ નહીં.

પણ આ ખરી હકીકત સમજવાની કોતાહીને લીધે મી૦ પટેલ "પારસી ઓઑસૉરીરો" અને "સાહેબદીલાન ટોળાવાળાઓ"ના બાહુથી ભડકી ઉઠયા છે, અને પારસી કોમમાં ફેલાયલા વહેમોનો દોષ આ બે મંડળોને માથે મુકે છે. તેઓ જણાવે છે કે—

"હાલમાં પારસી કોમમાં વેહેમનો વધારો હદ બહાર જોવામાં આવે છે; તેનું મુખ્ય કારણ એ છે કે જરથોસ્તી ધરમની ફીલસુફી સમજાવતાં પારસી થીઑસૉફીસ્ટો અને સાહેબ દિલાન ટોળાવાળાઓ અનેક પ્રકારનાં અજરથોસ્તી કૃતવાઓ આજ વરસો થયાં બહાર પાડતા રહ્યા છે. જેથી કેટલાંક જરથોસ્તી બાનુઓ અને ગ્રહસ્થો ગુમરાહ બની ધીક્કારવા જોગ વેહેમો અને વાહીયાત ધખારાઓ તરફ ઢળી ગયા છે. એ બે પંથવાળાઓએ જરથોસ્તી ધરમ અને કોમને પારસી સુધારાવાળાઓ કરતાં પણ વધારે નુકશાન કીધું છે. જેની એક ટુંક તપાસ અપક્ષપાતપણે અને બીનતાસુબીથી હું લઈશ."

ઉપલા શબ્દો ઉચ્ચારતાં મી૦ પટેલ સચ્ચાઇથી તદ્દન વેગળી હકીકત જાહેર કરવાની જવાબદારી પોતાને માથે ખેંચી લે છે. પોતે જાહેર કીધેલાં વહેમોની ટીપમાંના એક પણ વહેમ માટે તેઓએ પોતાને કશું જ્ઞાન હોવાનું સાબેત કીધું નથી. માત્ર ઉપર ટપકેની હકીકતને આધારે વહેમોના બાગમાં ટકોર કરવા સિવાય તેઓએ જાહેર આમને કશું જ્ઞાન આપ્યું નથી. આ વહેમોમાંના કયા વહેમ માટે પારસી થીઑસૉ-ફીસ્ટો યા સાહેબદીલાન ટોળાવાળાઓ જવાબદાર છે; તે વહેમોનો કઇ વખતે, કયા લખાણમાં કે કયા ભાષાણમાં ફેલાવો થવા પામ્યો છે, તેનો એક પણ દાખલો તેઓએ આપ્યો નથી. તેથી ઉલટું આ બંને મંડળોનાં લખાણો જો બીનતાસુબીએ તેઓ વાંચવાની તસ્દી લેતે તો તેમાં ઉંચા પ્રકારનાં જ્ઞાન સિવાય તેમને બીજું કશું મળતે નહીં. ઇન્સાફને ખાતર અમારે કહેવું જોઇએ કે "ઈલ્મે ક્ષ્નુમ" મંડળે જરથોસ્તી ધર્મ ક્રિયાઓ અને તરિકતોની ફીલસુફી સમજાવી તેમને સજીવન કરવામાં પોતાથી બનતો હિસ્સો આપ્યો છે. થીઑસૉફીસ્ટોએ પારસી સુધારકો મારફતે પેદા થયલા જડવાદને તોડવાને જેટલું કીધું છે, અને જરથોસ્તી-ઓમાં આજે સજીવન થયલા જુસ્સાને પહેલવહેલો જાગ્રત કરવાને જે ભાગ ભજવ્યો છે; તે ના પાડી શકાય તેમ નથી.

વાહીયાત ધખારાઓ.

પણ આ બે મંડળો ઉપર હુમલો કરવા માટે "પારસી કોમમાં પેદા થયલા વહેમો"ના મથાળાં હેઠળ નહીં લાગુ પડતી બાબદો પોતાના ભાષાણમાં તાણી તોડીને ઘુસાડી દઈ પોતાનાં અજ્ઞાનપણાં અને બીન વાકેફીના અચુક પુરાવાઓ તેવણે આપણને પુરા પાડ્યા છે. કોઇ પણ જાતના વહેમ માટે તેઓ ઉપલા બંને મંડળો સામે એક પણ પુરાવો

રજુ કરી શક્યા નથી, ત્યારે "વાહીયાત ધખારાઓ" ને નામે તેઓ નીચલી બાબદ રજુ કરી પોતાનાં ધર્મ સંબંધી અજ્ઞાનપણાંનો વધુ પુરાવો આપે છેઃ—

"પારસી થીઓસોફીસ્ટો આજ વરસો થયાં ઘણીએક વાહીઆત વાતો કોમના જુવાન નરનારીઓને શીખાડે છે. હું કબુલ કરૂં છું કે એ પંથવાળાઓનાં શીક્ષણમાં ઘણુંએક જાણવાજોગ અને ફાયદાકારક છે, પણ તેમ બીજા હાથ ઉપર તેઓના ઘણાએક ફતવા વહેમી, અજરથોસ્તી અને નુકસાનકારક છે. મીસીસ એની બીસંટ અને મી૦ લીડબેટર જેવા થીઓસોફીકલ પંથના આગેવાનો એક મદ્રાસી પોરીઆને માટે કહે કે તે આગલા ભવમાં જરથોસ્ત પેગમ્બર હતો અથવા જરથોસ્ત પેગમ્બરનો રૂહ તેનામાં હતો ત્યારે સાધારણ પારસી જરથોસ્તી નરનારીઓ તરેહવાર વાહીયાત વીચારો બહાર પાડે તેમાં નવાઇ શી? તેમાં વાંક કોનો?"

મી૦ પટેલે પોતાનાં ભાષાણમાં આગળ ચાલતાં બે ત્રણ વિદ્વાનોનાં મનો બીજી બાબદો ઉપર ટાંકયા છે. ઉપલુ આળ એક અગત્યનો મુદ્દો છે, કે જેના સંબધમાં તેઓ વધારે છુટથી થીઑસૉફીસ્ટો ઉપર હુમલો કરી શકતે. ઉપલી હકીકતના સંબંધમાં થીઑસૉફીકલ આગેવાનોના શબ્દો ટાંકી એ મંડળની સામે સખ્ત શબ્દોમાં ટીકા કરવાની આ સુંદર તક મી૦ પટેલે શા માટે જવા દીધી હશે? કારણ મુળ બાબદ વિશે તેઓ કશું જાણુતા નથી, અને પોતાનું અજ્ઞાનપણું છુપાવવા માટે, ખરી હકીકતનો પુરાવો રજુ કરવાને બદલે, સચાઇથી તદન વેગળી હકીકત જણાવવાને તેઓએ આંચકો ખાધી નથી; એક જાહેર ભાપાણુમાં ખરી હકીકત જાણુનાર કોઇ ન હોય, અને હોય તો ત્યાંજ તુરત તેમને સવાલ કરનાર કોઇ ન હતું, એટલે તુરત વેળા આવી હકીકતો "ગબડાવી જવા"માં અડચણ ન હતી.

જગદ્‌ગુરૂ.

પાછળથી તા૦ ૧૮ મી ફેબ્રુઆરીને દીને પારસીઓમાં ચાલતી વહેમી માન્યતાઓના અટકાવ માટે ઘટતાં પગલાં લેવાને એક સભા મુંબઇનાં અંજુમનનાં આતશબેહરામના હૉલમાં બોલાવવામાં આવી હતી, અને તેના પ્રમુખ તરીકે મી૦ પટેલે આ બાબદ વિષે જાનેવારી (૧૯૨૩) નાં "ધી થીઑસૉફીસ્ટ" ચોપાન્યાંના અંકમાં આવેલી આજ બાબદ વિષે

વિવેચન કીધું હતું. આ વિવેચન "મીસીસ એની બેસંટનો નવો બોરંગો" એ મથાળાં હેઠળ તા૦ ૧૮ મી ફેબ્રુઆરીનાં જામે જમશેદમાં પ્રગટ કરવામાં આવ્યું છે. તેમાંનો અગત્યનો ભાગ અમે નીચે ઉતારી લઇએ છીએ:—

"મદ્રાસમાં અડયાર ખાતે પ્રગટ થતાં "ધી થીઓસોફીસ્ટ" નામનાં એક માસીક ચોપાનીયાના ગયા જાનેવારી મહીનાનાં અંકમાં એ બાઈએ મી૦ ક્રીશ્ના મુરતી નામના પેલા જંગ બત્રીસીએ ચઢેલા છોકરા વીષે એક લેખ લખ્યો છે જે એટલો વાહીયાત છે કે વાંચનારના મનમાં સવાલ ઉભો થાય છે કે આ બાઇ હીંદના વતનીઓને શું છેકજ એટલા બધા અનાડી સમજે છે કે એક સાધારણ મદ-રાસી છોકરા વીષે તેણી લખે છે કે તે નવા જમાનાનો નવો પેગમ્બર પુરવાર થશે અને હીંદ બલકે આખી દુનીયાનું તારણ કરશે. મીસીસ એની બીસંટના પોતાના શબ્દો આ પ્રમાણે છે: "ક્રીષ્ણાજી એક મહાન મીનોઈ માર્ગ દેખાડનારા ગુરૂ થશે એવું નીર્માણ છે. એવણ હાલ પરદેશમાં વાનપ્રસ્થ થયા છે ત્યાંથી થોડા વખતમાં આ દેશની અને આખી મનુષ્ય જાતની સેવા કરવાને દુનીઆમાં પાછા આવશે, કારણ કે એમના હાથેજ હીંદને તેના આત્માની ઉનંતીનો આગલો ઉંચો વારસો પાછો મેળવી આપશે. અને પૃથ્વી ઉપરના તેનાં ઉંચા 'મીશન'ની સમેજ આપવા તેને જાગ્રત કરશે." હવે આ નવા જમાનાનો નવો પેગમ્બર કોણ છે? તે માણસ એક મદરાસી છોકરો છે જે સાધારણ મદરાસી છોકરાઓ કરતાં સહેજ વધારે ચંચળ અને વધારે દેખાવડો છે અને મીસીસ એનીબેસંટ અને મી૦ લીડબેટર જેવા વીદવાનોની દેખરેખ હેઠળ ઉછરેલો હોવાથી સાધારણ હીંદીઓ કરતાં સહેજ વધારે સારી રીતે ઇંગ્રેજી બોલી લખી જાણે છે. આટલા એના ગુણો ઉપરથી મીસીસ બેસંટ દુનીયાને સમજાવવા માંગે છે કે આ છોકરો ભવીષ્યનો મહાન પેગમ્બર છે અથવા પારસી થીઓસોફીસ્ટોની માનીતી ભાષામાં બોલું તો એ છોકરો "ધી કમીંગ મારતર" છે. ભોળા અને ભલા પારસી થીઓસોફીસ્ટોએ એ ઝટ લઇને માની લીધી છે, એ સાહેબો સ્વતંત્રપણે વીચાર કરવાની જરાએ કોશેશ કરતા નથી. એનીબેસંટ અને લીડબેટર જેવા વીદવા-નોએ કહ્યું એટલે તે ખરૂંજ હોવું જોઇએ. વીદવાન મહાપુરૂષોબી ઘણીએક વખતે ધખારા મારતરો હોય છે તેની એઓને કાંઇપણ ખબર નથી. સર વોલ્ટર સ્કોટ એક મહાન ઇંગ્રેજ નોવેલીસ્ટ હતા છતાં એક ધખારા મારતર હતા. વાસ્તે હું મારા થીઓસોફીસ્ટ મીત્રોને માનપૂર્વક અરજ ગુજારૂં છું કે આ મી૦ ક્રીષ્ણામુરતી નામનો મદરાસી છોકરો દુનીયાનું તારણ કરનારો "ધી કમીંગ મારતર" છે એવી વાહીયાત વાત માનવા અગાઉ એ બાબદ ઉપર સ્વતંત્રપણે વીચાર કરવો."

ઉપર ટાંકેલા બે પેરેગ્રાફમાં મી૦ પટેલે એક અતી અગત્યની ભુલ કબુલ કર્યો છે, અને જો તેઓ એક ખેરેખરા વિચારવંત અભ્યાસી હતે, તો આ બાબતના સંબંધમાં થીઑસૉફીકલ સોસાયટી તરફથી બહાર પડેલાં સાહિત્યનો ધીરજથી અભ્યાસ કરી, * બીજા સંજોગોનો ખ્યાલ કરી, જરથોસ્તી ધર્મ પુસ્તકોમાં જરા ડોકયું કરીને પછીજ આ સવાલ ઉપર મત આપવા બહાર પડતે. આ બાબતનો અમારે લગાર લંબાણથી ખોલાસો કરવાની જરૂર છે કે જેથી મી૦ પટેલનાં અજ્ઞાનપણાંનો, તાસુબીનો, બેઈન્સાફી વળાણનો અને "બખારા"નો ખ્યાલ વાંચનારાંઓને આવી શકે.

અમારો પહેલો સવાલ આ છે કે મી૦ પટેલ આટલું જાણે છે કે થીઑસૉફીકલ સોસાયટીના કોઇ પણ આગેવાનના કોઇપણ વિચારો, મતો કે શિક્ષણને ખરાં તરીકે માની લેવાને કોઇપણ સભાસદ બંધાયલો નથી? અને તેટલા માટે એ મંડળમાં જુદી જુદી કોમના સભાસદોમાંજ નહીં, પણ એકજ કોમના સભાસદોમાં વટીક વિચારોની મતફેરી હંમેશ રહે છે, અને તે છતાં સોસાયટીના નિયમ મુજબ સઘળાંના વિચારો તરફ માન ધરાવી સભાસદો એકદીલીથી કામ કરે છે.

આટલું છતાં ઘડીભર તકરારને ખાતર કબુલ કરીએ કે પારસી થીઑસૉફીસ્ટોએ મીસીસ બેઝંટનો આ "મદરાસી પોરયા" માટેનો "ઓરંગો" ખરા તરીકે સ્વિકાર્યો, તો તેથી તેમને શારિરીક, માનસીક, નૈતિક કે ધાર્મિક બાબતમાં નુકસાન શું થયું? તેમના તેવા સ્વિકારથી કોમને શી ખેજાલત લાગી?

મી૦ પટેલના "ઓરંગો."

આ "મદરાસી પોરયે." "આગલા ભવમાં જરથોસ્ત પેગંબર હતો અથવા જરથોસ્ત પેગંબરનો રૂહ તેનામાં હતો" એવો "ઓરંગો" મારવા અગાઉ ખરી હકીકત શી છે, તે જાણવાની, અસલ લખાણ વાંચવાની મી૦ પટેલે તરદી લીધી હતી? મીસીસ બેઝંટનાં ભાષણો જ્યારે મુસ્તકીમ દલીલો સાથનાં, ઉંડો ભક્તિભાવ ભરકેરનારાં, વિદ્વતાભર્યાં હોય છે, એ જગ જાણીતી હકીકત છે; ત્યારે મી૦ પટેલ જેની લંબાણોની

---

* જુઓ *The Coming World Teacher*, By Prof. P. Pavri, B. SC., L. C. E.

તપાસ લેવાની અને તે ઉપર ટીકા કરવાની લાયકાત દેખાડવા ચાહે છે, તેઓ ખરી હકીકતની તેહકીક કીધા વગરજ ખોટા "ઓરંગા"ઓ મારી જાહેર આલમને ભુલાવામાં નાખવાની અફસોસકારક વળણ અખ્ત્યાર કરે છે, જે એક જાહેર વકતાને છાજતી બેશક નહીં ગણાય.

મી૦ પટેલ પોતાનાં ભાષણની શરૂઆતમાં "ઉંઘમાં કામ કરવાની શકિત" (Somnambulism)ને ખરી તરીકે સ્વિકારી ચુકયા છે, અને તે હકીકત માટે કોઇ પણ કેળવણી પામેલો માણસ સવાલ ઉઠાવી શકે તેમ નથી. આ શકિત એક રોગ ગણાય છે. એનેજ મળતી શકિત એક માણુસ પોતાની જાગૃત હાલતમાં પુર ભાન (Consciousness) સાથે મેળવી શકે છે, અને તેથી તે ગમે તેવી દુરની ચીજો કે બનાવો, ભૂત, વર્તમાન અને ભવિષ્ય જાણી શકે છે. આ શકિત "કલેરવોયન્સ" (Clairvoyance)ને નામે ઓળખાય છે. મી૦ લીડબેટર એક "કલેરવોયન્ટ" છે, અને તેવણે મજકુર "મદ્રાસી પોરયા"ની આગલી જીંદગીઓનો હેવાલ "ધી થીઑસોફીસ્ટ"ના આગલા અંકોમાં રજુ કીધો છે, જેમાં એક જીંદગીમાં મજકુર "પોરયા"ને અશો જરથોસ્ત સાહેબના ચેલા તરીકે ઓળખાવ્યો છે. આ મી૦ લીડબેટરનો અનુભવ છે, તેનો સ્વિકાર કરવાની કોઇને માથે કશી ફરજ નથી.

ધખારો કે સત?

મીસીસ બેઝંટ હિંદની તમામ પ્રજાઓ સાથે, ખાસ કરી હરેક પ્રજાના વિદ્વાન વર્ગ સાથે ઘણા ઘાડા સંબંધમાં આવ્યાં છે, એ બીના ના પાડી શકાય તેમ નથી. છતાં આખા હિંદમાંથી આ "સાધારણ મદરાસી છોકરાઓ કરતાં સહેજ વધારે ચંચળ અને વધારે દેખાવડા" અને "સહેજ વધારે સારી રીતે ઇંગ્રેજી બોલી લખી જાણે" તેવા એક પોરયા પર તેમની પસંદગી કાંય ઉતરી હશે? આ બાઇ અને મી૦ લીડબેટર મી૦ પટેલ કરતાં મગજ શકિતમાં હજારો દરજ્જે ચઢયાતાં છે, અને તેથી જે સચાઇ તેમની નજરે જણાઇ હોય, તે મી૦ પટેલની ટુંકી નજરમાં નહીંજ જણાય એ સ્વભાવિક છે. આ પસંદગીમાં આ બંને મહાન આગેવાનોનો કાંઇ સ્વાર્થ હતો? આ છોકરાનો કબજો મીસીસ બેઝંટે કેવી રીતે જાળવી રાખ્યો છે, તે જાણીતી બીના છે. તેટલી બધી તકલીફ નાહક ઉઠાવવા જેવાં શું આ બાનુ મૂર્ખ હતાં?

આ છોકરા વિષે કશું મત આપવા અગાઉ મી૦ પટેલે તેને નજરે જોયો છે ? તેની સાથે કશા સમાગમમાં આવ્યા છે ? તેનાં ભાષાણો કે લખાણો વાંચ્યાં છે ? તેની લાયકાતની પરીક્ષા કીધી છે ? હિંદના લોકોને ભોળાં અને મીસીસ બેઝંટના હાથ ઉપર સહેલથી ઠગાઈ જાય એવાં માનીએ તો યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલીઆ જેવા ખંડોમાં આ છોકરા તરફ જે માન ધરાવવામાં આવે છે, તે શું કાંઇ "વશીકરણ"નું પરિણામ છે ? મીસીસ બેઝંટ અને મી૦ લીડબેટર દુન્યામાં આ પ્રકારની એક મોટી ઠગાઇ ચલાવી શકે તે પ્રકારનાં માણસો છે ? આ સઘળાંને મી૦ પટેલ એક "ધખારો" ગણાવવા માંગે છે. પણ જે બીના સાધારણ માણસોની નજરે "ધખારા" જેવી લાગે છે, તે વિદ્વાનોની નજરે એક સત (Truth) ગણાય છે. તેમની નજર અને બુધ્ધિમાં જે સચ્ચાઇ સમાઇ જાય છે, તે સાધારણ માણસોની ટુંકી નજર અને સાંકડી બુદ્ધિમાં સમાઈ શકતી નથી. અને તેથી સઘળાજ વિદ્વાનો એક યા બીજો "ધખારો" ધરાવતા જણાયલા હોય છે.

આ આમદ સંપુર્ણ રીતે સમજવા માટે એક પેગંબરના જન્મને લમતી વિગત બરોબર જાણવાની જરૂર છે, અને તે માટે અમે મી૦ પટેલને મીસીસ બેઝંટની "તવારીખ અને ધર્મમાં પેગંબરી દરજ્જાના માણસો" (Superhuman Men in History and Religion) નામની ચોપડી વાંચવાની ભલામણ કરીએ છીએ.

નવા પેગાંબરની આમદ.

હાલ દુન્યામાં ચાલી રહેલી ભારે ઉથલપાથલો નવા પેગાંબરની એક આમદની નિશાની છે, એમ સામાન્ય રીતે મનાય છે. સાયન્ટીસ્ટો તર્ક કરે છે કે નજદીકનાં ભવિષ્યમાં યુરોપના દક્ષિણ તરફના મુલકો જ્વાળામૂખી પર્વતોથી યા ધરતીકંપથી તારાજ થશે. પેસીફીક મહાસાગરમાં નવા મુલકો દેખાવ દેવા લાગ્યા છે. × દુન્યાની ઘણી પ્રજાઓ એક નવા પેગંબરની આમદની વકી રાખે છે. હિંદુ અને ઈસ્લામીઓમાં એ માન્યતા સામાન્ય છે, ઇંગ્રેજ પ્રજા કાઇસ્ટના દેખાવ દેવાની ખાત્રી રાખે છે. થીઑસૉફીકલ સોસાયટીની બહાર નામીચા વિદ્વાનો હીંમતથી આ મત જાહેર કરે છે.

× જુઓ શાય, ફેબ્રુઆરી અને એપ્રીલ, ૧૯૧૩

ઓલીવર વેન્ડલ હોમ્સ, પી. બી. શેલી, રાલ્ફ વાલ્ડો ઇમરસન, એફ. ડબલ્યુ. એચ. માયર્સ, ડૉ० રવીન્દ્રનાથ ટાગોર, રેવરંડ હીબર ન્યુટન, કાઉન્ટ લીઓ ટોલસ્ટોઇ, સર ઓલીવર લૉજ, ડરહામના બીશપ, વગેરે સંખ્યાબંધ વિદ્વાનો જેમને થીઑસૉફીકલ સોસાયટી સાથે કશું લાગતું વળગતું નથી, તેઓ સઘળાં એક નવા પેગાંબરની આમદની તૈયારી જાહેર કરી ચુક્યાં છે. * આ સઘળા શું "ધખારા માસ્ટરો" હશે ?

સર ઓલીવર લૉજનું નીચલું મત ખાસ ધ્યાન પુગાડવા જોગ છે.

"The second Incarnation will be in the hearts of all men—a reign of brotherhood and love for which the heralds are already attuning their songs. Already there are "signs of His coming and sounds of His feet;" and upon our terrestrial activity the date of this Advent depends. Even so come, Lord, quickly." †

"બીજા અવતાર (ક્રાઈસ્ટ)ની આવવાની વકી સઘળાં જીગરોમાં રહેશે—ભાઇબંધી અને પ્યારનું રાજ ફેલાશે, કે જેને માટે સંદેશો લાવનારાઓ અગાઉથી સઘળી તૈયારીઓ કરે છે. "તેની આવવાની નીશાનીઓ અને તેનાં પગલાંનો અવાજ" અત્યાર આગમજનાં જણાઈ ચુક્યાં છે અને તેના પ્રગટ થવાના વખતનો આધાર આપણાં પોતાના કામો ઉપર રહેલો છે. અય સાહેબ, ઝડપથી પધાર."

સર ઓલીવર લૉજ કોઇ "ધખારા માસ્ટર" તો નથી ? એ વિદ્વાનની માફક એક નવા પેગાંબરને આવકાર આપવાને પારસી કોમમાં આજે કેટલા જીવો તૈયારી કરે છે ? એક બીજી આગાહી ૧૮૬૬માં જરમન ભાષામાં પ્રગટ થયલાં એક ચોપાન્યાંમાં આપવામાં આવી છે, જેમાં જણાવે છે કે "૧૯૨૦ના વર્ષમાં ક્રાઇસ્ટ પાછા જન્મ લેશે."

'ગ્લોબ" પત્રના તા० ૨૩ મી ફેબ્રુઆરી ૧૯૧૭ના અંકમાં મરહુમ જાણીતા રશીયન ઉમરાવ અને સાધુ કાઉન્ટ ટોલ્સ્ટોઇની એક આગાહી પ્રગટ થયલી છે, જેમાંનો માત્ર અગત્યનો ભાગ અમે અહીં ઉતારી લઇએ છીએ:—

---

* આ બાબદનાં મતોનાં સંગ્રહ માટે જુઓ વૈરાગ, પુ. ૧૫. મું, પાનાં ૨૩૫, ૨૯૧, ૩૮૬, ૪૭૫, પુ. ૨૨ મું. પાનું ૧૨૧.

† *Man and the Universe* by Sir Oliver Lodge.

ॐ

"After the year 1925 I see a change in religious sentiments............ A GREAT REFORMER ARISES............The man determined to this mission is a Mongolian Slav. *He is already walking the earth*—a man of active affairs. He himself does not now realize the mission assigned to him by a superior power."

"૧૯૨૫ના વર્ષ પછી ધર્મ સંબંધી લાગણીમાં હું એક ફેરફાર જોઉં છું.......એક મહાન સુધારક જાહેર થશે.......આ કામ માટે નિર્માણ થયલો માણસ એક મોન્ગોલીયન સ્લાવ છે. તે હમણાં આ પૃથ્વી પર ફરહર કરે છે—અને ચાલુ કામકાજમાં રોકાયલો છે. ઉંચી મીનોઈ શક્તિ તરફથી તેને સોંપવામાં આવેલાં કામનો તેને પોતાને હજી ખ્યાલ નથી."

કાઉન્ટ ટોલ્સ્ટોયની આ આગાહી ૧૯૧૦માં થઈ હતી, અને "ગ્લોબ" પત્રે તે ૧૯૧૩માં પ્રગટ કીધી હતી. વહેવારૂ બુદ્ધિના મી૦ પટેલની નજરે આ સઘળા મોટા માણસો "ધખારા મારટરો" હોય; પણ જ્યારે સંગીન દલીલોની સામે આવા પ્રકારની બચ્ચાંને સમજાવવા જેવી "લોજીક" વપરાય, ત્યારે મી૦ પટેલનાં બુદ્ધિબળની પરિક્ષા સહેલાંથી થઇ શકે છે.

પણ આપણને અહીં અટકવાનું નથી. એક નવા પેગાંબર માટેનું શરીર તૈયાર છે, તે આ પૃથ્વી પર ફરહર કરે છે, અને થોડાં વર્ષોમાં દુન્યામાં ભારી ઉથલપાથલો અને આફતોનો મોજો પસાર થઈ જઇ, એક નવા જમાનાની શાંન્તિ ફેલાશે, એ ચોકસ છે. * સઘળી કોમો એવી માન્યતા ધરાવે છે કે તે પોતાનીજ કોમમાં જન્મ લેશે. પારસી કોમમાં તો આ માન્યતા અસલ પુસ્તકોમાં લખાયલી છે તેજ; તે માટે કોમમાં કશી હિલચાલ કે ખ્યાલ વટીક નથી. કેટલાક પારસી અભ્યાસીઓ જેઓની સાંકડી બુદ્ધિમાં "ગોકળ ગાયનાં કોટલાં" જેટલીજ જગ્યા છે, તેઓ બીજા ધર્મોનો અભ્યાસ તો બાજુએ રહ્યો, પણ પોતાનાં ધર્મ પુસ્તકોનો પણ બારીકીથી અભ્યાસ કરવા જેટલી શક્તિ ધરાવતા નથી; તેઓ માત્ર "જરથોસ્તી ધર્મ દુન્યાના સઘળા ધર્મો કરતાં ચઢયાતો છે," એટલું બોલી જાણે છે; પણ બીજા ધર્મોમાં—ખાસ કરી હિંદુ ધર્મમાં—જે જ્ઞાનનો

---

*આ બાબતના વિસ્તૃતવાર ખુલાસા માટે જુઓ *British Journal of Astrology* માં Sepharial ના લખાણો.

અખુટ ખજાનો પડેલો છે, તે પર નજર વટીક ફેરવવાની પરવા કરતા નથી. જેઓ ગુપ્ત વીધાના ભેદોથી માહીતગાર છે તેઓ જાણે છે કે આવી પસંદગી કાંઈ મીસીસ બેઝંટે કીધી નથી, તે છતાં જો કીષ્ણા મુર્તિને બદલે એકાદ ઇંગ્રેજ છોકરાની પસંદગી કરવામાં આવી હતે તો મી૦ પટેલ જેવા કેટલાક કહેવાતા અભ્યાસીઓનું નરકોરું ચઢી જતે નહીં. પણ કોમના આગલા વડવાઓની કીર્તિ પર જીવનારા કેટલાક પારસી અભ્યાસીઓ કોમની હાલની સ્થીતિનો ખરો ખ્યાલ નહીં કરતાં કોમાભીમાનને નામે ટોળાને અંધારામાં ગોતાં ખવાડે છે. "હિંદુ" શબ્દ નો વાસ આવતાંજ તેમનાં નરકોરાં ચઢી જાય છે,—પણ જરથોસ્તી ધર્મ પુસ્તકોમાં કોઇપણ દેશ કે પ્રજા માટે કશો અંતર રાખવામાં આવેલો જણાતો નથી. ફ્રવર્દીન યસ્ત તેનો એક પુરાવો છે.

પહેલવી બહમન યસ્તમાં ભવિષ્યના પેગાંબરો માટેની આગાહી મોજુદ છે. આ યસ્તનો ઇંગ્રેજી તરજુમો જાણીતા વિદ્વાન મરહુમ પ્રોફેસર મેક્સ મુલરની "પૂર્વનાં ધર્મ પુસ્તકો" (Sacred Books of the East)ની હારમાળાનાં પાંચમાં પુસ્તકમાં ડો૦ ઇ. ડબ્લ્યુ. વૅસ્ટને હાથે થયલો છે, તે અમે અત્રે રજુ કરીએ છીએઃ—

"Auharmazd spoke thus: O Zaratust the Spitaman, when the demon with dishevelled hair of the race of Wrath comes into notice in the eastern quarter, first a black token becomes manifest and Hushedar son of Zaratust is born on Lake Frazdan. It is when he comes to his conference with me, Auharmazd, O Zaratust the Spitaman! that in the direction of Kinistan, it is said—some have said among the Hindus—is born a prince .. ..That a sign may come to the earth, the night when that prince is born, a star falls from the sky; when that prince is born the star shows a signal."

"અહુરમઝદે આ પ્રમાણે કહ્યુંઃ અય જરથોસ્ત સ્પિતમાન! જ્યારે ગુસ્સાની ઓલાદનો દેવ છુટા બાલ સાથે પૂર્વ તરફના મૂલકોમાં દેખાવ દેશે, ત્યારે પહેલાં એક કાળી નીશાન પ્રગટ થશે, અને જરથોસ્તનો દીકરો હુશેદર ફ્રઝદાન સરોવર ઉપર જન્મ લેશે. અય જરથોસ્ત સ્પિતમાન! હું જે અહુરમઝદ, તેની સાથે જયારે તે મુલાકાત કરશે, ત્યારે એમ કહેવાયલું છે કે ચીનીસ્તાનના

મુલકમાં—કોઇ કહે છે કે હિંદુઓમાં—એક શાહજાદો જન્મશે,......જે રાત્રે તે શાહજાદો જન્મશે, તે રાત્રે પૃથ્વિપર એક નિશાની આવે તે માટે, આકાશ પરથી એક સેતારો ખરશે; જયારે તે શાહજાદો જન્મશે, ત્યારે તે સેતારો નિશાની આપશે."

આગળ બાબતમાં જણાવવામાં આવે છે કે એ શાહજાદો હિંદુઓ અને ફીનીઓનાં લશ્કર સાથે ફ-તેહમંદ થશે, અને જયારે ગુરૂ ઉંચનો અને શુક્ર નીચનો થશે, ત્યારે તે પાદશાહી મેળવશે. આ શાહજાદો બેહ-રામ વરજાવંદને નામે ઓળખાશે. જામાસ્પીમાં પણ એજ મતલબની હકીકત આવેલી છે.

જો જરથોસ્તી ધર્મ પુસ્તકો એક હિંદુ શાહજાદાને દીન અને દુન્યાની ફરોશકર્દને લગતી હિલચાલ સાથે જોડી આપતાં હોય તો,—થીઑ-સૉફીકલ સોસાયટીના આગેવાનોની હિલચાલ તરફ વિચારવંત નજરે જોવાની શું જરૂર નથી ?

ધર્મોની સ્થાપના કરનારા મોટા પેગમ્બરો જેઓ આગલી પ્રજામાં થઈ ગયા તેઓ માટેનો થીઑસૉફીકલ વિચાર ખરેખર તો એવો છે કે એક મહાન સાહેબ જેવણનાં હાથમાં ધર્મોની રક્ષા કરવાનું કામ છે અને જેવણને હીંદુઓ જગદગુરૂ અને બુદ્ધિસ્ટો બોધ્ધીસત્વ, અને ખ્રીસ્તીઓ "ધી ક્રાઇસ્ટ" કહે છે, તેવણ સાહેબ જયારે જગતમાં નવી ઉપ-પ્રજાની સ્થાપના કરવાનો વખત આવે છે, અથવા જયારેબી જરૂર પડે છે ત્યારે જગતમાં જાહેર થાય છે. આ મહાન સાહેબનો દરજ્જો એટલો બુલંદ છે કે તેવણ સાહેબ આપણી માફક જન્મ લઇને શરીર મોટું કરવાની ખાસ મેહનત લેતા નથી અને તેમ કરવું તેવણના દરજ્જા પ્રમાણે ઉતરતુંજ ગણાય. આ કારણથી પોતાની સાથના આગલા સંસ્કારવાળા એટલે કર્મ અનુસાર સંબંધવાળા પોતાના કોઇ ચેલાને જન્મ અપાવે છે. આવા ચેલાનાં બાળકી શરીરને ખાસ સંભાળથી અને દુન્યાની તે વખતની તરબીઅતથી ઉછેરવામાં આવે છે, અને જયારે તે ચેલાનું શરીર મોટું થાય છે અને જગતમાં તેવણનો જાહેર થવાનો વખત આવે છે, ત્યારે તે મહાન રૂહ તે તૈયાર થયલાં પોતાનાં ચેલાનાં શરીરનો કબજો લે છે અને એ પ્રમાણે પોતે જગતની અંદર પોતાનાં અણુહદ જ્ઞાનથી મનુષ્યોની રાહબરી કરે છે. જયારે તેવણ દુન્યામાં કામ કરે છે ત્યારે તે બાળકી

શરીરનો માલેક, તેવણુનો ચેલો, પેલાં શરીરથી જુદો થાય છે અને તેને જગદગુરૂનાં કાર્ય સાથે સંબંધ રહેતો નથી. આવોજ બનાવ "જીસસ અને ક્રાઇસ્ટ"નાં સંબંધમાં બન્યો હતો. "જીસસ અને ક્રાઇસ્ટ" સાહેબ બે જુદાજ મહાન પુરૂષો છે, જીસસને ઉપલીજ હકીકત પ્રમાણે જન્મ અપાવીને તેવણુનાં શરીરને સંભાલથી ઉછેરાવીને જગદગુરૂ અથવા ધર્મોના રક્ષકે તે વખતની યાહુદી પ્રજા આગળ જાહેર થવાને માટે તેવણુનાં શરીરનો કબંજો જીસસની ૩૦ વર્ષની ઉમરે લીધો હતો અને તે વખતે તેવણું "ધી ક્રાઇસ્ટ" (The Christ) તરીકે ઓળખાયા હતા અને ત્રણ વર્ષ સુધી કાર્ય કીધું હતું.

આ હકીકતનો ભેદ નહીં સમજવાથી આજે ખ્રીસ્તીઓમાં જીસસ સાહેબ અને ક્રાઇસ્ટ સાહેબનાં નામો અને કામો વચ્ચે ભેલમભેલ થઈ ગઈ છે. આ હકીકતને માટે વધારે લંબાણુ નહી કરતાં જીજ્ઞાસુ વાંચનારાઓને થીઑસૉફીકલ સાહિત્યનો અભ્યાસ કરવાની ભલામણ કરીશું. કાઉન્ટ ટાલ્સ્ટાઇનું મત પણ આ વિચારને ટેકો આપે છે; તેમજ આ હકીકતનો ઘણો સરસ ખ્યાલ અલ મન્સુર* નામની વાર્તામાં આપવામાં આવ્યો છે, જે વાંચવાની અમે વૈરાગનાં વાંચનારાંઓને મજબુત ભલામણ કરીએ છીએ.

આ વિષય તુચ્છકારી કાઢવા જેવો નથી; તે ટકોરને લાયકનો નથી. આવી બાબદ ઉપર ટીકા કરવા અગાઉ જરથોસ્તી ધર્મ પુસ્તકોના બહુ ધીરજ ભર્યા, ઉંડા અભ્યાસની જરૂર છે.

ધખારા લૅાજીક.

મી૦ પટેલ આગળ ચાલતાં પાછા મહાન પુરૂષોના "ધખારાઓ" વિષે વિવેચન કરે છે, અને તે વેળા પોતે ભૂલી જાય છે કે પોતાનાં આખાં ભાષાણુ દરમ્યાન તેઓ પોતે "પારસી થીઑસૉફીસ્ટો" અને "એહ્મે ક્ષ્નુમ" સામેના "ધખારા" સિવાય બીજું કશું જાહેર કરી શક્યા નથી. જે જે આળ તેઓ પારસી થીઑસૉફીસ્ટો સામે મુકતા જાય છે, તે આળમાં પોતે સપડાતા જાય છે. તેઓ પારસી થીઑસૉફીસ્ટોને

---

* આ એક ઇસ્લામી વાર્તા છે, છતાં તે થીઑસૉફીકલ વિચારને ટેકો આપે છે. તે ઉપરથી પુરવાર થાય છે કે સચ્ચાઈ સઘળે એકજ છે, તે છુપી પડતી નથી.

"ડહાપણ" કહેવાતા જણાવે છે, પણ પોતે પોતાની "નટારપરચા લોજીક" થી કેવું "ડહાપણ" કહેવ્યું છે, તેનું તેમને ભાન નથી.

તેઓ એક તરફ ચોકસ બાબતોનો સ્વિકાર કરતા જાય છે, અને બીજી તરફ પારસી થીઑસૉફીસ્ટોની તેજ બાબતુ મારેની કોશેશ માટે તેમને બદનામ કરતા જાય છે,—અને તેમ કરવા માટે એક પણ દાખલો આપવાને બદલે માત્ર ખોટાં આળ સિવાય તેઓ કશું રજુ કરી શકતા નથી. તેઓ જણાવે છે કે:—

"પારસી થીઓસોફીસ્ટો જુદા જુદા ધર્મોમાંથી, ખાસ કરીને બુદ્ધીસટ અને હીંદુ ધરમમાંથી, થોડા થોડા ફતવાઓ અને કાનુનો એકઠા કરીને ધરમ પાળે છે ત્યારે તે પંચમેળ ધરમ જરથોસ્તી મજહબ કેમ કહી શકાય?"

જરથોસ્તી ધર્મ ત્યારેજ બરાબર પાળેલો કહેવાય કે જ્યારે તેણે શીખવેલી અશોઇ અને તેના કાયદાઓ રોજની જીંદગીમાં અમલમાં મેલવામાં આવે. ફક્ત ફડાકા મારવાથીજ ધર્મ પળાયલો ગણાતો નથી. જરથોસ્તી ધર્મનાં ગુહ્ય શિક્ષણો અને તેના બારીક અશોઇના કાયદાઓની નેમ સમજવાને માટે જુદા જુદા ધર્મોના અભ્યાસથી જે રોશની મળે છે તેનો અભ્યાસ કરવો તેથી તે ધર્મો પાળેલા કેમ કહી શકાય? એમ તો પશ્ચિમના વિદ્વાનોએ જરથોસ્તી ધર્મ પુસ્તકોનો તરજુમો કરીને આપણા ધર્મ ઉપર જે રોશની નાંખી છે તેઓને શું આપણે જરથોસ્તી ધર્મ પાળતા કહી શકીશું?

પારસી થીઑસૉફીસ્ટો સાથે જેઓ સમાગમમાં આવ્યા છે તેઓ સારી રીતે સમજે છે કે જે જાતની જીંદગી ગુજારવાની તેઓ કોશેશ કરે છે, તે ખાલેસ જરથોસ્તી કાનુનોને સંપૂર્ણ રીતે અનુસરતીજ છે, અને તે જાતની જીંદગી ગુજારવાનું સાધારણ પારસીઓને બીકટ લાગતું હોવાથી આપણા અભ્યાસીઓ અને જાહેર લેખકો હમેશાં ધર્મને "સગવડ બર્યો" બનાવવાની તજવીજ કરતા રહ્યા છે. પારકા ધર્મોની ફીલસુફી અને રીત રીવાજોનો અભ્યાસ કરવો એ એક વાત છે, અને તેની તરીકતો ઉપર અમલ કરવો એ જુદી વાત છે. પારસી થીઑસૉફીસ્ટો બુદ્ધિસ્ટ અને હિંદુ ધર્મના કયા કાનુનો એકઠા કરીને તે મુજબનો "ધર્મ પાળે છે," તે દર્શાવવાની એક બાબાણ કર્તા તરીકે શું મી૦ પટેલની ફરજ ન હતી? જો કોઈ પણ માણસ બીન તાસુબીએ સઘળા ધર્મોનો અભ્યાસ કરે, તો

જીંદગી દોરવવાના કાનુનો તો ઘણે ભાગે સઘળા ધર્મોમાં એક મળતાજ જણાએ છે; કારણ કે મૂળ સચાઇ એકજ હોય છે, માત્ર તેનું બહારનું રૂપ જુદું જણાય છે.

થીઑસૉફીસ્ટો તરફ નગુણાપણું.

ઉપલા ગલત આળ પછી મી૦ પટેલના નીચલા શબ્દો ખુલું દેખાડે છે કે પારસી થીઑસૉફીસ્ટોનાં જરથોસ્તીપણુંથી, કોમને જેબ આપનારી, કોમની બીનસ્વાર્થી સેવા બજાવવાની તેઓની હિલચાલો અને કાર્યોથી મી૦ પટેલ અફસોસકારક અજાણપણું ધરાવે છે.

"જે પારસીઓ સુધારાવાળાઓ તરીકે ઓળખાય છે તેઓએ ધર્મમાં ચુંથચાથ કરી જરથોસ્તીઓનાં યકીન ડામાડોળ બનાવ્યાં છે તેના કરતાં પારસી થીઓસોફીસ્ટોએ તેમ વધારે કીધું છે."

તેનો કંઇ પુરાવો? તેથી ઉલટું થીઑસૉફીકલ સોસાયટીની શરૂઆત પછી તેણે બહાર પાડેલાં સાહિત્ય મારફતે જે રોશની ફેલાઇ તેનો લાભ આપણી કોમને આપવાને આગલા થીઑસૉફીસ્ટ બીરાદરો કેટલા બધા ખંતી હતા તેનો પુરાવો મરહુમ શેઠ નશરવાનજી ફરામજી બીલી-મોરીયાનું સાહિત્ય પુરો પાડે છે. તે ઉપરાંત આગલા ઉત્સાહી જરથોસ્તી થીઑસૉફીસ્ટોમાં મરહુમ બાઇઓ રૂસ્તમજી મં. મોબેદજી, નશરવાનજી મં. દેસાઇ, દાદાભાઇ ધ. જસાવાલા, જેહાંગીર સોરાબજી તારાપોરવાલાનાં લખાણો જે વખતો વખત આગલાં વર્ષોનાં ચેરાગ ચોપાન્યામાં તેમજ બીજાં થીઑસૉફીકલ માસીકોમાં આવતાં હતાં તે ઉપરથી મલી શકશે. મરહુમ બાઇ મોબેદજીની યાદગારી તેવણની "ખુદાની મુલાકાત" નામની ચોપડીથી રહી છે. મરહુમ શેઠ જેહાંગીર સો. તારાપોરવાળાનાં લખાણોનો એક કીમતી સંગ્રહ હમણાંજ બહાર પડયો છે.* બીજા જુના લખ-નારાઓમાં શેઠો ધ. જ. મેઘોરા અને ધ. પે કોટવાલનાં પુસ્તકો જરથોસ્તી ધર્મની ગુહ્ય બાબદો ઉપર કીમતી રોશની નાંખતાં ઉભાં છે. હૈયાત થીઑસૉફીસ્ટોમાં મી૦ માણેકજી પાંડેનું "મરણ પછી માણસની હાલત" ઉપર સુંદર રોશની નાંખનાર પુસ્તક મોજુદ છે. શેઠો ખરશેદજી જ. અ. વાડીઆ અને બહમન બનાજી પેતાની દીનદારી અને વાકચા-તુર્યથી જરથોસ્તી જીગરોમાં સુંદર ઉત્સાહ આપ્યા જાય છે. અને આ બે

* *The Eternal Pilgrim and the Voice Divine.*

ભાઇઓનાં રયેસ્તાર મંડળ તરફથી થતાં કામને જરથોસ્તી કોમ બેહદ આશીશ સાથેજ સ્વિકારે છે. શેઠ ફરામજી જ. ભીલીઆ, થીઑસૉફીકલ સોસાયટીનાં બ્લેવેટસ્કી લૉજના પ્રમુખ છે, અને જરથોસ્તી કીર્તિ કેમ આશકારા કરે છે તે સઘળાઓ જાણે છે. અનજુમનનાં આતશ બેહરામ સાહેબના જોડીઆ સેક્રેટરી તરીકે, અનેક મંડળો અને ધરમાઉ ખાતાંઓનાં કારોબારી સભાસદ તરીકે કેટલી જીવતોડ મેહેનત એવણ કરે છે તે કોઇથી અંજાણ નથી. કોઇબી જરથોસ્તી સંસારી અને દીનદારીનાં બીનસ્વાર્થી કામમાં એવણનો ટેકો સદા મોજુદ છે.

એ ઉપરાંત "જરથોસ્તી જશન કમીટી" જે પારસી યકીનદારીને સજીવન કરનાર એક બળવાન મંડળ ગણાય છે, તેનો જન્મ આ હીણાયલી થીઑસૉફીકલ સોસાયટીનાં મકાનમાં, પારસી થીઑસૉફીસ્ટોને હાથે થયો હતો. "જરથોસ્તી ભાઇબંધ મંડળી"ની સ્થાપના એક પારસી થીઑસૉફીસ્ટને હાથે થઇ હતી. મી૦ જેહાંગીર જ. વીમાદલાલ અને તેમના હમશરીકો આજે જે કોમના હિતનાં કામો અપમાન કે બદનામીની પરવાહ વગર તારિફ કે બદલાની આશા વગર, નિષ્કામપણે બજાવે છે, તે માટે થીઑસૉફીકલ સોસાયટી વાજબી મગરૂરી લઇ શકે. જરથોસ્તીઓમાં ચુસ્ત દીનદારીના ફેલાવા માટે લગભગ અરધી સદી સુધી પારસી થીઑસૉફીસ્ટોએ જેટલું કીધું છે, તેટલું ભાગ્યે બીજાં કોઇ જરથોસ્તી મંડળે કીધું હોય. પણ જ્યારે મતાંધપણાનો પરદો ફરી વળે, ત્યારે ખરી હકીકત જણાતી નથી, અને ત્યારે કશા દાખલા દલીલો વગર આવાં સરતાપા ગલત આળનો આશરો લેવામાં આવે છે.

"આદાંની સુંઠ!"

આગળ ચાલતાં મી૦ પટેલ કાંઇક સારી સમજ દર્શાવતા જણાય છે; પણ કમનસીબ પારસી થીઑસૉફીસ્ટો સામેનો તેમનો "ધખારો" તો સર્વોપરી છેજ.

"બીજા ધર્મોની કાની જરથોશ્તી ધર્મમાં પણ કેટલુંએક ભેદીને સાધારણ માણસોને નહી સમજણ પડે એવું છે, તે ના પાડી શકાશે નહી. એવી ભેદી અને ગુપ્ત ફીલસુફીને ઇંગ્રેજીમાં esoteric philosophy કહે છે. જુદા જુદા ધર્મોની આ ભેદી ફીલસુફીમાં થોડું ઘણું મળતાપણું છે અને તેથી એક ધર્મની ફીલસુફીને આધારે બીજો ધર્મ સમજવાનું બની શકે તેવું છે. પારસીઓ અને હીંદુઓના વડવાઓ એકજ હોવાથી અને તેઓની અસલ ભાષા જંદ અને

સંસ્કૃત એકજ મુળમાંથી નીકળેલી હોવાથી તેઓનાં ધર્મ પુસ્તકો વેદ અને અવ્સ્તામાં સમાવેલી ફીલસુફી ઘણી બાબતમાં મળતી આવે છે. આ કારણથી કેટલાએક જરથોશ્તી થીયોસોફીસ્ટો, બુદ્ધિસ્ટ તેમજ હીંદુ ધરમના શીક્ષણના આધારે જરથોશ્તી ધર્મ ફીલસુફી ઉપર રોશની નાખવાની કોશેશ કરે છે તે તદન બરહક છે, પણ કમનસીબીની વાત એ છે કે ધર્મની ફીલસુફી જેવી બીકટ બાબદ સમજવા સમજાવવાને જે વરષોનો ઉંડો અભ્યાસ થવો જોઈએ તેવો અભ્યાસ નહી કીધેલા કેટલાક લેભાગુ પારસી થીઓસોફીસ્ટો કોઇ ઉપર ટપકેનું સમજી થીઓસોફીકલ "હોમમાં" એવી તો આદાની સુંઠ કરે છે અને જરથોશ્તી ધર્મને ચુંથીપીખી નાંખે છે કે સમજુઓને થીઓસોફી શબ્દ સાંભળતાંજ કચવાટ ઉપજે છે."

જ્યારે આપણા કેટલાક અવસ્તા અભ્યાસીઓ જેઓ જરથોસ્તી મજહબને આ દુન્યાનાં સુખ સગવડને અનુસરતો બનાવવાની જીવતોડ મેહનત કરે છે, તેઓ એ ધર્મમાં કશું ભેદી તત્વ સ્વિકારવાની સાફ ના પાડે છે, ત્યારે મી૦ પટેલ આ મજહબમાં ભેદી ફીલસુફી છે, એમ સ્વિકારે છે એ ખુશી થવા જોગ છે. વળી "કેટલાક જરથોસ્તી થીઑસૉફીસ્ટો"ની "બુદ્ધિસ્ટ તેમજ હિંદુ ધર્મનાં શિક્ષણના આધારે જરથોસ્તી ધર્મ ફીલસુફી ઉપર રોશની નાખવાની કોશેશ"ને તેઓ "તદન બરહક" લેખે છે, ત્યારે "પારસી થીઑસૉફીસ્ટો" સામેનો તેમનો "ધખારો" પોતાની મેળે જમીન દોસ્ત થાય છે.

થીઑસૉફીકલ સોસાયટીમાં સેંકડો પારસી સભાસદો છે, પણ તેમાંના માત્ર ગણત્રીના સભાસદો એ મંડળના "લૉજ"માં ભાષાણ આપવા માટે બહાર પડતા જણાયલા છે. જેઓ બહાર પડે છે, તેઓ વર્ષોના જુના સભાસદોજ છે; ટુંક અભ્યાસવાળા સભાસદો પોતાની બીનલાયકાત સમજીને જાહેરમાં પડતાજ નથી. ત્યારે કયા "લેભાગુ પારસી થીઑસૉફીસ્ટે" મી૦ પટેલને "આદાંની સુઠ" કરી દેખાડી તે જાણી શકાતું નથી. પણ કોઇ એકનો દોષ થયો હોય તો તેથી આખા ટોળાને બદનામ કરવો "લૉજીક" ગણાય કે ? પારસી ટોળામાં ફરેસ્તાઇ જીંદગી ગુજારનારાં નરનારીઓ છે, તેમ શેતાન્યત ખવાસનાં પણ છે; પણ તેથી જરથોશ્તી ધર્મને બદનામ કરવો યા આખા ટોળાની સામે "કચવાટ" પેદા કરી તેથી દુર રહેવાનો બોધ આપવા નીકળવું, એ "આદાંની સુંઠ" કીધેલી કહેવાય કે નહીં ?

. . . .

"ડાહળું!"

પણ ખરેખરી "આદાંની સુંઠ" તો મી૦ પટેલ પોતાના ઉપલા વિચારોથી તદનજ ઉલટા (inconsistent) નીચલા વિચારો જાહેર કરતાં કરી દેખાડે છેઃ

"જરથોશ્તી ધરમની સમજણ પારસી કોમને લગતા જુદા જુદા પંથો જુદી જુદી આપે છે. દરેક પંથના સભાસદો પોતાના અંગત વીચાર આચારોની દ્રષ્ટીથીજ સમજાવે છે. પારસી સુધારાવાળાઓમાં ખપતા અભ્યાસીઓ શબ્દાર્થ એટલે (philology) ઉપરજ આધાર રાખે છે અને ફીલસુફીની દરકાર કરતા નથી. બીજા હાથ ઉપર થીઓસોફીસ્ટો જરથોશ્તી ધરમની ફીલસુફી બીજા ધરમોની ફીલસુફીને આધારે (comparative theology) સમજાવવા માંગે છે, અને તેમ કરી તેઓ ધર્મની ફીલસુફીનું એક એવું તો મીશ્રણ ઉભું કરે છે કે તે ડાહુળાને ધરમની ફીલસુફી કહેવી એ સરચામ જરથોશ્ત પેગમ્બર સાહેબને અપમાન કર્યા બરાબર છે."

મી૦ પટેલના આગળ ટાંકેલા શબ્દો સાથે ઉપલા વિચારોને સરખાવતાં કોઇપણ વાંચનાર જોઇ શકશે કે પારસી થીઑસૉફીસ્ટો સામેનો પોતાનો કહેર ખાલી કરવા જતાં ઉશ્કેરણીની ધુંધમાં તેઓ કેવી "આદાંની સુંઠ" કરી "ડાહળું" ડહોવે છે. એક તરફ તેઓ પારસી થીઑસૉફીસ્ટોની કોશેશને "તદન બરહક" ગણે છે, અને પછી તરતજ તેને "ડાહળું" નામ આપી "જરથોસ્ત પેગંબર સાહેબને અપમાન કર્યા બરાબર" ગણે છે. જરથોસ્ત પેગંબર સાહેબને જેટલું માન પારસી થીઑસૉફીસ્ટો આપે છે, તેટલું માન પારસી ટોળો આપતાં શીખે તો કોમની દીનદારીમાં ઘણો મોટો સુધારો થઇ જાય.

"મુર્તિપુજક થીઑસૉફીસ્ટો."

પણ હજી વધારે ગોટાળો તો તેઓ હવે પછી કરે છે, તેમના નીચલા વિચારો સાથે તેમનાં ભાષણમાંના શરૂઆતના વિચારો સરખાવીને કોઇપણ વાંચનાર જોઇ શકશે, કે જે બાબતો ઉપર તેઓ બોલે છે, તે બાબદો ઉપર પોતે કશા નિર્ણય ઉપર નહીં આવેલા હોવાથી તેઓ ગુંચવાઇને "ડાહળું" ડહોવે છે.

"થીઓસોફીકલ ધખારા માસ્તરોનો મોટો ભાગ એવી હોંસ રાખે છે કે spiritualism ની મદદથી તેઓ જરથોશ્તી ધરમની ઉન્નતી કરી શકશે. જર૦

થોશ્ત પૈગંબર સાહેબનો ખાલેસ ધરમ કુદરતના અમુક કાયદાઓ ઉપર એવો ઉત્તમ રીતે રચાયો છે કે હાલની આગળ વધેલી સાયન્સને પણ તે અનુકુળ માલમ પડયો છે, અને યુરોપ અને અમેરીકાના મહાન વીદ્વાનો તેમાં બાલ જેટલી પણ ખામી જોઇ શકતા નથી. આવા એક બુલંદ અને મોતેબર ધર્મને સુધારવા જયારે કેટલાએક પારસી થીઓસોફીસ્ટો "સપીરીચયુઆલીઝમ"ની મદદ લેવા જાય છે ત્યારે તેઓની સેખી ઉપર હસુ આવે છે. તેઓ લગભગ મુર્તીપુજક થઇ ગયા છે. તેઓ જરથોશ્તી ધરમની "સપીરીટ" સમજતા નથી. અને પેગંબર સાહેબના શીક્ષણો અને ફરમાનોનું ખુલ્લું ઉલંઘન કરે છે. તેઓ એટલું પણ જાણતા નથી કે જંગલમાં જઇ સાધુ સન્યાસી જેવી જીંદગી ગુજારવી એ આપણા ધરમનું ફરમાન નથી આપણો ધરમ સંસારના વહીવટમાં મશ્ગુલ રહી આત્માની વૃધ્ધિ કરવાનું ફરમાન આપે છે. ઓછો અભ્યાસ કીધેલા અને ઓછી લાયકાત ધરાવનારા જરથોશ્તી માટે થીઓસોફી ઘણી જોખમભરી છે. તેઓ તેની ફીલસુફી સમજવાને અશક્ત હોય છે તેથી ઘણીએક જુદદીન કીયાઓ અને રસમો ખાલેસ જરથોશ્તી ધરમના સપીરીટથી ઉલટી હોવા છતાં પોતાના સંસાર વહેવારમાં આમેજ કરે છે અને સાચા જરથોશ્તીઓનાં દીલ દુખવે છે."

ઉપલા ફકરામાં મી૦ પટેલ "સ્પીરીચ્યુઆલીઝમ" (Spiritualism) નો અર્થ શો કરે છે? જો તેનો અર્થ તેઓ "પ્રેતાવાહન વિદ્યા" કરતા હોય તો ગુજર પામેલાંઓનાં રૂહ સાથે સંબંધ ચાલુ રાખવાનાં કામને થીઑસૉફી નુકસાનકારક ગણી નાપસંદ કરે છે, અને તેની મદદથી જરથોસ્તી ધર્મની ઉન્નતી કરવાનો કોઇ પારસી થીઑસૉફીસ્ટે સ્વપ્નેબી ખ્યાલ રાખેલો અમારી જાણમાં નથી. મરણ પછી માણસની હસ્તી ચલુ રહે છે, એટલું પુરવાર કરવા માટે હાલના જડવાદના જમાનામાં આ વિદ્યા ઘણે દરજ્જે ઉપયોગી થઇ પડી છે, પણ એ વિદ્યાના પ્રયોગોની સામે થીઑસૉફીકલ સાહિત્યમાં પુષ્કળ લખાણો પડેલાં છે. *

બેશક આ વિદ્યાને લગતું ગુજરાતી વાંચક વર્ગને જ્ઞાન આપવા માટે થીઑસૉફીકલ સોસાયટીના એક આગલા સભાસદ મી૦ પેસ્તનજી ધ. મહાલક્ષ્મીવાળાએ "જામે જમશેદ"માં લખાણોની એક હારમાળા ચાલુ કીધી હતી, પણ લખનારે તેમ કરતાં એ વિદ્યાની મદદથી જરથોસ્તી ધર્મની ઉન્નતી કરવાનો ખ્યાલ ધરાવ્યો હોય, એમ કોઇ માની શકે નહી.

---

* જુઓ *A Modern Panarion* by H. P. Blavatsky; *The Inner Life* by C. W. Leadbeater.

ગુંચવાડામાં પડેલા ગુરૂજી!

પણ આ વિદ્યાના સંબંધમાં મી૰ પટેલનાં પોતાનાં મનની સ્થીતિ કેવી છે, તે એમનાં આ ભાષાણુમાંનાજ એકેકથી ઉલટા (inconsistent) વિચારો ટાંકવાથી જણાઈ જશે.

"તારનાં દોરડાં વગર સંદેશાઓ મોકલવા શું ઠગાઇ છે? આજે જે આપણુંને અજાયબ જેવું લાગે છે તે પાંચ પચીસ વરસ પછી કદાચ ખરૂ પડે, તારના દોરડાં વગરના સંદેશાઓની કાની આપણા ગુજરેલાઓના આત્મા આપણી ઉપર સંદેશા મોકલે. વાસ્તે વ્યાજબી માર્ગ એ છે કે અસાધારણ પ્રયોગોને હંમેશાં ઘણીજ સખત કસોટીમાંથી પસાર કરવા. સર ફ્રેડ્રીક માયર્સ, મી૰ પોડમોર, સર ઓલીવર લોજ, પ્રોફેસર બેરેટ, સર વિલ્યમ ક્રુકસ, અને એવા બીજા મહાન સાયન્ટીસ્ટો માને છે કે ગુજરેલાંઓના આત્મા જીવતાં સાથ સંદેશા ચલાવી શકે છે, જો કે તે કેમ થાય છે તે તેઓ કહી શકતા નથી."

"એજ પ્રમાણે જો થોડા વરસમાં આપણાં ગુજરેલાંઓના આત્મા કોઇ જાતની વાયરલેસ ટેલીગ્રાફીથી આપણી સાથે સંદેશા ચલાવે તો અજાયબ થવાનુ નથી."

"જરથોશ્તી ધર્મ પ્રમાણે એક માણસ મરી જાય છે, તો તેના જીવતાંઓ સાથનો સંબંધ બંધ પડતો નથી. તે ગેબી અને અણદીઠ રીતે ચાલુજ રહે છે. (જુઓ ફ્રવર્દીન યશ્ત, કરદો ૧૩.) મુકતાદના દસ દીવસો ઉપર આપણે ગુજરેલાંઓને યાદ કરીએ છીએ અને તેઓ આપણને આશીષ દે છે."

"તેજ વેળા આપણે યાદ રાખવું જોઇએ કે વિદ્વાન સાયન્ટીસ્ટોની બહુમતી એ માન્યતાની સખત વિરૂદ્ધ છે, જ્યારે મહાન વિદ્વાન સાયન્ટીસ્ટોમાં આવી મતફેરી ત્યારે આપણે હઠીલાઇથી મત આપવાવાળા કોણ?"

"આ માનવુ કે નહીં માનવું તે આપણાં યકીનની વાત છે, અને તે યકીન આપણા સ્વભાવ એટલે (temperament) ઉપર આધાર રાખે છે. * એટલુ આપણે હરદમ યાદ રાખવું કે યુરોપના વિદ્વાનોની બહુમતી Spiritualism અને Psychism એટલે આત્મ વિદ્યાને હસી કાઢે છે. તેના પ્રયોગની બેઠક જેને ઈંગ્રેજીમાં seance કહે છે તે કાંઈજ નહીં પણ એક જાતની છેતરપીંડી છે."

[*અહીં મી૦ પટેલ જરથોશ્તી ધર્મનું એક સિદ્ધાંત માનવું કે નહી માનવું તેનો આધાર "આપણા સ્વભાવ ઉપર" છોડે છે, અને આવાં ડામાડોળ એકીનનો બોધ આપનાર આ ભાષાણ કર્તા પારસી થીઑસોફીસ્ટોની માન્યતાને "ધખારો" લેખે છે! જે પોતાના મનની ગુંચવણ દુર કરી શકે નહી, તે આમ વર્ગના ગુરૂનો અધીકાર લેવાને લાયક ગણાય?]

આ અકેકથી ઉલટા વિચારો ખુલ્લું પુરવાર કરે છે કે પોતાનાં સાંભળનારાંઓને ખરે રસ્તે મુકવાને બદલે જરથોસ્તી ધર્મનાં એક અતી અગત્યનાં સિદ્ધાંતના સંબંધમાં મી૦ પટેલે ડામાડોળ બનાવવાની તજવીજ કીધી છે, અને આ વિષય ઉપરની જરથોસ્તી ધર્મની માન્યતાને ભુલી કરવાની તેઓ કોશેશ કરે છે.

પારસી થીઑસૉફીસ્ટો મુર્તિપુંજક થઇ ગયા છે, એવો "ઓરંગો" મારતી વખતે તેઓ કઇ મુર્તિને પુંજે છે, તે જાહેર કરવાની મી૦ પટેલની ફરજ ન હતી?

"સાધુ થીઑસૉફીસ્ટો!"

પણ "સ્પીરીચ્યુઆલીઝમ" ઉપરથી તેઓ જ્યારે "જંગલમાં જઇ સાધુ સન્યાસી જેવી જીંદગી ગુજારવા"ની વાત ઉપર કુદકો મારે છે, ત્યારે તેમનાં જાહેર થતાં વધુને વધુ અજ્ઞાનપણાં ઉપર આપણને "હસવું આવે છે!" આવા તદન ગલત "ઓરગાઓ" ખુલ્લું દેખાડે છે કે મી૦ પટેલની નેમ પારસી થીઑસૉફીસ્ટોની ટકોર અને હસી કરી પોતાનાં સાંભળનારાંઓની લાગણી ઉશ્કેરવા (creating sensation) સિવાય બીજી કશી નથી. થીઑસૉફીકલ સોસાયટીની હિંદમાં સ્થાપના થયા પછી કેટલા પારસી થીઑસૉફીસ્ટો સંસારનો ત્યાગ કરી જંગલમાં જઇ સાધુ સન્યાસી તરીકે રહ્યા છે, તેની સંખ્યા કે દાખલા તેઓએ જણાવ્યા નથી. પણ એ મંડળની સ્થાપના અગાઉ અને તે પછી એ મંડળની બહારના કેટલાક પારસીઓ સંસારનો ત્યાગ કરી જંગલમાં ચાલી ગયા છે તેના દાખલા શોધવાની જો મી૦ પટેલે તકલીફ લીધી હતે તો પારસી થીઑસૉફીસ્ટો સામે આવું ગલત આગળ તેઓ મુકતે નહીં. એ મંડળનાં તમામ સાહિત્યમાં ફરજ અને કર્મને મુખ્ય અગત્ય આપવામાં આવી છે સંસારમાં રહીને, સંસારનાં દુઃખો વેઠીને, આગલાં કર્મોનું કરજ અદા કરવાને અને નવાં "નિષ્કામ કર્મો" (અશોઇને ખાતર અશોઇ) કરવાને થીઑસૉફી શીખવે છે. એ મંડળીનાં સ્થાપનાર મરહુમ મેડમ બ્લાવાટસ્કીનું

"વહેવારૂ યોગ" (Practical Occultism) નામનું નાનું પુસ્તક આ બાબદનો મુસ્તકીમ પુરાવો છે.

વળી મરહુમ શેઠ નશરવાનજી ક. બીલીમોરીયાએ, જે અણુસમજ જરથોસ્તીઓ પોતાના ધર્મનાં સિદ્ધાંતથી બેખબર રહી સાધુ સન્યાસી પાછળ દોડી જતા હતા, તેઓને ચેતાવવાને "મહાત્માઓની શોધમાં" નામનું ચોપાન્યું પ્રગટ કર્યું હતું, તે વાંચવાની મી૦ પટેલને ભલામણ થઇ શકે જે વાત આજે મી૦ પટેલ કહેવા નીકલ્યા છે તે તો મરહુમ પોતે વર્ષો અગાઉના કહી ચુકયા હતા. હવે આ બેમાં ખરા દીનદાર કોણ?

"ઓછો અભ્યાસ કીધેલા અને ઓછી લાયકાત ધરાવનારા જરથોસ્તીઓ માટે થીઓસોફી ઘણી જોખમભરી છે," તેથી એમ ઠરતું નથી કે જરથોસ્તીઓએ આ અભ્યાસથી થતા ફાયદાથી દુરજ રહેવુ. વખતના વહેવા સાથેજ અનુભવ, જ્ઞાન અને લાયકાત વધે છે. "અલ્પ જ્ઞાન" કઇ વિદ્યામાં જોખમભર્યું નથી? પણ તેટલા માટેજ ધીમે ધીમે કોશેશ કરી આગળ વધતા રહેવાને બદલે હાથ જોડી બેસી રહેવામાં જીંદગીનું સાર્થક થતુ નથી. જુદદીન ક્રિયાઓ અને રસમો સંસાર વહેવારમાં આમેજ કરવાની વાતના ટેકામાં કશી દલીલ કે દાખલો રજુ થયો નથી.

અમે મી૦ પટેલનાજ શબ્દો તેમને અર્પણ કરી કહીશું કે "ઓછો અભ્યાસ કીધેલા અને ઓછી લાયકાત ધરાવનારા જરથોસ્તીઓ"એ જાહેર પ્રજાને દોરવવાની શેખી કરવા માટે ભાષાણકર્તા તરીકે બહાર પડવું જોખમભર્યું છે.

અહુરમઝદ સાથનો યોગ.

મી૦ પટેલ "ધર્મની ફીલસુફી જેવી બીકટ બાબદ સમજવા સમજાવવાને જે વરસોનો ઉંડો અભ્યાસ થવો જોઇએ તેવો અભ્યાસ નહીં કીધેલા કેટલાક લેભાગુ પારસી થીઓસોફીસ્ટો"ને "આદાની સંઠ" કરતા જણાવે છે. પણ પારસી થીઓસોફીસ્ટોનાં ભાષાણો સાથે મી૦ પટેલનાં ભાષાણનો મુકાબલો કરતાં તેવણે કેટલા અભ્યાસ પછી આ ભાષાણ તૈયાર કીધું હશે તે તેમનાં ભાષાણની તપાસ લેનાર જરથોસ્તી ધર્મનો કોઇ પણ અભ્યાસી સહેલથી સમજી શકશે. ધર્મની ફીલસુફી તો બાજુએ રહી, પણ જરથોસ્તી ધર્મ પુસ્તકોના તરજુમાઓ વરીક વંચવાની મી૦ પટેલે જો તસદી લીધી હતે તો જરથોસ્તી ધર્મની ફીલસુફીને જે ઉતરતી પંક્તિ પર તેઓ મુકે છે, તેમ કરવા અગાઉ તેઓ વિચાર કરતે.

દુન્યાના સઘળા મહાન ધર્મો—હિંદુ, બુદ્ધિસ્ટ, ખ્રીસ્તી, ઇસ્લામી, વગેરે—ઇન્સાનની છેવટની સરજત ખોદા સાથે એક થવાની છે, એમ જાહેર કરે છે. પણ મી૦ પટેલનાં મત પ્રમાણે એકજ જરથોસ્તી મજહબ સઘળા ધર્મોથી જુદો પડે છે;—તો જો કે જરથોસ્તી ધર્મ પ્રમાણે ઇન્સાનની છેવટની સરજત શી છે, તે જણાવવાની તેઓ તસ્દી લેતા નથી. તેઓ કહે છે કે—

"ખોદા સાથે એક થવું" ખોદાને મળી જવું એવા: એવા શબ્દો તેઓ (થીઓસોફીસ્ટો) વારે ઘડીએ પોતાના ભાષણોમાં અને લખાણોમાં વાપરે છે. તેઓ જાણતા નથી કે આ વીચારો જરથોશ્તી ધર્મના નથી, પણ બુધીસટ ધરમના છે. "Meditation" એટલે ધ્યાન ધરવું અથવા સમાધી ચઢાવવી અને પરમાત્મા સાથે મળી જવાના વીચારમાં લીન થવું એ બુધીસટ શીક્ષણ છે, જરથોશ્તી નથી. આપણા ધરમમાં meditation અથવા contemplation નહી પણ Action ફરમાવ્યું છે. Quietism અને passivism એ બુધીસટ અને થીઓસોફીકલ શીક્ષણો છે, આપણામાં એથી ઉલટાજ ગુણોની ખીલવણી કરવાનું ફરમાન છે."

જરથોસ્તી ધર્મ પુસ્તકોના તરજુમાઓથી જે કોઇ અજ્ઞાન હોય તેજ માત્ર આવા વિચારો જાહેર કરી શકે. મી૦ પટેલે એક પણ ધર્મ પુસ્તક વાંચ્યું હતે તો તેઓ આવા વિચારો જાહેર કરતે નહીં. નીચલા ફકરાઓ શું દેખાડે છે?

"સૌથી સરસ અશોઇએ કરીને (તથા) શ્રેષ્ટ અંદાઇએ કરીને (ઓ હોરમઝદ!) તુને હમો દેખઇએ, (તથા) તારી નજદીક આવીએ (તથા) તારી હમેશની દોસ્તીને હમો પોહોંચીએ!"

—હોશબામ.

ગાથામાં જગેજગ અહુરમઝદનાં દર્શન, અહુરમઝદ સાથની વાતચીત, અહુરમઝદનાં નુરમાં એક થઇ જવા વિષેની તલબ જાહેર કીધેલી છે. તેવા ફકરાઓમાંના નીચલા બે અત્રે અમે ટાંકીશું.

'જે કોઇ, અએ હોરમઝદ! પોતાની મનશ્નીને વધારે નેક તથા વધારે પાક રાખે છે, તે પોતે વચનથી તથા કામથી દીનને (બી) (તેમજ) રાખે છે. તેની ખાહેશ તેના એતેકાદ તથા પ્રજા ધર્મને અનુસરતી હોય છે. (તે માણસનું) છેવટ (અએ હોરમઝદ) ખોલ્લી રીતે તારી અક્કલમાં હોય છે."

—ગાથા બા માયની, પા. ૧૭૨–૭૩

(ઉપલા ફકરામાંના છેલ્લા શબ્દ "હોય છે"ના અસલ શબ્દ "અંઘહત" વિષે ફુટનોટમાં ખોલાસો કરતાં એ૦ કાંગા છેલ્લા વાકયનો

અર્થ આ પ્રમાણે સમજાવે છે. "તેનું રૂહ–અંશ તારામાં મળી જાય છે. એટલે પોતાની સંપૂર્ણ નેકી તથા રાસ્તીને લીધે, તેનું રૂહ તારી સાથે એક થઇ જાય છે.")

"જેઓ (પોતાનાં) કામોથી, અશોઇથી, જબાનથી, (ઇઆને રાસત સખુનોથી) તથા નેક મન નીની (ઇઆને ખરાં અંતઃકરણથી પાળેલી) બન્દગીથી અએ હોરમઝદ! તુને સરદાર તરીકે ગણે છે, (તથા) જેઓનો, અએ હોરમઝદ! સોથી પહેલો રાહનુમા તું છે, તેઓ (પોતાની) કીર્તીને લીધે (આખરે) તારામાં સાથે મળી જશે."

—**ગાથા બા માયની**, પા. ૨૦૪-૫

આ ઉપરાંત **ગાથામાં** (યજશ્ને) **હા. ૩૩**, ફકરો ૬; હા ૪૩. ફકરો ૨; હા ૪૫, ફકરો ૭; હા ૫૦, ફકરો ૮, અહુરમઝદને નજરો નજર જોવાની, જાહેર રીતે જોવાની તલબ અને હકીકત દર્શાવે છે.

આવી ખુલ્લી હકીકત છતાં જ્યારે મી○ પટેલ જાહેરમાં એવા વિચારો બહાર પાડવાની હિંમત કરે કે 'ખોદા સાથે એક થવું........ આ વિચારો જરથોસ્તી ધર્મના નથી," ત્યારે આપણે શું સમજવું? યાતો મી○ પટેલે જરથોસ્તી ધર્મ પુસ્તકોના તરજુમા વગેરે વાંચવાની તસ્દી લીધી નથી, અને તે છતાં તેઓ લોકોને ધર્મ સમજાવવા બહાર પડયા છે; કે ખરી હકીકત જાણ્યા છતાં તે છુપાવી જાહેરમાં ધર્મથી ઉલટી બીના રજુ કરી લોકોને જાણી જોઈ ગુમરાહી અને તાસ્ત્રીમી તરફ દોરવવાની તેઓ પેરવી કરે છે. કદાપી એમ પણ હોય કે મી○ પટેલ આમ લોકોને સમજાવેલા સગવડ ધર્મમાં માનતા હોય, જેમાં બહેસ્ત દોજખની સાધારણ માન્યતા ઉપરાંત મનુષ્યની આખેરીની સ્થીતિ વિષે ઘણું સમજાવેલું હોતું નથી, તેમજ તે ફીલસુફી સમજવાની આમ લોકોની લાયકાત પણ હોતી નથી. એમ હોય તો મી○ પટેલ પોતાની **માન્યતાને** ખરા જરથોસ્તી ધર્મ તરીકે સમજાવવાની પેરવી કરતા દીસે છે.

ડા○ જીવનજી મોદી—એક બુધ્ધિસ્ટ?

પણ પોતાના ધર્મ માટે સચાઇથી વેગળી બીના રજુ કરી સંતોષ નહીં પામતાં તેઓ પારકા ધર્મની નિંદા કરે છે. તેવણે જરથોસ્તી ધર્મ પુસ્તકો નથી વાંચ્યાં, એટલે બીજા ધર્મોનું તેમનું જ્ઞાન કેવું હોવું જોઇએ તે સહેલથી સમજી શકાશે. બુદ્ધિસ્ટ ધર્મ માટે તેમના ઉપર ટાંકેલા વિચારો સાથે ડૉ○ જીવનજી જ. મોદીના નીચલા વિચારો સરખાવવાથી

ખરી હકીકત જણાઇ જશે. ગૌતમ બુદ્ધની જયંતિ ઉજવવા માટે મુંબ-ઇની બુધ્ધ સોસાયટીની એક જાહેર સભામાં ડા૦ મોદીએ જણાવ્યું હતું કે—

"મને ટીબેટના લામાઓનો સમાગમ થયો છે, અને તેમની પાસેથી હુ બુધ્ધ ધર્મ માટે કંઇક વધુ જાણી શક્યો છુ. હુ માનુ છું કે એક માણસે પોતાનો ધર્મ બરાબર સમજવા માટે બીજા ધર્મોનો અભ્યાસ કરવો જોઈએ તેમ પોતાના દેશને સમજવા માટે અન્ય દેશમાં જવું જોઇએ. બુધ્ધે એજ શીખવ્યુ છે કે આત્માના ઉધ્ધાર માટે જગત છોડવાની જરૂર નથી. પણ જગતની અંદર રહી જનક વિદેહીની માફક સાધુ જીવન ગાળી શકાય છે."

—જામે જમશેદ, તા૦ ૩જી મે ૧૯૨૩.

બીજા ધર્મોનો અભ્યાસ કરવા માટે પારસી થીઑસૉફીસ્ટોને "વટલેલ" ગણવામાં આવે છે, ત્યારે હવે ડૉ૦ જીવનજી મોદીને બુધ્ધિસ્ટ ગણવા કે કેમ?

મી૦ પટેલ અને ડૉ૦ મોદીના અભ્યાસનો મુકાબલો કરવાનું અમારૂં કામ નથી. એમાંથી કયા મતને વધુ વજન આપવું તે નક્કી કરવાનું કામ વાંચનારાઓનું છે.

પ્રવૃત્તિમાં નિવૃત્તિ.

નિવૃત્તિ (Passivism: Quietism) એ બુધ્ધિસ્ટ અને થીઑસૉ-ફીકલ શિક્ષણ નથી, તે તેમનાં સાહિત્ય પરથીજ જણાઇ આવશે. બદલા ની આશા વગર કર્મ કરવું એ સઘળા ધર્મોનું ખાસ શિક્ષણ છે, અને થીઑસૉફી એ શિક્ષણ ઉપર ખાસ ભાર મુકે છે. ધર્મપદ બુદ્ધિસ્ટ ધર્મનું એક મુખ્ય પુસ્તક છે; તેમાં જણાવ્યું છે કે—

"કેવળ કાષાયવસ્ત્ર પહેરવાથી, બાહ્ય ક્રીયાઓ અને આચારો કરવાથી, જંગલમાં જીંદગી ગાળવાથી, ગરીબાઇથી, પરાધીનપણાથી, કે કેવળ પુસ્તકોના ભણતરથી મનુષ્ય શ્રમણ બનતો નથી. પણ જે ઈંદ્રીઓના વિકારોથી મુકત છે, જે શુધ્ધ હ્રદયનો છે, જેણે સ્વાર્થવૃત્તિપર જય મેળવ્યો છે, તેજ ખરો બુધ્ધનો શિષ્ય છે, તેટલા માટે તેણે આંતર શુધ્ધિ, જ્ઞાન પ્રાપ્તિ, સમભાવ અને પરોપ-કાર વૃત્તિ ખીલવવા જોઈએ."

"ભયથી નાઠેલા મનુષ્યો પર્વતોનો, જંગલોનો, વનનો કે પવિત્ર વૃક્ષોનો આશ્રય લે છે."

"પરંતુ તે સહીસલામત આશ્રય નથી. તે ઉત્તમોત્તમ શરણ નથી. તે જગ્યાનો આશ્રય લેવાથી મનુષ્ય સઘળા દુઃખોથી મુકત થતો નથી."

"જ્યાં સુધી તૃષ્ણા વશ કરી નથી, ત્યાં સુધી નાગા રહેવાથી, જટા ધારણ કરવાથી, મલીન રહેવાથી, ઉપવાસ કરવાથી, જમીન પર પડયા રહેવાથી, શરીર પર ભસ્મ ચોળવાથી, અને સ્થિર બેસી રહેવાથી મનુષ્ય પવિત્ર બનતો નથી."

"સારાં વસ્ત્ર પહેરવા છતાં પણ જે શાંત છે, સ્થિર છે, જીતેંદ્રિય છે, સંયમી છે, પવિત્ર છે, અને બીજાના દોષો તરફ દ્રષ્ટિ કરતો નથી, તેજ ખરેખર બ્રાહ્મણ, શ્રમણ અથવા ભિક્ષુ છે" *

સઘળા ધર્મોમાં વખતના વહેવા સાથે ફેરફાર અને બગાડ થાય છે એ એક સિદ્ધ ગણાતી હકીકત છે. એક ધર્મનું ખરૂં સ્વરૂપ તે પાળનારી પ્રજાના રીવાજોથી પીછાની શકાતું નથી. પારસી કોમ આજે જે ધર્મ પાળે છે તે તેના મૂળ સ્થાપક પેગંબર સાહેબ અશો જરથોસ્ત સ્વિકારે કે? એક ધર્મની પરિક્ષા તેનાં પુસ્તકોમાં સમાયલી ફીલસુફી ઉપરથીજ થઈ શકે. હિંદુ અને ઇસ્લામી પ્રજાઓમાં હજારોની સંખ્યામાં સાધુઓ અને ફકીરો ઉભાઇ જાય છે, પણ તેઓ શુ આ ધર્મોની મોટાઈનો ખ્યાલ આપણને આપી શકશે? જો હિંદુ અને બુધ્ધિસ્ટ સાધુઓને લીધે એ બે ધર્મોને આપણે નિવૃત્તિ (Quietism) શીખવતા માનીએ તો ઇસ્લામી ફકીરોને લીધે તે મજહબને પણ આપણે એજ વર્ગમાં કાં નહીં મુકીએ? પણ સઘળા ધર્મોની ખરી મતલબ પ્રવૃત્તિમાં નિવૃત્તિ (દુન્યામાં વસવા છતાં સઘળા સ્વાર્થ અને અહંભાવનો ત્યાગ) પાળવાની છે. ઇન્સાને કાદવ અને પાણીમાં રહેવા છતાં કમળ ફુલની માફક શુધ્ધ રહેવાની જરૂર છે. આ ખરી મતલબ નહીં સમજવાને લીધે અર્થનો અનર્થ કરવામાં આવે છે.

ધ્યાન—સમાધી.

વળી (Meditation, Contemplation.) ધ્યાન, સમાધી વગેરે શબ્દોથી પારસીઓ ભડકી જાય છે, પણ યજશ્ને અને ગાથામાં અહુરમઝદ અને ગાથાઓ તરફ જે ફીદાગીરી દર્શાવી છે, તે ફીદાગીરી અહુરમઝદ "સાથે મળી જવાના વિચારમાં લીન" થયા વગર દેખાડી શકાય કે? એકાગ્ર ચીત્ત વગરની બંદગી શા ખપની? એકાગ્ર ચીત્ત વગર અહુરમઝદ સાથે મળવાની સરજત પાર પડે ખરી કે? પણ પારસીઓની જીંદગીમાંથી આ છેવટની સરજતનો ખ્યાલ નાબુદ થયો છે, અને તેથી આ હકીકત

---

* જુઓ શ્રી ધમ્મપદ, [illegible] મણિલાલ નભુભાઈ દોશી, બી. એ.

માત્ર કલ્પીત અથવા હસ્વા સરખી કે શેખી ભરેલીજ લાગે છે. યજશ્ને હા ૩૧ ફકરા ૮ માં પેગમબર સાહેબ કહે છે કે--

"જેઆરથી તુંને, (અએ હોરમઝદ !) (મારી) આંખમાં મેં રાખ્યો છે તેઆરથી હમેશાં સર્વથી પેહેલ્લો, પાક મનશ્નીથી પરસ્તેશ કરવા લાએક ભલાં મનનો પીતા, રાસ્તીનું ખરૂં મૂળ (તથા) આએ દુનીયાંનાં (તમામ) કામો ઉપર સાહેબી ભોગવનાર તરીકે, અએ હોરમઝદ! (મેં) તુંને ગણ્યો છે."

હવે કોઈબી અપક્ષપાત વાંચનાર જોઈ શકશે કે ઉપલી ઉંચી હાલત મનન કર્યા વગર અને ધ્યાનમાં બેસ્યા વગર કેવી રીતે આવી શકે? એ ઉપરાંત યજશ્ને હા ૩૪ ફકરા ૬ ઠામાં જરથોસ્ત સાહેબ દાદાર અહુરમજદ પાસે બશારત માંગે છે કે જેથી વધારે ભકતીભાવથી તેવણ પરસ્તેશ કરનાર થઇ શકે. હવે આવી બશારત ધ્યાન કર્યા વગર અને પોતાનાં હોશને દાદાર અહુરમઝદનાં હોશ સાથે એક કર્યા વગર કેમ થઈ શકે ?

"અગર જો (તુ) અએ હોરમઝદ ! ખરેખર એ પ્રમાણે રાસ્તી તથા નેક મનશ્નીને લીધે છે, (ઈઆને તું પોતે રાસ્તી તથા નેક મનશ્નીનું અલંકાર રૂપ છે) તો આએ દુનીયામાં (મારી) તમામ જીંદગી ગુજારવા બાબે એવી બેસારત કર જેથી વધારે ભકિતભાવથી તારી પરસ્તેશ કરનાર તથા તારી કીર્તિ ગાનાર તરીકે (હું) તારી નજદીક પોહોંચું."

ખ્રીસ્તી બાઇબલમાં વરીક "ધ્યાન ધરવા" (Meditation)ના ઈશારા જગેજગ છે. (જુઓ Genesis 24, 93, Psalms 4, 4; 16,14; 77,12; 116,67 વગેરે)

મી૦ પટેલના વધુ "ધખારા."

જરથોસ્તી ધર્મ માટેનાં પોતાનાં અજ્ઞાનપણાંનો આટલો પુરાવો આપ્યા પછી મી૦ પટેલ પાછા કેટલીક કલ્પીત વાતો રજુ કરે છે કે જેનો પાયો માત્ર તેમનાં મગજમાંના પેલા માનીતા શબ્દ "ધખારા" ઉપરજ રચાયલો છે. તેઓ જણાવે છે કે—

"વાસતે જે પારસીઓ જંગલોમાં ગામડાઓમાં અને બીજી એકાંત જગ્યાઓમાં સાધુ સન્યાસીઓની અને ગોસાંઇ બાવાઓ અને ફકીરોની ભકતી પુજા કરે છે તેઓ જરથોશ્તી ધરમના શીક્ષણોથી ઉલટાં વરતે છે. જેઓ એવા ખ્યાલમાં રહે છે કે પરવરદેગારને રાજી રાખવા માટે હંમેશાં ઉદાસ અને ગમગીન રહેવું અને દરેક જગતનાં સુખથી પરેજ રહેવું અને તેમ કરવાને માટે એકાદ જંગલ કે બીઆબાનમાં જઇ કોઇ સાધુસનયાસીના ચેલા થઈ રહેવું અને

સમાધી ચઢાવવી, તેઓ પોતાના ખ્યાલમાં આડે મારગે જાય છે, અને જરથોસ્તી પેગમબર સાહેબના મોતેબર શીક્ષણનું ગોયા ખુન કરે છે. જેઓ આનંદ સ્વરૂપે રહેતા હોય તેઓથી હોરમઝ્દ નારાજ થતો નથી."

કોઇપણ પારસી થીઑસૉફીસ્ટ દુન્યાદારી તજીને જંગલમાં જઇ રહ્યો નથી, કે કોઇએ સાધુસન્યાસી કે ફકીર ગોંસાઇની ભકિત પુંજા કીધી નથી. ઉલટું થીઑસૉફીકલ સોસાયટીની બહારના તેવા ગુમરાહ બનેલા પારસીઓ માટે મરહુમ મી૦ નશરવાનજી ફ. બીલીમોરીઆએ "મહાત્માઓની શોધમાં" એ નામનું ચોપાન્યું પ્રગટ કર્યું હતું, તે માટે આગળ અમે ઇશારો કરી ગયા છીએ.

જેઓ કર્મ યાને કરણીનો કાયદો બરોબર સમજે છે, તેઓને ઉદાસ કે ગમગીન રહેવાની જરૂર પડતી નથી. તેઓ સુખ કે દુઃખમાં એક સરખી શાંતીથી રહે છે, કે જે ખરો બીત્તરનો આનંદ છે, અને જે ખીલવવાનાં થીઑસૉફીના ઉમદા શિક્ષણોથી મી૦ પટેલ બેનસીબ છે.

મી૦ પટેલના ઉપર ટાંકેલા શબ્દો એક ધાર્મીક શિક્ષકની લાયકાતનો પુરાવો છે કે નહી તે ધર્મોની ફીલસુફીનો અભ્યાસ કરનારાઓ તરત કહી શકશે. સંસારી પુરૂષ દુઃખમાં શોકાતુર થઇ જઇ સુખમાં છલકાઇ જનારો હોય છે, જ્યારે યોગ વિદ્યા કહે છે કેઃ—

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिर बुद्धिरसंमूढो ब्रह्मविद्ब्रह्मणी स्थित ॥

"ચાહેલી ચીજ મળવાથી હરખાતો નથી, અને અણગમતી ચીજ આવી પડે છે તો તેથી દલગીર થતો નથી, બુધ્ધિ જરા ડગતી નથી, મોહથી એટલે અજ્ઞાનથી ભોળવાતો નથી, એવો જે માણસ બ્રહ્મને જાણનારો છે, તે બ્રહ્મમાંજ રહેલો છે."

--શ્રીમદ્ ભગવદ ગીતા, ૫—૨૦

મી૦ પટેલે એક સંસારી માણસનો ચીતાર આપ્યો છે. પણ ખોદાશનાશીની રાહે ચાલનારને સંસારમાં એકસાન હાલત રાખતાં શીખવું પડે છે. યજશ્ને હા. ૫૧ ફકરા ૧૮ માં કહે છે કે–

"જે કાંઈ તુંને ખુશાલી આપનાર (હોએ) તે, અએ હોરમઝ્દ! મને તું આપ."

હવે ખોદાશનાશીનો દરેક અભ્યાસી જાણે છે કે ખરી ખુશાલી મનની એકસાન હાલતમાં છે, મનની બદલાતી હાલત ખુશાલી ભરેલી

નહી પણ દુ:ખ ભરેલી છે, માટે ઉપલા ફકરા પ્રમાણે ખુલ્લું માલમ પડે છે કે જરથુસ્ત્ર સાહેબ દાદાર અહુરમઝદનાં જેવી મનની એકસાન હાલત જે ખરી ખુશાલી ભરેલી છે તે માંગે છે, ત્યારે મી૦ પટેલ ઉપલી હાલતને જરથોસ્તી શિક્ષણથી ઉલટી કહે છે. હવે ખરૂં કોણ?

"મૅડ હાઉસ" નો હવાલો!

આગળ ચાલતાં મી૦ પટેલ જણાવે છે કે—

"જરથોશ્તી ધર્મની બાતેનની અથવા ગુપત ફીલસુફીને હદ બહાર વજન થીઓસોફીસ્ટો અને સાહેબ દેલાંન ટોળાવાળાઓ આપે છે, અને કહે છે કે મીનોઈ લાયકાતો મેળવવા તેમ કરવું ઘણું જરૂરનું છે. પણ મારા નાકેશ વીચાર મુજબ મીનોઈ લાયકાતો મેળવવાને બદલે મેડ હાઉસની લાયકાતો મેળવવાનો સંભવ વધારે છે."

થીઑસૉફીકલ સોસાયટીની શરૂઆતમાં પારસી થીઑસૉફીસ્ટોની ભલી નેમ નહીં સમજવાની તેમને "ધસેલા" "ચક્રમ" વગેરે એલ્કાબો મળતા હતા. આજે વખત ફેરવાયો છે. જરથોસ્તી ધર્મની અને પારસી કોમની જે સેવા આ હીણાયલા વર્ગે કરી દેખાડી છે, તેથી કોમનો સમજુ વર્ગ તેઓ તરફ માનની નજરથી જુએ છે. પણ મી૦ પટેલ જમાનાને ખરનું ગ્નાન કે સમજ ધરાવવાને બદલે પા સદી પાછળ હઠે છે, અને પારસી થીઑસૉફીસ્ટોએ જરથોસ્તી મજહબની બાતેન ફીલસુફીને "હદ બહાર વજન" આપવા માટે તેમને "મેડ હાઉસની લાયકાતો" ધરાવના ગણે છે! તેઓ જરથોસ્તી ધર્મની બાતેન ફીલસુફીની હદ કયાં દોરે છે તે જણાવવાના અખાડા કરી ગયા છે! પોતાનાં આખાં ભાષાણુમાં હાથ ધરેલા મુળ વિષય માટે કશી સમજ આપવાને બદલે, નહી લાગે વળગે તેની ભળતી બાબદો ઘુસાડી દઇ માત્ર થીઑસૉફીકલ સોસાયટી અને ઍક્મેક્ષનુમ મંડળની સામે ન છાજતા ટીકા કરવા સિવાય વધુ તેવણે કશું કર્યું નથી. પણ અમે તેમને ખાત્રી આપીશું કે જેઓ થીઑસૉફીનાં શિક્ષણ મુજબ પવિત્ર જીંદગી ગુજારવાની કોશેશ કરે છે, તેમનાંમાં "મેડ હાઉસની લાયકાતો" ખીલવાનો ભય અત્યાર સુધી ઉત્પન થયો નથી, અને હવે પછી ઉત્પન્ન થવાનો ભય જણાતો નથી.

મી૦ પટેલે જો શાહનામું વાંચવાની તસ્દી લીધી હતે તો ગોશે-નશીનો, ભુકિત, સમાધી, યોગ વગેરે માટે તેઓ બેહુદા વિચારો દર્શાવતે નહી. પાદશાહ કયખુસરોની અમર્ગીનો અને ગોશેનશીનીનો બનાવ, પાદ-

શાહ લોહરારપે તાજોતખ્ત છોડી દઇ ત્રીસ વર્ષ સુધી બલ્ખ શહેરમાં નૌબહાર નામનાં આતશકદેહમાં બંદગીમાં જીંદગી ગુજારી તે બનાવ, બુન્દહેશમાં જણાવેલો કેરશારપની "સમાધી"નો, બનાવ * વગેરે શું દેખાડે છે? પારસી થીઑસૉફીસ્ટો જો આજના પારસી ટોળાની બદબખ્તી તરફ દોરવી જનારી મોજીલી જીંદગીથી દુર થઇ અસલી ખાલેસ ઇરાની તરીકત પર ચાલવાની અદના કોશેશ કરતા હોય, તો તે કોશેશ કોમને નુકસાનકારક નહીં, પણ કોમને દીપાવનારી ગણાવી જોઇએ. દુન્યાઇ સુખ તકલીફી છે, એ તો કોઇબી ઇન્સાન કબુલ કરશે; ત્યારે સંસારનાં બંધનમાં રહી ફરજનું કરજ અદા કરવા ઉપરાંત મીનોઇ માર્ગ ઉપર ચાલવાની ગમે તેવી કમીની કોશેશ ઉત્તેજનને બદલે ટકોરને લાયક શા માટે ગણાવી જોઇએ?

"ખડખડ હસ્વા"ની લૉજીક!

મી૦ પટેલ પોતાનાં અનુપમ જ્ઞાનનો વધુ નમુનો આપણને હજી આગળ ચાલતાં પુરો પાડે છે, અને સઘળી કોમોમાં ચાલતી આવેલી એક માન્યતા તરફ તેમને "ખડખડ હસવું" આવે છે! તેઓ જણાવે છે કે—

"આપણને ઈલ્મે ક્ષનુમવાળાઓ તરફથી એમ કહેવામાં આવે છે કે જરથોસ્તી ધર્મની ગુપ્ત રીલસુફીનું જ્ઞાન તો ગોફાઓમાં વાસો કીધેલા ઉસ્તાદોજ ધરાવે છે કે જે તે ઉસ્તાદ સાહેબોની મહેરબાનીથી ચોકસ તરીકતો અમલમાં મુકનારા તેઓના ચેલાઓજ મેળવી શકે, ત્યારે આપણને ખડખડ હસુ આવ્યા વગર રહેતું નથી. આપણને કહેવામાં આવે છે કે એ ગોફેનસીન થયેલા ઉસ્તાદોના ઉસ્તાદ "સરોષાવરેજ મરઝબાન" હતા. એ મરઝબાન કયા જમાનામાં થઇ ગયો? એ ગોફેનસીન ઉસતાદો તેરસો વરસ વેર કેવી રીતે અનદીઠ રહી શકયા? આ તો "હાંક સુલેમાન ગાલ્લુ અલા સચા હય" તેવું લાગે છે. અફસોસ છે કે માત્ર અભણ પારસીઓજ નહી પણ કેટલાંક યુનીવરસીટીની ચઢતી કેળવણી પામેલા પારસીઓ આવી વાહીયાત વાતો થોડું ક ઉપર માનતા મનાવતા હતા. એ દેખાડે છે કે આપણી કોમ કેટલી હદે ભોળી (credulous) છે."

માત્ર એકલા મી૦ પટેલ ડાહ્યા છે, અને જે "ગોકળ ગાયના કોઠલાં" (મુંબઇ)માં તેઓ વસે છે, તેની બહાર દુન્યામાં કશુંજ નથી, એવાં પોતાનાં જ્ઞાન ઉપર તેઓ "ખડખડ" હસે છે! પણ હિમાલય પહાડની "ઍવરેસ્ટ" ટોચની શોધખોળ કરવા ગયલી ટોળકીમાંના મેજર કોસે

---

* જુઓ બુન્દેહશ; બાબ ૨૯; અવસ્તાનાં વિશેષ નામોની ફરહંગ, પાનું ૬૧ કર્તા ડૉ૦ જીવનજી જ. મોદી.

જાહેર કીધેલી પેલા હિમાલય ઉપરના સાધુની વાતનું કેમ? આ મેંજર ફ્રેંસની હકીકત "ટાઇમ્સ ઑવ ઇન્ડીઆ"માં વાંચતી વખતે પણ મી૦ પટેલને "ખડખડ હસવું" આવ્યું હતું કે? * ગોફ્નશીનો અને મહાત્માઓની હસ્તી અને તેઓનાં જ્ઞાન વિષે દુન્યાની કઈ કોમ બેખબર છે? આપણી આસપાસ નજર આગળ બનતા બનાવો સિવાય બીજું કાંઇ ખરું હોઈ શકે નહીં એમ માનવું, અને તે માટે બીન તાસુબીથી, ખુલ્લાં મનથી જુસ્તેજો કરવાને બદલે તેવી હકીકતો તરફ "ખડખડ હસવું" એ જડ મગજની, અજ્ઞાનપણાંની નિશાન છે. જ્ઞાનનો ખરો માર્ગ મેજર ફ્રૅસના જેવો અનુભવ મેળવવાની કોશેશ કરવામાં, યા પોતાનાં અજ્ઞાનપણાંનો સ્વિકાર કરી ચુપકીદી પકડવામાં સમાયલો છે. મી૦ પટેલને હિમાલય સુધી જવાની પણ જરૂર નથી; મુંબઇની નજદીકમાં ધારાપુરીના ગુફાઓ (Elephanta Caves) આવી હસ્તીઓનો કાંઇક ઝાંખો ખ્યાલ આપી શકે તેમ છે. જેઓમાં અવલોકન કરવાની શકિત હશે અને ભૂતકાળનાં ભીત્તરમાં પેવસ થવા જેવી તિક્ષ્ણ કલ્પના શકિત્ત હશે, તેઓ આ "મુંગા" પથરોમાંથી ઘણું સમજી શકશે.

મી૦ પટેલ ખોરશેદ નિયાએશમાં જણાવેલા "ગેતીના યઝદો" (ગએથીમ યઝતેમ) માટે કાંઇ ખોલાસો કરશે? વળી શાહનામાંમાં જણાવેલા સીમૉર્ગ, હોમ વગેરે આમેદો "ગોફ્નશીનો" નહીં તો કોણ હતા? પાદશાહ કયખુસરોનું ગુમ થઇ જવું શું દેખાડે છે?

જાનફેશાની—એક ગુનાહ!

પણ ગોફ્નશીનોની હસ્તી તરફ "ખડખડ" હસનારા મી૦ પટેલ જ્યારે નીચલી દલીલ રજુ કરે છે, ત્યારે તેમની આ "લોજીક" તરફ "ખડખડ હસવું" કે રડવું તે સમજી શકાતું નથી.

'જો કેળવાયલા પારસીઓ આટલા ભોળા હોય અને આવી વાહીયાત વાતો માને તો પછી ગુજરાતના ગામડાંઓના ગરીબ અભણ પારસી નરનારીઓ કહેવાતા સાધુસંતોના ભોગ થઈ પડી ધુણવા માંડે અને બાંયા દેવીની બકતી પુજા કરે તેમાં શી નવાઇ? આ અફસોસકારક હાલત જરથોસ્તી ધર્મ તરફની હદ બહારની જાન ફેસાનીનું પરીણામ છે.'

સાદી સમજ ધરાવનારો કયો જરથોસ્તી એમ કબુલ કરશે કે જરથોસ્તી ધર્મ તરફની "હદ બહાર જાનફેશાની" કોઇપણ માણસને સાધુસંતોના ભોગ બનાવે યા બાંયા દેવીની પુજા કરતાં શીખવે? જો ધર્મ

* આ હકીકત આ બાબદને છેડે દાખલ કરવામાં આવી છે.

તરફની હદબહાર જાનફેશાનીનું પરિણામ કાંઇ પણ હોય તો તે એટલુંજ કે ધર્મના રીવાજો અને તરિકતો તથા ક્રિયાકામો તરફ હદબહાર વળાણ અને ખેંચાણ રહે, અને જુદદીન ભકિત પુંજા તરફ અણગમો અને અભાવ રહે. માત્ર દુન્યવિ સ્વાર્થ અને અજ્ઞાનપણું અને ખોદાતાલા તરફનો અવિશ્વાસ સાધુસંતોની અને દેવીઓની પુંજા તરફ દોરવે છે. જેઓ ધુણવાની બદી તરફ અને આવા વહેમો તરફ ખેંચાએલાં હોય છે, તેઓમાંનો કોઇ પણ તેને ધર્મ તરફની ફરજ ગણીને તેમ કરે છે, એમ કહેવું સર્ફ અજ્ઞાનપણું છે. જેઓને જરથોસ્તી ક્રિયા બંદગી અને તરિકતો ઉપર, ખોદાતાલાની મહાન શકિત ઉપર, આપણે પોતાને હાથે ઘડેલી આપણી સરજત ઉપર વિશ્વાસ નથી, તેઓજ માત્ર પોતાના કોઇ સ્વાર્થનેજ ખાતર ધર્મને તજી આવી હલકી પુંજા ઉપર ઉતરી પડે છે. આટલું જો મી૦ પટેલ સમજી નહી શકે તો એક ભાષાણકર્તા તરીકે જાહેરમાં આવવા અગાઉ સાદી "લૉજીક"નું શિક્ષણ લેવાની તેમને હજી જરૂર છે.

તેમની આ "લૉજીક"નો વિસ્તારપૂર્વક નમુનો હજી આગળ આપણને મળે છે. તેઓ જણાવે છે કે—

"જે જરથોશ્તીઓ આપણા મજહબ ઉપર સંપુરણ જાનફેસાની દેખાડે અને એતેકાદ ધરાવે તેઓ સદા આપણા માનને લાયકના ગણાવા જોઇએ. પણ દરેક ચીજની હંમેશા હદ હોય છે, અને ધરમ ઉપરની જાનફેસાની એટલી હદે લઇ જવામાં આવી હોય કે તે ધીકારવા જોગ વહેમો તરીકતો અને ક્રીયાઓ ઉત્પન્ન કરે તો તેવી ધારમીક જાનફેસાણી ધર્મને અને કોમને મોટું નુકસાન કર્યા વગર રહે નહી. ભલા અને ભોળા થીયોસોફીસટો આજ ભુલ કરે છે."

મી૦ પટેલ "ધર્મ તરફની જાનફેશાની"-સંપુર્ણ જાનફેશાની શબ્દો વાપરે છે, અને પછી તેની હદ દોરવા ચાહે છે. તે હદ પણ કયાં દોરવી તે જણાવવાના તેઓ અખાડા કરી જાય છે, એટલે મોઘમમાં એમ સમજવું કે દરેક જરથોસ્તીએ પોતાના સુખ સગવડ પ્રમાણે ધર્મ તરફની સંપુર્ણ જાનફેશાનીની હદ દોરી લેવી. ધીકકારવા જોગ વહેમો, તરીકતો અને ક્રિયાઓને ધર્મમાં સ્થાનજ નથી. તે તો અજ્ઞાનપણાનું ફળ છે. ધર્મ તરફની જાનફેશાની કદી પણ વહેમો તરફ દોરવતી નથી,—તે ખોદા ઉપરની સંપુર્ણ શ્રદ્ધા તરફ દોરવે છે, અને તેથી તેની સાથે સ્વાર્થ જોડાયલો રહેતો નથી. માત્ર સ્વાર્થનેજ ખાતર વહેમોને વશ થવું પડે છે,—અને

સ્વાર્થને ધર્મ તરફની જાનફેશાની સાથે વેર છે. જ્યાં સ્વાર્થ હોય ત્યાં જાનફેશાની—જાનીભોગ હોયજ ક્યાંથી? જાનફેશાનીનો ખરો ખ્યાલ ગાથામાં આપણને નીચે મુજબ મળે છે:—

"જરથોશ્ત પોતાનાં તનનો જાન તથા નેક મનશ્નીની ઉત્તમતા હોરમઝદને માટે ફીદા કરે છે, તેમજ પોતાનાં કામની સત્તા તથા દીનનાં કલામ માટેની તાબેદારી રાસ્તીને ખાતર ફીદા કરે છે."—યજશ્ને, ૩૩—૧૪.

વળી પતેત પશેમાનીમાં તનની ફીદાગીરી નીચલા શબ્દોમાં દર્શાવી છે, તે પણ જાનીભોગનો કાંઇક ખ્યાલ આપે છે:—

"અંદરનો (તથા) બહારનો ખજાનો જે મારી પાસે છ (તે), યઝદાંની ખેશીને લીધે હું રાખું છું, યઝદાંની ખેશીથી રાખુ તે એ છે કે, અગર જો કોઈ ચીજ એવી બને, (જેથી) આએ (મારાં) તનને (મારાં) રવાનને માટે આપવું પડે (તો) હું આપું."

કોઇ પણ પારસી થીઑસૉફીસ્ટ અશો જરથોસ્ત સાહેબના જેવી ફીદાગીરી દેખાડવાને ભાગ્યશાળી થયલો હોવાનો દાવો કરતો નથી, ત્યારે "હદ બહાર જાનફેશાની"નો સવાલજ ક્યાં રહ્યો! જો અશો જરથોસ્ત સાહેબની ફીદાગીરી આગળ હદ દોરાતી હોય તો મી૦ પટેલને કબુલ કરવાની ફરજજ પડશે કે પારસી થીઑસૉફીસ્ટો તે હદ ઓળંગી જવા પામ્યા નથીજ.

આ એક દાખલો મી૦ પટેલને અવિચારીપણે જુસ્સા (impulse)થી દોરવાઇ ગયલા સાબેત કરે છે. એક ભાષાણુ કરતી વખતે અગાઉથી વિચાર કરી પોતાના વિષયની નોંધો તૈયાર કરવાની જવાબદારી મી૦ પટેલ બરોબર સમજતા હોવા જોઇએ. પોતાનાં અનુમાનો જે મૂળ કારણોમાંથી ઉત્પન થતાં હોય તે કારણો અને અનુમાનો કાંઇજ નહીં તો સાદી સમજ અને વિવેક બુધ્ધિની કસોટીમાંથી પસાર થવાં જોઇએ. સઘળી ચીજોમાંથી જે સારૂં મળતુ હોય તે ગ્રહણ કરવાની બુદ્ધિ ન હોય તો કોઇ ચીજમાં બુરૂં જોવા અગાઉ તે ખરેખર બુરૂં છે કે પોતાની સમજ શકિતની કોતાહીને લીધે તે તેવું દેખાય છે, તે માટે પહેલાં પોતાની—પોતાનાં જ્ઞાનની, પોતાની લાયકાતની—કસોટી કરવાની જરૂર છે. જે વિષય માટે પોતાને સંપૂર્ણ જ્ઞાન ન હોય તે વિષય ઉપર માત્ર લોક પ્રસંશા મેળવવા માટે લાગણી (impulse)થી જે ગમે તે બોલી દેવાથી જેમને ખરૂં જ્ઞાન નથી તેઓ ઘડીભર વાખવાખી કરે, પણ સમજદારોની નજરમાં તેવી વાકચાતુરી માત્ર દેષભાવી અને હસીને લાયક થઇ પડે છે.

મી૰ પટેલના "હદબહાર" ધખારાઓ

પોતાનાં ભાષાણને છેડે આવતાં લાગણીથી દોરવાતા જઇ મી૰ પટેલ સાદી સમજથી પણ છેક વેગળા જાય છે, અને તેમ કરી તેઓ સચાઇનું ખુન કરે છે. ઉપર ટાંકેલા વાકયોની જોડે જોડ તેઓ નીચલા વિચારો દર્શાવે છેઃ—

"જરથોશ્તી ધરમમાં પુતલાંઓ અને ચીત્રોની પુંજા કરવાની મનાઇ છે. રાજીખુશીથી ગરીબાઇ અખત્યાર કરવાની મનાઇ છે. તેમજ અપવાસ કુંવારાપણું અને સાધુ સન્યાસીપણાની પણ મનાઈ છે.'

કયા થીઑસૉફીસ્ટો પુતળાં અને ચીત્રોની "પુંજા" કરે છે? અને થીઑસૉફીકલ સોસાયટીની બહાર અસલી વિચારના ઉંડો ભકિતભાવ ધરાવનારા જરથોસ્તીઓ અશો જરથોશ્ત સાહેબની તસ્વીરને નમન કરે છે તેનું કેમ! વળી સુધરેલા વિચારના જરથોસ્તીઓ પોતાનાં ગુજર પામેલાં વહાલાંઓની તસ્વીર તરફ માન અને ભકિતભાવ દેખાડે છે તેનું કેમ? ત્યાં શું તેઓ તે ચિત્ર અને ફ્રેમને પુજે છે? સઘળે ઠેકાણે મનને અસલ તરફ દોરવવા માટે એક દેખીતા આકારને માત્ર સાધન તરીકે ગણવામાં આવતો નથી? મૂળ નેમ શી છે? જો આ તકરારનાં ઉંડાણમાં ઉતરવા જઇએ તો તમામ દુન્યા મુર્તિપુંજક ઠરશે.

પણ "રાજીખુશીથી ગરીબાઇ અખ્ત્યાર કરવા"ની મતલબ શી? કયા પારસી થીઑસૉફીસ્ટે પોતાની જાહોજલાલીને ઠોકરે મારી ફકીરી અખ્ત્યાર કીધી છે? તવંગરી અને ગરીબીનો અખ્ત્યાર જો સંપૂર્ણ રીતે ઇન્સાનનાજ હાથમાં હોય તો રાતદીન રંજ ઉડાવનાર પ્રમાણીક નીતિમાન માણસો બાજે વખત કંગાલ્યતમાંજ જીંદગી પુરી કરે છે તેમ નહી થાત. અને જો ગરીબીમાં પ્રમાણીકપણે જીંદગી ગુજારવાથી અહુરમઝદની નજરમાં "બુલંદ દરજજો" મળતો હોય તો તેવી ગરીબી અખ્ત્યાર કરવામાં પાપ શું છે?

"અએ હોરમઝદ! ખચીત તારી પાદશાહી એવી છે કે જેથી નેક જીંદગી ગુજારનાર ગરીબ માણસને તેની નેકીના બદલામાં તું બુલંદ દરજજો બખ્શે છે."

—યજશ્ને, ૫૩—૯

મી૰ પટેલ દુન્યાદારી અને ધર્મ વચ્ચેનો તફાવત વટીક સમજતા જણાતા નથી. દુન્યાદારી દોલતમાં તવંગરી સમજે છે, ધર્મ દીલની તવંગરીને વજન આપે છે. જરથોસ્તી ધર્મમાં "રાજીખુશીથી ગરીબાઇ અખ્ત્યાર

કરવાની મનાઇ છે," તેનો એક પણ પુરાવો આપ્યા વગર એક તદ્દન ગલત હકીકત ધર્મને ગળે ઓળગવવાની પોતાની જવાબદારી મી૦ પટેલ સમજે છે કે ?

ગરીબી અને તવંગરી, કુંવારાપણું, સાધુ સન્યાસીપણું વગેરે બાબદોની માણસની સરજતનો ભેદ જો મી૦ પટેલે સમજવો હોય તો જ્યોતિષ વિદ્યાનો અભ્યાસ કરવાની અમે તેમને ભલામણ કરીશું.

"દરિદ્રી યોગ"માં જન્મેલો એક માણસ રાત દીન ગમે એવી સખ્ત રંજ ઉઠાવે છે, છતાં તેની જીંદગી કંગાળપતમાંજ પુરી થાય છે, તેનો સબબ શો ? અયાસીપણે જીંદગી ગુજારનાર કાંઇક માણસો "નસીબના ખેલ"થી કરોડપતી થવા પામે છે, તેનો ભેદ શો હશે ?

પારસી થીઓસૉફીસ્ટોમાંના કોઇ જો કાંઇ જાહોજલાલી ભોગવતા હોય તો તેઓ સારી રીતે સમજે છે કે તેવી જાહોજલાલી તજી દઇ "રાજીખુશીથી ગરીબાઇ અખત્યાર કરવા"ને બદલે ઇન્સાન જાતનાં ભલાંને ખાતર તેનો ઉપયોગ કરવો વધારે ડહાપણ ભર્યું અને થીઓસૉફીની મૂળ નેમને બંધબેસતું થઇ પડે.

અપવાસ.

જરથોસ્તી ધર્મમાં અપવાસની મનાઇ છે, અને તેના ટેકામાં મી૦ પટેલ કોઇ જરમન "દસ્તુર"નો આધાર રજુ કરે છે, કારણ **અવસ્તા**-માંથી તેવો કશો આધાર તેમને મળ્યો નથી. મી૦ પટેલના આ જરમન "દસ્તુર" ડૉ૦ સી. પી. ટી. એલ. પોતાની "ઇરાની લોકનો ધર્મ" નામની ચોપડીમાં જણાવે છે કે—

"જરથોસ્તી ધર્મમાં અપવાસ કરવાની મનાઇ છે. જમીનની ખેતી કરે અને ડાહ્યા દીકરાઓ પેદા કરે એવા પુષ્ટીકારક ખોરાકનો આહાર કીધેલા જોરાવર માણસોની દુન્યાને જરૂર છે."

ઉપલા ફતવા ઉપર અમે કશી ટીકા કરવાની જરૂર જોતા નથી. પણ જરથોસ્તી ધર્મ પુસ્તકો ઉલટીજ ગવાહી પુરે છે. **વંદીદાદની** ૧૩ મી પરગર્દના ૪૫ માં ફકરામાં કુતરાની ખાસ્યત વર્ણવતાં તેને આથ્રવનની માફક અંદાજાસર ખોરાક ખાનાર જણાવ્યો છે. **બુન્દેહશના** ૩૦ માં બાબનો પહેલોજ ફકરો નીચે મુજબ છે.

"દીનમાં કહે છે કે, જેમ મશી અને મશ્યાની જેઓ જમીનમાંથી ઉગી (એટલે પ્રગટી) નીકળ્યાં હતાં, તેઓ પહેલે પાણી, અને પછી બાજી પાલો, પછી દુધ અને પછી માંસનો ખોરાક ખાતાં,તેમ માણસો પણ જયારે તેઓનો મરવાનો વખત પહોંચે છે, ત્યારે પહેલે માંસ પછી દુધ તે પછી રોટી ખાધા ઉપર રહે છે. તે ત્યાં સુધી કે જયારે તેઓ મરણ પામે છે ત્યારે હંમેશાં પાણીનોજ ખોરાક ખાઇ રહે છે. વળી એજ મુજબ હોશેદર માહના હજારામાં

જ્યારે તેઓનો મરવાનો વખત પહોંચે છે, ત્યારે પહેલે માંસ પછી દુધ ને પછી રોટી ખાધા ઉપર રહે છે. તે ત્યાં સુધી કે જ્યારે તેઓ મરણ પામે છે ત્યારે હમેશાં પાણીનોજ ખોરાક ખાઇ રહે છે. વળી એજ મુજબ હોશેદર માહના હજારામાં (ખાધાની) મરજીની શક્તિ એ મુજબ કમતી થશે કે જ્યારે માણસો એક ખાધા ઉપર ત્રણ દિવસ અને રાત સંતોષ સાથે રહેશે. પછી માંસના ખોરાકથી દુર રહેશે, (અને) તરકારી દુધ ખાશે. તે પછી દુધના ખોરાકથી દુર રહેશે, તરકારીના ખોરાકથી દુર રહેશે, (અને ફક્ત) પાણીના ખોરાકપર રહેશે. સોશ્યોશ આવશે તેની દશ વરસ આગમચથી વગર ખોરાકે રહેશે (અને તેથી) મરી જશે નહી."

જમ્યાદ યશ્તના ૮૯ માં ફકરામાં પણ સોશ્યોશની આમદ વખતે "ખોરદાદ તથા અમરદાદ ભૂખ તથા તરસ બેહુને મારશે," એમ જણાવે છે. ત્યારે જરથોસ્તી ધર્મનો ફતવો તેનાં ધર્મ પુસ્તકોમાં અપાયલો તે ખરો ગણવો, કે ઉપલા જરમન "દસ્તુર" જે હવસી ફતવો આપે છે તે ખરો ગણવો? જરથોસ્તી ધર્મના અશોઇના નિયમને અનુસરતો ફતવો કયો?

ફારસી જરથોશતનામાં મુજબ અશો જરથોસ્તને પાદશાહ ગુસ્તાસ્પે બંદીખાને નાખ્યા પછી તે પુઝોર્મવારે તમામ ખોરાક તર્ક કીધો હતો અને રાતદીન બંદગીમાંજ મશ્ગુલ રહ્યા હતા. આ અપવાસનું કામ મી૦ પટેલની નજરમાં ગુનાહભર્યું ગણાય કે?

આત્માની ઉન્નતી માટે અને જન સેવા માટે શરીરને તનદુરોસ્ત રાખવાની જરૂર જેટલી થીઑસૉફીસ્ટો સમજે છે, તેટલી મી૦ પટેલ અને તેમના જરમન "દસ્તુર" ભાગ્યેજ સમજતા હોય. જો સોશ્યોશની આમદ વખતે પવિત્રાઇના જમાનાની ફરી સ્થાપના થવાની દશ વર્ષ અગાઉથી માણસો "વગર ખોરાક રહેશે," તેમાં જરથોસ્તી ધર્મ કશું ખોટું જોતો ન હોય, તો પછી અપવાસની "મનાઇ"માં સચાઈ કયાં છે?

પણ ધર્મને બાજુએ રાખનાં આજે સાયન્સની રૂયે યુરોપ અને અમેરિકા જેવા આગળ વધેલા દેશોમાં શું થાય છે? આ બંને દેશોમાં અપવાસના ફાયદા માટે બહાર પડેલાં બહોળાં સાહિત્ય તરફ મી૦ પટેલનું ધ્યાન ખેંચાયુ છે કે? તેવા અપવાસનો અનુભવ મેળવી તેની શરીર અને મન ઉપર થતી અસરો તેમણે તપાસી જોઇ છે કે? શરીર અને મનના અસંખ્ય રોગોને દુર કરી બંનેને નિર્મળ અને શુદ્ધ બનાવવામાં અપવાસ

જે કામ કરે છે તે માટે સંખ્યાબંધ પુસ્તકો લખાયાં છે,* તેમાંના થોડાં પણ વાંચીને પછી કાંઇ મત આપવાનું ડહાપણ દેખાડવાની અમે મી૰ પટેલને સુચના કરીએ છીએ.×

કુંવારાપણું.

જે ટીકા મરીબાઇને લાગુ પડે છે તેજ આ બાબતને પણ લાગુ પડે છે. થીઑસૉફીકલ સોસાયટીની બહાર સંખ્યાબંધ પારસી મરદો અને ઓરતો કુંવારી જીંદગી ગુજારે છે, તે માટે કોણને જવાબદાર ગણવાં? વળી સંખ્યાબંધ મરદો અને ઓરતો સંસારમાં જોડાવાની આતુર ખાહેશ ધરાવવા છતાં અનેક જુદા જુદા સબબોસર પોતાની ખાહેશ બર લાવી શકતાં નથી, અને કુંવારાપણામાં તેમની જીંદગી પુરી થાય છે, તેનો ભેદ શો? તેજ પ્રમાણે કુંવારાં રહેવાનો મક્કમ ઠરાવ દર્શાવનારાં કાંઇક મરદ ઓરતો એક પળમાં ફેરવાઇ જઇ સંસારમાં જોડાય છે, તેનો સબબ શો? મી૰ પટેલ આવા વિષયોના સંબંધમાં જાતે જ્યોતિષ વિદ્યાનો ઉંડો અભ્યાસ કરે તો કહાણી કીસ્સાને વીસરાવે એવા ઇન્સાનની જીંદગીના ભેદો તેમની નજરે ખુલા થશે, અને માણુસ જાતનાં કર્મો કેવી રીતે કાર્ય કરે છે, તેનું ફળ કેવી અચુક રીતે મળે છે, તે માટેના કુદરતના કાયદાઓનો ઉંચો ખ્યાલ તેમને મળી શકશે.

અહીં હવે આપણું કામ પુરૂં થાય છે. મી૰ પટેલના ટીકાઓનો ઘટતો જવાબ આપવાની અને તે માટે ધર્મને લગતા, સાદી સમજને અનુસરતા પુરાવાઓ રજુ કરવાની અમે બનતી કોશેશ કીધી છે. કોઇ પણ જાતના વિવેકી ટીકા સત્યને જાહેર કરવાને અને જ્ઞાનના માર્ગને ખુલ્લો કરવાને ઉપયોગી થઇ પડે છે. પારસી થીઑસૉફીસ્ટો સામે કે થીઑસૉફીકલ સોસાયટી સામે જાહેરમાં થતા ટીકા હંમેશા આવકારદાયક થઇ પડે છે, કારણ તેથી જાહેરનું ધ્યાન એ મંડળી તરફ ખેંચાય છે, અને તેના પરિણામમાં કાંઇક લાયક જીવો એ મંડળીમાં જોડાવા પામે છે.

મી૰ પટેલનાં આ વિષય ઉપરનાં ભાષાણો જેઓએ ધ્યાનથી વાંચ્યાં હશે તેઓ સમજી શકશે કે મુળ બાબતથી તેઓ વેગળા નીકળી

---

* જુઓ મી૰ બી પી. માડનનું પ્રાઇસ લીસ્ટ

× જુઓ The Royal Road to Health.
Macfadden's Encyclopædia of Physical Culture.
Perfect Health.
Fasting and Man's Correct Diet.
The No-Breakfast Plan.

ગયા છે, અને ભળતી બાબદોને તેવણે પોતાના ભાષાણમાં ઘુસાડી દીધી છે. આ ભાષાણ સંગીન અભ્યાસનું પરિણામ તો નથીજ, તે માત્ર જુસ્સા (impulse)નું પરિણામ છે. પારસી થીઑસૉફીસ્ટોનાં ભાષાણો માટે મી॰ પટેલ ફર્યાદ કરે છે, પણ તે ભાષાણો કાંઇ સંગીન બાબદો ઉપર ઘટતા પુરાવાઓ સાથે અભ્યાસીઓ તરફથીજ થાય છે. જ્યારે થીઑસૉફીકલ સોસાયટીની બહારના કેટલાક પારસી ભાષાણકર્તાઓ માટે જાહેર છાપાને પણ હવે નુકતેચીની કરવાની ફરજ પડી છે કે તેઓ કાંઇ સંગીન બાબદો રજુ કરવાને બદલે "તાગી પડાવવાનો" વધુ શોખ રાખે છે. વળી ઘણીક વાર આપણને એવા ભાષાણકર્તાઓ અને ટીકાકારો સાથે કામ પડે છે કે જેઓને ગયા ઑગસ્ટ માસનાં "બ્રીટીશ જર્નલ ઑવ ઍસ્ટ્રોલોજી" (British Journal of Astrology)માં જણાવેલા નીચલા ટીકા બરોબર લાગુ પડે છે:—

"There are people who believe in nothing that requires some effort to learn. People who know everything, and will give advice and criticism on things and subjects that they know nothing about."

"કેટલાંક એવાં લોકો છે કે જેઓ, જે બાબદ શીખવા માટે કોશેશ કરવી પડે છે, તેવી બાબદોમાં માનતાજ નથી. વળી કેટલાક લોકો એવાં છે કે જેઓ પોતે જે બાબદો કે શોને વિષે કશું જાણતા ન હોય તે વિષે સઘળું જાણવાનું ડોળ ઘાલે છે, અને તેવી સઘળી બાબદોપર સલાહ આપે છે, અને ટીકા કરે છે."

મેડમ બ્લાવાટસ્કીના ગુરૂ.

સચાઇ પોતાની મેળે સિદ્ધ થાય છે (Truth justifies itself) એ બીના કોઇ ના પાડી શકશે નહીં. માણસ જાતને મીનોઇ રાહ ઉપર મુકવની થીઑસોફીકલ સોસાયટીની કોશેશ તરફ હજી પણ કાંઇક લોકો રમુજ, ટકોર અને શકની નજરે જુએ છે. અને આ દુન્યામાં હસ્તી ધરાવનારા ઘણા આગળ વધેલા અમર (જીવનમુક્ત) ગોશેનશીન યોગીઓ તરફથી મેડમ બ્લાવાટસ્કી એક મહાન મીનોઈ કામ બજાવવા માટે બહાર પડયાં હતાં એ હકીકતને હજી ઘણાકો ઠગાઇ ભરી લેખે છે. પણ સચાઇ મોડે વહેલે અચુક રીતે પુરવાર થાય છે, અને થીઑસૉફીકલ સોસાયટીની અરધી સદીની હૈયાતી પછી મેડમ બ્લાવાટસ્કીના દાવનાં ખરાપણાંનો પુરાવો દુન્યાને આપવામાં આવ્યો છે.

કુદરતના ભેદો હંમેશ માણસ જાતની લાયકાતના પ્રમાણમાં રહતે રહતે ખુલ્લા થતા જાય છે. દુન્યાના કેટલાક ભાગોમાં થતાં ખોદકામો અને શોધખોળો ઉપરથી સાબેત થાય છે કે દુન્યાના હાલના સુધારા અને વિદ્યાને લગતી શોધખોળોમાં નવું કાંઈ નથી. હજારો વર્ષોની વાત ઉપર મીસર, ખાલ્દીઆ, પીરૂ વગેરે દેશોમાં જે ચમત્કારી સુધારા અને શોધખોળો થઈ હતી, તેની સાથે સરખાવતાં હાલની દુન્યા હજી પાછળ છે. દુન્યામાં નવું કાંઈ નથી; (There is nothing new under the Sun.) જે કાંઈ નવાં તરીકે દેખાવ દે છે તે માત્ર જુનાનું નવું રૂપ છે. લાયકાત વગર કોઈપણ વિદ્યા મેળવી શકાતી નથી. જેમ લાયકાત વધે છે, તેમ જ્ઞાનમાં વધારો થાય છે. છેલા એકાદ દાહેકામાં દુન્યામાં જે હકીકતો જાહેર થતી રહી છે, તે દેખાડે છે કે દુન્યામાં “ નહીં માનવા જોગ ” કાંઈ નથી. જે આજે કલ્પીત જણાય તે કાલે વિદ્યાનાં અચુક સિધ્ધાંત તરીકે સર્વ માન્ય થઈ પડે છે.

હિમાલય પર્વત ઉપર શોધખોળ કરવા ગયલી ટોળકીમાંના એક મેજર કેર્ન ક્રોસે ગોઆ ખાતે એક વગવાળા મેળાવડા સનમુખ ભાષાણ કર્યું હતું, જેનો સાર તા૦ ૧૯મી મેનાં “ ટાઇમ્સ ઑાવ ઇન્ડીઆ ”માં પ્રગટ થયો છે. તે ઉપરથી આ વિષયને લગતો સાર અમે અત્રે આપીએ છીએ.

“ મેજર ક્રાસને ૧૪૦ વર્ષની ઉમરના એક બુઢા યોગી સાથે મેળાપ થયો હતો, એમ તેવણે જણાવ્યું. આ યોગી ચમત્કારી શક્તિઓ ધરાવે છે, અને તે થીઑસોફીકલ સોસાયટીનાં સ્થાપનાર મેડમ બ્લાવાટસ્કીનો ગુરૂ થતો હતો. તે બેશક મહા બુદ્ધિમાન છે, અને જો કે તે ન્યુટન વિષે કશું જાણતો નથી, છતાં ગણીતને લગતા બીકટ સવાલો સંપૂર્ણ રીતે સમજે છે. તે પોતાની મરજી મુજબ દેખાવ આપે છે યા ગાયબ થઇ જાય છે, અને પોતાના શરીરને નાનું મોટું કરી શકે છે. હિમાલય ઉપરના સઘળા યોગીઓમાં તે સૌથી બેહી યોગી છે. યોગની મદદથી તેઓ પોતાની જીંદગી લંબાવી શકે છે, અને આ માનવંત યોગી સઘળા યોગીઓનો વડો છે. તેણે આગાહી કીધી છે કે ૧૯૨૭માં એક ભયંકર લડાઇ જાગશે, અને તે પછીનાં વર્ષોમાં ભારી દુકાળ પડશે. એક બાળકના શરીરમાંથી બુરી શક્તિને દુર કરવાની ક્રિયા વખતે મેજર ક્રોસ જાતે હાજર હતા. અને એક ગ્લાસને પોતાની ઇચ્છા શક્તિથી ટુકડે ટુકડા કરી નાખતાં આ યોગીને તેવણે જોયા હતા.”

ઉપલી હકીકતમાં થીઑસૉફીસ્ટોને માટે નવાઇ જેવું કાંઇ નથી; અજાયબી માત્ર એટલીજ છે કે આવા એક મહાન યોગીએ મેજર ક્રોસ આગળ દેખાવ દેવાની જરૂર જોઇ છે. પણ એક મહાન પેગંબરની આમદના નજદીક આવતા વખતને લીધે દુન્યાને ઘણીજ અજાયબ જેવી સચાઇઓ હાલ અનેક રૂપે પુરી પાડવામાં આવે છે, અને તેમાંની આ એક છે. આ મહાન યોગીની લડાઈ માટેની આગાહી ઇંગ્લન્ડના જોશીઓની આગાહીને ટેકો આપે છે, કે જેઓ ૧૯૨૬ થી ૧૯૩૨ સુધી એક ભયંકર લડાઇ, દુકાળ, ધરતીકંપો વગેરેની વકી રાખે છે. જેઓમાં ડહાપણ અને દુરંદેશી હશે તેઓ આવતા વખતની આ આફતો સામે આત્મબળ ખીલવવાની કોશેશ કરી તૈયાર રહેશે.

મેજર ક્રોસ ઉપર કોઇ થીઑસૉફીસ્ટે વશીકરણ કીધું નથી; તેવણ "વહેમના બારદાન" કે "ધખારા માસ્ટર" નથી; અને તેટલા માટે તેમની તરફથી બહાર પડેલી આ હકીકત થીઑસૉફીકલ સોસાયટી અને તેના સ્થાપનારાઓ તરફ શું માનપૂર્વક ધ્યાન ખેંચવાને લાયક ઠરતી નથી ?

સમાપ્ત.

CRYSTALOMANCY OR CRYSTAL GAZING.

Crystalomancy or Crystal Gazing (is) a mode of divination practised from very early times with the aid of a crystal globe, a pool of water, a mirror or indeed any transparent object. Divinations by means of water, ink and such substances are also known by the name of hydromancy. *Crystal Gazing* may be a very simple or a very elaborate performance, according to the period in which it was practised, but in every case the object is to induce in the Clairvoyant a form of hypnosis, so that he may see visions in the crystal. The "crystal" most in favour among modern crystal gazers is a spherical or oval globe, about four inches in diameter, and preferably a genuine crystal; but as a crystal of this size and

shape is necessarily expensive, a sphere of glass is frequently substituted and with very good results. It must, however, be a perfect sphere of oval, free from speck or flaw, highly polished, and contained in a stand of polished ebony, ivory or boxwood. Among the Hindoos, a cup of treacle or a pool of ink is made to serve the same purpose. Precious stones were much used by crystalomancers in the past, the favourite stone being the beryl in pale sea green or reddish tints. By the ancients *Crystallomancy* was practised with a view to the invocation of spirits and very elaborate preparations and ceremonials were considered necessary. He who would practise invocations in this wise must, in the first instance, be a man of pure life and religious disposition. For the few days immediately preceding the inspection of the crystal, he must make frequent ablutions, and subject himself to strict religious discipline, with prayer and fasting. The crystal as well as the stand on which it rests, must be inscribed with sacred characters, as must also the floor of the room in which the invocation is to take place. A quiet, retired spot is suggested for the purpose, where the magician may be free from all disturbance. Besides these matters of solitude and cleanliness, there is the question of the mental attitude to be considered, and this is no less important than the material preparations. A perfect faith is an essental condition of success If the magician would be accompanied by one or two of his friends, they also must conform to the same rules and be guided by the same principles. The time of the invocation is chosen according to the position in the heavens of the various planets, all preparations having been made during the increase of the moon All the instruments and accessories used in the performance–the sword, rod and compasses, the fire and the perfume to be burned thereon, as well as the crystal itself–are consecrated or "charged" prior to the actual ceremony. During the process of invocation, the magician faces the east and summons from the crystal the spirit he desires.

Magic circles have previously been inscribed on the floor and it is desirable that the crystalomancer remain within these for some little time after the spirit has been dismissed. It was essential that no part of the ceremonial be omitted, otherwise the invocation would be a failure. Paracelsus, however, and others declared that all such elaborate ceremonies were unneccessary, and that the *magnes microcosmi* the magnetic principle in man was in itself sufficient to achieve the desired object. At a later period, though the ceremonial was not abolished, it became decidedly less imposing. If the person on whose behalf the divination was to be perfomed was not himself gifted with the clairvoyant faculty he sought for a suitable medium, the best for the purpose being a young boy or girl born in wedlock, and perfectly pure and innocent. Prayers and magical words were pronounced prior to the ceremony, and incense and perfumes were burned. Sometimes the child's forehead was anointed, and he himself provided with garments suitable to the impressive nature of the ceremony Some writers mention a formula of prayers, known as the Call, which preceded the inspection of the crystal. Finally, the latter having been charged, it was handed over to the medium. The first indication of the clairvoyant vision was the appearance of a mist or cloud in the crystal. This gradually cleared away, and the vision made its appearance.

Modern *Crystal gazing* is carried on in much the same manner, though the preparations are simpler. The crystal is spherical and of the size of an orange; when in use it may be held between the agent's finger and thumb, or if the end be slightly flattened placed on a table; alternatively it may be held in the palm of the hand against a background of black cloth. The operation may be more readily carried out in a subdued light. A medium or clairvoyant person acts as the seer and if the divination be made for any one else it is adviseable that he be allowed

to hold the crystal in his hand for a few minutes before it passed into the hands of the clairvoyant. The object of crystal gazing is, as has been said, the induction of an hypnotic state giving rise to visionary hallucinations, the reflection of light in the crystal forming *points de repere* for such hallucinations.

The value of elaborate ceremonials and impressive rituals thus lies in their potency to affect the mind and imagintaion of the seer. So far, the mystery of crystal vision is no mystery at all. But the remarkable frequency with which, according to reliable witnesses, visions seen in the crystals have tallied with events happening elsewhere at the same moment, or even with futnre events, is a fact for which science has not yet found an adequate explanation. It has been suggested that if telepathy operates with greater freedom during the hypnotic state, so it may be also in the self-induced hypnosis of crystal gazing.

And this, though it cannot be said to cover the entire ground, is perhaps, on the whole, the best explanation yet offered. There are many well-attested cases wherein the crystal has been successfully used for the purpose of tracing criminals, or recovering lost or stolen property. The telepathic theory, however, will hardly apply to these instances wherein events have been witnessed in the crystal *before* their actual occurence. Such mysteries as these must be left to the art of the psychical researcher to unravel.

—*An Encyclopaedia of Occultism, p. 111*

HYDROMANCY.

Hydromancy is in principle, the same thing as divination by the crystal or mirror, and in ancient times a natural basin of rock kept constantly full by a running stream, was a favoutite medium. The double meaning of the word "reflec-

tion" ought here to be considered, and how gazing down into clear water, the mind is diposed to self retirement and to contemplation, deeply tinctured with melancholy. Rocky pools and glomy lakes figure in all stories of witchcraft—witness the *Craic-pol-nain* in the Highland woods of Laynchork; the Devil's Glen in the County of Wicklow, Ireland; the Swedish Blokula; the witch mountains of Italy; and the Bibiagora, between Hungary and Poland. Similar resort in the glens of Germany were marked, as Tacitus mentions, by salt springs: for this again there was an additional good reason, which would carry us far from the present subject to explain. It was really only another form of divination by the gloomy waterpool that attracted so much public attention at that time, when Mr. Lane, in his work on *Modern Egypt* testified to its success as practised in Egypt and Hindustan. That gentleman having resolved to witness the performance of this species of sorcery, the magician commenced his operations by writing forms of invocation to his familiar spirits on six slips of paper, a chafing dish with some live charcoal in it was then procured, and a boy summoned who had not yet reached the age of puberty. Mr. Lane inquired who were the persons that could see in the fluid mirror, and was told that they were a boy not arrived at puberty, a virgin, a black female slave and a pregnant woman. To prevent any collusion between the sorcerer and the boy, Mr. Lane sent his servant to take the first boy he met. When all was prepared, the sorcerer threw some incense and one of the strips of paper into the chafing dish; he took hold of the boy's right hand, and drew a square with some mystical marks on the palm; in the centre of the square he poured a little ink, which formed the magic mirror, and desired the boy to look steadily into it without raising his head. In this mirror the boy declared that he saw, successively, a man sweeping,

seven men with flags, an army pitching its tent, and the various officers of state attending on the Sultan. The rest must be told by Mr. Lane himself.

"The sorcerer now addressed himself to me, and asked me if I wished the boy to see any person who was absent or dead. I named Lord Nelson, of whom the boy had evidently never heard, for it was with much difficulty that he pronounced the name after several trials. The magician desired the boy to say to the Sultan, "My master salutes thee and desires thee to bring Lord Nelson; bring him before my eyes that I may see him speedily." The boy then said so and almost immediately added, 'A messenger has gone and brought back a man dressed in a black (or rather, dark blue) suit of European clothes; the man has lost his left arm.' He then paused for a moment or two, and looking more intently and more closely into the ink said 'No, he has not lost his left arm, but it is placed on his breast.' This correction made his description more striking than it had been without it; since Lord Nelson generally had his empty sleeve attached to the breast of his coat; but it was the right arm that he had lost. Without saying that I suspected that the boy had made a mistake, I asked the magician whether the objects appeared in the ink as if actually before the eyes, or as if in a glass, which makes the right appear left. He answered that they appeared as in a mirror. This rendered the boy's description faultless. Though completely puzzled, I was somewhat disappointed with his performances, for they fell short of what he had accomplished in many instances in presence of certain of my friends and countrymen. On one of these occasions, an Englishman present ridiculed the performance, and said that nothing would satisfy him but a correct description of the appearance of his own father, of whom he was sure no one of the company had any knowledge. The boy, accordingly, having called by name for the person alluded to, described

a man in a Frank dress, with his hand placed on his head, wearing spectacles, and with one foot on the ground and the other raised behind him, as if he were stepping down from a seat. The description was exactly true in every respect; the peculiar position of the hand was occasioned by an almost constant headache and that of the foot or a leg by a stiff knee, caused by a fall from a horse in hunting. On another occasion, Shakespeare was described with the most minute exactness, both as to person and dress, and I might add several other cases in which the same magician had excited astonishment in the sober minds of several Englishmen of my aquaintance."

So far Mr. Lane, whose account may be compared with that given by Mr. Kinglake, the author of *Eothen*.

It may be worth adding, that in another case of *Hydromancy* known to Elihu Rich, the boy could see better without the medium than with it though he could also see reflected images in a vessel of water. This fact may be admitted to prove that such images are reflected to the eye of the seer from his own mind and brain; how the brain becomes thus enchanted, or the eye disposed for vision, is another question; certainly it is no proof that the recollected image in the mind of the inquirer is transferred to the seer, as proofs can be shown to the contrary.

—*An Encyclopaedia of Occultism, p. 215.*

ASTROLOGY AND MR. MANEKJI PATEL.

We present the following remarks to Mr. Manekji Patel as they appear in the April number of the "*British Journal of Astrology*" under the title

THE ARROGANCE OF IGNORANCE.

"I once heard a lecture given by a gentleman, who apparently prided himself on his superiority of intelligence by attempting to disprove Astrology. All he did was to upset his own illogical conception of the science-and it did not require very little mental acumen to do it-but the real

and true Astrology was as far from his discourse as the farthest fixed star. Like all opponents of the science, he did not understand its elementary principles. So it is with them all. They argue, not against the science, but what they, in their puerility of mind, *suppose* it to be. Hence,.............. the opinions, sneers and ridicule of these people count for very little."—*E. H. Bailey.*

The April number of the said Journal is particularly interesting inasmuch as there are very opportune criticisms in support of subjects treated by us in reply to Mr. Patel's adverse criticisms on some ancient astrological truths.

Mr. James Harvey in a discourse on Planetary Hours gives some historical instances in support of this ancient belief and remarks under the head.—

PLANETOLOGIA.

..." here are some events submitted to further show planetary rule, and if these latter events be perused in history the student will see the remarkable corroboration of the sway of the Starry Host. It is not a difficult task to go into this matter, and it would be well if students investigated the theme. By doing so they will find that they have a guide in life also, if they will only apply it. Of course, the man in the street scoffs at the idea of such matters, and when doing so is insulting and disparaging the intelligent observation of the ancients, which was as good as ours. To-day we have no time for observation, we are too practical, save the word. The ancients did not know everything. Quite true, but what they did know, they did know. Do we? And what they did know was better than what we know, despite our advancement."

When Western Astrologers of note express themselves in this wise, and when a majority of them believe in planetary days (*Muhurtas*) and hours (*Chogadias*), what will Mr.

Patel say to these "superstitious hobbyists"? In the face of all the *observed* facts, and the historical instances which they put forward for all honest investigators who would take the trouble to look into them, would Mr. Patel dare to say "they have gone mad?"

The reading and test of a small astrological manual would cost little, and prove much, but the Gates of Knowledge are closed on those that seek not.

"From Max Heindel, the Initiate, *who read clearly from the records of time in the Region of Concrete Thought* we learn of the birth of the man Jesus, immaculately conceived by his father, Joseph, and his mother, Mary, both high Initiates of the Order of the Essenes. He tells us how Jesus was educated by the holy men of this order, and how during the thirty years of his life he was eagerly preparing a vehicle for the Sun Spirit Christ, who had been preparing to become the indwelling planetary spirit of our earth ever since the time of the "Fall" in Lemuria."—*Rays from the Rose Cross*, May 1923.

"At the age of thirty their son, Jesus, had so perfected his two lower-vehicles that he was ready to turn them over to the great Sun Spirit, Christ, a work which he had consciously performed from the beginning. He gave them to Christ at the time of the symbolical "Baptism in water," a mystic rite which signified his return to the state of universal brotherhood which prevailed when mankind dwelt in the mist-laden atmosphere of Atlantis."—*Rays from the Rose Cross*, May 1923.

"All seems infected that th' infected spy,
As all looks yellow to the jaundiced eye."—*Pope.*

"The old persecutor and the new militant agree in regarding their own opinions as so divinely right that no respect is owed to any other opinions than their own."
—*The Times*, 28 Nov. 1913.

"Human scepticism is a stronghold capable of defying any amount of testimony.........Our men of science accept of but so much as suits them, and no more."—*Isis Unveiled*, vol i, p. 233.

"Facts are stronger than Academies. Rejected, denied, mocked, they nevertheless are facts, and *do* exist."—*de Gasparin.*

"The mirror of the soul cannot reflect both earth and heaven; and the one vanishes from its surface as the other is glassed upon its deep."—*Zanoni.*

"Mere intellectual enlightenment cannot recognise the spiritual. As the sun puts out a fire, so spirit puts out the eyes of mere intellect."—*W. Howitt.*

"The public is a docile and pious child, and readily goes whither the nurse leads it. It chooses its idols and fetishes, and worships them in proportion to the noise they make; and then turns round with a timid look of adulation to see whether the nurse, old Mrs. Public Opinion, is satisfied."—*Isis Unveiled*, vol i, p. 167.

"Conviction comes not through arguments but through experiments."—*Bacon.*

"Neither pearls nor cut diamonds are to be found lying loose on the ground; and these persons act as unwisely as would a professional diver, who should reject an oyster on account of its filthy and slimy appearance, when by opening it he might find a precious pearl inside the shell."
—*Isis Unveiled*, vol i, p. 41.

મી૦ માણેકજી પટેલ અને પારસી થીઑસૉફીસ્ટો.

—:o:—

ભાગ ૨ જો.

જુનું આળ નવા લેબાસમાં.

પારસી થીઑસૉફીસ્ટો ઉપર હુમલો કરનારાં મી૦ માનેકજી પટેલનાં આગલાં ભાષાણોનો રદીયો ચૅરાગના ફેબ્રુઆરીથી સપ્ટેંબર ૧૯૨૩ સુધીના અંકોમાં પ્રગટ થઇ ગયો. તે અંકો નિયમસર મી૦ પટેલપર મોકલવામાં આવ્યા હતા. તે ઉપરાંત બીલીમોરામાં ચાલતાં ધુણવાનાં ધતીંગ વિરૂધ અમારી તરફથી પ્રગટ થતાં "બીલીમોરાના છીલ્લા" નામે ચોપાન્યાં પણ એમને પુગાડવામાં આવ્યાં હતાં. છતાં કોમના આ ઉપદેશક પોતાની સત્ય અને ઇન્સાફી વળણુનો જાહેરમાં જે નમુનો પુરો પાડે છે, તે સારાં નસીબે તા૦ ૧૯મી અક્ટોબરનાં "જામે જમશેદ"માં જળવાઇ રહેવા પામ્યો છે.

તા૦ ૧૩મી અકટોબરને દીને મુંબઇની "યંગ મેન્સ ઝોરોસ્ત્રીઅન એસેસીએશન"ના વાર્ષિક મેળાવડામાં પ્રમુખ તરીકે મી૦ માનેકજી પટેલે "પારસી કોમની હાલની તાકીદની પાંચ હાજતો" ઉપર એક ભાષાણ આપ્યું હતું, જે "જામે જમશેદ"ના તા૦ ૧૫ અને ૧૯મી અકટોબરના અંકોમાં પ્રગટ થયું છે. આ ભાષાણમાં પારસી કોમની છેલી અને પાંચમી હાજત તરીકે એક "પારસી વીજીલન્સ કમીટી"ને ગણવામાં આવી છે. કે જે કમીટી માટે મી૦ પટેલે સાત કામો જરૂરનાં ધાર્યાં છે. તેમાંનું પાંચમું કામ નીચે મુજબ છે:—

"મુંબઈમાં તેમજ બીલીમોરા અને ગુજરાતનાં બીજાં કેટલાંક શાહેરોમાં વ્હેમી માન્યતાઓ જડ ઘાલી બેઠી છે, તેના કાર્યસાધક ઉપાયો લેવા. ખાસ કરીને ધુણવાનું ધતીંગ જે પારસી જેવી શીખેલી સુધરેલી કોમને એબ લગાડે છે, તેને જડ મુળમાંથી ઉખેડી નાંખવી. ૧૯૦૩ના સાલમાં પહેલ વહેલી એ

બાબત વીરી જામેમાં ચર્ચા ચાલી હતી, અને વીસ વરસ થઈ ગયાં છે તોબી તે બદી હસ્તી ધરાવે છે. આને માટે પારસી થીઓસોફીસ્ટો કેટલે દરજ્જે જોખમદાર છે, તે ઠરાવવું ઘણું અગત્યનું થઈ પડશે"

અમે આગળ આપેલા રદીયામાં થીઑસૉફીકલ સાહિત્યનો હવાલો આપી જણાવ્યું છે કે ધુણવાનાં ધતીંગ" જેવાં કામો રૈવાનની ખરાબી કરનારાં હોવાથી થીઑસૉફી એવાં કામોને વખોડી કાઢે છે. "બીલીમોરાના છીલ્લા "ના પહેલા અંકમાં અમે ખુલ્લું જણાવ્યું છે કે ૧૯૦૩માં "જામે જમશેદ"માં અમે આ ચર્ચા પહેલી ચાલુ કીધી હતી. હમણાં બીલીમોરા, નવસારી વગેરે સ્થળો પર ચાલતાં આવાં ધતીંગોના સંબંધમાં અમે વહેવાર ઉપાયો લઇએ છીએ. ટુંકમાં એક અદના પારસી થીઑસૉફીસ્ટ તરીકે આ ઢગાંઇ ભર્યા કામની સામે અમે મી૦ પટેલ અને તેમના હમરાંગીઓની માફક ભાષણો આપીને બેસી રહેવાને બદલે આ હિલચાલને બંધ કરાવવા માટે વહેવાર ઉપાયો યોજીએ છીએ. બેશક અમારી ફતેહનો આધાર વડોદરા રાજયના દીલસોઝ અમલદારો ઉપર અને બીલીમોરા, નવસારી વગેરે શહેરોના પારસી આગેવાનોની મદદ ઉપર રહે છે. છતાં આ ધતીંગની સામે ૧૯૦૩માં તેમજ આજે પણ એક પારસી થીઑસૉફીસ્ટનો હાથ છે, એ બીના મી૦ પટેલને જાણીતી છે, અને તોપણ તેઓ જણાવે છે કે આ ધતીંગ માટે "પારસી થીઑસૉફીસ્ટો કેટલે દરજ્જે જોખમદાર છે, તે ઠરાવવું ઘણું અગત્યનું છે"! પણ થીઑસૉફીકલ સોસાયટીની હસ્તી અગાઉ અરધી સદી ઉપર આ વહેમો જાયઝ હતા, અને આજે પણ તે પારસી વસ્તીમાં બર્ધે છે,—અને તે પણ મી૦ પટેલ જેવા વકતાઓનાં ભાષાણો અને સંખ્યાબંધ લેખકોની કલમબાજી છતા! ત્યારે મી૦ પટેલની "ધખારા લૉજીક" પ્રમાણે તે માટેબી "પારસી થીઑસૉફીસ્ટો કેટલે દરજ્જે જોખમદાર છે, તે ઠરાવવું ઘણું અગત્યનું" નથી?

થીઑસૉફીકલ સાહિત્યમાં ધુણવાની બદી વિષે ઘટતી સમજ આપી એ બદીને વખોડી કાઢવામાં આવા છે, અને અમારાં લખાણોમાં અમે તે માટે ખુલ્લા હવાલા (references) આપેલા છે. "જામે જમશેદ"માં આ બદી સામે અમે પહેલવહેલી ચર્ચા ચાલુ કીધી હતી. આ ખુલ્લી હકીકત છતાં મી૦ પટેલ પોતાનાં છેલ્લાં ભાષણમાં એવું કહેવાની સરકશી કરે છે કે "આને માટે પારસી થીઑસૉફીસ્ટો કેટલે દરજ્જે જોખમદાર છે, તે ઠરાવવું અગત્યનું થઇ પડશે."

આ વાક્યની મતલબ કોઇબી વાંચનાર એવીજ ઉઠાવે કે મી૦ પટેલ પોતે આ બદી માટે પારસી થીઑસૉફીસ્ટોને જોખમદાર ગણે છે, અને તે નક્કી કરવા માટે એક કમીટી નેમવાની ભલામણ કરે છે. આ ટીકા ઉપરથી મી૦ ખ. જ. બ. વાડયાએ "પ્રજામિત્ર" અને "જામે જમશેદ"માં એક ચર્ચાપત્ર લખીને આ બદીમાં ભાગ લેનારાં પારસી થીઑસૉફીસ્ટોનાં નામોની માંગણી કીધી. પણ સત્યને વળગી રહી મૂળ બાબદનો ખોલાસો કરવાને બદલે તા૦ ૨૯ મી અકટોબરનાં "જામે જમશેદ"માં ચાર આખી કોલમ જેટલું લાંબું જે ચર્ચાપત્ર મી૦ પટેલ દાખલ કરાવવા પામ્યા છે. તે લખનારની અને "જામે જમશેદ"નાં અધીપતીની ગેરઈન્સાફી વળણનો અચુક પુરાવો આપે છે અમે માનીએ છીએ કે ચેનાગમાં મળેલા રદીયાના ચચરાટનું આ પરિણામ હોય. ધુણવાની બદીના બાબમાં પારસી થીઑસૉફીસ્ટો સખ્ત રીતે વિરૂદ્ધ છે, એવા ખાત્રીપુર્વક પુરાવાઓ મી૦ પટેલની સન્મુખ રજુ કરવામાં આવેલા હોવા છતાં કોમના આ ઉપદેશક કોમને ઉલટુંજ સમજાવવાની પેરવી કરે છે અને તેમાં તેઓ "ઉલગબન્ડીના દાવ" કેવા રમે છે, તે મજકુર ચર્ચાપત્રપરથી જણાઇ આવે છે.

"પારસી કોમની પાંચ હાજતો" વિષેનાં મી૦ પટેલનાં હાલનાં ભાષાણમાં પહેલી જરૂર એક પારસી "ઍકેડેમી"ની જણાવવામાં આવી છે, કે જે માટે પારસી કોમનું પહેલું ધ્યાન મીસીસ બીઝેંટે ખેચ્યું હતું અને વર્ષોની વાત ઉપર તે બાબે મજબુત આગ્રહ કર્યો હતો. આજે ડા૦ જીવનજી જ૦ મોદી ઈરાનમાં શોધખોળ કરવા માટે પ્રોફેસર હર્ઝફેલ્ડને મદદ કરવા પારસીઓને અપીલ કરે છે. જ્યારે લગભગ ૪૦ વર્ષની વાત ઉપર મરહુમ કર્નલ ઓલકટે આ કામ માથે ઉઠાવવા પારસીઓને અપીલ કીધી હતી અને પોતે બનતી સઘળી મદદ આપવા ખુશી દેખાડી હતી. પણ થીઑસૉફીનો વાસ પારસી કોમના મોટા ભાગને સહેજ લાગતાં "નસકોરાં ચઢી જાય છે," અને તેની ઝેણથી આંખો વિચાઇ જાય છે, તેથી આસપાસનું કશું સૂઝતું નથી, અને પછી પોતાની ભુલની ખેજાલત ઢાંકવા માટે થીઑસૉફી સામે ગુમનાણુ મચાવવામાં આવે છે!

કોચરાને સાલનાં બહોતાનો.

ધુણવાની બદી વિષેની મૂળ બાબત બાજુએ રાખી મી૦ પટેલે થીઑસૉફીકલ સોસાયટીનાં આગેવાનો ઉપર હુમલો કીધો છે, અને "કોચરાને સાલનાં" કેટલાંક આળો જેમનો રદીયો ગુજરાતી તેમજ ઇંગ્રેજીમાં

અનેકવાર છપાઈ ગયો છે, તે એકવાર ફરી તાજાં કીધાં છે. આ સઘળાં આળોનાં જવાબો અપાઈ ગયલા હોવાથી તે વિગતે રજુ કરી કાગળના સફા રોકવાનું પાલવે તેમ નથી, માટે મી૦ પટેલનાં આ આળોના સંબંધમાં જરૂરજોગો ખોલાસો આપી પ્રગટ થયલાં ચોપડી ચોપાન્યાંનો હવાલો આપી અમે સંતોશ પકડીશું. મજકુર ચર્ચાપત્રમાં નવું કાંઇ નથી, અને તેટલા માટે તે તરફ મુંગો તીરસ્કાર દેખાડવાને કેટલાક વાંચનારાઓ ભલામણ કરે છે, પણ આ બાબદમાં મીસીસ એની બીઝેંટના નીચલા શબ્દો તરફ અમારા પારસી થીઑસૉફીસ્ટોનું અમે ધ્યાન ખેંચીએ છીએ, અને અમે પોતે તે શબ્દો પર અમલ કરવાનું વાજબી ધારીએ છીએ:

"The large circulation of Mme. Blavatsky's priceless works, the spread of the ideas which she spent her life in learning and teaching, the growth of the Theosophical Society which she founded at the orders of her Master, and with the aid of her colleague Colonel H. S. Olcott, the ever-increasing literature published by her pupils—all these form her substantial defence, the justification of her life's work. But it is not right that the continued crucifixion of the Teacher should be regarded with complacency, while the world profits by the teachings, nor that she should be branded as fraud and impostor who brought to this age the truths now gaining such world-wide acceptance. It is but just that her defence should be obtainable so long as she is slandered".*

"મેડમ બ્લાવાટસ્કીનાં કીમતી પુસ્તકોનો બહોળો ફેલાવો, જે ખ્યાલો શીખવા અને શીખવવામાં તેણીએ પોતાની આખી જીંદગી રોકી તે ખ્યાલોનો ફેલાવો, પોતાના ગુરૂના હુકમથી અને પોતાના હમકાર કર્નલ એચ. એસ. ઓલકટની મદદથી તેણીએ સ્થાપેલી થીઑસૉફીકલ સોસાયટીનો વધારો, તેણીના ચેલાઓ તરફથી પ્રગટ થતું બહોળું સાહિત્ય,—આ સઘળું તેણીનો સંગીન બચાવ, તેણીની જીંદગીનાં કામનું વાજબીપણું પુરવાર કરનારી દલીલ છે. પણ જયારે તેણીનાં શિક્ષણથી દુન્યા ફાયદો મેળવે છે, ત્યારે આ શિક્ષકની સામે થતા ચાલુ હુમલાઓ શાંત રીતે

* *H. P. Blavatsky and the Masters of Wisdom*, by Annie Besant, p. 5

પસાર થવા દેવા એ વાજબી નથી, અને દુન્યામાં આજે સ્વિકારવામાં આવતી સચ્ચાઇઓ આ જમાનાને જે બાનુએ પુરી પાડી, તેણીને ઠગારી અને ખોટો દાવો કરનારી ગણવામાં આવે, તે પસાર થવા દેવું ન જોઈએ. જયાં સુધી તેણીની નિંદા કરવામાં આવે ત્યાં સુધી તેણીનો બચાવ થવો જોઇએ એ વાજબીજ છે."

મી૦ પટેલનાં ભાષાણો કે મજકુર ચર્ચાપત્રમાં તેવણે થીઑસૉફીકલ સાહિત્યમાંથી એક પણ વાકય ટાંકી તેની ખામી દેખાડી નથી, યા પારસી થીઑસૉફીસ્ટોની કોઈપણ જાતની ગેરરીતીનો કશો પુરાવો આપ્યો નથી. માત્ર ખોટાં બહોતાનો મુકી જાહેરને પારસી થીઑસૉફીસ્ટો સામે ઉશ્કેર-વાની દ્વેષભાવી વળણ એમનાં ભાષાણો અને લખાણમાં ખુલ્લી જણાઈ આવે છે. એમના તરફથી પારસી થીઑસૉફીસ્ટો ઉપર મુકવામાં આવતાં બહોનાનો સદંતર ખોટાં અને પાયા વગરનાં છે, તે એટલાં ઉપરથીજ જણાઇ આવે છે કે જયારે એમની પાસે પુરાવાઓ માંગવામાં આવે છે, ત્યારે પોતાના શબ્દોને ફેરવી તોલવાની બાજી રચી તરેહવાર હીલ્લા બહાનાંથી છટકવાની એવણ પેરવી કરે છે.

મી૦ પટેલનું "અંગત મત."

એમનાં ભાષાણમાંનો ઉપર ટાંકેલો ફકરો પહેલાં આપણે છુટો તપાસીએ, અને પછી "વાણ્યા ફેરવી તોલ"ની ગતથી એવણ જે "નજર બંધીનો ખેલ" કરી દેખાડે છે, તેની તપાસ આપણે લઇશું. એવણ જણાવે છે કે—

"મુંબઇમાં તેમજ બીલીમોરા અને ગુજરાતનાં બીજાં કેટલાંક શહેરોમાં વહેમી માન્યતાઓ જડ ઘાલી બેઠી છે, તેના કાર્યસાધક ઉપાયો લેવા."

બરહક છે,—તેવા ઉપાયોમાં પારસી થીઑસૉફીસ્ટો મી૦ પટેલ સાથે ઉમંગથી કામ કરવા તૈયાર રહેશે.

"ખાસ કરીને ધુણવાનું ધતીંગ જે પારસી જેવી શીખેલી સુધરેલી કોમને એબ લગાડે છે, તેને જડ મુળથી ઉખેડી નાખવી."

બેશક. પણ તેને ઉખેડી નાખવાને પારસી સુધારકો અરધી સદી થઈ ધાંટાં પાડે છે, અને "વહેમ, વહેમ"ના પોકારો કરે છે, પણ એ વહેમમાં ગરક ગયલાંઓના કાનપર તે અવાજ પુગતો નથી. ત્યારે હવે કેવા "કાર્યસાધક ઉપાયો" લેવા તે સુચવવાનું કામ મી૦ પટેલનું છે, પણ તેજ તેવણ જણાવી શકતા નથી. બસ "કાર્યસાધક"માં બધું આવી ગયું.

તેઓ પોતે માત્ર પારસી થીઑસૉફીસ્ટોને ગળે પડવા સિવાય અને તેઓને "દીવાના" ઠરાવવા સિવાય બીજો કાંઇ "કાર્યસાધક ઉપાય" સુચવી શકતા નથી.

"૧૯૦૩ના સાલમાં પહેલવહેલી એ બાબત વીશે જામેમાં ચર્ચા ચાલી હતી, અને વીસ વરસ થઇ ગયાં છે તો બી તે બદી હસ્તી ધરાવે છે."

આ ચર્ચા ચલાવનાર એક પારસી થીઑસૉફીસ્ટ હતો, એમ જાણવા છતાં તે જાહેર કરવાના મી૦ પટેલ જાણી જોઈ અખાડા કરી જાય છે, અને આ રીતે લોકોને ભૂલાવામાં નાખવાની પેરવી કરી તેજ આળ મી૦ વાડયા ઉપર મુકવાની સરકશી કરે છે!

"આને માટે પારસી થીઓસોફીસ્ટો કેટલે દરજ્જે જોખમદાર છે, તે ઠરાવવુ ઘણું અગત્યનુ થઇ પડશે."

મી૦ પટેલનો આ વાકય તકરારી છે. પારસી થીઑસૉફીસ્ટો ધુણવાની બદી માટે જવાબદાર હોય, યા તેઓને તે સાથે તદન લાગતું વળગતું ન હોય. બેમાંથી માત્ર એક ચીજ હોઈ શકે. જો તેઓ જવાબદાર હોય તો તેઓ જાતે ધુણતા હોય, યા બીજાઓને તેમ કરવાને શીખવતા હોય યા ઉત્તેજન આપતા હોય. મી૦ પટેલ પોતે પોતાનાં અંગત મત તરીકે બેમાંથી એક મત ધરાવી શકે. જો તેઓ પારસી થીઑસૉફીસ્ટોને જવાબદાર નહીં ગણતા હોય તો પછી તે ઠરાવવા માટે એક કમીટી નેમવાની સુચના કરવાની જરૂર રહેતીજ નથી. તેઓ તેવી કમીટી નેમવાની બાપોકાર સુચના કરે છે તે બીના અચુક રીતે પુરવાર કરે છે કે આ બદી માટે તેઓ પારસી થીઑસૉફીસ્ટોને **જોખમદાર** ગણે છે. મી૦ પટેલ એક ઇંગ્રેજી કેળવણી પામેલા ગ્રહસ્થ અને વર્ષોના જુના એક શિક્ષક અને હાલમાં પારસી કોમના ઉપદેશક છે, એટલે તેઓ કબુલ કરશે કે અમારી ઉપલી દલીલ ન્યાયશાસ્ત્ર(Logic)ને અનુસરતી છે!

પણ જયારે મી૦ ખ. જ. બ. વાડયાએ જાહેરમાં તેવા પારસી થીઑસૉફીસ્ટોનાં નામો માંગ્યા, ત્યારે તેમાંથી છટકવાને પોતાની ગલત વાત ફેરવી તોલવાના તેઓએ પેરવી રચી, પણ તેમ કરતાં તેઓ ઉલટા વધુ સપડાયા, અને પોતાનાં એકજ લખાણમાં બે અકેકથી સદંતર ઉલટી વાતો તેઓ કેમ કરે છે, તે તેમનાં ચર્ચાપત્રમાંનાં નાચલા બે ફકરાઓ ઉપરથી ખુલ્લું જણાઇ આવે છે. અમે એટલુજ ઇચ્છીશું કે મી૦ પટેલ જેવા સચ્ચાઇ સાથે દુશ્મની ધરાવનાર ઉપદેશકોથી ખોદા પારસી કોમને હવે બચાવે!

"એક જાહેર મેળાવડા સનમુખ પ્રમુખ-સ્થાનેથી ભાશણ કરતાં મેં એક "વીજીલનસ કમીટી" નેમવાની ભલામણ કીધી હતી અને સુચવ્યું હતું કે બીજા કામો ભેગાં મેજકુર કમીટીએ "ધુણવાના ધતીંગને માટે પારસી થીયોસોફીસ્ટો કેટલે દરજજે જોખમદાર છે તે ઠરાવવું ઘણું અગત્યનું થઇ પડશે." ઉપલા મારા શબ્દો ઉપરથી જોવામાં આવશે કે કોઈ-પણ જાતનુ અંગત મત મેં દરશાવ્યું ન હતું પણ કમીટી તેહકીક કરી મત દરશાવે એવુ સુચવ્યું હતુ. પણ મારા ઉપલા વાકયમાંના છેલ્લા શબ્દો કાઢી નાખી એક પારસી થીઓસોફીસ્ટ વર્તમાનપત્રમાં એક ચર્ચાપત્ર પ્રગટ કરાવી મથાળે મુકેલો સવાલ પુછે છે અને પ્રજાને આડે રસ્તે દોરવી એવું આળ મારા સામે મુકવાની કોશેશ કરે છે કે મેં જાહેરમાં જણાવ્યું હતું કે પારસી થીયોસોફીસ્ટો ધુણે છે. જે ચીજ હુ બોલેલોજ નહી તે પુરવાર કરવાની એ ભાઇ મને ચેલેન્જ કરે છે એવી જાતની ચેલેંજોની કોઇપણ નોટીસ ન લેવામાં હુ વ્યાજબી ગણાઉં અને મેં પેહલાં એવોજ ઠરાવ બાંધ્યો હતો કે મજકુર પારસી થીઓસોફીસ્ટના પત્રની મારે કાંઇપણ ખબર ન લેવી, પણ મારી ચુપકીદીનો અર્થ ખોટો કરવામાં આવે એવો સંભવ જોઇ ઘણી આનાકાની સાથે અને નામરજી છતાં મેં આ જવાબ લખ્યો છે."

"થીઓસોફીકલ સોસાયટી કે જેની સ્થાપના ૧૮૭૫ ના સાલમાં મેડમ બ્લાવાટસ્કી અને કરનલ આલકોટે કીધી હતી તેની મુખ્ય મતલબ સચાઇની શોધ કરવાની હતી એવો દાવો કરવામાં આવતો હતો પણ તે મુળ મતલબથી વેગળી ગઈ છે અને હાલમાં એનું શીક્ષણ વહેમી માન્યતાઓનો એક પંચભેળ ખીચડો છે જેમાંથી અનેક માઠાં પરીણામો નીપજે છે. ભોળા માણસો (Credulous people) તેની જાળમાં સહેલાઇથી ફસે છે અને જાદુ કોટલ, ભુત ડાકણ, મરણ પામેલા સાથે સંદેશા ચલાવવા વગેરે વહેમી માન્યતાઓને વસ થાય છે, અને ધુતારાઓ, કહેવાતા સાઇકીસ્ટો, સાધુઓ, પીર મરદો, જોશીઓ, મેડીકલ એસ્ટ્રોલોજરસો વગેરેના શીકાર થઇ પડે છે. **એવાઓમાંના થોડાકો*** જો બીલીમોરા અથવા બીજે ઠેકાણે ધુણવાના ધતીંગમાં પણ ભાગ લેતા હોય તો તેમાં કાંઇ અજાયબ થવા જેવું નથી. યુરોપ અને અમેરીકામાં થીઓસોફીસ્ટો Hypnotism, Mesmerism, Clairvoyance, Mental Healing, Thought-Reading, Personal Magnetism, વીગેરે શરીર અને મનનો નાશ કરનારી વાંધાભરી સાયન્સો શીખે છે અને શીખાડે છે. આમ થોડેક દરજ્જે હીંદમાં પણ થાય છે. આ ગુપ્ત વીદ્યાઓની વાંધાભરી ચોપડીઓની હજારો અને લાખો નકલો યુરોપ અમેરીકામાં વેચાય છે. આ ગ્રંથોના લખનારાઓમાં કોઇક સરીયામ ધુતારાઓ હોય છે અને ભોળા માણસોને ઠગી પૈસા કમાવા સીવાય તેઓની બીજી કાંઇપણ મતલબ હોતી નથી."

---

*આ શબ્દો અમે કાળા ટાઈપમાં મુકયા છે.

મીં૦ પટેલનું "અંગત મત" શું છે, તે એમનાં આગળનાં ભાષણો ઉપરથી, અને અમે ઉપર કીધેલી નુકતેચીની ઉપરથી સ્પષ્ટ દેખાઇ આવે છે. છતાં માનને ખાતર આપણે એમનો સખુન કબુલ રાખીએ કે "પારસી થીઑસૉફીસ્ટો ધુણે છે" એમ એમણે કહ્યું નથી. અને તેજ વેળા એમણે લખેલા આ જવાબ માટે આપણે એમનો ઉપકાર માનીએ છીએ, કારણ કે તેથી એમનું "અંગત મત" એમના પોતાના હાથદસ્તકતથી આપણને મળે છે, અને "પ્રજાને આડે રસ્તે" કોણ દોરવે છે, તે હવે જણાઇ જાય છે.

ઉપર પહેલી કૉલમમાંનો એમનો એકરાર અને બીજી કૉલમમાં થીઑસૉફીસ્ટો સામે મુકેલાં હડહડતાં ગલત બહોતાનોનો મુકાબલો કરી કોઇબી વાંચનાર કોમના આ ઉપદેશક માટે શું ધારશે? એક તરફ તેઓ જણાવે છે કે "પારસી થીઑસૉફીસ્ટો ધુણે છે" એવું "હું બોલેલોજ નહીં," અને બીજી તરફ તેઓ લખે છે કે—

"ભોળા માણસો તેની (થીઓસોફીની) જાળમાં સહેલાઇથી ફસે છે......... એવાઓમાંના થોડાક જો બીલીમોરા અથવા બીજે ઠેકાણે ધુણવાનાં ધતીંગમાં ભાગ લેતા હોય તો તેમાં કાંઈ અજાયબ થવા જેવું નથી."

મી૦ પટેલને જાહેર લખાણથી ખાત્રી આપવા છતાં ઉપલું મત ઉચ્ચારવાને તેઓ હઠીલાઇ કરે છે, તે શું દેખાડે છે? અમે એ ગ્રહસ્થને ખાત્રી આપીએ છીએ કે બીલીમોરામાં ત્યાંની અન્જુમનના મેનેજીંગ ટ્રસ્ટી મી૦ બરજોરજી નશરવાનજી મેંગુસી સિવાય બીજા કોઇ પારસી થીઑસૉફીકલ સોસાયટીના મેમ્બરો નથી. આ ગ્રહસ્થ ધુણવાનાં ધતીંગમાં ભાગ લેતા હોય, યા તેને ઉત્તેજન આપતા હોય એમ માનવું એક હડહડતું લાઇબલ ગણાય. એ બદી વિરૂધની હિલચાલમાં આ ગ્રહસ્થની પુરતી દીલસોજી છે. મી૦ પટેલ પોતે બીલીમોરા કે ગુજરાતને લગતાં બીજાં કોઈ શહેરો કે ગામોમાં ચાલતી આ બદી વિષે કશો અંગત અનુભવ ધરાવતા નથી, છતાં માત્ર પારસી થીઑસૉફીસ્ટો સામેનો પોતાનો કહેર ખાલી કરવા તેમની સામે આવાં ગુલબાનો ઉભાં કરે છે.

"ચાળણી કરવડાને હીણે છે!"

પોતાનાં ચર્ચાપત્રમાં આપણા આ ઉપદેશક, મીસીસ બીઝેંટ "પોતાની જીંદગી દરમ્યાન અનેક પાત્રો ભજવ્યાં છે," એમ જણાવી ટીકા કરે છે કે-

"જે સ્ત્રીના વીચાર આચારોમાં જરાક પણ સમતોલપણું નહી, જેણી એક દિવસે એક વીચાર અને એક માન્યતા બહાર પાડે અને બીજે દિવસે

તેથી ઉલટા વીચારો દર્શાવે એવી એક અસ્થીર મનની બાઈના આપણા પારસી થીયોસોફીસ્ટો સાગ્રીત થયા છે...............પણ જેઓએ પોતાના ધર્મનો પુખ્ત અભ્યાસ કીધો હોય છે અને તે સાથે ડાવકા અને પાકટ બુધ્ધીના હોય છે, તેઓ મીસીસ બેઝનટના વાહીયાત કૃતવાઓનું પોકળપણું જોઇ શકે છે અને તેણીની લટાઇથી દોરવાઇ જતાં નથી."

આવા "પાકટ બુદ્ધિના" એક ગ્રહસ્થ આપણા મી૦ પટેલ છે. તેવણનો "પોતાના ધર્મનો પુખ્ત અભ્યાસ" કેવો છે તે તો આપણે આગળ તપાસી ગયા છીએ. પણ મી૦ પટેલ "પગ તળે બળે ને લંકા હોલવવા" જાય છે. ઉપર બીજી કૉલમમાં એવણુ જણાવે છે કે—

'યુરોપ અને અમેરીકામાં થીઓસોફીસ્ટો હીપ્નોટીઝમ, મેસ્મેરીઝમ, કલેરવોયન્સ, મેન્ટલ હીલીંગ, થોટ રીડીંગ, પરસનલ મેગ્નેટીઝમ વગેરે **શરીર અને મનનો નાશ કરનારી** * વાંધાભરી સાયન્સો શીખે છે અને શીખાડે છે, આમ થોડે દરજજે હિંદમાં પણ થાય છે"

ઉપર હીપ્નોટીઝમ વગેરે વિદ્યાઓને મી૦ પટેલ "શરીર અને મનનો નાશ કરનારી વાંધાભરી સાયન્સો" તરીકે ઓળખાવે છે, અને તે શીખવવા માટે થીઑસૉફીસ્ટોને તદન ખોટી રીતે બદનામ કરે છે. પણ મી૦ પટેલનુ આગલું ભાષાણુ જેની આપણે લંબાણથી તપાસ લઇ ચુકયા, તેમાંના નીચલા શબ્દોને હવે એમના ઉપલા વિચારો સાથે સરખાવી આપણે વાજબી રીતે આ 'ડાવકા અને પાકટ બુદ્ધિના" ઉપદેશકને સવાલ કરીશું કે જે પુરૂષના "વિચાર આચારોમાં જરાક પણ સમતોલપણું નહીં, જે એક દિવસે એક વિચાર અને એક માન્યતા બહાર પાડે અને બીજે દિવસે તેથી ઉલટા વિચારો દર્શાવે," એટલુંજ નહી પણ **એકજ લખાણમાં એકેકથી ઉલટા વિચારો રજુ કરે,** એવાં અસ્થીર મનના ગ્રહસ્થ કોમના ઉપદેશક થવાની લાયકાત ધરાવતા ગણાય કે? આગલાં ભાષાણુમાં મી૦ પટેલે જણાવ્યું હતું કે—

"બીજો દાખલો આપણે મેસ્મેરીઝમ અને હીપ્નોટીઝમનો લઇએ. એ બેઉમાં "એપરેટર" પોતાનાં આત્મબળથી (મીડીયમ) Mediumનું મન વશ કરે છે. (વિચાર વાંચવાની વિદ્યા) Thought reading માં પણ તેમજ છે. ઓપરેટર મીડીયમના વિચારો તેના બોલ્યા અથવા લખ્યા વગર પારખે છે. આમાં નવાઇ જેવું કાંઇ નથી દરેક માણસનું મન બીજા માણસના મનપર અસર કરે છે. એ

---

* આ શબ્દો અમે કાળા ટાઇપમાં મુકયા છે.

મોઢે ઉપર સંખ્યાબંધ ચોપડીઓ લખાઈ છે જેનો અભ્યાસ કરો અને તે સાથે પ્રેક્ટીસ કરો તો તમો પણ એ શકિત (Power) મેળવી શકો. એમાં અકુદરતી અથવા અદ્દભુત (supernatural) કાંઇ નથી. એ માત્ર ઇલમ એટલે 'સાયન્સ'ના પ્રયોગો છે."

સચ્ચાઈની તપાસ કરવા ચહાનાર કોઈ[illegible] વાંચનાર મી૦ પટેલનાં આગલાં ભાષાણુ સાથે તેમનાં છેલાં ભાષાણુનો મુકાબલો કરશે તો જણાઇ આવશે કે મી૦ પટેલના પોતાના વિચારોનો ઢંગધડો નથી. જે બાબતો તેઓ પોતે હજી સમજી શકયા નથી તે જાહેરને સમજાવવાની અને તે પર મત આપવાની શેખી કરવા જતાં તેઓ પોતાને કઢંગી હાલતમાં મુકી દે છે, અને તે છતાં આ "હાવકા અને પાકટ બુધ્ધિના" ઉપદેશક "અસ્થીર મનના" મીસીસ બીઝેંટ સામે ટીકા કરે છે!

"દીવાના" થીઑસૉફીસ્ટો!

મી૦ પટેલનાં એકજ લખાણુમાંના ઉપર સામસામે મુકેલા બે ફકરા એમની સત્યવાદી વળણુનો ખુલ્લો પુરાવો છે! જેઓ કશા દ્વેષભાવ વગર, માત્ર સચ્ચાઇને ખાતર કામ કરે છે, તેમનું મન નિર્મળ રહે છે, અને તેઓના વિચારોમાં પરસ્પર વિરોધતા (inconsistency) હોતી નથી. પણ મજકુર ચર્ચાપત્ર લખતી વખતે મી૦ પટેલનાં મનની સ્થીતિ કેવી હશે તેનો ખ્યાલ આપણુને સારાં નસીબે તેમના મીત્ર, "જામે જમશેદ"ના અધીપતિએ મહેરબાનીની રાહે આપ્યો છે, અને તે માટે મી૦ પટેલે પોતાના એ મીત્રનો ઉપકાર માનવો ઘટે છે. "જામે"ના અધીપતિ થીઑસૉફીસ્ટો સામે દરવાજા બંધ કરતાં મી૦ પટેલનાં ઉપલાં ચર્ચાપત્ર માટે ટીકા કરે છે કે—

"મી૦ પટેલના આ ચર્ચાપત્રમાંથી લગભગ દસેક ડજન હેબતનાક વીશેશનો ગાળી કહાડતાં અમને દોઢ કલાક લાગ્યો છે, અને ત્યાર પછી અમને બીજો અડધો કલાક માથે આઇસ ચોપડવું પડયું છે."—

અમે 'જામે'ના અધીપતિની દયા ખાઇએ છીએ. પણ "દોસ્તકા દીલ રાઝી રખના, તો જરાસા ઝેહરભી ચખના!' મી૦ પટેલની નજરે બસ થીઑસૉફીસ્ટો "દીવાના" જેવાજ જણાય છે, પણ જે કોમના ઉપદેશક પોતાનાં લખાણુમાં "દસેક ડજન હેબતનાક વિશેષણો" વાપરે તેનાં મનની સ્થિતી કેવી હોવી જોઇએ?

મી૦ પટેલનાં ભાષાણુમાંના વાંધાભર્યા ફકરા ઉપરથી મી૦ વાડયાએ સીધો સવાલ પૂછયો કે—

"મી૦ પટેલને ખુલી ચેલેંજ કરીને પુછું છું કે થીઓસોફીના સાહિત્ય-માંથી હમોને બતાવી આપવું કે ધુણવાના ધતીંગને તે ઉત્તેજન આપે છે, અને એવું કયું પારસી થીઓસોફીસ્ટ કુટુંબ પુરૂષ કે સ્ત્રી છે જે "ધુણે" છે યા ધુણવા માંગે છે? નામ આપશો?"

પણ થીઑસૉફીકલ સાહિત્યનો "સાડત્રીશ વરસનો અભ્યાસ અને અનુભવ" ધરાવનાર મી૦ પટેલ એ સાહિત્યમાંથી ધુણવાની બદીને સીધી કે આડકતરી રીતે ઉત્તેજન આપનાર એક પણ વાકય રજુ કરી શકયા નથી. નામોના સંબંધમાં પોતાનાં ચર્ચાપત્રમાં એ ગૃહસ્થે જણાવ્યું કે—

"હું દલગીર છું કે બદનક્ષીના કાયદાના ધુજારાને લીધે હું તેઓના નામ આ લેખમાં આપી શકતો નથી પણ જો કોઇ સદગ્રહસ્થ ખાનગીમાં તે નામો મારી પાસે માંગશે તો હું તે ખુશીથી આપીશ."

અમે પોતે તુરત એ૦ પત્ર લખી તે નામો મેળવવાની અરજ કીધી, પણ અમને જણાવવામાં આવ્યું કે એક મીત્ર વકીલની સલાહ નહીં હોવાથી તે આપી શકાતાં નથી. ખયર. પણ મી૦ વાડયાની તેવીજ અરજનો જે જવાબ મળ્યો છે, તે અમે ઇચ્છીએ છીએ કે જાહેરમાં મુકવાની અમને કાયદાપૂર્વક છુટ હને, કે જેથી આ કામના ઉપદેશકને તેમનાં ખરાં રૂપમાં અમે મુકી શકતે, અને થીઑસૉફીસ્ટોને "દીવાના"માં ખપાવનાર આ ગૃહ-સ્થની જાહેર સવાલો પર લખતી વખતે મનની સ્થિતી કેવી રહે છે તે પુરવાર કરવાની અમને તક મળતે.

સેવા અને સચાઇ.

મી૦ પટેલે ધુણવાની બદીના બાબમાં પૉરસી થીઑસૉફીસ્ટોને જવાબદાર ગણ્યા; મી૦ વાડયાએ આ સચાઇથી વેગળાં આળનો જવાબ આપતાં બચાવમાં માત્ર દલીલરૂપે ધુણવાની બદીની વિરૂદ્ધ પારસી થીઑ-સૉફીસ્ટો જે કાંઇ કરે છે, તે હકીકત રજુ કીધી, અને તેમ કરતાં સ્વભાવિક રીતે પારસી થીઑસૉફીસ્ટોએ જરથોસ્તીઓમાં પોતાના ધર્મ તરફનું એકીન સજીવન કરવા માટે જે કીધું છે, તેનો ઇશારો માત્ર નીચે મુજબ કીધો:

"પારસી થીઓસોફીસ્ટોએ જરથોશ્તી દીનને અને જરથોશ્તી કોમને ધરમા-ભીમાનમાં જાગ્રત કરવાને શું શું કીધું છે અને કરે છે તે સર્વ કોઇને રોશન છે."

આ સિવાય મી૦ વાડયાએ પોતાનાં ચર્ચાપત્રમાં **પોતાને માટે** તો એક શબ્દ પણ વાપર્યો નથી, કે નથી કોઇ થીઑસૉફીસ્ટ માટે "મોટી

મોટી વાતો કરી." છતાં મી૦ પટેલ વાચકવર્ગને પારસી થીઑસૉફીસ્ટોની સામે ઉશ્કેરવાને જે પેરવી કરે છે, તે તેમના નીચલા શબ્દોપ:થી જણાઇ આવે છે:

"મને ચેલેનજ કરનાર થીયોસોફીસ્ટ પોતાની કોમ સેવાની મોટી મોટી વાતો કરી પોતાને મોઢેજ પોતાના વખાણ કરે છે. આજ કાલ પારસીઓમાં "સેવા" શબ્દ ઘણોજ સસતો થઈ પડયો છે. જેઓ કોમની ખરી સેવા બજાવે છે તેઓ ઢોલ તાસા વગાડી દુનીયાને તે જણાવતાં નથી, ખરી કોમ સેવા મોટા ભાતી ભોગો આપ્યા વગર થઇ શકતી નથી અને જેઓએ દાયકાઓ સુધી વખત, મહેનત, પઇસા, નોકરી ધંધા વગેરે મોટા ભાતી ભોગો આપી કોમની સેવા બજાવી છે તેઓ તો જાહેર કે ખાનગીમાં તે વીષે એક હુંફ પણ કાઢતા નથી. સેવા, સેવા, શું કરી રહયા છો? તમો ખરી કોમ સેવા કરતાંબી હો, તો તે વીષે જાહેરમાં વારે ઘડીએ બડાઇ મારવામાં શું સોભા છે? કોમ સેવા કરવામાં દરેક જરથોસ્તી ફરજથી બંધાયેલો છે તેમાં વડાઇ લેવા જેવું શું છે? કોમ સેવા કરવી અંતઃકરણના સંતોશને માટે છે અને નહી કે લોકોની વાહવાહ મેળવવા."

બરહક છે. પારસી થીઑસૉફીસ્ટોનો પહેલો સબકજ "નિષ્કામ કર્મ" (અશોઇને ખાતર અશોઇ)નો છે. પણ મી૦ વાડયાનાં તા૦ ૧૭મી અકટોબર ૧૯૨૩નાં "પ્રજામીત્ર"માં પ્રગટ થયલાં ચર્ચાપત્રમાં તેવણે "પોતાની કોમ સેવાની મોટી મોટી વાતો" કરવાની તો બાજુએ રહી, પણ કાંઈ નાની જેવી વાત બી કીધી હોય, "પોતાને મોઢેજ પોતાનાં વખાણ"નો એક પણ શબ્દ વાપર્યો હોય, તો મી૦ પટેલના ઉપલા ટીકા તદ્દનજ વાજબી અને પ્રસંગોપાત ગણાય પણ અમે ઉપર ટાંકેલા વાક્ય સિવાય મી૦ વાડયાએ પોતાના માટે તો એક શબ્દ પણ લખ્યો નથી, ત્યારે હવે મી૦ પટેલની આ સાચી "સેવા" માટે શું ધારવું? સચાઇના આવા નમુના જાહેરમાં રજુ કરીને શું તેવણ કુધરતી ઓલાદને જાહેર સવાલોની ચર્ચા વખતે કેમ "ગોલાંટ મારવી" તેના દાવ શીખવે છે?

સાડત્રીસ વર્ષનો અભ્યાસ!

મી૦ પટેલનો થીઑસૉફી સામેનો એક ધખારો આ છેઃ—

"મારા નાકેસ વીચાર મુજબ થીઓસોફીનું શીક્ષણ નબળા મનના માણસો માટે ઘણું જોખમ ભર્યું છે. તે માણસોને વહેમી (Superstitious) ઢોંગી (hypocritical) અને ગરવીષ્ઠ (conceited) બનાવે છે".

પણ સામાન્ય પારસી કોમના ઢોંગીપણાં માટે અને ગર્વિષ્ઠપણાં માટે અમારા વિદ્વાન લેખક "નાંચીઝ" ચેરાગના ચાલુ અંકમાં જે વિવેચન કીધું છે, તે કોઈ ખોટું પાડી શકશે? આ ઢોંગીપણાં માટે જરથોસ્તી ધર્મને

અને તેનાં સાહિત્યને જો જવાબદાર ગણી શકાય, તો મી૦ પટેલની ઉપલી દલીલ વાજબી ગણાય. જરથોસ્તી ધર્મના મુળ કાનુનો મુજબજ આજે પારસી કોમમાં તે પાળવામાં આવે છે કે? તેની ધર્મક્રિયાઓનો તાળો આજે વહેમ અને ઢોંગ એબ્રિના ભેગા પાયા ઉપર શું ઉભો નથી? અને પારકા ધર્મોના અભ્યાસ વગર તે ધર્મોની નિંદા કરવી, અને પોતાના મજહબની બારાખડી જાણ્યા વગરજ "અમારો ધર્મ સૌથી શ્રેષ્ઠ છે," એવી ડીંગ મારવી એ કઇ જાતનું ગર્વિષ્ઠપણું? એ ઢોંગ નહી તો બીજું શું? મી૦ પટેલનું જરથોસ્તી ધર્મનું જ્ઞાન અને યકીન તો આપણે તપાસી ગયા; થીઑસાફીનો એમનો અભ્યાસ કેટલો બધો હોવો જોઇએ, તે જોવાને માત્ર એમનાં ભાષણો અને લખાણો પુરતાં છે. અને તે છતાં આપણા આ ઉપદેશક પોતાના અભ્યાસ માટે નીચે મુજબ મગરૂરી લે છે. મી૦ વાડયાને જવાબ આપતાં તેવણ જણાવે છે કેઃ—

"આ જુવાન ગ્રહસ્થ કદાચ જાણીને અજાયબ થશે કે થીયોસોફીના મારા અભયાસની શરૂઆત ૧૮૮૬ ના વરસમાં થઈ હતી એટલે કે આજથી ૩૭ વરસની વાત ઉપર—કે જયારે મને ચેલેનજ કરનાર ભોંયપર ફસડીયાં મારીને આંગળાં ચુસતો હશે. આ સાડત્રીસ વરસના અભ્યાસ અને અનુભવથી મારી ખાત્રી થઇ છે કે મેં ઉપર કહયું તેમ જેઓ મજબુત મનના ન હોય તેઓને માટે થીયોસોફીનું જ્ઞાન ઘણુંજ જોખમ ભર્યું છે."

મી૦ પટેલનાં આગલાં ભાષાણના ચેરાગમાં આપવામાં આવતા રદીયાના સંબંધમાં અમારી ઉપર લખેલાં તા૦ ૧૫મી મે ૧૯૨૩ના એક પત્રમાં પણ મી૦ પટેલ એજ મતલબની મગરૂરી લે છે. સાડત્રીસ વર્ષની વાત ઉપર મી૦ વાડયા "આંગળાં ચુસતા" હતા કે કેમ તે અમે જાણતા નથી, પણ અમે મી૦ પટેલને ખાત્રી આપીએ છીએ કે અમારા બાબમાં તેમની અટકળ ખોટી છે. તે વખતે થીઑસૉફીનું શિક્ષણ "ચુસવા" (imbibe)ની અમે શરૂઆત કીધી હતી.

મી૦ પટેલનો થીઑસૉફીનો અભ્યાસ જ્યારે સાડત્રીસ વર્ષનો જુનો છે, ત્યારે આપણે કુદરતી રીતે વકી રાખી શકીએ કે તેમણે થીઑસૉફીનું બહોળું સાહિત્ય વાંચેલું હોવું જોઈએ, અને તે સાહિત્ય "નબળાં મનનાં માણસો માટે ઘણું જોખમ ભર્યું છે," એવી એમની માન્યતાના ટેકામાં તે સાહિત્યમાંના વાંધાભર્યા ભાગો જાહેર આલમની જાણ માટે રજુ થવા જોઈતા હતા. પણ તેવી એક પણ લીટી આપણા 'પાકટ બુદ્ધિના' આ ઉપદેશક રજુ કરી શકયા નથી એ આપણી અજાયબી છે. મી૦ પટેલનાં

ભાષણો અને લખાણો પરથી કોઈપણ સમજદાર માણસ જોઇ શકે કે તેમનો સાડત્રીશ વર્ષનો અભ્યાસ થીઑસૉફીકલ સાહિત્યનો નહી, પણ ઍન્ટી-થીઑસૉફીકલ (થીઑસૉફી વિરૂદ્ધ) સાહિત્યનો છે. થીઑસૉફીનું સાહિત્ય સમજવા માટે એમની મગજશકિત સામર્થવાન નહીં હોય, અને તેથી એ સાહિત્ય "નબળાં મનનાં માણસો માટે ઘણું જોખમભર્યું" એમને લાગ્યું હોય એ બનવાજોગ છે. મી૦ પટેલનો થીઑસૉફીનો અભ્યાસ જો સાડત્રીસ વષનો જુનો હોય તો "જામે જમશેદ"માં આવેલાં ચર્ચાપત્રમાં થીઑસૉફીકલ સાહિત્ય સંબધી જે ઘટ્ટ અજ્ઞાનપણું એવણ દેખાડે છે, તે દેખાડવાની જરૂરજ રહેત નહીં. થીઑસૉફી સામે જે "કોચરાને સાલનાં" આળો તેવણે મુકયાં છે, તે સઘળાં આળોનો રદીયો ઇંગ્રેજી તેમજ ગુજરાતીમાં અનેક લખનારાઓ તરફથી અપાઈ ચુકયો છે, એ બીના શું એવણના "સાડત્રીસ વર્ષના" અભ્યાસમાં એમની જાણમાં આવી નહી? પણ જયારે "તકરારનું નીમક" ખુટે ત્યારે રેતીના ઢગ ઉપર આધાર રાખવાથી ધસી પડવાનો ભય ઉભો થાય.

મી૦ પટેલના અભ્યાસનું પોકળપણું.

મી૦ પટેલે થીઑસૉફીનો અભ્યાસ જો સાડત્રીસ વર્ષ સુધી કીધો હોય, જો શુધ્ધ બુધ્ધિથી તેમાંથી સત્ય શોધવાની એવણે કોશેશ કીધી હોય, તો "આઇસીસ અનવેલ્ડ" (Isis Unveiled) નામના મેડમ બ્લાવાટસ્કીના પુસ્તક માટે એવણે જે ઓરંગાઓ માર્યા છે તે મારતે નહીં. એમનો તમામ આધાર જાતી અભ્યાસ ઉપર નહીં, પણ થીઑસૉફી વિરૂદ્ધના પારકા લેખો ઉપરજ છે, અને તે પુરવાર કરે છે કે એવણે થીઑસૉફીની વિરૂધ્ધનાં સાહિત્યન અભ્યાસ પાછળ સાડત્રીસ વષ બરબાદ કીધાં છે, અને સચાઈને છોડી ગલત વાતોને વળગી રહ્યા છે. જો "આઇસીસ અનવેલ્ડ"ના બે પુસ્તકો વાંચવામાંજ મી૦ પટેલે સાડત્રીસ વર્ષ ગુજાર્યાં હતે તો ખરાં અને ખોટાં વચેનો તફાવત એવણ સમજી શકતે.

આર્થર લીલી અને ડબ્લ્યુ. ઇ કોલમેનની ચોપડીઓ ઉપરથી મી૦ પટેલે "આઇસીસ અનવેલ્ડ" વિષે ઓરંગાઓ માર્યા છે. પણ મેડમ બ્લાવાટસ્કીનાં આ બે ગંજાવર પુસ્તકો જાતે લઇ તપાસવાની દરકાર તેવણે કીધી નથી. "આઇસીસ અનવેલ્ડ"નાં બે પુસ્તકો ફ્રેંચ વિદ્વાન લુઇ કોન્સ્ટન્ટ, કે જે એલીફાસ લૅવીને નામે પ્રખ્યાત છે, તેનાં પુસ્તકો ઉપરથી અને હિંદનાં ફ્રેંચ સંસ્થાનોના માજી ચીફ જસ્ટીસ લુઇ જેકોલીઅટનાં પુસ્તક

ઉપરથી "તફડાવેલાં" જણાવવામાં આવે છે. મજકુર બંને ફ્રેંચ વિદ્વાનોનાં પુસ્તકો આજે પણ વેચાતાં મળે છે, અને કોઇબી સત્યશોધકની ફરજ તે પુસ્તકો લઇ "આઇસીસ અનવેલ્ડ" સાથે સરખાવી જોવાની છે. મી૦ પટેલે પોતે તેમ કીધું હતે, યા આર્થર લીલી જેનાં પુસ્તકનો તમામ આધાર મૉં૦ સૉલોવી-ચોફ નામના એક રશીયનનાં પુસ્તક ઉપર હતો, અને જે સઘળાંના રદીયા આજે પણ થીઑસૉફીકલ સાહિત્યમાં મોજુદ છે, તે વાંચવાની તસ્દી લીધી હતે તો "આઇસીસ અનવેલ્ડ" જેવાં કીમતી પુસ્તક માટે તેમને ઓરગા મારવાની જરૂર પડતે નહીં. મી૦ પટેલને ખબરબી નહીં હશે કે આર્થર લીલીનું પુસ્તક તો ખુદ થીઑસૉફીકલ બુક-સ્ટૉલો ઉપર વેચવા માટે રાખવામાં આવતું હતુ, કે જેથી સચાઇ કયાં છે તે જાણવાની તક સઘળાને મળે. વળી "આઇસીસ અનવેલ્ડ"ના સંબંધમાં મેડમ બ્લાવાટસ્કીની પોતાની કલમથી લખાયલું "મારી ચોપડીઓ" (My Books) નામનું નાનું ચોપાન્યું પુરતો ખોલાસો આપે છે, પણ ' સાડત્રીસ વર્ષના " મી૦ પટેલના બહોળા અભ્યાસમાં આ સોળ પાનાંનું નાનું ચોપાન્યું નજરે નહી પડયું એ એક અજાયબી છે. પણ લૉર્ડ લીટનના શબ્દો અહીં તદન બંધબેસતા થઇ પડે છેઃ

"Ignorance everlastingly shall recoil from knowledge."

" અજ્ઞાનપણું સદા જ્ઞાનથી દુરજ નહાસે છે. "

મહાત્માઓની હસ્તી.

મી૦ પટેલ મહાત્માઓની હસ્તી માટેનો સવાલ ઉઠાવે છે, પણ તેમ કરતાં તેઓ ભુલી જાય છે કે જરથોસ્તી ધર્મ પુસ્તકોમાં, તવારીખમાં અને પારસી માન્યતામાં જે અશો ગોફેનશીન નરોની વાતો મોજુદ છે, તેના પાયાને તેઓ ઘેસ્વી નાખે છે. ખોરશેદ ન્યાયશમાંના "ગેથીના યઝદો" (ગએથીમ યઝતેમ)નું કેમ? શાહનામાંમાં સીમોર્ગ, અફ્રાસ્યાબને પકડનાર હોમ, પાદશાહ કયખુસરો વગેરેની વાતોનો ખોલાસો શું? તંદરોસ્તીના કલામોમાં "શાહ વરઝાવંદ, દસ્તુર પેશોતન, પેગંબર હોશેદર, હોશેદરમાહી, પાદશાહ કયખુસરો" વગેરેનાં નામો ચાલુ રાખવાનું કારણ શું? મી૦ પટેલ જાહેરમાં જરથોસ્તી મજહબની ઉંચી માન્યતાઓના પાયા ખોદનારા આવા સવાલો ઉઠાવી કોમને કેવો બોધ આપે છે, તે અહીં જણાઈ આવે છે. મહાત્માઓની હસ્તી માટે થીઑસૉફીકલ સાહિત્યમાં ઇંગ્રેજી અને ગુજરાતીમાં

એટલું બહોળું સાહિત્ય પડેલું છે, કે જો શુદ્ધ બુદ્ધિથી તે વાંચવામાં આવે, તો આવા અશો નરોની હસ્તી માટે શક રહેજ નહી પણ ધર્મ અને થીઑસૉફીને બાજુએ મુકતાં સાધારણ વિદ્વાનો, જેઓએ સ્વતંત્રપણે વિચાર કીધો છે, જેઓએ અનુભવ સાથે જ્ઞાન મેળવ્યું છે, તેઓ આવી હસ્તીનો ખુલ્લાં દીલે સ્વિકાર કરે છે. લોર્ડ લીટન, જેમનાં પુસ્તકો તેમને એક દીક્ષા પામેલા પુરૂષ (Initiate) હોવાનું સાબેત કરે છે, તેઓ જણાવે છે કે:-

"In the world there have been from age to ago some brighter and happier spirits who have attained to the air in which the beings above mankind move and breathe."

"દુન્યામાં દરેક જમાનામાં કેટલાક તેજદાર અને સુખી આત્માઓ હોય છે કે જેઓ તે ભુવન ઉપર પુગેલા હોય છે કે જ્યાં માણુસો કરતાં વધારે ઉંચી હસ્તીઓ વસે છે."

આ બાબદ ઉપર બહોળું સાહિત્ય મોજુદ હોવાથી તે અત્રે વધારે લંબાવવાની જરૂર નથી.

થીઑસૉફીના વિરોધીઓ.

થીઑસૉફીકલ સોસાયટીની સ્થાપનાની એક નેમ સઘળા પ્રાચીન ધર્મોને સજીવન કરવાની હતી, અને તે ખ્રીસ્તી મીશનરીઓને રૂચે નહીં એ કુદરતી હતું. આટલા માટે પહેલી વિરૂદ્ધતા તેઓ તરફથી થઇ. યુરોપીઅન જબાંનશનાસો (Philologists) જેઓ ધર્મપુસ્તકોના અભ્યાસમાં શબ્દાર્થને વળગી રહેતા હતા, તેઓને બાંતેનની ફીલસુફી રૂચે નહીં એ સ્વાભાવિક છે, અને તેથી થીઑસૉફી સામે તેઓની વિરૂદ્ધતા પણ ચાલુ રહી. યુરોપ અને અમેરિકાના "સ્પીરીચુઆલીસ્ટો" જેઓ ગુજર પામેલાઓનાં "કામ-રૂપ" (તેરીપી) સાથે અખતરા કરતા હતા, તેઓને તે નુકસાનકારક પ્રયોગોથી હાથ ઉઠાવવાની થીઑસૉફીકલ સાહિત્યમાં આપવમાં આવતી સલાહ રૂચી નહીં, અને તેથી તેઓનો વિરોધ ઉમેરાયો. જીજ્ઞાસા અને અજાયબીના શોખીન કેટલાક દુન્યાદાર, સ્વાર્થી માણુસો ચમત્કારો અને મહાત્માઓને જોવાની નેમથી આ મંડળમાં જોડાયા,—પણ અહીં બજાર સોદો ન હતો, અહીં ઉંચી લાયકાતનો સવાલ હતો. આવા સ્વાર્થી માણુસોને નિરાશી મળતાં તેઓનો વિરોધ સૌથી વધુ થઇ પડયો. પણ તે છતાં થીઑસૉફીએ દુન્યાના વિચારવંત ભાગનું ધ્યાન ખેંચવા માટે શું કીધું છે, સાયન્સ અને ધર્મને કેટલો ખોરાક પુરો પાડયો છે, તે તેનાં બહોળાં સાહિત્યમાં મોજુદ છે. જેઓમાં તે જ્ઞાન મેળવવાની લાયકાત હોય તેઓ

તે ચાક્ષુ રંગથી મેળવી શકે છે; જેઓમાં તે લાયકાત નથી તેઓ તે દુરથી જોઇનેજ ભડકી જાય છે, અને તેઓનાં મન નીચલા શબ્દો મુજબ "ડહોળાઇ" ઉઠે છે.

"But truth can no more be seen by the mind unprepared for it, than the sun can dawn upon the midst of night. Such a mind receives truth only to pollute it;.........He who pours water into the muddy well, does but disturb the mud." —*Zanoni.*

"પણ જેમ સૂર્ય રાતની વખતે પ્રકાશી શકતો નથી, તેમ સચાઇને માટે જે મન તૈયાર ન હોય. તે તે ગ્રહણ કરી શકતું નથી. એવું મન સચાઇ મેળવીને માત્ર તેને બગાડે છે.........કાદવવાળા કુવામાં જે કોઇ પાણી નાખે છે, તે માત્ર તે કાદવનેજ ડહોળે છે."—ઝનોની.

ગુપ્ત બુદ્ધિઝમ.

મરહુમ મી૦ એ. પી. સીનેટે પ્રગટ કીધેલી "ધી એસોટેરીક બુધિઝમ" (The Esoteric Buddhism) નામની ચોપડી ઉપરથી જબાનશનાસોમાં ઉભી થયલી ગેરસમજુતીને મી૦ પટેલ વળગી રહીને ટીકા કરે છે, અને અહીં થીઑસૉફીના "સાઇન્ટીફીક વર્ણના" એમનાં અભ્યાસની પરિક્ષા થઇ જાય છે. આ ટીકા ખુલ્લું પુરવાર કરે છે કે મી૦ પટેલે થીઑસૉફીની વિરૂદ્ધનાં સાહિત્યનો અભ્યાસ કીધો છે; થીઑસૉફીને લગતાં પુસ્તકોને તો તેરણ અડકયા પણ ન હોય. "જામે જમશેદ"માં મજકુર ચર્ચાપત્ર લખવા અગાઉ ખરી હકીકત જાણવા માટે જો છપાએલાં પુસ્તકનો દીબાચો વાંચવાની એતણું તરદી લીધી હોત તો "બુદ્ધિઝમ" શબ્દની વ્યાખ્યા એવણ સમજી શકતે. મી૦ પટેલ જરથોસ્તી ધર્મમાં કાંઇક ભેદો છે એમ માને છે; જબાનશનાસો ધર્મ શાસ્ત્રોમાં કશા ભેદ હોવાનો ઇન્કાર કરે છે, અને માત્ર શબ્દોના અર્થ મુજબજ ધર્મ પુસ્તકોની મતલબ સમજાવે છે. પણ મી૦ સીનેટની મજકુર ચોપડી બાજુએ રાખતાં મેડમ બ્લાવાટસ્કીએ શીખવેલાં "બુદ્ધિઝમ" નો અર્થ પણ તેમનાં "આઇસીસ અનવેઇલ્ડ"માં ખુલ્લો દર્શાવ્યો છે.

"When we use the term *Buddhists*, we do not mean to imply by it either the exoteric Buddhism instituted by the followers of Gautama-Buddha, nor the modern Buddhistic religion, but the secret philosophy of Sakyamuni, which is

its essence is certainly identical with the ancient wisdom religion of the sanctuary, the pre-Vedic Brahmanism. The "Schism" of Zoroaster, as it is called, is a direct proof of it.

*   *   *   *   *   *

"By *Buddhism*, therefore, we mean that religion signifying literally the doctrine of wisdom, and which by many ages antedates the metaphysical philosophy of Siddharatha Sakyamuni." —*Isis Unveiled*, II—142-43

"જ્યારે અમે બુધિધઝમ શબ્દ વાપરીએ છીએ ત્યારે તેની મતલબ ગૌતમ બુદ્ધના અનુયાયીઓએ સ્થાપેલા જાહેર બુદ્ધ ધર્મ, અથવા હાલના બુધ્ધ ધર્મ માટેની હોતી નથી, પણ શાકયમુનીની ગુપ્ત ફીલસુફી, કે જે તેના અર્થમાં ગુપ્ત આશ્રમોમાં શીખવવામાં આવતા પુરાતન જ્ઞાનધર્મને મળતી છે, તેને વિષે અમે એ શબ્દ વાપરીએ છીએ. જરથોશ્તે સ્થાપેલો "પંથ" તેનો સીધો પુરાવો છે.

*   *   *   *   *   *

"આટલા માટે, બુધ્ધિઝમ શબ્દથી અમે તે ધર્મ વિષે કહેવા માંગીએ છીએ કે જેનો અર્થ જ્ઞાન-ધર્મ થાય છે, અને જે સિધ્ધારથ શાકયમુનીએ શીખવેલી આત્મીક ફીલસુફીની જમાનાઓ અગાઉ હસ્તી ધરાવતો હતો.

—આઇસીસ અનવેલ્ડ પુ૦ ૨ જું, પાનાં ૧૪૨-૪૩.

પ્રોફેસર મૅક્સ મુલર અને પ્રોફેસર રાઇઝ ડેવીડઝે "બુધ્ધિઝમ" માટે કીધેલા ટીકાના સંબંધમાં પણ મૅડમ બ્લાવાટસ્કીનાં 'સીક્રેટ ડૉક્ટ્રીન' (Secret Doctrine)નાં બીજા પુસ્તકને ૫૮૮ મે પાને ફુટનોટમાં ખોલાસો કરવામાં આવ્યો છે. જો મી૦ પટેલ એક સ્વતંત્ર વિચાર શકિતના માણસ હતે તો "સાડત્રીશ વર્ષ"ના થીઑસૉફીના અભ્યાસમાં આવા ખુલ્લા ખોલાસાઓ તરફ તેઓ આંખ વિચાંમણાં નહીં કરતે. આ હકીકત એમના "સાડત્રીશ વર્ષના" અભ્યાસનું પોકળપણું સાબેત કરવાને પુરતી છે. મી૦ પટેલના "સાડત્રીશ વર્ષના" અભ્યાસનું આ પરિણામ જાણીને વાંચનારાંઓ શું અજાયબ થશે નહી!

સાઇકીકલ રીસર્ચ સોસાયટી.

ઇંગ્લંડની "સાઇકીકલ રીસર્ચ સોસાયટી" (Psychical Research Society) એ મૅડમ બ્લાવાટસ્કી પર કરેલા હુમલાઓ વિષે મી૦ પટેલ પોતાનાં ચર્ચાપત્રમાં ઇશારો કરે છે. આ સોસાયટીના લંબાણ, એકતરફી, ગેરઇન્સાફી, અને બહુ હલકી ભાષામાં લખાયલા રીપોર્ટના જે

જવાબો થીઑસૉફીકલ સાહિત્યમાં આજેબી મોજુદ છે, તે તરફ મી૦ પટેલ આંખમિંચામણાં કરે છે. જો મજકુર રીપોર્ટનો કશો જવાબ થીઑસૉફીસ્ટો તરફથી અપાયો ન હતે, તો મી૦ પટેલના ટીકા વાજબી ગણાતે. પણ જ્યારે વિરુધ્ધ પક્ષનું તે સાહિત્ય પોતે વાંચેલું હોવાનું જણાવે છે, ત્યારે તેના અપાયલા સંખ્યાબંધ જવાબો ગોયા હસ્તીમાં હોયજ નહીં, એવી વળણ આપણા આ "જરથોસ્તી" ઉપદેશક દેખાડે છે! મજકુર રીપોર્ટના સંબંધમાં થયલાં સંખ્યાબંધ લખાણોની ટીપ આ વિષયને છેડે આપવામાં આવશે, જેથી ઇન્સાફી વલણ ધરાવનાર કોઇ પણ સચાઇનો શોધક ખરી હકીકતનું તોલ કરી શકે.

મૅડમ બ્લાવાટસ્કીની નાલેસી.

સચાઇની શોધમાં કોશેશ કરનાર ખરેખરા જીજ્ઞાસુ અભ્યાસીઓ સાથે કોઇ પણ વિષય ઉપર તકરારમાં ઉતરવું એ એક જાતની મોજ છે; તેથી જ્ઞાનનાં કાંઇક બીજ બહાર આવે છે. પણ પોતાના અજ્ઞાનપણાંને છુપાવવાની કોશેશ કરી જાહેર આલમને ખોટે માર્ગે દોરવનારાઓ જ્યારે ખરા લાયક વિદ્વાનોની નાલેસી કરવાની શોખાઇ કરે, ત્યારે તેઓ સખ્ત ટીકાને લાયક ઠરે છે. મી૦ પટેલે મૅડમ બ્લાવાટસ્કીનાં ગંજાવર પુસ્તકો "આઇસીસ અનવેલ્ડ" અને "સીક્રેટ ડૉકટ્રીન" પોતાના "સાડત્રીશ વર્ષના અભ્યાસ" દરમ્યાન વાંચ્યાં હોય, કે તેનાં સાંકળાંપર વરીક નજર નાખવાની દરકાર કીધી હોય, તે માટે અમને શક છે. જો આપણા આ શિક્ષાગુરૂએ તેમ કીધું હતે, તો જે ગુજર પામેલી બાનુ ઉપર તેવણ "ઠગાઇ"નો, "તફડાવવા"નો, "ઓગરીમ કરવા"નો આરોપ મુકે છે, તે મુકવા અગાઉ આંચકો ખાતે. જે બહોતાનો એક ગુજર પામેલી બાનુ ઉપર તેવણ મુકે છે, તે બહોતાનોનો જવાબ જ્યાં સુધી તેમનાં ગંજાવર પુસ્તકો દુન્યામાં મોજુદ રહેશે, ત્યાંસુધી તેમના નિંદાખોરો માટે તે પુસ્તકોમાંજ લખાયલો મળી આવશે.

મૅડમ બ્લાવાટસ્કીનો બચાવ.

"આઇસીસ અનવેલ્ડ"ને એક "તફડાવેલાં" પુસ્તક તરીકે વગોવનારાઓને અને આ "મોજેજાઇ" બાનુની હલકી નિંદા કરી તેણીને સતાવનારાઓને તેણીએ પોતાનાં "સીક્રેટ ડૉકટ્રીન"નાં પહેલાં પુસ્તકમાં ખુલ્લો જવાબ આપ્યો છે, તે મી૦ પટેલના "સાડત્રીશ વર્ષના અભ્યાસ"માં નજરે નહીં પડયો, ત્યારે જાહેરને ઠગવાનો આરોપ વાજબી રીતે

મેડમ બ્લાવાટસ્કીને લાગુ પડે કે મી૦ પટેલને તે હવે ખુલ્લું જણાઈ આવે છે. મેડમ બ્લાવાટસ્કી ગુજર પામ્યા છતાં પોતે પોતાનો બચાવ કરવાને શક્તિવાન છે, અને તેટલા માટે અમે કશું વિવેચન કરવાને બદલે તેઓનાજ શબ્દો મી૦ પટેલને અર્પણ કરીએ છીએ.

"To my judges, past and future, therefore—whether they are serious literary critics or those howling dervishes in literature who judge a book according to the popularity or unpopularity of the author's name, who hardly glancing at its contents, fasten like lethal *bacilli* on the weakest points of the body—I have nothing to say. Nor shall I condescend to notice these crack-brained slanderers–fortunately very few in number–who, hoping to attract public attention by throwing discredit on every writer whose name is better known than their own, foam and bark at their very shadows These having first maintained for years that the doctrines taught in the *Theosophist*, and which culminated in *Esoteric Buddhism*, had been all *invented* by the present writer, have finally turned round, and denounced *Isis Unveiled* and the rest as a plagiarism from Eliphas Levi (!) Paracelsus (!!) and *mirabile dictu*, Buddhism and Brahmanism (!!!) As well charge Renan with having stolen his *Vie de Jesus* from the Gospels and Max Muller his *Sacred Books of the East* or his *Chips* from the philosophies of the Brahmans and of Gautama, the Buddha. But to the public in general and the readers of *The Secret Doctrine* I may repeat what I have stated all along, and which I now close in the words of Montaigne.

"*Gentlemen, "I have here made only a nosegay of culled flowers, and have brought nothing of my own but the string that ties them.*"

"Pull the string to pieces and cut it up in shreds, if you will. As for the nosegay of *facts*–you will never be able to make away with these."—*The Secret Doctrine*, vol i, p. 28.

" આટલા માટે મારાં લખાણોના આગલા અને ભવિષ્યના ટીકાકારો—તેઓ સાહીત્યના ખાસ ટીકાકારો હોય, કે સાહિત્યનાં મેદાનમાં પોકાર કરનારા ભીખારીઓ હોય, કે જેઓ એક ગ્રંથકર્તાનાં નામની લોકપ્રિયતા કે અપ્રિયતા ઉપરથી તેનાં પુસ્તક ઉપર નુકતેચીની કરે છે, અને જેઓ તેનાં સાંકળ્યા ઉપર પણ ભાગ્યેજ નજર નાંખે છે, અને શરીરના નબળા ભાગો ઉપર વળગી બેસતાં જીવલેણ જંતુઓની માફક વર્તે છે,—તેઓને મારે કશું કહેવાનુ નથી. તેમજ પેલા મેન્ટલ-ક્રાટેલ નિંદાખોરો—જેઓની સંખ્યા સારાં નસીબે બહુ થોડી છે,—જેઓ પોતાના કરતાં વધારે સારી રીતે જણાયલા દરેક ગ્રંથકર્તાનાં નામ ઉપર આલાપ લઇ પોતાને જાહેરની નજરમાં લાવવાની આશા રાખે છે, જેઓ માત્ર તેઓના ઓળા તરફ ઝનુનમાં આવીને ભસે છે, તેઓની કશી પરવા કરવાની હું જરૂર જોતી નથી આ સઘળાઓએ વર્ષો સુધી પહેલાં એવું જાહેર કીધું કે થીઓસૉફીસ્ટ ચોપાનીયાંમાં શીખવવામાં આવતી બાબદો, જે એસોટેરીક બુદ્ધિઝમમાં સંપુર્ણતા પર લાવવામાં આવી હતી, તે સઘળી હાલની લેખકે શોધી કાઢી હતી, અને પછી "ગોલાંટ મારી"ને આઇસીસ અનવેલ્ડ અને બીજાં પુસ્તકોને એલીફાસ લેવી (!) પેરેસેલ્સસ (!!) અને અજાયબજેવું તો એ છે કે બુધ્ધ અને હિંદુ ધર્મમાંથી તફડાવેલી જાહેર કીધી (!!!) એ ધોરણે તો રેનાં ઉપર તેની "લાઈફ ઓફ જીસસ" ની ચોપડી બાઇબલમાંથી અને પ્રોફેસર મેક્સ મુલરના "સેક્રેડ બુક્સ ઓવ ધી ઇસ્ટ" અને "ચીપ્સ"નાં પુસ્તકો બ્રાહ્મણ અને ગૌતમ બુધ્ધની ફીલસુફીઓ પરથી તફડાવેલાં કહી શકાય. પણ જાહેર આલમને અને સીક્રેટ ડૉકટ્રીનનાં વાંચનારાંઓને જે હું વારંવાર કહેતી આવી છું, તે એકવાર ફરીથી કહું છું, અને તે મોન્ટેનના શબ્દોમાંજ કહીશ કે:—

"મહરબો. "મેં માત્ર ચુંટેલાં ફુલોનો તુરો બનાવ્યો છે, અને તેને બાંધવા માટે વાપરેલી દોરી સીવાય બીજું કશું મારૂં નથી."

"તમારી મરજી હોય તો તે દોરી તોડીને તેના ટુકડે ટુકડા કરી નાખો. પણ ખરી હકીકતોના તુરાનો તમે કદીબી નાશ કરી શકશો નહીં."—સીક્રેટ ડોકટ્રીન, પુ૦ ૧ લું, પાનું ૪૮.

ઉપર જણાવેલા ટીકાકારોમાંના કયા વર્ગમાં મી૦ પટેલનો સમાવેશ થાય છે, તે તેમનું મન જાણે; તે કહેવાની સ્થીતિમાં અમે નથી. પણ એક ગુજર પામેલી બાનુ ઉપર ઠગાઇનો, તફડાવવાનો, ચોગરીમ કરવાનો આરોપ મુકી તેણીની હલકી નાલેસી કરવા અગાઉ તેણીનાં પુસ્તકો માટેનાં પોતાનાં ઘટ્ટ અજ્ઞાનપણાંનો વિચાર કરી, આ હલકી નાલેસીના બજરંચોરતી ગુનાહથી પરહેજ રહેવાની શું જરૂર ન હતી? થીઑસૉફીકલ સાહિત્યમાં સૌથી અગત્યનાં અને સૌથી વધુ કીમતી પુસ્તકો મૅડમ બ્લાવાટસ્કીનાં "આઇસીસ અનવેલ્ડ" અને "સીક્રેટ ડોકટ્રીન" ગણી શકાય. તે

વંચવા માટે "સાડત્રીસ વર્ષ" તો ઘણાં થઇ ગયાં. ત્યારે આટલી લાંબી મુદત સુધી થીઑસૉફીનો અભ્યાસ કરવાની બડાઇ છતાં ઉપલો મૅડમ બ્લાવાટસ્કીને હાથે લખાયલો ફકરો મી૦ પટેલની નજરે પડયો ન હોય એમ માની શકાય? અહીં બેમાંથી એક અનુમાન ઉપર આવવાની આપણને ફરજ પડે છે; અને તે એ કે મી૦ પટેલની "સાડત્રીશ વર્ષના અભ્યાસ".ની બડાઇનો પાયો સચાઇ ઉપર રચાયલો નથી; અથવા ખરી હકીકત જાણવા છતાં જાહેરને ખોટે માર્ગે દોરવવા માટે તેઓ સચ્ચાઇને છુપાવવાની પેરવી કરે છે.

મી૦ પટેલનું અજ્ઞાનપણું.

મી૦ પટેલ ૧૯૦૩ ના મે માસના "ધી નાઇન્ટીન્થ સેન્ચરી" નામના ચોપાન્યામાંથી પ્રોફેસર મેક્સ મુલ્લરને હાથે લખાયલો કહેવાતો એક ફકરો ટાંકે છે, કે જેમાં "ઍસોટૅરીક બુધ્ધિઝમ"ના કર્તા તરીકે મૅડમ બ્લાવાટસ્કીને ગણવામાં આવ્યાં છે, જ્યારે તે પુસ્તકના કર્તા મી૦ એ. પી. સીનેટનું નામ પહેલાંથી તે પુસ્તક ઉપર છાપેલું મોજુદ છે. અહીં થીઑસૉફી પર હુમલો કરનારાઓની બીનવાકેફીનો સંગીન પુરાવો મળે છે. ઘડીભર પ્રોફેસર મેક્સ મુલ્લરે ભૂલ કીધી હોય, તો મી૦ પટેલનો "સાડત્રીશ વર્ષનો અભ્યાસ" કયાં ગયો? આ ચોપડી જો મી૦ પટેલે જાતે વાંચી કે જોઈ વટીક હોય તો આવી ભૂલ થવા પામે કે? મી૦ વાડયાના સીધા સવાલનો તેરોજ સીધો ને સાચો જવાબ નહીં આપી શકવાથી ઉશ્કેરાયલાં મગજની શું આ બધી મહોકાણ નથી? પોતે અંધારાંમાં ગોતાં ખાનાર જાહેર આલમને રોશનીનો માર્ગ કયાંથી દેખાડી શકશે?

મીસીસ ઍની બેઝંટ.

મૅડમ બ્લાવાટસ્કી પછી ઍની બેઝંટ મી૦ પટેલની ખફગીમાં આવી પડયાં છે! અને આ રીતે આખી દુન્યામાં વિદ્વતાનાં મેદાનમાં મશહુર થયલા એ ગંજાવર પહાડો સામે એક મગત્રું ટક્કર ઝીલે છો આજે પારસી "જર્નાલીઝમ"માં લાયકાતનો સવાલ રહ્યોજ નથી. "સેન્સેશન" (લાગણી) ઉશ્કેરવા માટે જે જાતનાં લખાણો આવે તેથી "ભરતું" કરવાનો પવન ચોતરફ ફુંકે છે. સ્કુલમાં જતો છોકરો વટીક આજે ગમે તેની સામે ખરી કે ખોટી ટીકા કરી શકે છે, અને તેની લાયકાત જાણ્યાવગર આપણા "સર્વજ્ઞ

અર્ધાંપતીઓ" ગમે તેવાં હલકાં, ઉશ્કેરણી ભર્યાં લખાણોને જગ્યા આપે છે, જો કે તેવાં કેટલાંક લખાણોમાં ખુલ્લો દ્વેષભાવ અને નાદાન્યતની છાપ માલમ પડી આવે છે.

પણ આપણા મી૦ પટેલ તો એક ઉમરે પુગેલા શિક્ષાગુરૂ છે; તેઓ કામના ઉપદેશક છે; તેવણે "સાડત્રીશ વર્ષ" સુધી થીઑસૉફીનો (કે ઍન્ટી-થીઑસૉફીનો ?) અભ્યાસ કર્યો છે, એટલે મીસીસ બેઝંટ કે કોઇપણ સામે ગમે તેવા ટીકા કરવાનો તેમનો હક આપણે સ્વિકારીશું.

મીસીસ ઍની બેઝંટે પોતાની જીંદગીમાં જુદા જુદા અનેક વિચારો ધારણ કીધા છે, અને અનેક પંથો અખત્યાર કીધા છે, એમ જણાવી મી૦ પટેલ તેમને નાટકના ખેલાડી સાથે સરખાવે છે.

મી૦ પટેલ એક શિક્ષાગુરૂ છે; એક ઇન્સાન તરીકે જીંદગી ગુજારવી (living a life) અને વનસ્પતીની માફક જીવવું (vegetate) એ બે વચ્ચેનો ફરક તેઓ સમજતા હોવા જોઇએ. જેઓ પ્રેગટીકરણમાં ઝડપથી આગળ વધે છે, તેઓ એકજ જીંદગીમાં અનેક તબકકાઓમાંથી પસાર થઇ કુદરત સાથે હમસાઝ થવાની કોશેશ કરે છે. જેઓનું શરીર માત્ર ઉમરના વધવા સાથે ફેરવાય છે, અને જેઓનું મન જમાનાના ઉત્તમ વિચારોની શોધમાં ફરતું નથી, જેઓ પોતાની ભૂલ જોઇને તે સુધારવાની કોશેશ કરતા નથી, તેઓ ઇન્સાન તરીકે નહીં પણ વનસ્પતી તરીકે જીવે છે. મીસીસ બેઝંટના આ ફેરવાયલા વિચારોની ખૂબી સમજવા જેટલું મી૦ પટેલનું મગજ ફળદ્રુપ નથી. તે ખુબી સમજવા માટે મી૦ પટેલને મી૦ બીપીનચંદ્ર પાલની "મીસીસ બેઝંટ: એક આધ્યાત્મીક અભ્યાસ" (Mrs. Besant: A Psychological Study) નામની ચોપડીનો અભ્યાસ કરવાની અમે ભલામણ કરીએ છીએ, કે જેથી આ વૃદ્ધ બાનુની જીંદગીમાં થયલા આ ફેરફારોની ખરી ખુબી તેઓ સમજી શકે.

મીસીસ બેઝંટે "હોમરૂલ લીગ" સ્થાપી અને "થોડાક વખતમાં કાંઇક ઓછું પડવાથી લીગની સામે બખાળા કાઢવા માંડયા," એમ જણાવી મી૦ પટેલ ટીકા કરે છે કે "રાજદ્વારી બાબદોમાં પણ એ બાઇએ એવીજ મનની અસ્થીર હાલત બતાવી છે." બેશક ઘણા અફસોસની વાત છે. પણ જ્યારે તા૦ ૧૫ મી મે ૧૯૨૩ ને દીને અમારીપર લખેલાં પત્રમાં મી૦ પટેલ જણાવે છે કે "૩૫ વર્ષની વાત ઉપર હું પોતે એક થીઑસૉફીસ્ટ હતો," ત્યારે આપણને કુદરતી રીતે મી૦ પટેલને પુછવાની

આશ્ચર્ય જેવું છે કે "ઝીણાક બાબતમાં કંઇક ખોટું પડવાથી"જ થીઑ-સૉફીકલ સોસાયટીમાંથી રૂખસદ લીધી હતી કે કેમ ? અને જો તેમ હોય તો છેક ૩૫ વર્ષ પછી પારસી થીઑસૉફીસ્ટો સામે બખાળા કાઢવાનું શું કારણ બન્યું ? વળી જો "હોમરૂલ લીગ" સ્થાપીને તેમાંથી ખસી જવા માટેજ મીસીસ બેઝંટ "અસ્થીર મનનાં" ગણાય, તો એજ દલીલને આધારે થીઑસૉફીકલ સોસાયટીમાં જોડાઇને તેમાંથી ખસી જવા માટે મી૦ પટેલ પણ "અસ્થીર મનના" ગણાય કે નહીં ? મનની ઉશ્કેરાયલી હાલતમાં મી૦ પટેલ એટલું વટીક ભાન રાખી શકયા નથી કે તેઓ જે દલીલો વાપરે છે, તે "પોતાના ટાંટીયા પોતાનાંજ ગળાંમાં ભેરવવા" જેવી છે.

મી૦ પટેલ મીસીસ બેઝંટની સામે "ક્રીસ્ચીઅન કૉમનવૅલ્થ" નામના પત્રના અધીપતીએ ૧૮૯૧ ના સાલમાં કીધેલાં કોઇ લખાણ માટે ઇશારો કરે છે, પણ એજ પત્રના પ્રતીનીધી મી૦ ઓલબર્ટ ડૉસને મીસીસ બેઝં-ટની જાતે મુલાકાત લઇને તા૦ ૪ થી ઓગસ્ટ ૧૯૦૯ ના અંકમાં જે લંબાણ વીવેચન કીધું છે, અને જે એક ચોપાન્યાં તરીકે જુદું પ્રગટ થયું હતું, તે મી૦ પટેલને રૂચે તેવું ન હોવાથી તેની હસ્તીજ તેમના "સાડ-ત્રીસ વર્ષના" અભ્યાસમાં જણાઇ નહીં ! આ ચોપાન્યાંની હસ્તીજ ભૂલી જવી, અને પછી "સાડત્રીસ વર્ષના" અભ્યાસની બડાઈ મારવી, એ મી૦ પટેલનાજ શબ્દોમાં કહીએ તો શું "અજ્ઞાન, અભણ માણસોને બેવકુફ બનાવવાની" રીત નથી ? ૧૮૯૧ નું એક જુનું લખાણ મી૦ પટેલની નજરે પડયું, પણ ૧૯૦૯ નું તે પછીનું લખાણ, જે એક ચોપાન્યાં રૂપે મુફત વહેંચવામાં આવ્યું હતું, તે મી૦ પટેલના જોવામાંજ નહી આવ્યું હોય, એ શું એક અજાયબી નથી ? આ ચોપાન્યું મીસીસ બેઝંટ વિષેના મી૦ પટેલના સાંકડા અને ભૂલભર્યા વિચારોનું ખોટાપણું પુરવાર કરી આપ-વાને પુરતું છે.

પારસી થીઑસૉફીસ્ટો ઉપર ધુણવાનાં કામમાં સામેલગીરી આપવાનું અને બીજાં એવાંજ હલકાં ખોટાં આળો મુકી જરૂર પડવે તેમનાં નામો આપવાની બડાઇ મારી, પાછળથી મી૦ વાડીઆ તરફથી સીધો સવાલ મુકાતાં, તેનો તેવોજ સીધો જવાબ નહી દઇ શકવાથી, પોતાનું ખોટાપણું ઢાંકવા "કોયલાને સાલનાં" જુનાં "છીદ્રો શોધવા"ની પેરવી કરી ખરેખરી હકીકતોને જાણી જોઇ છુપાવી જાહેર આલમને ખોટે માર્ગે દોર-વવાની મી૦ પટેલની બાજી ઉઘાડા દાખલાથી ખુલ્લી થાય છે. પણ એટ-

ઘુંજ પુરતું નથી. વાંચક વર્ગને ભોળવવાની તેમની પેરવીનો બીજો દાખલો મી૦ ડબલ્યુ. ટી. સ્ટેડનાં મી૦ પટેલે ટકેલાં મતમાં જણાઇ આવે છે.

મી૦ સ્ટેડે મીસીસ બેઝંટની જીંદગીનું વૃત્તાંત જુદી ચોપડી રૂપે લખેલું અમે જાણતા નથી. જો તે કોઈ ચોપાન્યાંમાં આવી ગયું હોય તો આપણી અજાયબી આ છે કે મી૦ પટેલે જ્યારે બીજી ચોપડીઓ વગેરેનાં સને કે પાનાં ટાંકયાં છે, ત્યારે આ બાબદમાં તેમ કરવાના તેઓ અખાડા કરી જાય છે. મી૦ પટેલ જણાવે છે કે મી૦ સ્ટેડે મીસીસ બેઝંટને "એક તદ્દન બીન ભરોસેદાર ધાર્મીક ઉપદેશક" ગણ્યાં છે. હશે. પણ ત્યારે મી૦ સ્ટેડનાં અધીપતીપણાં હેઠળ અગાઉ પ્રગટ થતાં "બોર્ડરલૅન્ડ" (Borderland) નામનાં ચોપાન્યાંમાં બીજા પુસ્તકના નવમાં અંક (જુલાઇ ૧૮૯૫) માં ૨૦૭ મે પાને મી૦ સ્ટેડ મીસીસ બેઝંટનુ વૃત્તાંત લખતાં નીચે મુજબ જણાવે છે, તેનુ કેમ?

"Whatever we may think of her various vagaries in politics and philosophy, we are all proud of Annie Besant. She is one of the foremost woman of our time, the most eloquent woman of all those who speak the English tongue; one of the most fearless, uncompromising, whole-souled of all her sex..................But to me she is ever first and foremost, the tried and trusted comrade and friend.......................We worked together, wrote together, spoke together, and more than once it seemed by no means impossible...............that we might die together.............. One lives intensely in such moments, experiencing many things and understanding much that might otherwise have remained for ever a sealed book in each other's lives.

"Mrs Besant is a woman who has all her life endeavoured "to follow the gleam"...................She has never been at rest..................."They must upward still and onward who would keep abreast of truth," and Mrs. Besant has shown time and again that no ties of party, family or sect can restrain her from paying homage where she considered homage was due, whether to a person or to a cause."—*The Borderland*, vol. ii, no. ix, p. 207.

" રાજદ્વારી અને રીલંગુકીને લગતી બાબદોના તેણીના જુદા જુદા ફાંટાઓ માટે આપણે ગમે તે ધારીએ, તોપણ આપણે સઘળા ઍની બેઝંટ માટે મગરૂર છીએ. તેણી આપણા જમાનાની સૌથી આગેવાન ઓરતોમાંની એક છે. ધર્મેજ બોલનારાંઓમાં તેણી સૌથી છટાદાર બોલનારી છે; તેણી સ્ત્રી જાતીમાં સૌથી હીંમતવાન, કોઇથી ફેરવાય નહીં એવી, જાનફેશાની કરનાર ઓરત છે ... પણ મારે માટે તો તેણી સહુથી પહેલી અને આગેવાન, કસાયલી અને વિશ્વાસ પામેલી સાથી અને દોસ્ત છે......... અમે સાથેજ કામ કરતાં હતાં, સાથેજ લખાણો અને ભાષાણો કરતાં, અને એકથી વધુવાર એવા બનાવો બન્યા કે જ્યારે અમને સાથેજ મરવું પડે એવા સંભવો હતા.........આવી જીવસટોસટની પળે આપણે તીમરીતે જીવીએ છીએ, અને એકબીજાં માટે ઘણો અનુભવ મેળવીએ છીએ, અને એકમેકને બરોબર રીતે પીછાની શકીએ છીએ, કે જેમ બીજા સંજોગોમાં બની શકે નહીં.

" મીસીસ બેઝંટે પોતાની આખી જીંદગી દરમ્યાન " રોશનીની પાછળ જવા " ની કોશેશ કીધી છે. ......તેણી કદીબી નિરાંતે બેઠી નથી....... "જેઓ સચાઇની સાથે રહેવા માંગતાં હોય તેઓએ હંમેશાં આગળ અને ઉપર ધસવું જોઇએ," અને મીસીસ બેઝંટે એ વાક્ય પ્રમાણે હુમેશાં દેખાડી આપ્યું છે કે કોઇપણ પક્ષ, કુટુંબ કે પંથને લગતાં જોડાણથી, કોઇબી માણસ કે હિલચાલ કે જેને માન ઘટતું હોય, તેને માન આપવાને તેણી અટકી નથી. "

આપણે ઇચ્છીશું કે પારસી કોમમાં મીસીસ બેઝંટ જેવાજ "સચ્ચાઇના શોધક" જીવો પેદા પડે! આ ઉત્તમ જીવને "અસ્થીર મન" નો જણાવતાં મી० પટેલ ભૂલી ગયેલા જણાય છે કે તેમની તપાસ લેવાની કે તેમને વિષે કશું મત ઓચરવાની પોતાની લાયકાત હજી તો તેઓ પુરવાર કરી શકયા નથી. આ આખાં લખાણમાં મી० પટેલના વિચારોની ડામાડોળ સ્થીતિ, પરસ્પર વિરોધતા (inconsistency), અને સચાઇથી વેગળા રહી જાહેર આમમને ભુલાવામાં નાખવાની પેરવી ખુલ્લાં કરવામાં આવ્યાં છે. તેમનો ધર્મ અને સાયન્સનો અભ્યાસ તો એકાદ સ્કુલના વિદ્યાર્થી બરોબરનોજ પુરવાર થયો છે. ઇન્સાફને ખાતર કહેવું જોઇએ કે થીઓસોફી વિરૂધ્ધનાં વાંચણમાં તેવણે ખરેખર 'સાડત્રીસ વર્ષ" ગુમાવેલાં જણાઇ આવે છે, અને જ્યારે મી० પટેલનાજ માનીતા મી० સ્ટેડ મીસીસ બેઝંટને "રોશનીની પાછળ" જતાં જણાવે છે, ત્યારે મી० પટેલ તે રોશની તરફ જોવાને શકિતવાન ન હોવાથી અંધકારમાં ગોતાં ખાય છે, અને પારસી કોમને પોતાની સાથેજ દોરવવા ચાહે છે.

જો મી૦ પટેલ ખરેખર સચાઈ જાણવા ચાહતા હોય, જો રોશનીનો માર્ગ તેમને પસંદ હોય, જો તેમનામાં સહેજબી ઇન્સાફી વલણનો અંશ હોય, તો તેમણે મુકેલાં હડહડતાં ખોટાં, બાકુતી આળોના બાબમાં નીચલાં પુસ્તકોનો બીન તાસુબીથી અભ્યાસ કરવાને અમે તેમને નમનતાઇ સાથે અરજ કરીએ છીએ. જે વાંચનારાઓ ખરી હકીકત જાણવા આતુર હોય તેઓને પણ અમે એજ અરજ કરીએ છીએ.

Incidents in the Life of Madame Blavatsky, by A. P. Sinnett.

Reminiscences of H. P. Blavatsky, by the Countess Constance Wachtmeister.

H. P. B., by Some of Her Pupils.

H. P. Blavatsky and the Masters of the Wisdom, by Annie Besant.

My Books, by H. P. Blavatsky.

The Count de Saint Germain and H. P. B., by H. S Olcott.

Old Diary Leaves, by H. S. Olcott

Col. Henry Steel Olcott, by Annie Besant.

A Historical Retrospect, by H. S. Olcott.

Hints on Esoteric Theosophy.

Theosophy, by Justice F. C. O. Beaman, I. C. S.

Twenty-five Years of the Blavatsky Lodge, (Bombay.)

Mrs. *Besant's Theosophy according to the Bishop of Madras*, by Johan van Manen.

An Interview with Mrs. Besant, by Mr. Albert Dawson of the *Christian Commonwealth.*

એક કવિઝારીક કુઝેક,—ન૦ ફ૦ બીલીમોરીઆ.

થીઓસોફીકલ સોસાયટી,—શા૦ ધ૦ જસાવાળા.

થીઓસોફી વિષે કાંઇક ખુલાસો,—પે૦ ધ૦ મહાલક્ષ્મીવાળા.

મહાત્માઓને મળવાનો માર્ગ,—ન૦ મ૦ દેસાઇ.

મહાત્માઓની શોધમાં,—ન૦ ફ૦ બીલીમોરીઆ.

મી૦ પટેલે ખોટી રાહેમાં "કોચરાને સાલનાં" આળોનો સંપૂર્ણ રદીઓ ઉપલાં ચોપડી ચોપાનીઆઓમાંથી મળી શકશે. એ ઉપરાંત મી૦

સીનેટનાં સઘળાં પુસ્તકો અને મેંડમ બ્લાવાટસ્કી અને મીસીસ બેઝંટનાં પુસ્તકો તો " સાડત્રીસ વર્ષ "ના અભ્યાસ દરમ્યાન સાંભળવામાં બી ન આવ્યાં હોય એમ આપણે માની શકતા નથી. પણ જ્યાં રૂઢીનો મતવાદ (dogmatism) પ્રબળ હોય, ત્યાં વિવેક બુદ્ધિ હસ્તી ધરાવતી નથી.

મી૦ વાંડયાવાં ચર્ચાપત્રનો કશો સીધો જવાબ મી૦ પટેલનાં લખાણમાં નથી, અને તે છતાં " જામે જમશેદ "ની ચાર કોલમો જેટલી જગ્યા આ લખાણ માટે ફાજલ પડી શકી છે, જ્યારે થીઑસૉફી માટે તેના દરવાજા બંધ છે. જાહેર પત્રકારો સચાઇની કેવી સેવા બજાવે છે તેનો આ એક દાખલો છે; અને અહીં મૅડમ બ્લાવાટસ્કીના થોડાક વિચારો રજુ કરવાની લાલચ અમે રોકાવી શકતા નથી.

"The mercenaries and parasites of the Press, who prostitute its more than royal power, and dishonour a noble profession, will find it easy to mock at things too wonderful for them to understand; for to them the price of a paragraph is more than the value of sincerity. From many will come honest criticism; from many—cant. But we look to the future."—*Isis Unveiled*, vol i, p. xiv.

" છાપાના પૈસાના પુંજારીઓ અને ખુશામદખોરો, જેઓ તેની બાદશાહી સત્તા કરતાં ચઢયાતી સત્તાનો દુરઉપયોગ કરે છે, અને એક ઉમદા ધંધાને એબ લગાડે છે, તેઓને જે કાંઇ તેઓની સમજશકિતમાં નહીં ઉતરે એટલું બધું અજબ જેવું હોય, તે તરફ ટકોર કરવી સહેલ માલમ પડશે; કારણકે તેઓને માટે સચાઇની કીંમત કરતાં એક ફકરાની કીંમત વધુ છે. ઘણાકો તરફથી પ્રમાણીક નુકતેચીની આવશે; ઘણાકો તરફથી—ઢોંગી શબ્દો. પણ અમે ભવિષ્ય ઉપર આધાર બાંધીએ છીએ."—આઇસીસ અનવેલ્ડ, પુ૦ ૧લું.

આ વિષય ખતમ કરતાં અમારે જણાવવું જોઇએ કે એમાં નવું કાંઇ નથી,—જે છે તે અગાઉ રજુ થઇ ચુકેલી બાબદોનો 'પુનર્જન્મ' છે. પણ આ સંગ્રહને આવી રીતે ગોઠવીને જાહેર આલમ આગળ રજુ કરવાની જે તક મી૦ પટેલે અમને આપી છે, તે માટે અમે અંતઃકરણથી તેમનો ઉપકાર માનીએ છીએ.

સમાપ્ત.

લગ્નની રાસ.

પારસી વર્તમાન પત્રોમાં લખનારાઓનો એક ભાગ એવો છે કે જે કોઇ બાબદનું સંગીન જ્ઞાન કે અનુભવ નહીં હોવા છતાં, જે કાંઇ પોતાની ટુંકી બુદ્ધિમાં નહીં ઉતરે તેવા વિષયને હસી કાઢવાની શોખાઇ ધરાવે છે. આવા વિષયોમાં સૌથી વધુ ગેરઇનસાફ પામેલો વિષય તે "લગ્નની રાસ" છે. ઘણાક લખનારાઓ જેઓ જ્યોતિષ વિદ્યાના મૂળાક્ષરો જાણતા નથી, તેઓ તે જાણવાની કોશેશ કર્યા વગર, સચ્ચાઇની તેહકીક કર્યા વગર, આ અતી બીકટ બાબદ ઉપર મત આપવા જેટલું "ડહાપણ" ધરાવે છે.

જ્યોતિષ વિદ્યા ગણીત, ખગોળ વિદ્યા અને તર્ક વિદ્યાના ભેગા આધાર ઉપર રચાયલી એક અતી બહોળી, ઉંડી અને બીકટ વિદ્યા છે. વર્ષોનો ખંતીલો અને ઉંડો અભ્યાસ આ એક વિદ્યા માટે પુરતો નહીં ગણાય. તે માણસજાતની જીંદગીના ભેદોની ચાવી છે. તેની મદદથી માણસ જાતની જીંદગીના એવા ભેદો ખુલ્લા થાય છે, કે જેની આગળ કહાણી કીસ્સા કાંઇ બીસાદમાં ગણાય નહીં. આ વિદ્યાની સચાઇ પુરવાર કરવાનો સહેલ ઉપાય તેનાં થોડાં મૂળ તત્વોનો અભ્યાસ કરી તે ઉપરથી માણસના શરીર અને ચાલચલણનો જે ખોલાસો મળે છે, તે પોતાનાજ બાબમાં અજમાવી જોવામાં સમાયલો છે.

કમનસીબે પારસી કોમમાં આ વિદ્યાનો અભ્યાસ માત્ર જ્ઞાન મેળવવાની નેમથીજ કરનારા બહુ જુજ જીવો છે. હિંદુ કોમમાં ગુજરાનનાં સાધન તરીકે આ વિદ્યાનો અભ્યાસ બહોળા પ્રમાણમાં થાય છે, પણ આ જ્ઞાનનો કાંઇક આધાર અંતર પ્રેરણા (બશારત=intuition) ઉપર રહેલો છે, અને તેથી પૈસાનો લોભ અંતરજ્ઞાનની શક્તિને મંદ કરી નાખે છે,

ઘણીવાર જોશીઓની સલાહ લેવા જતાં તેઓમાંનો મોટો ભાગ પોતાનો વધુમાં વધુ લાભ જોય છે, અને સલાહ લેવા આવનાર ખુશી થઇને જાય તો પોતાને વધુ લાભ થાય એ ખ્યાલથી ખરી હકીકતને છુપાવી, તે સલાહ લેવા આવનારની ખાહેશને મળતી થાય તેવા રૂપમા મુકે છે. ઘણાક જોશાઓ કુનેહથી સલાહ લેવા આવનાર ગ્રાહકની પોતાની મરજી જાણી લે છે, અને પછી તે મરજીને અનુસરનો જવાબ દેવાની

પેરવી કરે છે. આવા અનેક પ્રપંચોથી આ ઇશ્વરી વિદ્યા અધમ સ્થીતિમાં આવી પડી છે, અને તેથી તેની ખરી સચાઇઓ અને સિદ્ધાંતો વટીક અજ્ઞાન અને નાસ્તીક માણસોની હસીમાં આવી પડે છે.

"લગનની રાસ"નો સવાલ ધારવામાં આવે છે તેટલો સહેલ નથી. એ એક સવાલનાં પેટામાં બીજા અનેક સવાલો સમાયલા છે, પણ જેમ એક હાથ ઉપર હિંદુ ધંધાદારી જોશીઓ કોઇ પણ સવાલનાં ઉંડાણમાં ઉતરવાની કાળજી ધરાવતા નથી, તેમ બીજા હાથ ઉપર જ્યારે લગનનો ખર્ચ હજારો રૂપીઆ પર જાય, ત્યારે જે સવાલ પર જીંદગીનાં સુખ દુઃખનો આધાર લટકેલો, તે સવાલ એકાદ બે રૂપીઆની કીંમતે અંકાય છે.

જ્યોતિષ વિદ્યાનો મૂળ નિયમ એ છે કે ફળાદેશ કહેતી વખતે દેશ, કાળ, અને પ્રજાનો વિચાર કરીને ફળાદેશ કહેવું. એક દર્દીના દુઃખનો ઇલાજ કરવા અગાઉ તેની " નાડ વૈદના હાથમાં આવવી" જોઇએ. એક વિદ્વાન તબીબ એક બીકટ દર્દનો ઉપાય કરવા અગાઉ પોતાના દર્દીનાં વડીલોની, કુટુંબની આગલી હકીકત, તેના પોતાના સંજોગો, તેનો કામ ધંધો, તેની રહેણી કરણી, તેનો વસ્તાટ, તેની પ્રકૃતિ, વગેરે માટે અનેક સવાલો પુછી વાકેફ થવા ચાહે છે, કે જેથી દર્દનું મૂળ અને તેનો ઇલાજ નક્કી કરવાને તે ચોકક્સ અનુમાન પર આવી શકે. તેવીજ રીતે બે જુદા જુદા જીવોને એક કરવા અગાઉ એક જોશીએ તે બંને જીવોની તમામ હકીકતથી વાકેફ થવાની જરૂર છે. આ કામ માટે દરેકની આખી જન્મ કુંડળી બારીકીથી તપાસી તે મેળવી લેવી જોઇએ. તે સિદ્ધ કરવા માટે બંનેની જીંદગીને લગતી બને તેટલી હકીકત તેણે જાણવી જોઇએ. ત્યાર પછીજ તે નક્કી અનુમાન ઉપર આવી શકે. માત્ર ઉપર ટપકેથી ટપકા તપાસી ગુણક મેળવી આપવાથી પરિણામ જોઇએ તેવું સંતોશકારક આવતું નથી.

"લગનની રાસ"નો સવાલ સામાન્ય ખફગીમાં આવી પડવાનું કારણ એ છે કે ઘણીવાર "રાસ મેળવેલી" હોવા છતાં ઘણી ટુંક મુદતમાં બેમાથી એકનું મરણ થાય છે. આવા બનાવો વખતે જ્યોતિષ વિદ્યા બદનામીમાં આવી પડે છે. એમ થવાનું કારણ ધંધાદારી જોશીઓની બેપરવાહી છે. જો રાસનો સવાલ તપાસતી વખતે બંનેના આવરદાના યોગો તપાસી ઘટતી ચેતવણી આપવામાં આવે તો આ વિદ્યાને બદનામી

મળે નહીં. પણ કેટલીકવાર ઉપર ટપકેની તપાસ, પુરતી માહિતગારીની ગેરહાજરી, સ્વાર્થ, વગેરે કારણોસર માત્ર ગુણક મેળવી લઇ કાસળ પતાવી દક્ષણા ગજવામાં મુકવામાંજ જોશી પોતાની ફરજ પુરી થયલી સમજે છે. બીજા હાથ ઉપર સામાન્ય લોકોનું અજ્ઞાનપણું ઓછા ટપકાને પાત્ર નથી. "લગ્નની રાસ"નો અર્થ એવો થતો ન'ી કે બે જીવોની "રાસ મળી" એટલે તેઓમાંનાં એકનું ટુંક મુદતમાં મરણ થવું નહીં જોઇએ. "રાસ"નો અર્થ માત્ર બે જીવોનું મળતાપણું થાય છે. આયુષ્ય તો જે મુકરર થયલું હોય તે કાયમ રહે છે. તેમા "રાસ મળવા"થી ફેરફાર થઇ શકતો નથી. પણ પ્રારબ્ધ પ્રમાણે જે જીવો સાથે મળનાર હોય તે મળીનેજ પોતાનું માંગતું લ્હેણું પુરૂં કરે છે. આ કારણને લીધે એક હાથ ઉપર જેમ સાધારણ લોકોએ મરણના સવાલને રાસના સવાલ સાથે ભેળી નાખવો જોઇતો નથી, તેમ બીજા હાથ ઉપર જોશીઓએ "રાસ"નો સવાલ તપાસતાં બંનેના આયુષ્યનો સવાલ પણ તપાસવાની અને તે માટે ઘટતી ચેતવણી આપવાની જરૂર છે.

એક સાધારણ અનુભવ—ખેંચાણનો કાયદો.

આ સવાલને વિસ્તારપુર્વક તપાસવા અગાઉ આપણને જીંદગીમાં મળતા કેટલાક અનુભવોનો વિચાર કરવાની જરૂર છે. કેટલીકવાર કોઈ અજાણ્યો માણસ આપણને આવી મળે છે; આપણે તેને પહેલીજવાર જોઇએ છીએ; તેની સાથે કશા વહેવારમા આવ્યાં નથી, છતાં આપણું દીલ તેની તરફ અજબ જેવી રીતે ખેંચાય છે. તેની સાથની થોડી પળની વાતચીત વર્ષોની ધાડી મીત્રાચારી જેવું રૂપ લે છે, તેનાથી છુટું પડવા ગમતું નથી, અને આયંદે આ પીછાન જીંદગીભર નીભે છે. તેથી ઉલટું બીજો કોઇ અજાણ્યો માણસ આવી મળતાં તેની તરફથી કશું કારણ નહીં મળવા છતાં આપણને પહેલીજ નજરે તેની તરફ અણગમો, કચવાટ અને કોઇકવાર છુપી ધાસ્તી લાગે છે. સંજોગો એવા બને છે કે આપણને તેની સાથે ફરજ્યાત વહેવારમાં આવવું પડે છે, અને આયંદે તે આપણી આખી જીંદગી દરમ્યાન આપણને નુકસાનકર્તા, આપણી "જીંદગીનું ઝેર" (Bane of Life) થઇ પડે છે. આ બે અકેકથી ઉલટા બનાવોનું કારણ શું? જો આવા વહેવારૂ અનુભવો ઉપર શાંત રીતે દરિયાફ્ત કરવામાં આવે તો "લગ્નની રાસ"ના સવાલને હસી કાઢવામાં આવે નહીં.

ઘણીકવાર એવું બને છે કે વર્ષોના જુના બે મીત્રોની વચ્ચે એક ત્રીજાની પીછાન શરૂ થાય છે. આ નવા મીત્ર માટે એકને ખેંચાણ ઉત્પન્ન થાય છે, બીજાને કુદરતી ખતરો અને અણગમો લાગે છે. તે એકની જીંદગીમાં ફાયદાકર્તા થઈ પડે છે, જ્યારે બીજાને અજાણપણે તે નુકસાનકર્તા થઈ પડે છે. આવા જુદા જુદા પ્રકારના સંખ્યાબંધ અનુભવો આપણને આપણી રોજંદી જીંદગીમાં મળે છે. એમ થવાનું કારણ શું?

જાણીતો ઇંગ્રેજ જોશી સેફારીયલ જણાવે છે કે—

"Every observer of human life will have been struck by the strange instinctive likes and dislikes which some people manifest towards others of their own or the opposite sex. Two friends will take opposite views regarding the same person at first sight. There is a cause for it; and the science of horoscopy affords a useful and satisfactory explanation."—*New Manual of Astrology*, by Sepharial, p. 124.

"કેટલાંક માણસો પોતાનીજ જાતીનાં કે સામી જાતીનાં બીજાઓ તરફ જે અજબ જેવું કુદરતી ખેંચાણ યા અણગમો દેખાડે છે, તે જોઈ માણસ જાતની જીંદગીનું અવલોકન કરનાર દરેક જણ છક થયા વગર રહે નહીં બે મીત્રો પહેલીજ નજરે ત્રીજા એક શખ્સને જોતાં અકેકથી ઉલટાં મત બાંધશે. આ સઘળાં માટે ચોકસ કારણ છે; અને જ્યોતિષ વિદ્યા તેનો ઉપયોગી અને સંતોષકારક ખોલાસો આપે છે."—ન્યુ મેન્યુઅલ ઑવ ઍસ્ટ્રોલૉજી, પાનું ૧૨૪.

ઘણીકવાર એવું બને છે કે એક મરદ યા ઓરતને બીજાં કોઇ મરદ યા ઓરત સાથે પીછાન થવા પછી તેનાથી પોતાને હંમેશ નુકસાન થાય છે, અને તે જાણી પોતે તેનાથી હંમેશ દુર રહેવાની તજવીજ કરે છે, તેની ગેરહાજરીમાં તેની તરફ અણગમો રહે છે, છતાં તેની હાજરી રજુ થતાં કાંઇ નહીં સમજ પડે એવી અસરથી તેનાં બંધમાં પાછું ગીરફતાર થવું પડે છે.

"On this earth, men are often, without their own agency, fated to be dangerous to others."—*Zanoni* by Lord Lytton.

"આ દુન્યામાં માણસો વારંવાર પોતાની મરજી વગર બીજાંઓને જોખમભર્યા થઇ પડવાની સરજત ધરાવે છે."—ઝનોની, (લોર્ડ લીટન)

વળી સંસારમાં એવા પણ દાખલા મોજુદ છે કે જેમાં એક મરદ અને એક ઓરત એકમેકની ગેરહાજરીમાં પરસપર પ્યાર અને ખેંચાણ

ધરાવે છે, છતાં બંને એકમેકની રૂબરૂ થતાં તે બેમાંથી એકના દીલમાં કાંઇ કુદરતી ધારતી કે અણગમો ઉત્પન થાય છે. સાધારણ માણસોને કદાચ આવા દાખલાઓ નહીં માનવા જોગ લાગે, પણ એક જ્યોતિષ વિદ્યાના અભ્યાસીના હાથમાં આવા સંખ્યાબંધ "કહાણી કીસ્સાઓ" આવે છે, કે જે "લગ્નની રાસ"ના સવાલની અગત્યતા બહુ મજબુત રીતે પુરવાર કરે છે.

આવાં પરસ્પરનાં ખેંચાણ અને અણગમાનો એક સાધારણ ખોલાસો જન્મ થતી વખતે ઉગતી રાશી, જે જ્યોતિષ વિદ્યામાં "જન્મ લગ્ન" ને નામે ઓળખાય છે, તે છે. સામસામી રાશીમાં જન્મેલા બે મરદોને પરસ્પર અણગમો રહે છે, જ્યારે સામસામી રાશીમાં જન્મેલાં મરદ–ઓરતને પરસ્પર ખેંચાણ રહે છે. બેશક આ માત્ર એક સામાન્ય કારણ છે, એમાં જન્મ કુંડળીમાં રહેલા ગ્રહોની સ્થીતિથી ઘણો ફેર પડે છે. ખેંચાણ અને અણગમા માટેની મુખ્ય અસર સૂર્ય, ચંદ્ર, મંગળ અને શુક્ર ઉપર આધાર રાખે છે.

લગ્નની અગત્ય.

માણસની જીંદગીમાં જન્મ, લગ્ન અને મરણ એ ત્રણ સૌથી અગત્યના બનાવો છે લગ્નનો બનાવ જીંદગીના સૌથી અગત્યના અને ઉપયોગી ભાગ ઉપર અસર કરતો હોવાથી તે બનાવમાં અતી ઘણી સભાળની જરૂર છે. એ બનાવ ઉપર માત્ર તે જોડાંનાં સુખદુઃખનો આધાર રહે છે, એટલુજ નહીં, પણ ઘણીકવાર આખાં કુટુંબનાં સુખદુઃખનો આધાર રહે છે; અને સૌથી વધુ અગત્યનું ભવિષ્યની પ્રજાનો તમામ આધાર-બલકે આગળ વધીને કહીએ તો એક કોમનાં ભવિષ્યનો આધાર–લગ્નના બનાવ ઉપર રહે છે.

"On this most important of all questions depend many very vital issues. Not only is the moral and spiritual welfare of the contracting parties involved, but that also of successive generations"—*A Manual of Occultism*, by Sepharial, p. 57.

"સઘળા સવાલોમાંના આ અતી અગત્યના સવાલ ઉપર ઘણાએક અતી અગત્યનાં પરીણામોનો આધાર રહેલો છે. માત્ર પરણતાં જોડાનાંજ નહીં, પણ તેમની પછીની ભવીષ્યની ઓલાદોની નીતીને લગતા અને ધીનોઇ વધારાનો સંબંધ આ સવાલ સાથે જોડાયલો રહે છે." —**એ મેન્યુઅલ ઑવ ઓકલ્ટીઝમ, (સેફારીયલ) પાનું ૫૭.**

લગ્નની પવિત્રાઈ.

પારસીઓમાં લગ્નનું ધોરણુ સાધારણુ રીતે ઢંગધડા વગરનું છે. જ્યાં માબાપની મરજીનો સવાલ હોય છે, ત્યાં કોઈકવાર લગ્નની રાસ દેખાડીને કામ લેવામાં આવે છે, છતાં તે સંબંધમાં મળતી ખામી ભરી સલાહને લીધે કોઈકવાર પરિણામ અસંતોષકારક આવે છે. જ્યાં જોડાંની પોતાની મરજીનો સવાલ હોય છે, ત્યાં કેટલીકવાર ટુંક મુદતની લાગણીથી દોરવાઇ જઇને તેને "પવિત્ર પ્યાર" સમજીને લગ્નની ગોઠવણુ કરવામાં આવે છે, અને પછી પેલો "પવિત્ર પ્યાર" થોડી મુદતમાં ઠંડો થઇ જાય છે, અને તેને બદલે ઉલટીજ લાગણીઓ દેખાવ દે છે. આટલા માટે જીંદગીના સાથીની ચુંટણી કરતી વખતે આખી જીંદગી તેની સાથની સોબતમાં કેવી જશે તે જાણવા માટે લગ્નની જે ગોઠવણુ ઉપર સૌથી વધુ ધ્યાન અને ખર્ચની જરૂર છે તે રાસ દેખાડવાનું કામ છે. આ બનાવ વખતે લાગણીથી દોરવાઇને મરદ અને ઓરત ઘડીભર આતુર અને ખુશાળ બને છે, મા બાપ એક "ભલાઇનાં કામ" ની તકથી ખુશાળીમાં આવી જાય છે. પણુ આખી જીંદગીનાં સુખની ખુશાળીનો, ભવિષ્યની ઓલાદનો કોમની ઉન્નતીનો ગંભીર ખ્યાલ કેટલા જીવોને હોય છે? આ બનાવ સાધારણુ રીતે એક દિવસની ખુશાળી, ખાણીપીણી, તોફાન, અને ઘણીકવાર છેક હલકી મોજોને છાજતા દેખાવો સાથે પુરો થાય છે. જે બનાવ વખતે ભવિષ્યની ઓલાદની ઉત્પન્નિનાં મીનોઈ કામ માટેનાં આ જોડાણુ ઉપર ફીરેસ્તાઈ હાજરી અને આશિર્વાદની જરૂર, તે વખતે આપણી લગ્નની મીજલસોમાં ખુદ આશિર્વાદની ક્રિયા પણુ જોઇતી ગંભીરાઇથી થાય છે કે? તે વખત પણુ કેટલીકવાર ન છાજતી રમુજ સાથે પસાર થાય છે. એક લગ્નની ક્રિયાનો એક ઝાંખો ચીતાર આજે પણુ ધારાપુરી (Elephanta)ના ગુફાઓનાં કોતરકામમાં મળે છે, કે જ્યાં લગ્નની ક્રિયા વખતે પરણુતાં જોડાંના માથા ઉપર આશિર્વાદ દેવા માટે દેવતાઓની હાજરીનો દેખાવ રજુ કરવામાં આવ્યો છે. પણુ પારસી કોમ ફીરેસ્તાઇ હસ્તીઓ સાથના આપણા સંબંધ કે વહેવારના ખ્યાલનેજ ભૂલી ગઇ છે, એટલે લગ્ન તો માત્ર જાનવરી જીંદગીની જરૂરયાતના બનાવ કરતાં વધુ ઉંચો દરજ્જો ધરાવતાં જણાતાં નથી. અને પછી ઇંગ્રેજ સંસાર માટે જે નીચલો ચીતાર એક બાનુ લખનારે આપ્યો છે, તે પારસી સંસારને શું લાગુ પડતો નથી?

"Everybody has speculated and wondered at the quarrels and separations of the most excellent people considered individually, men and women who, outside of the marital relation, were the corner-stones of social and religious life. United, they were little short of demons.

*   *   *   *   *   *

"All can call to mind example after example of such domestic infelicity, and so alarmingly frequent is this mismating that long ago marriage was called a "lottery," and more lately pronounced a "failure."

"We have spoken of magnetic attraction and repulsion with very little idea of what we were talking about. We have witnessed the most crucial suffering of married people, for which neither wife nor husband could ascribe any adequate cause. We have observed the quick repulsions which have taken place after marriage, and which grew into unendurable hatred. We have seen the constant wife broken hearted because of her husband's inconstancy, and faithful, noble husbands made miserable by their wives' extravagance, selfishness, and dishonour."—*Influence of the Zodiac upon Human Life,* by Eleanor Kirk, p. 25.

"મરદો અને ઓરતો જેઓ સંસારી બંધનની બહાર દુન્યાદારીમાં અને ધર્મીપણામાં નમુનેદાર ગણાયલાં છે, અને જેમને જુદાં જુદાં ધ્યાનમાં લેતાં તેઓ બહુ ઉત્તમ પ્રકારનાં માણસો તરીકે જણાય છે, તેઓ વચ્ચેના કજીઆ અને જુદાઈથી દરેકને અજાયબી લાગે છે. અને તેમ થવાનાં કારણો માટે અનેક તર્કો થાય છે. સાથે જોડાવા પછી તેઓ શેતાન્યત રૂપ થઈ પડે છે.

*   *   *   *   *   *

"આવા સંસારી કુસંપના અનેક દાખલા સઘળાંની જાણમાં હોય છે, અને આવાં કજોડાંની સંખ્યા એટલી ભયંકરી હોય છે, કે લગ્નને લાંબો વખત થયો "સોરતી" ગણવામાં આવે છે, અને કેટલોક વખત થયો તો તે એક "નાસી પાસી"જ ગણાય છે.

"આપણે મેગ્નેટીક ખેંચાણ અને વિરૂધતા વીષે વાતો કરીએ છીએ, પણ તેની મતલબનો કશો ખ્યાલ ધરાવતાં નથી. પરણેલાં જોડાંઓનો ઘણો દુઃખદાયક અનુભવ આપણે જોયો છે, કે જેને માટે ખાવીંદ કે મહોરદાર કશું વાજબી કારણ આપી શકતાં નથી. લગન પછી ઘણી ટુંક મુદતમાં પરસ્પર અણ

ગમો ઉભો થયલો આપણે જોઈએ છીએ, અને તે બહુ કાતેલ ધીકકારનું રૂપ લે છે. આપણે એક વફાદાર મહોરદારને પોતાના ખાવીંદની બેવફાઇથી તુટેલાં જીગરની થતાં અને વફાદાર ઉમદા ખાવીંદોને પોતાની મહોરદારનાં ઉડાઉપણાં, સ્વાર્થ અને નામોશીથી દુખી થતાં જોઇએ છીએ".—ઇન્ફ્લુઅન્સ ઓવ ધી ઝોડીઆક અપોન હ્યુમન લાઇફ, (એલીઓરને ક્ક)પાનું ૨૫

આ લખનારના સંગ્રહમાં પારસી સંસારના એવા સંખ્યાબંધ દાખલાઓ મોજુદ છે, કે જે દેખાડે છે કે ઇન્સાન જાતની જીંદગીપર ગ્રહોથી થતી અચુક અસર માટે અજ્ઞાન રહેવાથી, અને તેને ઇચ્છા શકિત (Free-will)ની બક્ષેસ મળેલી હોવા છતાં તે ખીલવવાની કે તેનો ઉપયોગ કરવાની કોશેશ નહીં થવાથી, આપણી જીંદગી ઢંગધડા વગરની થઇ પડી છે. "સચ્ચાઇ કહાણી કીસ્સાને ભુલાવે છે," (Truth is stranger than fiction) એ કહેવતનો પૂરાવો જયોતિષ વિદ્યા ઘણી ઉત્તમ રીતે પુરો પાડે છે. જો લગ્નના એક દિવસની ખુશાળીને બદલે આખી જીંદગીની શાંતિ અને મીનાઇ વૃદ્ધિનો ગભીર ખ્યાલ કરવામાં આવે તો સંસારમાં પડવા અગાઉ ઘણી ધીરજ અને સંભાળથી કામ લેવાય, અને "ઉતાવળે પરણીને ફુરસદે પસ્તાવો કરવા"ના વખત આવે નહીં.

"this matter is so important at our present stage of evolution, it has such far reaching consequences both for the individual and for society, that it is really criminal to leave to chance the choice of a mate."—*The Message of the Stars*, by Max Heindel and Augusta Foss Heindel, p. 449.

"પ્રગટીકરણને હાલને તબક્કે આ બાબદ એટલી અગત્યની છે, એનાં પરીણામો પ્રત્યેક માણસ માટે તેમજ કોમ માટે એટલાં કાયમનાં છે, કે જીંદગીના સાથીની ચુંટણી કરવાનું કામ નસીબ સંજોગ ઉપર છોડવું એ ખરેખર ગુનાહભર્યું છે." —ધી મેસેજ ઓવ ધી સ્ટાર્સ, પાનું ૪૪૯.

"પ્યાર."

રાસની વિરૂધ થનારો વર્ગ જે એક ભુલભર્યો ખ્યાલ રજુ કરે છે, તે એ કે પરસ્પર પ્યારની લાગણી ઉત્પન થઇ કે પછી લગ્ન કરવામાં કશી હરકત નથી. પછી રાસ દેખાડવાની જરૂરજ શી છે? રાસ દેખાડીને પ્યાર વગર પરણવા કરતાં રાસ દેખાડયા વગર પ્યારથી પરણવું વધારે સારું છે, એ આ વર્ગની માન્યતા છે. પણ રાસ દેખાડવાની મતલબજ બંને જીવોનો પૂર્વ જન્મનાં કર્મોને આધારે કેવો સંબંધ છે તે જાણવાની

હોય છે. જો રાસ સંપૂર્ણ રીતે આવે તો બંને વચ્ચે પ્યાર–સાચો, કાયમનો પ્યાર–ઉત્પન્ન થવોજ જોઇએ, અને તે જીંદગી સુધી નીભવોજ જોઇએ. કહેવાતા પ્યારથી થયલાં લગ્નો ઘણીવાર ટુંક મુદતમાં આસુખી નિવડે છે, અને પ્યારને બદલે અણગમો અને ધીક્કાર કાયમનાં થઈ પડે છે. લગ્ન પછી માત્ર એક અઠવાડયાંની મુદતમાં કે થોડાક મહિનાઓની મુદતમાં સદાની જુદાઇ ભોગવનારાં જોડાંઓના "પ્યાર" માટે શું ધારવું? જે લાગણીને લગ્ન અગાઉ "પ્યાર"નું નામ આપવામાં આવે છે, તે લાગણીના ઠગાઇભર્યા પ્રકાશમાં પરસ્પરની કેટલીક ખામીઓ જણાતી નથી; તે વખતે ખામીઓ પણ ખુબીઓ જેવીજ જણાય છે. પણ પાછળથી તે ખામીઓ મોટાં રૂપમાં જણાય છે. ઘણીવાર આપણે જોઇએ છીએ કે લગ્ન પછી એકનું શરીર ખીલે છે, તો બીજાંનું છેક નખાઇ જાય છે; એકની મન-શકિત બહુ ઉંચી હોય છે, તો બીજાંની છેક જડ બુદ્ધિ હોય છે; એકનું અંતઃકરણ બહુ ખીલેલું હોય છે, તો બીજાંનું નીચ વૃત્તિઓ તરફ ઢળેલું જણાય છે; અને પછી એક ઉત્તરે જાય તો બીજું દક્ષિણે—બંને વચ્ચે સામસામા ધ્રૃવ (poles) જેટલો અંતર ઉત્પન થાય છે; અને આ તાળો તે કેળવણી પામેલી પ્રજાનો

સંસાર!

સંસાર ખરેખર મિનોઇ વૃદ્ધિનું એક સાધન છે. તે અહુરમઝદનાં કામમાં, અમશાસ્પંદોનાં કામમાં હમકાર થવાનું પવિત્ર કાર્ય છે. અને જ્યારે બે જીવો "સમ–મતિ, સમ–જતિ" (એકમત અને એક જાત)નાં થઇને પ્રગટીકરણના માર્ગ ઉપર પેવંદ થઇ આગળ વધે, ત્યારે અસલી "સોનેરી જમાના"ને પાછો આવતાં વાર કેટલી? પણ પારસી કોમ લગ્નની એ નેમને કયારે સમજશે? જીંદગીની પવિત્રાઇનો ખ્યાલ, મિનોઈ માર્ગ ઉપરની મંજલનો ચીતાર કોમની નજરે કયારે પડશે? કોમમાં કેટલા જીવો આજે જીંદગીની મોટાઇ, તેની મૂળ નેમ સમજી, તે માટે પ્રયત્ન કરવા તૈયાર છે? ખોદાના અચુક કાયદાઓથી આપણાં પોતાનાં કર્મોના પરિણામ તરીકે નિર્માણ થયલી આપણી સરજતને આપણી ઇચ્છા શકિત (Free-will) ના કાબુમાં લઇ, જીંદગીની ખોબપણને કેમ દોરવવી તેનો જે ખ્યાલ નહીં કરે, તે ઇનસાન તરીકે જીંદગી ગુજારનો કેમ ગણાય? તેની ગમે તેવી ઉચી કેળવણી શા ખપની? સરજત અને સ્વતંત્ર ઇચ્છા (Fate and Free-will)નો ભેદ

આપણી જીંદગીનો સર્વથી પહેલો અભ્યાસ હોવો જોઇએ. તે વગર ગમે તેવી ઉંચી કેળવણી મેળવવા છતાં જે આપણી જીંદગીને આપણે સલામત રસ્તે શાંતિથી દોરવી નહી શકીએ, તો આપણે "કેળવાયલાં અને રોશની પામેલાં" (Educated and enlightened) કેમ કહેવાઇએ ? જે માણસ પોતાની જીંદગી પોતે વાંચી નહીં શકે તેની બીજી ગમે તેવી કેળવણી છતાં, શું તે અંધકારમાં ગોતાં ખાતો નથી ? જો લગનના અતી અગત્યના સવાલમાં રાસ દેખાડતાં આપણે બીજાઓને હાથે ઠગાવાના ભયમાં આવી પડતા હોઇએ, તો આ ઇશ્વિરી વિદ્યાનો અભ્યાસ નહીં તો તેનાં મૂળ તત્વોનું જ્ઞાન મેળવવાની શું આપણી ફરજ નથી ? જીંદગીમાં પાછળથી બીન ઉપયોગી પુરવાર થતા, કેટલાક તકલીદી, કલ્પીત વિષયોના અભ્યાસ પાછળ અરધી જીંદગી ગાળવામાં આવે છે, પરિણામમાં કાંઇક ડીગ્રીઓ મેળવવામાં આવે છે, પણ તે પછી જીંદગીની શાંતિ માટે એક બંધબેસ્તો સાથી શોધી કાઢવાનું કામ નસીબ સંજોગ ઉપર રહે છે, અને અભ્યાસ પાછળ ગાળેલી અરધી જીંદગીની જેહમતનો નતીજો શો મળશે, તે પણ જાણવાથી બેનસીબ! પ્રગટીકરણના આ તબક્કા ઉપર "કેળવાયલી" પારસી કોમ આજે ઉભી છે.

બે અકેકથી ઉલટા ધ્રૂવો (poles) નું જોડાણ, જે ઘણીકવાર એક પળની "નજરબંધી" (glamour)થી થવા પામે છે, તેનું પરિણામ લૉર્ડ લીટનના જણાવ્યા મુજબ નથી આવતું ?

"See, for those who would unite the lofty with the lowly, the inevitable curse; thy very nature uncomprehended, thy sacrifices unguessed. The lowly one views but in the lofty a necromancer or a fiend."—*Zanoni.*

"જે ઉંચ બુધ્ધીનાં માણસો નીચ બુધ્ધીનાં માણસો સાથે જોડાય છે, તેઓ માટેના અચુક શ્રાપ જો ! તારી ખુદ ખાસ્યત સમજવામાં આવતી નથી. તું જે ભોગો આપે છે તેનો ખ્યાલ કરવામાં આવતો નથી. અને તે નીચ બુદ્ધી ધરાવનાર ઉંચ બુધ્ધીવાળાને એક જાદુગર કે શેતાન ગણે છે".

આ અનુભવ—આ કડવો અને દુખદાયક અનુભવ—અસાધારણ નથી. અને તે શું દેખાડે છે ? આ ઉપરથી શું પુરવાર થતું નથી કે જેને "પ્યાર"ની લાગણી કહેવામાં આવે છે, તે ઉપરાંત કાંઇ વધુ ખેંચાણ—કાંઇ સંગીન અને કાયમનું જોડાણ—તપાસવાની લગન અબાઉ જરૂર છે ?

શરીર, મન અને આત્મા.

માણસનું શરીર તે માણસ નથી. માણસની લાગણીઓ અને જુસ્સા, જેનું મૂળ તેનાં કામ—શરીર (તેમાંથી)માં છે, તે માણસ નથી. આ લાગણીઓ અને જુસ્સા કાયમના નથી; તે સદા રંગરૂપ બદલતાં રહે છે. આજે જે ચીજ તરફ લાગણી કે જુસ્સા ઉશ્કેરાય, તે ચીજ કાલે સંજોગો બદલાતાં અણગમતી થઈ પડે. આટલા માટે લાગણી કે જુસ્સાથી દોરવાઇને કરેલી ચુંટણી કે પસંદગી કાયમ નીભતી નથી; તે આપણાં મનની સ્થીતિ ફેરવાતાં જરૂરજ અણગમતી થઇ પડે છે. આજે એક ચીજની ખુબસુરતી કે ખુબી તરફ આપણી લાગણી ખેંચાય; થોડો વખત તે તરફ તે ચાલુ રહે; પણ તે કરતાં ચઢીયાતી ખુબસુરતી કે ખુબી બીજી કોઇ ચીજમાં જોતાં લાગણી તરત તે તરફ રસ્તો લે છે, અને પહેલી ચીજ ઝાંખી લાગે છે. આ માણસ માત્રની ખાસ્યત છે. આ ખાસ્યત માણસને ભૂલાવામાં નાખનાર તેનું હલકું (જાનવરી) તત્વ છે.

માણસનું મન (વિચાર કરનાર–The Thinker), તેનું રૂહ, રવાન, તે માણસ પોતે છે. આ વિચાર કરનાર જો પુરતી સ્વતંત્રતા, પુરતું મકકમપણું ધરાવનાર ન હોય તો તે લાગણીઓથી ઘેરાઇ જાય છે, તેમનાથી ખેંચાઈ જાય છે. લાગણીનો મોહ એક જાતની કેફ છે, તે ઘડીભર માણસને બેફામ બનાવે છે. આ મોહને જેણે જીત્યો, તે શાંત રીતે અને સ્વતંત્રપણે વિચાર કરી શકે છે. આ રૂહ પૂર્વ જન્મોનાં કર્મને આધારે ચઢ ઉતર તબકકા પર હોય છે. આ રૂહની જેમ ખીલવણી વધુ હોય છે, તેમ તેમાંથી શુધ્ધ વિચાર શકિત, સ્વતંત્રતા, નિર્મળ પ્યાર અને તેમાંથી ઉત્પન થતી ભકિત (વફાદારી–જાનફેશાની) વધુ પ્રમાણમાં ખીલેલાં હોય છે. આ રૂહની ખીલવણી ઓછી હોય તો તે નબળું, લાગણીઓ અને જુસ્સાઓથી ભરેલું, અને તે લાગણીઓ હંમેશાં ફેરવાતી હોવાથી હરહંમેશ ડામાડોળ સ્થીતિનું રહે છે.

રૂહની ખીલવણીનાં પ્રમાણમાંજ આત્મીક બળ અને તેજ ખીલેલાં હોય છે. જે રૂહ લાગણીઓનેજ વશ છે, તેની પોતાની ખીલવણીમાં અટકાવ થાય છે, અને તેનું આત્મીક બળ કે તેજ તદ્દનજ હોતું નથી.

આટલી બીના જો ધ્યાનમાં ઉતારવામાં આવે તો કોઇબી બે જીવો વચ્ચે સંપૂર્ણ એકતાઇ કરવા માટે તે જીવો કેવી રીતનું મળતાપણું ધરાવતા હોવા જોઇએ તે સહેલથી સમજી શકાશે.

"Man is, as Paul says, spirit, soul and body. Therefore the blending of two beings in perfect harmony requires that they be in accord on the spiritual, moral and physical planes."—*The Message of the Stars*, p. 451.

"સેંટ પોલ કહે છે તેમ માણસ આત્મા, રૂહ અને શરીરનું બનેલું છે તેથી બે જીવો સંપુર્ણ એખલાસથી એકતાર થાય એટલા માટે તેઓ આત્મીક, નીતીમાન અને બાકી ત્રણે ભુવનોપર તદન એક મળતા હોવા જોઇએ."

એટલે લગ્નના ગાંઠથી જોડાવા માટે મરદ અને ઓરતનાં શરીર, મન અને આત્મા બને ત્યાં સુધી એક બીજાને મળતાં હોવાં જોઇએ, કે જેથી સંસારમાં કશી પણ ખલલ પુગવા પામે નહીં. બંનેના શરીર, મન અને આત્મા જેમ બને તેમ એકજ પંકિતપર હોય તો પછી બંને સંસારમાં શાંતિથી, સુલેહસંપથી, મહોબતથી પોતાની જીંદગી ગાળી શકે છે. આ ત્રણે બાગોનું મળતાપણું તે "લગ્નની રાસ" છે. એ મળતાપણું તપાસવાની કોશેશ કાળજીથી, ખંતથી, પુખ્ત અભ્યાસથી થવાની જરૂર છે, કારણ એ સવાલ ઉપર માત્ર બે જીવોનાંજ નહી, પણ ભવિષ્યની ઓલાદનાં અને કોમનાં ભલાંનો આધાર રહેલો છે.

શરીરનું મળતાપણું.

માણસનું શરીર એક રસાયણી પ્રયોગશાળા* (Laboratory) છે. જેઓએ શરીર શાસ્ત્ર (Physiology) નો અભ્યાસ કીધો હશે, તેઓ આ બીના સહેલથી સમજી શકશે. દેશી વૈદક વિદ્યામાં માણસની ત્રણ મુખ્ય પ્રકૃતિઓ—વાત(વાયુ,)પીત્ત અને કફ (શ્લેષ્મ) જણાવી છે, આ ત્રણે પ્રકૃતિઓ ભેળસેળ થઇને તેના જુદા વિભાગો પડે છે. આપણે સાધારણ રીતે ગરમીની દેહ, વાયુની દેહ કે શર્દીની દેહ માટે બોલીએ છીએ, ત્યારે શરીરમાં તે તત્વ પ્રધાન (મૂખ્ય અથવા વધુ પ્રમાણમાં) છે એમ સમજીએ છીએ. જ્યોતિષ વિદ્યામાં બાર રાશીઓને ચાર તત્વો—અગ્નિ, પૃથ્વિ, વાયુ અને જળ—માં વહેંચી નાખી છે. લગ્નની રાસનો આ વિભાગ તપાસવા માટે વૈદક વિદ્યાનું કાંઇક જ્ઞાન ઉપયોગી થઇ પડે છે. આટલાજ માટે દેશીઓમાં જ્યોતિષ અને વૈદકનું ભેગું જ્ઞાન ધરાવવાની જરૂર સમજવામાં આવતી હતી અને ઇંગ્રેજી તબીબી વિદ્યાનો

---

* જુઓ *Solar Biology* by Hiram E. Butler, p 13 et seq.

પીતા હીપોક્રેટસ એક તબીબને માટે જ્યોતિષ વિદ્યાના અભ્યાસની ખાસ જરૂર ધારતો હતો.

માણસના જન્મ વખતે ઉગતી રાશી જે "જન્મ લગ્ન"*ને નામે ઓળખાય છે, અને જે જન્મ કુંડલીમાં પહેલાં ભૂવન (દેહ ભૂવન)માં મુકવામાં આવે છે, તે રાશી અને તેનો આલેક ગ્રહ માણસનાં શરીરની પ્રકૃતિ દેખાડે છે. જેમ અગ્નિને પાણી સાથે મળતાપણું નથી, તેમ જેનાં દેહ ભૂવનમાં અગ્નિ તત્વની રાશી હોય, તેનો સમાગમ જળ તત્વની રાશી-વાળાં માણુસ સાથે થવાથી પરિણામ સારૂં આવે નહીં. આ રીતે બીજાં તત્વો માટે સમજી લેવું. બે શરીરોની પ્રકૃતિ એકેકથી ઉલટી હોય, તો તે બંને શરીરોનો સમાગમ બેમાંનાં એકને નુકસાન કર્યા વગર રહેજ નહીં એ કુદરતી છે. આપણે ઘણાક દાખલા જોઇએ છીએ કે જેમાં લગ્ન પછી બેમાંના એકનું શરીર નખાતું જાય છે અને બીજાનું ખીલતું જાય છે. આ વિષે "સોલર બાયોલોજી" નામના પુસ્તકના કર્તા હીરામ ઇ. બટલર જે ખોલાસો આપે છે, તે સહેલથી સમજ પડે એવો છેઃ—

"Persons differ greatly from each other in their elemental combinations, and association between the sexes produces varied sensations and mental conditions, according to the result of the chemical combination of the two qualities. If there is perfect physical and mental adaptation, the result will be strengthening to the body and illuminating to the mind in its normal functions: but if the combination is not adapted, the magnetic life generated will be inharmonious, and produce abnormal thoughts and actions, such as, melancholy, hatred, intensified passions, worriment, irritability, and an innumerable catalogue of unpleasant conditions that are the cause of very much domestic inharmony; each blaming the other for having changed in feelings and disposition since marriage, when really all the difficulty may have arisen from chemical changes in the system. Sometimes the new magnetism thus generated poisons the life forces so that

---

* અહીં "લગ્ન" નો અર્થ જન્મનાં શહેરની દ્રષ્ટિમર્યાદાને લાગતી, તેની સાથે સંબંધમાં આવતી રાશી છે.

sickness and death may result from it."—*Sôlar Biology* by Hiram E. Butler, p. 269.

"માણસો પોતાનાં શરીરનાં મૂળતત્વોની મેળવણીમાં એક બીજાથી ઘણાં જુદાં પડે છે, અને મરદ અને ઓરત વચ્ચેનો સમાગમ તે બંનેની શારીરીક પ્રકૃતિના રસાયણી સંયોગથી ઉત્પન્ન થતાં પરીણામ મુજબ જુદા જુદા પ્રકારની લાગણીઓ અને મનની સ્થીતીઓ ઉત્પન્ન કરે છે. જો બંને વચ્ચે શરીર અને મનને લગતું સંપૂર્ણ મળતાપણું હોય છે, તો તેનું પરીણામ શરીરને મજબુતી આપનારૂં અને મનને તેનાં ચાલુ કામોમાં ખીલવનારૂં થઈ પડે છે. પણ જો તે સમાગમ પરસ્પર બંધબેસતો ન હોય, તો જીંદગીનું પરસ્પરનું ખેંચાણ બેસુર થઇ પડે છે, અને ગેરવાજબી વીચારો અને કામો, જેવાં કે કુંજરાપણું, ધીક્કાર, અત્યંત હવસી લાગણી, ચીંતાઓ, ખીજવાટ, અને સંખ્યાબંધ નાપસંદ હાલતો, કે જે ઘણાક સંસારી કુસંપનું કારણ થઇ પડે છે, તે ઉત્પન્ન થાય છે; બંને જણ લગ્ન પછી લાગણી અને સ્વભાવમાં ફેરફાર થવા માટે એક બીજાને દોષ દે છે, જયારે ખરેખર તો શરીરમાં થયલા રસાયણી ફેરફારને લીધે આ સઘળી મુશ્કેલીઓ ઉભી થયલી હોય છે. કેટલીકવાર આવી રીતે શરીરમાં ઉતપન્ન થયલો ફેરફાર જીવન શકિતને ઝેરી બનાવે છે, જેથી બીમારી અને મોત નીપજે છે."

આ વિદ્વાન લેખકના ઉપલા શબ્દો ધ્યાનથી વિચારવા જેવા છે. તે ખરા અને અનુભવસિદ્ધ છે એમાં તો કશો શક નથી. માત્ર ઉપર ટાંકેલો ફકરોજ ધ્યાનથી સમજવામાં આવે તો લગ્નની રાસની જરૂર જણાયા વગર રહે નહીં, એટલુંજ નહીં, પણ રાસ જોતી વખતે બંનેનાં શરીરની પ્રકૃતિ બારીકીથી તપાસવાની અગત્ય કેટલી છે તે એ ઉપરથી સમજી શકાય છે.

આ એક સાધારણ અનુભવ છે કે કેટલીકવાર કોઇ માણસનાં શરીરનો સ્પર્શ-તેની સાથની શેકહેંડ, આપણાં શરીરમાં ખુસ્તુમા અસર ઉપજાવે છે, જ્યારે કોઇકનો સ્પર્શ આપણને કાંઈ કુદરતી અણગમો, કચવાટ કે નાપસંદ લાગણીનો અનુભવ આપે છે. આવા રોજીંદી જીંદગીના સંસારી અનુભવોનું માણસો અવલોકન કરતાં હોય તો તેના અકલપસંદ કારણો ખુલાં થયા વગર રહે નહીં. જેઓ નાજુક લાગણીનાં (sensitive) હોય છે, તેઓને આવા અનુભવની નવાઈ હોતી નથી.

લાગણી અને પ્યાર.

આ વિષયની શરૂઆતમાં જણાવ્યું છે તેમ ઘણીકવાર એકજ જાતિનાં કે જુદી જુદી જાતિનાં બે જણનો પહેલીજવારનો સમાગમ

એકમેક તરફ કુદરતી ખેંચાણ ઉત્પન કરે છે. આ ખેંચાણ કેટલીકવાર માત્ર લાગણીને લગતું હોય છે, જ્યારે કોઈક બનાવોમાં તે વધારે ઉંડું આત્મીક–ખેંચાણ હોય છે. લાગણીને લગતું ખેંચાણ તકલીદી હોય છે, અને તે મોડે વહેલે નરમ થયા વગર રહેતું નથી. જુદી જુદી બે જાતિઓ-મરદ અને ઓરત–વચેનાં લાગણીને લગતાં ખેંચાણમાં જુસ્સા (passion) નો અંશ ભેળાયલો હોવાથી તે જોરાવર જણાય છે, અને તેથી તે બંનેને ભુલાવામાં નાખે છે, અને એવું સમજવામાં આવે છે કે તે પવિત્ર પ્યાર-નુજ ખેંચાણ છે. આ ખેંચાણની લાંબી મુદત સુધી જો તપાસ લેવામાં આવે તો તે તકલીદી છે કે કાયમનું તે જણાઈ આવે છે. આ ખેંચાણનો મૂળ સબબ માત્ર આ છે કે એમાંથી એકની જન્મ કુંડલીમાં જે રાશીમાં શુક્ર રહેલો હોય. તેજ રાશીમાં બીજાની જન્મ કુંડલીમાં મંગળ રહેલો હોય છે, અને તેથી તે બંને વચેનું આ ખેંચાણ જોખમભર્યું થઈ પડે છે. ઘણીકવાર જન્મ પછીની ગ્રહોની ગતિથી આવો કાંઈક ખેંચાણનો યોગ ઉત્પન થાય છે, પણ તે ટુંક મુદત માટેનોજ હોય છે. સેફારીયલ જણાવે છે કે—

"Temporary sympathy or antipathy is caused by the motion of planets in one nativity to the body or aspect of planets in another, after birth."—*A Manual of Astrology.*

"જન્મ પછી એક ટપકામાંના ગ્રહની ગતી બીજા ટપકામાંના ગ્રહ ઉપર યા તેની સાથે સારી કે ખરાબ દ્રષ્ટિમાં આવવાથી થોડા વખતનું પરસ્પર ખેંચાણ કે વિરૂધ્ધતા ઉત્પન થાય છે."

આ બાબદ બરોબર સમજવા માટે જ્યોતિષ વિદ્યાનાં જ્ઞાનની જરૂર છે, પણ અહીં માત્ર મૂળ નિયમોથી એવું દેખાડવાની તજવીજ કરવામાં આવે છે કે આવાં તકલીદી ખેંચાણનું પરિણામ સારૂં આવતું નથી. ઘણીકવાર જન્મ કુંડળીમાં પરસ્પર લાગણીનાં ખેંચાણનો આવો યોગ બનેલો હોય છે, તો તે લાગણી કાયમ નીભે છે. પણ તે આધારે થયલું લગ્નનું જોડાણ માત્ર લાગણીને લગતું હોવાથી બંનેની લાગણી હંમેશ કામ કરતી રહે છે, પણ જો શરીર અને મનનું મળતાપણું ન હોય તો પરિણામ સારૂં આવી શકતુંજ નથી. લાગણી અને જુસ્સાના હદ બહાર ઉપયોગથી એમાંથી એકનાં શરીરને જરૂરજ નુકસાન પુગે છે, અથવા બંનેનાં મનની ખીલવણીમાં ફેર હોવાથી મતફેરી જન્મ પામે છે, અને સંસાર જોઈએ તેવો સુખી થતો નથી.

માણસ જાતમાં સાધારણ રીતે જવાનીના વખતમાં લાગણીનું જોર વિશેષ હોય છે, અને તેથી આવી કોઈ તકલીદી લાગણી જન્મ પામતાં તેઓ તેથી એટલાં બધાં દોરવાઇ જાય છે, અને તેના કાબુમાં સપડાય છે, કે તેઓના ટપકા ઉપરથી તેવી વખતે આપવામાં આવતી ચેતવણીને હસી કાઢવામાં આવે છે, અને પોતાની લાગણીને કાયમનો પ્યાર સમજીને તેઓ લગ્નના ગાંઠથી જોડાય છે. આવા બનાવોમાં પરિણામ ટુંક મુદ્દતમાં નિરાશીભર્યુંજ આવે છે. આવા ખરા બનેલા દાખલાઓની ખુટ નથી,—અને તેવી ચેતવણીઓ છતાં જ્યોતિષ વિદ્યાને બદનામ કરવામાં આવે છે! આવા અનુભવ બાબે મેકસ હીન્ડલ લખે છે કેઃ—

"Worse still, in the great majority of cases, where people do know astrology, or where they are informed of its pronouncement in their case, they refuse to heed its warning voice when it is contrary to their desires. They often even hate the astrologer who has the temerity to tell them that sorrow is in store if they wed. Therefore, it is at best a thankless task."—*The Message of the Stars*, p. 449.

"વધારે ખરાબ બીના તો એ છે કે ઘણાક દાખલાઓમાં જ્યાં લોકો જ્યોતિષ વિદ્યા જાણે છે, અથવા જ્યાં તેમના બાબમાં જ્યોતિષ વિદ્યાની રૂએ મળનારાં ફળની માહિતી આપવામાં આવે છે, ત્યાં જો તે ખબર તેમની ખાહેશથી ઉલટી હોય છે તો તે ચેતવણીનો અવાજ માનવાને તેઓ ના પાડે છે. જો તેઓ લગ્નના ગાંઠથી જોડાય તો તેઓ માટે દુઃખ દલગીરી નક્કી છે, એમ જણાવનાર જોશીને તેઓ ધીક્કારે છે. અને આ રીતે જ્યોતીષ વિદ્યાનું કામ અપજશ ભર્યું થઇ પડે છે."

આ હકીકત ખોટી નથી. ખરી હકીકત કહેનારા જોશીઓને આવા અનુભવની નવાઇ નથી.

લાગણીનાં તકલીદી ખેંચાણ અને પ્યારનાં કાયમનાં ખેંચાણ વચેનો ફરક સહેલથી સમજી શકાતો નથી. લાગણી સાથે જુસ્સાનો અંશ ભેળાયલો હોવાથી તે હંમેશ માણસના ઉંચા ગુણોને ઢાંકી નાંખે છે, તેને બેકામ બનાવે છે, અને તેથી જે લોહચુંબક તેને ખેંચે છે, તે સિવાય બીજું કશું જોવાની, સમજવાની તેનાંમાં શક્તિ રહેતીજ નથી. આ લાગણી અને જુસ્સો ઘણીવાર બે જીવોને જોખમમાં નાંખે છે, બેઆબરૂ બનાવે છે યા જીંદગી સુધીના પસ્તાવામાં નાંખે છે. આ હાલતમાંથી બચવા માટે બચપણથી ધર્મ અને નીતિને લગતાં ઉંચ જ્ઞાનની,

જ્યોતિષ વિદ્યાનાં મૂળ તત્વોને લગતાં જ્ઞાનની, વડીલોની સલાહ અને રાહબરીની બહુ જરૂર રહે છે.

એક હાથપર લગ્નના માંહથી જોડાવા ચહાનાર બે જીવોએ પોતાનાં વડીલોની સલાહ અને રાહબરી અને જ્યોતિષ વિદ્યાની સલાહ લેવાની જરૂર છે, તેમ બીજા હાથ ઉપર વડીલોએ એક "ભલાઇનાં કામની" ઉંકમાઇથી, એક દિવસની પોતાની હોંશ અને ખુશાલીને ખાતર, બે જીવો વચેનો ખરો સંબંધ જાણ્યા વગર પોતાની મરજીને અમલમાં મુકી પોતાની પસંદગી યા મતલબ પાર પાડવાથી પરહેઝ રહેવાની જરૂર છે. અમે જણાવ્યું તેમ જો "લગ્નની રાસ" સંપૂર્ણ રીતે આવે તો તે બે જીવો વચે જરૂરજ જીંદગીભરનું સુલેહભર્યું જોડાણ ને એકદીલી ઉત્પન્ન થયા વગર રહેજ નહીં. પણ તેમ ન હોય તો લગ્નની ક્રિયા તે બે જીવોને ખરેખર જોડી શક્તિ નથી.

"What matter if the words are said,
The license paid–they are not wed;
Unless love link each heart to heart,
'Twere better keep those lives apart."

—*Cheiro's Guide to the Hand,* p. 91.

"પસંદગીના "શબ્દો" કહેવામાં આવે યા લગ્નનું લાઈસન્સ લેવામાં આવે તો શું થયુ?—તેથી કાંઈ તેઓ પરણેલાં ગણાય નહીં. જ્યાં સુધી પ્યાર બે જીગરોને સાથે જોડે નહીં ત્યાં સુધી તે જીવોને જુદા રાખવા વધારે સારૂં છે."

તકલીદી લાગણીને પ્યાર સમજીને કીધેલાં લગ્ન, કે મા–બાપની મરજીથી ફરજ્યાત થયલાં લગ્નોમાંનાં કેટલાંક કેવાં અસુખી નીવડે છે, તેના દાખલાઓની ખુટ નથી. એવા કાંઇક દાખલાઓ છે કે જેમાં ઘટતી ચેતવણી આપવામાં આવેલી હોવા છતાં આ હુલડાઈ ભર્યું પગલું ભરવામાં આવે છે, અને લગ્ન પછી માત્ર એક અઠવાડયાંમાં તે બે જીવો જુદા પડે છે, અને જીંદગી ભરનો રંડાપો ભોગવે છે! આ બીના કલ્પીત નથી,—આવા કાંઇક દાખલાઓ ઇન્સાન જાતની જીંદગીનો અભ્યાસ કરનારની નોંધપોથીમાં નોંધાય છે.

હાલનો મામલો.

હાલના જમાનાની કેળવણી અને જડવાદી વળાણ તથા સંસારી સંજોગો બાળકોની શારીરીક લાગણીઓ અને જુસ્સાઓને ઉત્તેજન આપનારાં છે, અને તેથી ઉંચી રૂહાની શકિતઓ ઢંકાયલી રહે છે. આટલા માટે મરદો અને ઓરતો પોતાની જીંદગીનાં ખરા સાથીને પીછાની શકતાં નથી, પણ લાગણીને ઉશ્કેરનાર ખેંચાણ મલવે તે તરફ ઘસડાઇ જાય છે. એમ થવાથી માનસીક કે આત્મીક જોડાણ થઇ શકતું નથી, પણ માત્ર કામીક, લાગણીનું જોડાણજ થવા પામે છે.

આવા બનાવોમાં બંનેનો કામીક આતશ, (લાગણી કે જુસ્સાઓ) જે કાયમનાં નહીં પણ તકલીદી હોય છે. તે કુદરતના કાયદાને અનુસરીને રફ્તે રફ્તે શાંત થાય છે. અને પછી પરસ્પરનાં ખેંચાણને બદલે અણગમો કે કચવાટ ઉત્પન થાય છે, અને કુસંપ અને કંગાલ્યતનો સડો સંસારમાં પ્રવેશ થાય છે. એટલુંજ નહીં, પણ આ વારસો ઘણીકવાર ફરજંદોમાં પણ ઉતરે છે, અને તેઓની સરજત પણ તેવીજ કંગાળ થઇ પડે છે. જ્યોતિષ વિદ્યાના અભ્યાસીઓને ઘણીકવાર એક આખાં કુટુંબના ટપકા સામટા તપાસતાં માલમ પડે છે કે મા કે બાપના ટપકામાં ચોકસ ગ્રહ નિર્બળ હોય છે, તો તેજ ગ્રહ લગભગ સઘળાં ફરઝંદોમાં નિર્બળ જણાય છે. એટલુંજ નહીં પણ ઘણીકવાર એક માતાની સરજત તેની દીકરીને વારસામાં મળે છે.

આવા કેટલાક કુદરતના બારીક કાયદાઓને લીધે કેળવણી પામેલી પ્રજાઓની ફરજ સંસારી બંધનની રચનાને બને તેમ સંપૂર્ણતા પર લાવવાની છે. તેમ કરવા માટે જ્યોતિષ વિદ્યાનું ઉંડું જ્ઞાન બહુ મદદકર્તા થઇ પડે છે.

ખેંચાણના પ્રકાર.

એક મરદ અને ઓરતનો મેળાપ થતાં બંનેને પરસ્પર મજબુત ખેંચાણ થાય; કેટલીકવાર તે ખેંચાણ માત્ર એકમેકની હાજરીમાંજ થાય; કોઇકવાર તે પરસ્પરની ગેરહાજરીમાંથી ચાલુ રહે. પણ આ ખેંચાણમાં માત્ર લાગણી કે જુસ્સાની ઉશ્કેરણીજ જણાય, તો તે ભૂત ભર્યું, ઠગાઇ ભર્યું, તકલીદી અને માત્ર હવસી ખેંચાણ છે, અને તેનો અંજામ માત્ર બંનેની ખરાબીમાંજ આવે એ નકકી છે.

કેળવણી પામેલાં મરદ ઓરતોમાં કોઈકવાર જુદા પ્રકારનું એંચાણ થાય છે. બંનેની મનશક્તિ કામ કરતી હોય, અને એક બીજાની હાજરીમાં મનને લગતી મોજ મળતી હોય,—પણ રૂહાની ખેંચાણનો ભાસ જરાએ ન હોય,—તો તેવા બે જીવો વચ્ચેનાં લગ્નનાં જોડાણનાં પરિણામો અનેક પ્રકારનાં હોય છે, જો કે ઘણીકવાર તે સારાં તો હોતાં નથીજ. તેઓ વચ્ચે શરીરને લગતાં રસાયણી તત્વોનું મળતાપણું ન હોય તો પરિણામ આગળ જણાવ્યું છે તેવું આવ્યા વગર રહેતું નથી. વળી મનને લગતી મોજ કાંઇક મળતાપણું દેખાડે, તે છતાં એકનું મન અંતરપ્રેરણા (intuition)થી દોરવાતું હોય, અને સઘળા વિચાર આચારો કે કામો માટે કશું કારણ આપી શકતું ન હોય. આવા જીવો બીજાની ઇચ્છાને નમી શકતા નથી; કારણ, અંતરપ્રેરણા હમેશ સાહેબી ભોગવે છે, ગોલામગીરી કરતી નથી એથી ઉલટું, બીજાનો સ્વભાવ દલીલો અને કારણોથી કામ લેનારો હોય છે, અને એ વર્ગનાં માણસો જ્યારે સાહેબી ભોગવવાની કોશેશ કરે, અને ઉપલા વર્ગનાં માણસો પાસે તેમના સઘળા વિચારો અને કામો માટે કારણો માંગે,—કે જે કારણો અંતરપ્રેરણાથી દોરવાઈને કામ કરનારાંઓ, પોતાને ખરાં જણતાં હોવા છતાં આપી શકતાં નથી, ત્યારે મનની આવી બે જુદી જુદી વળણ જરૂરજ કુસંપ, મતફેરી અને કંગાળ્યત ઉત્પન કરે છે.

કેટલીકવાર બે જીવો વચ્ચે શરીરનું મળતાપણું હોય છે; બંનેની મન શક્તિ ખીલેલી હોવાથી મનનું મળતાપણું હોય છે; છતાં એકની આત્મીક ખીલવણી નહીં જેવી હોવાથી તે દુન્યાદારીમાં લીન રહે છે, જ્યારે બીજા જીવની આત્મીક ખીલવણી બહુ હોવાથી તે જુદીજ વળણ પ્રસરે છે; અને આ રીતે બંને વચ્ચે કુસંપ નહીં તો અસંતોષ જરૂરજ ઉત્પન થાય છે. ખાસ કરી આવાં જોડાણોથી ફરઝંદોને ખમવું પડે છે, કારણ તેઓની તરબીયત વખતે માબાપ વચ્ચે મતફેરી ઉભી થયા વગર રહેતી નથી.

પહેલી નજરનો પ્યાર.

અહીં એક અતી અગત્યનો અને ચર્ચા ભર્યો સવાલ ઉભો થાય છે, અને તે "પહેલી નજરના પ્યાર" (Love at first sight)ને લગતો છે. જ્યારે બે તદનજ અજાણ્યા જીવો પહેલીજવાર મળે, અને તેઓની એક-એક પર નજર પડતાંજ બંનેનાં શરીરમાં એક વિજળીનો આંચકો લાગે,

હોય તેવો જ્યુઅક્યુટ પસાર થાય, અને બજારમાં ગોયા વર્ષોની પીછાન હોય તેમ એકમેક સાથે ભેળાઇ જાય, ત્યારે આ કુદરતી ખેંચાણ શું ખરેખર કામનો ખાર નહીં ગણાય ? આ એકજ સવાલ લગનનાં સાટાના સંબંધમાં ઘણો વધુ મુશ્કેલી ઉભો કરતો રહ્યો છે. ઘણીકવાર આવી પીછાન ચાડું રૂપ લે છે, અને તેવાં પરીણામમાં લગ્નનું જોડાણ થવા પામે છે. કેટલીક વાર આવા બનાવમાં એક કવીની નીચલી લીટીઓ આબેહુબ ભાગ ભજવે છે.

"Two shall be born the whole wide world apart,
And speak in different tongues, and take no thought,
Each of the other's being, and no heed.
And these o'er unknown seas to unknown lands,
Shall cross, escaping wreck, defying death,
And all unconsciously shape every act,
And bend each wandering step unto this end,
That one day out of darkness they shall meet,
And read lifes' meaning in each other's eyes."
—Cheiro's "*When Were You Born?*" page 97.

"બે જીવો દુન્યાના તદન જુદા ભાગોમાં જન્મ પામે, અને જુદી જુદી ભાષાઓ બોલે, અને બંનેને એક બીજાની હસ્તી વિષે કશો ખ્યાલ કે પરવાહ ન હોય. અને આ જીવો અજાણ્યા દરિયાઓ પર થઇને અજાણ્યા મુલકો તરફ મુસાફરી કરે, અને તેમાં મરણના જોખમમાંથી બચીને અજાણપણે પોતાનાં સઘળાં કામો અને પોતાનાં કદમ એવી રીતે દોરવે કે આખરે એક દિવસ બેગાનાંપણાંના અંધકારમાંથી બહાર આવી તેઓ એક બીજાને મળવા પામે અને એક બીજાંની આંખોમાં જીંદગીનો ભરમ વાંચવા પામે છે."

આવા બનાવો કલ્પીત નથી. ઘણીકવાર જીંદગીમાં ખરેખરા બનતા બનાવો કહાણી કીસ્સાને ભુલાવે છે. પણ ત્યારે આવા બનાવોમાં ખરો અને સલામત રસ્તો કયો ? આગળ સમજાવ્યું છે તેમ આ પ્રકારનું ખેંચાણ ઘણીવાર માત્ર કામીક ખેંચાણ હોય છે, અને તે બંનેની જન્મ કુંડળીમાં ચોકસ ગ્રહો પરસ્પર જગ્યાપર ગોઠવાયલા હોવાથી બને છે. જ્યોતિષ વિદ્યાનાં જ્ઞાન વગર વાંચનારાંઓને આ બાબત સમજ પડે તેમ નહીં હોવાથી તે નિયમોને લગતી ખાસ (toobnical) સમજ અત્રે નકામી છે. પણ આવું કાંઇક બેમાલુમ ખેંચાણ હસ્તી ધરાવે છે એ બીના ના પાડી શકાય તેમ નથી. કોઇ કોટને પોતાની એક શીલ્ફ્લી ભરી વાર્તામાં જણાવે છે કે —

"There *is* such a thing as love at the first meeting, a secret, an unaccountable affinity between persons, (strangers before), which draws them irresistibly together."

—*The Pilgrims of the Rhine.*

"પહેલીજ નજરના પ્યાર જેવી કોઈ ચીજ છે. તે (અગાઉ તદન અજાણ્યા) બે જીવો વચ્ચેનો કાંઈ છુપો નહીં સમજી શકાય તેવો સંબંધ છે, કે જે તે જીવોને ઘણી મજબુતીથી એક બીજાં તરફ ખેંચે છે."

પણ આવો સંબંધ તકલીદી છે કે કાયમનો તે જાણવા માટેનો અચુક ઉપાય જયોતિષ વિદ્યાનું જ્ઞાન છે. સંસારમાં આવા "પહેલી નજરના પ્યાર"થી થયલાં લગ્નોનાં માઠાં પરિણામોની ખુટ નથી; અને તે પરથી પુરવાર થાય છે કે આવા બનાવોમાં જયોતિષ વિદ્યાનું જ્ઞાન એક રોશની આપનાર ચેરાગ જેવું થઇ પડે છે. મંગળ અને શુક્ર આ બે ગ્રહો જો આવા બે જીવો વચેનાં ખેંચાણનો સબબ હોય તો તે ખેંચાણ માત્ર તકલીદીજ સમજવું. તે માત્ર લાગણીને લગતું ખેંચાણ છે, અને તેવાં ખેંચાણની સાથે બંનેનાં શરીરનું રસાયણી બંધારણ મળતાપણું ધરાવે છે કે નહીં, બંનેના મનની વૃત્તિઓ એક સરખી છે કે નહીં, બનેની આત્મીક ખીલવણી એકબીજાને મળતી છે કે નહીં, તે તપાસવાની જરૂર છે.

ખરા પ્યારનાં લક્ષણ.

જો આવા પહેલી નજરના પ્યારમાં માત્ર કામીક ખેંચાણ હોય છે, તો એકમેકની હાજરીમાં બંનેનાં દીલ ઉશ્કેરાયલાં રહે છે; અને કોઇકવાર ગેરહાજરીમાં પણ તે ખેંચાણ ચાલુ રહે છે,—પણ અહીં માત્ર લાગણીજ ભાગ ભજવે છે. લાંબી મુદત જતાં, બંને એક બીજાને બરોબર પીછાનવા શીખતાં, પરસ્પરની ખુબી ખામી જાણવા પામે છે, અને મનને લગતો અંતર ખુલો થવા માંડે છે. આવા જીવોને જો તેમના ટપકા ઉપરથી ખાત્રી કરી ઘટતી મુદત સુધી જુદા પાડવામાં આવે તો પેલું લાગણીનું ખેંચાણ (fascination) રહેતે રહેતે શાંત થઇ જાય છે.

આવાં લાગણીનાં ખેંચાણ છતાં બંનેનાં શરીરનું મળતાપણું ન હોય તો બેમાંથી એકની દેહની ખરાબી યા મરણ નીપજયા વગર રહેતું નથી. અને તેટલા માટે આ જાતી અગત્યનાં અને ગુંચવણ ભર્યાં સવાલમાં જ્યોતિષ વિદ્યાની સલાહની જરૂર જણાઇ આવે છે. શરીરને લગતું મળતાપણું જ્યોતિષ વિદ્યાની મદદ વગર જાણી શકાતુંજ નથી.

પણ જ્યારે બે જીવો વચ્ચે શરીર, મન અને આત્માનું સંપૂર્ણ મળતાપણું હોય છે, ત્યારે તે બે જીવોનો મેળાપ થતાં તેઓને એક બીજાની સોબતમાં અજબ પ્રકારની શાંતી, ઘણોજ રાહત આપનારો શાંત આરામ, અને એક બીજાની સોબતમાં તદન ચુપ બેસવા છતાં પણ એક જાતની નહીં વર્ણવી શકાય એવી મોજ મળે છે; એટલુંજ નહી, પણ બન્નેને એક બીજાની હાજરી પવિત્ર હોય તેવી લાગણી થાય છે, અને આવી જાતના મેળાપમાં બંને એકબીજાના "ફરેસ્તા" સમાન થઇ પડે છે. આ પ્રકારની લાગણી બન્નેને એકમેકની હાજરીમાં થાય છે, એટલુંજ નહીં, પણ ગેર-હાજરીમાં પણ તેજ લાગણી ચાલુ રહે છે. ઘણીકવાર બંને જીવો એકબીજાથી દુર હોવા છતાં, બનેને એકબીજાની હાજરી ચાલુ હોય તેવુંજ ભાન થાય છે. આવા જીવો જાતીભોગની કીંમત બરોબર સમજે છે, અને તેથી પોતાના વિચાર આચાર, લાગણી વગેરેનો પોતાની જીંદગીના ભાગીદારનાં સુખ માટે વગર માંગવે ભોગ આપવા તેઓ સદા તૈયાર રહે છે, અને તેથી તેઓ વચ્ચે મતફેરી, કડવાસ કે કુસંપનું કારણ રહેતુંજ નથી. આવા જીવો વચ્ચેજ જાનફેશાની, વફાદારી સંપૂર્ણ રીતે હસ્તી ધરાવે છે; અને એક બીજા સાથે હમસાઝ અને હમકાર થઇને તેઓ મીનોઇ વૃધ્ધિમાં આગળ વધે છે. પણ આવાં જોડાણો કેટલાં, કેટલાં થોડાં હોય છે!

આપણો અનુભવ.

આપણી આસપાસનાં લોકોનું અવલોકન કરતાં આપણે આટલું તો સમજી શકીએ છીએ; કે માણસ જાતની લાગણીઓ અને વિચાર આચારો ઘણે મોટે ભાગે તકલીદી હોય છે, અને ઘણીવાર તે વખતના વહેવા સાથે ફેરવાઈ જાય છે. બે મિત્રો વચ્ચેની વર્ષોની ઘાડી દોસ્તી કોઇવાર નજીવાં કારણથી પલવારમાં તુટી જાય છે, અને તેઓ જીંદગીભર એકમેકના કટ્ટા શત્રુની ગરજ સારે છે. આ એક ખુલ્લી હકીકત છે. આવી હકીકતોનો સમજદાર ખોલાસો જ્યોતિષ વિદ્યામાં આપણને મળે છે. આટલાજ માટે લગ્નનો બનાવ, જે જીંદગી સુધીનું પવિત્ર જોડાણ ગણાય છે, તે વખતે બે જીવો વચ્ચેના કાયમના સુખનો ખ્યાલ કરવાની જરૂર નહીં મટે એવી છે. જુવાન વર્ગ લાગણીથી દોરવાઇને ભુલથાઇ કરે છે, માબાપો ઘણીકવાર પોતાના કાંઇ સ્વાર્થને ખાતર પોતાનાં ફરજંદોનાં ભવિષ્યનો ખરતો ખ્યાલ કરતાં નથી. હાલનો જમાનો જીંદગીની પવિત્રાઇના ખ્યાલને ભુલી જઇ

. આપણી કેળવણી, આપણી આસપાસ
. . ચઢતી હાલત ઉપર લઇ જવામાં કોઇ
... કતા નથી. સંસારની પવિત્રાઇ, તેની મોટાઇ, તેની મીનોઇ નેમ રેનો ખ્યાલ ભાગ્યે કોઇ સમજતાં હોય, અને તેનાં પરિણામમાં આજનો રસી સંસાર આપણે જોઇએ છીએ. જાહેરમાં જે કાંઈ છે, તે બાતેનમાં ાગેલા સડાનો ખરો ખ્યાલ આપી શકે તેમ નથી. આવા સંજોગોમાં આપણી સરજતનો કાંઇક ખ્યાલ આપણે જયોતિષ વિદ્યાની મદદથી મેળવી શકતા હોઇએ, અને તેવાં જ્ઞાનથી આપણા સંજોગોમાં આપણો રસ્તો બને તેટલો સલામતીથી શાંતિથી દોરવવા માટે આપણને મળેલી સ્વતંત્ર ઇચ્છા-શકિતનો ઉપયોગ કરી ચાલુ જીંદગીનાં કર્મો એવાં ઉત્પન્ન કરી શકીએ કે જેથી સરજતને કાંઇક દરજ્જે નરમ કરી શકાય, તો તેવો લાભ લેવાની આપણી ફરજ છે.

જયોતિષ વિદ્યા.

જયોતિષ વિદ્યા જરથોસ્તી ધર્મ પુસ્તકોનો એક ભાગ હતો, એ બીના અજ્ઞાન પારસીઓ ભલે ના પડે; પણ આપણા અવસ્તા ભાષાના અભ્યાસીઓથી તે ના પાડી શકાશે નહીં. બુન્દેહેશ, બહમન યસ્ત વગેરેમાં તેના ઇશારાઓ મોજૂદ છે. જામાસ્પી ખુદ એક આગાહીનુંજ પુસ્તક ગણાય છે. ત્યારે આ વિદ્યા તરફ સુગ ધરાવવામાં ડહાપણ નથી. એ વિદ્યા જો હાલ અધમ સ્થીતીમાં આવી પડી હોય, તો તેને ઉચી સ્થીતિમાં લાવવાની દરેક માણસની ફરજ છે. તેનાં મૂળ તત્વોનો અભ્યાસ સાધારણ સમજશકિતનાં કોઇ પણ સ્ત્રી પુરૂષ કરી શકે તેમ છે. લગ્નની રાસ તપાસવા માટે જે કેટલાક અગત્યના નિયમો જાણવાની જરૂર છે, તેનું જ્ઞાન જો પુરતું ફેલાય તો પછી સંસારનો બંધબેસ્તો સાથી શોધી કાઢવાનું મુશ્કેલ નહી થાય. પણ આજની કેળવણીના નિયમો જુદા છે, અને કેળવાયલા સ્ત્રી પુરૂષોની અમલ કરવાની રીત જુદી છે. ગણીત, બીજગણીત, ભૂમીતિ, તબીબી વિદ્યા, વગેરે સાયન્સની સંખ્યાબંધ શાખાઓમાં ઘણીક બાબદો પહેલાં ખરી તરીકે માની લઇને પછી તેના પુરાવા શોધવાના હોય છે, અને તે છતાં આપણાં કેળવણી પામેલાં મરદ ઓરતોનો એક ભાગ જયોતિષ વિદ્યાનાં સિદ્ધાંતો માની લઇને પછી તેના પૂરાવાઓ શોધવાને બદલે તે સાંભળતાંજ નરકોરૂં ચઢાવે છે. ખગોળ વિદ્યા (Astronomy) ની ઘણાં સંખ્યાબંધ સિદ્ધાંતો આપણે કશા દેખીતા પૂરા

વાઓ વગર ખરાં તરીકે માની
કરીએ છીએ; અને તેજ વિદ્યાનાં મૂળ
ફેંખાડવામાં આવે છે! આપણે કબુલ કરીએ કે જ્યોતિષ ....
તમામ આધાર બહુ બારીક ગણીત અને તર્ક ઉપર રચાયલો છે,
ઓછું જ્ઞાન ધરાવનારાઓથી, તર્કમાં થતી ભુલથી, કેટલીકવાર સંતોષકા
પરિણામ આવતું નથી પણ તથી ઉલટી એ વિદ્યાની મોટાઇ અને એ
બારીક અભ્યાસની જરૂર સાબીત થાય છે; અને જે વિદ્યા ઉપર આખી
જીંદગીનાં સુખ દુખનો આધાર હોય, તે વિદ્યા બીજી ઓછી અગત્યની
વિદ્યાઓ કરતાં અભ્યાસને વધુ લાયક ગણાવી જોઇએ.

લગ્નની રાસને લગતા નિયમો.

પારસી વાંચકોમાં આ વિદ્યા બાટેનું જ્ઞાન નહીં જેવું હોવાથી લગ્નની રાસ માટેના નિયમો અત્રે સમજાવવા બીન જરૂરી થઈ પડે. પણ તેને લગતી કાંઇક સુચનાઓ અત્રે જરૂરની ધારીએ છીએ. ઇંગ્રેજી જ્યોતિષ વિદ્યા તરફ કેટલાક પારસી અભ્યાસીઓનું ધ્યાન વધુને વધુ ખેંચાતું જાય છે. પણ આર્યન જ્યોતિષની રૂઢી બહુ ગુંચવણભરી હોવાથી તે તરફ તેઓ ઝાંખીને જોતા નથી, એટલુંજ નહી, પણ તેનુ કશુ જ્ઞાન ધરાવ્યા વગર તેની હસી અને ઠેકડી કરે છે. તેઓ ભૂલી જાય છે કે વિદ્વાન ઇંગ્રેજ જોશીઓ આર્યન જ્યોતિષ વિદ્યામાથી અનેક નિયમો પોતાની રૂઢીમાં દાખલ કરી તેનું ખરાપણું અનુભવી તેને વખાણે છે. ખરો માર્ગ બંને રૂઢીઓનો અભ્યાસ કરી તેમનો મુકાબલો કરવામાં સમાયલો છે.

લગ્નની રાસના સંબધમાં આર્યન રૂઢીમાં સઘળો આધાર જન્મ વખતે ચંદ્ર જે રાશી અને નક્ષત્રમાં હોય તેની ઉપર રાખવામાં આવે છે અને તે ઉપરથી નવ જુદી જુદી બાબતો તપાસવાની હોય પણ તે બાબતોમાં સમાયલી ખુબીઓ ઘણા થોડા હિંદુ જોશીઓ વ. સમજી શકતા હોય, અને તેમ હોવાથી કમનસીબે તેઓ કશું સમજી શકતા નથી, અને માત્ર ચાલતા આવેલા રીવાજ મુજબ કામ જાય છે.

ઉપર જણાવેલી નવ બાબદોમાંની માત્ર એકજ બાબદ દાખલ તરીકે અત્રે રજુ કરીશું. એક માણસના જન્મ વખતે ચદ્ર જે રાશીએ હોય તે રાશી ઉપરથી તે માણસના બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર એ